Ordinary Gazette Part - IX /1991

Issue No.	Date	Department
Issue No.1	03-01-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.4	24-01-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.6	07-02-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.8	21-02-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.9	28-02-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.10	07-03-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.11	14-03-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.12	21-03-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.13	28-03-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.14	04-04-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.15	11-04-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.16	18-04-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.17	25-04-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.18	02-05-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.19	09-05-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.20	16-05-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.21	23-05-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.22	30-05-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.23	06-06-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.24	13-06-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.25	20-06-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.26	27-06-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.27	04-07-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.32	08-08-1991	This Gazette may contain multiple departments/offices

Issue No.	Date	Department
Issue No.35	29-08-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.36	05-09-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.40	03-10-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.41	10-10-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.44	31-10-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.45	07-11-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.46	14-11-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.47	21-11-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.48	28-11-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.49	05-12-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.51	19-12-1991	This Gazette may contain multiple departments/offices
Issue No.52	26-12-1991	This Gazette may contain multiple departments/offices

REGISTERED NO. G/GNR/

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, JANUARY 3, 1991/PAUSA 13, 1912 [No. 1

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

તા. ૧/૧૨/૯૦ થી તા. ૩૧/૧૨/૯૦ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુ. નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર તથા તારીખ	પ્રસિધ્ધ થયા તારીખ	વિભાગનું નામ
		ભાગ—૯		
૧	૬૨	ક્રમાંક ૨૯૬૮૩/ભા. એ. નં. જીટી/૯૦/૨૭/ઈપીટી/૧૦૯૦-૨૧૨૫-ઈ	૧૦/૧૨/૯૦	કાયદા
૨	૬૩	ક્રમાંક ૩૦૬૬૬ /ભા. એ. સન ૧૯૯૦નો અધિનિયમ ક્રમાંક-૨૦	૨૨/૧૨/૯૦	કાયદા
૩	૬૪	ક્રમાંક ૧૫૨૦/ભા. એ. સન ૧૯૯૦નો ગુજરાત વટહુકમ, ક્ર. ૫	૨૭/૧૨/૯૦	કાયદા
૪	૬૫	ક્રમાંક ૧૫૨૧/ભા. એ. સન ૧૯૯૦નો ગુજરાત વટહુકમ ક્ર. ૬	૨૭/૧૨/૯૦	કાયદા

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, JANUARY 24, 1991/MAGHA 4, 1912 [No. 4

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નોર૧૬/ ડીવીપી-૧૯૯૦-૩૦૮૨(૯૦)એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૦.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૨૧૬/ડીવીપી-૧૯૮૯-૩૦૮૨(૯૦)એલ:—કેશોદ વિસ્તાર વિકાસ સત્તા-મંડળે (કેશોદ નગરપાલિકા) (જેનો આમાં હવે પછી,"સદરહુ નગર પાલિકા" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) તેની નગરપાલિકાની હદોમાં સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)તેની જોગવાઈઓ હેઠળ, વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુવિકાસ યોજના મુસદ્દા તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો છે અને સદરહુ વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિદ્ધ કરવા સંબંધી અને સૂચિત વિકાસ યોજના-ના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર, સન ૧૯૮૮ના ફેબ્રુઆરી મહિનાની ૧લી તારીખના ગુજરાત સરકારી રાજયપત્ર, ભાગ-૨ના પાના ક્રમાંક ૬૨૬-૬૨૭ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવી હતી;

અને સદરહુ નગરપાલિકાએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગ-વાઈઓ હેઠળ મંજૂરી માટે રાજય સરકારમાં રજૂ કરેલ સદરહુ વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાવ્યું હતું;

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ(૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ , ગુજરાત સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી મે, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૯૧/ડીવીપી-૧૯૮૯-૧૨૦૫(૯૦)એલ હેઠળ, સદરહુ ફેરફારો, તારીખ ૫મી મે, ૧૯૯૦ના ગુજરાત સરકારી રાજયપત્ર, ભાગ ૪-બીમાં પ્રસિદ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારો સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, તારીખ ૧લી મે ૧૯૯૦ના સદરહુ સરકારી જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવ્યું હતું;

અને ગુજરાત સરકારે, સદરહુ ફેરફારો સંબંધી પોતાને મળેલાં સૂચનો અને વાંધા વીચારણામાં લીધા છે ;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬-ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે ;

(ખ) એ રીતે આખરી સ્વરૂપ આપેલ અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને આધીન રહીને, સદરહુ વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે ; અને

(ગ) છેવટની વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે, સન ૧૯૯૦ના ડિસેમ્બર, મહિનાની ૨૪મી તારીખ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેની કેશોદની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો.

૧. ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નં. ૪૩૦/૧/ભાગ, ૪૩૧/૩, ૪૩૧/૧/ભાગ,૪૩૨,૪૩૩,૪૩૪/૧ ૪૩૪/૨, ૪૩૫, ૪૩૬/૧, ૪૩૬/૨, અને ૪૩૭/૨ ભાગવાળી જમીનો, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૨. રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નં. ૪૩૭/૨/ભાગવાળી જમીન, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૩. ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નં. ૪૩૦/૧/ભાગવાળી જમીન, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૪. ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નં. ૨૯૫/ભાગવાળી જમીન, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૫. રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નંબર ૨૯૭/ભાગવાળી જમીન, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, ગુજરાત નગરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરવી.

૬. રહેણાંકના ઉપયોગ મુકરર માટે કરેલી કેશોદના મહેસૂલી સરવે નંબર ૨૮૩,૨૮૪/૧.૨૮૪/૨, ૨૮૪/૩.,૭૫૮,૨૮૫,૨૮૯,૨૯૦ અને ૩૦૦/ભાગવાળી અને વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નં. ૨૮૭ અને ૨૮૮ વાળી જમીનનો, સદરહુ મુકરર કરેલા ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ,૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

INDEX

૭. ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નંબર ૭૫૪/ક/૧/૧/ભાગ, ૧૪૪/ભાગ, ૧૪૫/ભાગ,૭૫૪/૧-ખ/ભાગ વગેરે વાળી જમીનો સદરહુ મુકરર કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૮. ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નંબર ૧૭૨/૧/ભાગવાળા જમીન, સદરહુ મુકરર કરેલી ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૯. વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નં. ૧૫૨/ભાગ અને ૧૫૭/ ભાગવાળીજમીનો, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અનિધિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૦. ખેતીના ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નંબર ૧૧૨/૧/ભાગ અને ૧૧૩ વાળી જમીનો, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં M,N.O.Pતરીકે નિશાની કરેલ રહેણાંકના ઉપયોગ માટે અને O.P.Q.R.તરીકે નિશાની કરેલ વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરવી.

૧૧. ખેતીના ઉપયોગ માટે, મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નંબર ૮૧/૧, ૮૧/૩, ૮૧/૪, ૮૨/૪, ૮૦ અને ૭૯/૧વાળી જમીનો, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬થી કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે U.V.W-X તરીકે નિશાની કરેલ રહેણાંકના ઉપયોગ માટે અને S.T,U·V. — તરીકે નિશાની કરેલ વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરવી.

૧૨. ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નંબર ૭૫૪/ક/૧/ભાગવાળી જમીન, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૩. વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નં. ૮૨/૧, ૮૪/૧/- અને ૮૧/ભાગ વાળી જમીનો, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૪. વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નં. ૭૬૪/ભાગ, ૭૦૧/-૧/ભાગવાળી જમીન, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૫. વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નં. ૭૪૭/ભાગ, ૭૪૮/૨, ૭૪૮/૩, ૭૪૮/૪, ૭૪૯, ૭૫૦, ૭૬૭/૧ અને ૭૫૧/ ભાગવાળી જમીનો, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલ જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

INDEX

૧૬. વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નં. ૪૪૩ વાળી, જમીન, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨/ (૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૭. A—B—C તરીકે નિશાની કરેલ કેશોદના મહેસૂલી સરવે નંબર ૭/ભાગ, ૮/ભાગ, ૯/ભાગ, ૧૨/૨/ભાગ, ૧૨/૧/ભાગ અને ૧૩/ભાગમાંથી પસાર થતા ૧૮ મીટર પહોળા નવા માર્ગની લાઈનદોરી, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ધ) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે સૂચિત કરવી.

૧૮. D—E તરીકે નિશાની કરેલ કેશોદના મહેસૂલી સરવે નં. ૬૯૨/ભાગ, ૬૯૩/ભાગ અને ૬૯૮/૩/ભાગમાંથી પસાર થતા ૧૮ મિટર પહોળા નવા માર્ગની લાઈનદોરી, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ધ) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં, દર્શાવ્યા પ્રમાણે સૂચિત કરવી.

૧૯. F—G' તરીકે નિશાની કરેલ કેશોદના મહેસૂલી સરવે નં. ૭૦૨/૧, '૭૬૪, ૭૦૩/૧ અને ૭૦૩/૨માંથી પસાર થતા ૧૮ મિટર પહોળા નવા માર્ગની લાઈનદોરી, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ધ) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે સૂચિત કરવી.

૨૦. H—J તરીકે નિશાની કરેલ કેશોદના મહેસૂલી સરવે નં. ૭૨૩, ૭૨૪, ૭૨૫/૨, ૭૩૫/૨ ૭૩૪, ૭૩૩, ૭૩૬માંથી પસાર થતા ૧૮ મિટર પહોળા નવા માર્ગની લાઈનદોરી, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ધ) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે સૂચિત કરવી.

૨૧. K—L તરીકે નિશાની કરેલ કેશોદના મહેસૂલી સરવે નં. ૭૪૪, ૭૪૫/૨, ૭૪૫/૧, ૭૪૩, ૭૪૨/૧, ૭૪૨/૨, ૭૪૨/૩, ૭૪૨/૪માંથી પસાર થતા ૧૮ મિટર પહોળા નવા માર્ગની લાઈનદોરી, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ધ) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે સૂચિત કરવી.

૨૨. વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરેલી કેશોદના મહેસૂલી સરવે નં. ૪૩૭/૨/ભાગવાળી જમીન, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલ જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળના આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૨૩. વિકાસ નિયંત્રણ વિનિયમના પાના નંબર ૧૬ ઉપર "૨૬' થી ૩૦" એ આંકડાને બદલે, વિકાસ નિયંત્રણ વિનિયમ ક્રમાંક ૫.૬માં "૨૧" થી "૩૦" એ આંકડા મૂકવા.

૨૪. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ક્રમાંક ૧૬ ઉપરના વિનિયમ ક્રમાંક ૫(૭—૧)ના વાકયના છેલ્લે "નહિ" એ શબ્દ કમી કરવો.

૨૫. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ક્રમાંક ૨૨ ઉપરના વિનિયમ ક્રમાંક (૬)૨માં, નીચેનો મજકૂર ઉમેરવો :—

"પડોશી એકમ સાથે સહિયારી દીવાલ ધરાવતા જોડીયા રહેણાંક એકમ બાંધવા માટે ૧૫૦ ચો. મિ. (૧૮૦ ચો. વાર) થી ૩૦૦ ચો. મિ. (૩૬૦ ચો. વાર)ના વિસ્તારની જરૂર પડશે".

૨૬. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ક્રમાંક ૨૮ અને ૨૯ ઉપરના વિનિયમ નં. ૧૨માં પાર્કિંગ જરૂરિયાત દર્શાવતા કોષ્ટકમાં સંબંધિત અનુક્રમાંકની સામે, સંબંધિત કોલમોમાં નીચેના આંકડા મૂકવા અનુક્રમાંકમાં ૪ નીચે દર્શાવ્યા પ્રમાણે નવો વિનિયમ ઉમેરવો :—

INDEX

અનુક્રમાંક	ઉપયોગનો પ્રકાર	કોલમ ક્રમાંક	કોલમ ક્રમાંક	કોલમ ક્રમાંક
૧	૨	૨	૩	૪
૨		૫	૨	૫
૩		૧૦૦	૨૦	૧૦
૭(ખ)		૨૫	૧૫૦	૬૦૦

૨૭. પાના નં. ૩૪ ઉપર વિકાસ નિયંત્રણ વિનિયમોના વિનિયમ ક્રમાંક ૧૪.૨ (૨)ની પહેલી લીટીમાં (૧૯૨--૦૦ ચો. વાર) આંકડાને બદલે (૧૯૨૦. ચો. વાર)એ આંકડા મૂકવા.

૨૮. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નં. ૩૪ ઉપરના વિનિયમ ક્રમાંક ૧૪.૩ (૧), (૨), (૩), (૪), (૬)માં અને પાના નં. ૩૫ ઉપરના વિનિયમ ક્રમાંક ૧૪.૫ અને ૧૪.૭માં વપરાતો શબ્દ " C.P.O " ને બદલે, " C.O.P. " શબ્દ મૂકવો.

૨૯. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નં. ૩૬ ઉપરના વિનિયમ ક્રમાંક ૧૬ની પહેલી લીટીમાં રૂા. ૧૦૦૦/- અને ત્રીજી લીટીમાં રૂા. ૧૦/-- એ આંકડાને બદલે, અનુક્રમે રૂા. ૫૦૦૦/- અને રૂા. ૧૦૦/- એ આંકડા મૂકવા અને બીજી લીટીમાં "ઓછામાં ઓછા રૂા. ૫૦/-" અને ત્રીજી લીટીમાં "ઓછામાં ઓછા રૂા. ૧/--" એ શબ્દો ઉપર્યુકત વિનિયમમાંથી કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી શહેરી
વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી જાન્યુઆરી, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીટી-૯૦-૨૮) એમ એન આર-૧૦૮૮--૧૯૭૭-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT ENTIRTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી નવેમ્બર, ૧૯૯૦.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક (જીટી-૯૦-૨૮) એમએનઆર-૧૦૮૮-૧૯૭૭.-- ઈ:- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે ;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૨૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, "સરકાર આથી, નીચે પ્રમાણે આદેશ કરે છે.-

વિડિયો દ્વારા મનોરંજન કરાતુ ન હોય તેવા ડ્રાઈવઈન-સિનેમા સહિતના સિનેમા દ્વારા અપાતા મનોરંજનના માલિક, રાજ્યપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખે અથવા તે પછી, તે તારીખની તરત પહેલાં અસ્તિત્વમાં હોય તેવી પ્રવેશ માટેની ચૂકવણીની રકમમાં કંઈપણ વધારો કરે ત્યારે, પચાસ પૈસા સુધીના એવા વધારાની રકમને કર ભરવામાંથી મુકિત આપવામાં આવશે.

૨. આ જાહેરનામાનો કોઈપણ મજકૂર મુકરર વિસ્તાર અથવા નિર્દિષ્ટ વિસ્તારની હદોની અંદર સિનેમા દ્વારા અપાતા મનોરંજનને લાગુ પડશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વિજયસિંહ પરમાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, FEBRUARY 7, 1991/MAGHA 18, 1912 [No. 6

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીટી-૯૦-૩૪-એમકેએમ-૧૦૮૯-૨૬૩૧-ઈ નો ગુજરાતી અનુવાદ આથી, સર્વ લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૦.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીટી-૯૦-૩૪-એમકેએમ-૧૦૮૯-૨૬૩૧-ઇ.—ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૮થી મળેલી સત્તાની રૂએ અને તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૧થી, નાણા વિભાગના તારીખ ૨૫મી ઓગસ્ટ, ૧૯૭૭ના સરકારી હુકમ ક્રમાંક : (જીએચએન-૩૪) એમએનઆર-૧૦૭૭-(એસ-૨૮) ટીએક્સ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, મનોરંજન કર કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૧લી નવેમ્બર, ૧૯૮૮ના સરકારી ઠરાવ ક્રમાંક : એમકેએમ-૧૦૮૩-૧૩૨૪-ઇ હેઠળ, મુક્તિને પાત્ર ગુજરાતી ફીચર ફિલ્મને તેમાં નિર્દિષ્ટ કર્યા મુજબની શરતોને અધીન રહીને વેરો ભરવામાંથી સદરહુ અધિનિયમની કલમ ૨૯ની પેટા-કલમ (૧) હેઠળ સંપૂર્ણત: કે અંશત: મુક્તિ આપવાની સત્તા આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વિજયસિંહ પરમાર,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જાન્યુઆરી, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-બી-૨-૯૦-જીએમબી-૧૨૯૦-ધ નો ગુજરાતી અનુવાદ આથી, સર્વ લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT MARITIME BOARD ACT, 1981.

ગુજરાત મેરીટાઇમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ હેઠળ જાહેરનામું

માર્ગ અને મકાન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી નવેમ્બર, ૧૯૯૦.

ગુજરાત મેરીટાઇમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧.

ક્રમાંક : જીએચ-બી-૨-૯૦-જીએમબી-૧૨૯૦-ઘ.—ગુજરાત મેરીટાઇમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ (સન ૧૯૮૧નો ગુજરાતના ૩૦મા)ની કલમ ૩ની પેટા-કલમો (૪) અને (૬)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(૧) ગુજરાત મેરીટાઇમ બોર્ડના સભ્ય તરીકે નીચેની વ્યક્તિને નીમે છે :—

(ક) શ્રી ગોવિંદભાઇ શેખડા.

(૨) શ્રી ગોવિંદભાઇ શેખડાને બોર્ડના અધ્યક્ષ તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડયા,
સરકારના ઉપસચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાં : જીપી-૧-એમસીજી-૨૨૮૮-૨૮૬૯-ઇ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ના. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE MEDIA MAKER (THE DIRECTORATE OF MEDICAL SERVICES, MEDICAL EDUCATION AND RESEARCH) RECRUITMENT RULES, 1990.

મીડીયા મેકર (તબીબી સેવા, તબીબી શિક્ષણ અને સંશોધન નિયામકની કચેરી) ભરતી નિયમો, ૧૯૯૦ સંબંધી જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૧૯૯૧.

ભારતનું સંવિધાન.

ક્રમાંક જીપી-૧-એમસીજી-૨૨૮૮-૨૮૬૯-ઇ.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, તબીબી સેવા, તબીબી શિક્ષણ અને સંશોધન નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં મીડીયા મેકર, વર્ગ-૩ની જગા ઉપર ભરતીના નિયમન માટે જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'મીડીયા મેકર (તબીબી સેવા, તબીબી શિક્ષણ અને સંશોધન નિયામકની કચેરી) ભરતી નિયમો, ૧૯૯૦' કહેવાશે.

૨. તબીબી સેવા, તબીબી શિક્ષણ અને સંશોધન નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં, મીડીયા મેકર, વર્ગ-૩ની જગા ઉપરની નિમણુક સીધી ભરતીથી કરવામાં આવશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણુકને પાત્ર થવા માટે ઉમેદવાર,—

(ક) ૧૮ વર્ષથી ઓછી અને ૨૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇએ નહિ;

INDEX

[illegible] તથા અંગ્રેજી વિષયો સાથે ઉચ્ચ માધ્યમિક શાળા પ્રમાણપત્ર [illegible] સમકક્ષ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ;

(ગ) [illegible] ગુજરાતી અને હિન્દીનું પૂરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

[illegible] વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર ગુજરાત સરકારની નોકરીમાં હોય તે ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

૪. પસંદ થયેલ ઉમેદવારને, એક વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રાખવામાં આવશે.

૫. પસંદ થયેલ ઉમેદવારે, તે અર્થે સરકાર વખતો વખત ઠરાવે તે નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા, હોય તો તે, અને હિન્દી અથવા ગુજરાતી અથવા તો બંને પરીક્ષા પાસ કરવી પડશે.

૬. પસંદ થયેલ ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવી તાલીમ લેવી પડશે.

૭. પસંદ થયેલ ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં અને તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીન ખત પૂરા પાડવા જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. ડી. દવે,
સરકારના ઉપ-સચિવ.

તા. ૧-૧-૯૧ થી ૩૧-૧-૯૧ દરમિયાન પ્રસિદ્ધ થયેલા અસાધારણ રાજપત્રની યાદી

અનુ. નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિદ્ધ થયાની તારીખ	વિભાગનું નામ
		ભાગ—૯.		
૧	૧	સન ૧૯૯૧ના ગુ. વિધેયક ક્રમાંક—૧.	૧૮-૧-૯૧	કાયદા વિભાગ.
૨	૨	સન ૧૯૯૧ના ગુજરાત વિધેયક ક્રમાંક—૨.	૨૨-૧-૯૧	”
૩	૩	જીએચએચ/૩૧/એપીએમ/૧૯૮૮-૧૪૩૩/ગ. (૨) ૧૭-૬-૮૯. જીએચએચ/૩૩/૮૯/સીઓટી-૧૦૮૮/૧-જે ૨૭-૬-૮૯. સ. વિ.	૨૫-૧-૯૧	ભા. એ.
૪	૪	જીએચએન/૩૬/જીએસટી ૧૦૯૦/અનુ ૨-એ-૧૨-(૭)ઠ ૧૯-૧૨-૯૦. ના. વિ.	૨૮-૧-૯૧	ભા. એ.

IX—5

INDEX

REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, FEBRUARY 21, 1991/PHALGUNA 2, 1912 [No. 8

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૯૦-૨૫૮-આઈસીએ-૧૦૮૭-૩૪૧૨-એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE INDIAN BOILER ACT, 1923.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૦.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક જીયુ-૯૦-૨૫૮-આઈબીએ-૧૦૮૭/૩૪૧૨/એમ(૩) :—ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૫મા)ની કલમ ૩૪ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ ક્રિશક ભારતી સહકારી લિમિટેડ, પો. ઓ. ક્રિભકોનગર, જિલ્લો સૂરત, ખાતે ગોઠવેલ બોઈલરને, સદરહુ અધિનિયમની કલમ ૬ના ખંડ (ગ) અને કલમ ૮ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ની જોગવાઈઓમાંથી, નીચેની શરતોને અધીન રહીને, સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી મુદત માટે મુક્તિ આપે છે.

(૧) ફીડ વોટર અને બ્લોડાઉન અંગેના રોજેરોજના રાસાયણિક પૃથક્કરણના રિપોર્ટ સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષક, ગુજરાત રાજ્ય, અમદાવાદને દર પંદર દિવસે ચકાસણી માટે મોકલવા.

(૨) બોઈલરનું ચાલુ દબાણ, કાઢી આપેલા છેલ્લા કાર્ય પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ દબાણ કરતાં વધુ હોવું જોઈએ નહિ.

(૩) આ મુદત દરમિયાન બોઈલરને અથવા બોઈલરના કોઈપણ ભાગને કોઈ અકસ્માત થાય તો, બોઈલર બંધ કરવું જોઈએ અને સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષકની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ—ને તેની તરત જ જાણ કરવી જોઈએ.

(૪) ગુજરાત બોઈલર પરિચર નિયમો, ૧૯૬૬ અનુસાર, લાયકાત ધરાવતા બોઈલર પરિચરોએ બોઈલરની દેખરેખ રાખવી જોઈશે.

(૫) કલમો ૬ (ગ) અને ૮(૧) (ક) સિવાય, સદરહુ અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈપણનો, ભંગ થયેથી, મુક્તિ રદ કરવામાં આવશે.

અનુસૂચિ

બોઈલરનું વર્ણન ૧	મુક્તિની મુદત ૨
૧. નોંધણી ક્રમાંક જીટી/૨૩૫૭વાળું અને ૨૮,૦૮ ચોરસ મિટર તાપમાન સપાટી ધરાવતું વેસ્ટ હીટ બોઈલર.	૨૬મી ડિસેમ્બર, ૧૯૯૦ થી ૩૧મી માર્ચ, ૧૯૯૧ સુધી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. વી. શાહ,
સેકશન અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૯૦-/૨૪૭/એફએસી/૧૦૮૩/૧૫૪૯૩/એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE FACTORIES ACT, 1948.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ડિસેમ્બર, ૧૯૯૦.

કારખાના અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક જીયુ-૯૦/૨૪૭/એફએસી/૧૦૮૩/૧૫૪૯૩-એમ-(૩).—કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩મા)ની કલમ-૬૬ની પેટા-કલમ-(૧)ના ખંડ (ખ)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અપાર પ્રાઈવેટ લિમિટેડ (લાઈટીંગ-ડિવિઝન) નડિયાદના સંબંધમાં, તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૦થી શરૂ થતી ત્રણ વર્ષની મુદત સુધી સવારના ૩—૦૦ અને રાત્રિના, ૧૦—૦૦ વચ્ચેનાં સમય દરમિયાન તેમાં સ્ત્રી કામદારોને કામે રાખવાનો અધિકાર આપવા ખંડ (ખ)માં જણાવેલ નિબંધમાં નીચેની એવી શરતને અધીન રહીને, ફેરફાર કરે છે કે કારખાનાના સંચાલકોએ—

(ક) સ્ત્રી કામદારોએ તેમના રહેઠાણથી કારખાનામાં કામ કરવા આવવા તથા પાછા જવા માટે મફત વાહનવ્યવહારની સગવડનો પ્રબંધ કરવો.

(ખ) જે સ્ત્રી કામદારોના સંબંધમાં આવી રીતે લાવવા લઈ જવાની સગવડનો પ્રબંધ કર્યો હોય તે સ્ત્રી કામદારોની સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. વી. વડાજીયા,
સેકશન અધિકારી.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII THURSDAY, FEBRUARY 28, 1991/PHALGUNA 9, 1912 [No. 9

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૩૬/૯૦/સીઓઆઈ-૧૯૮૯/૬૬૫/ડીનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE COMMISSIONS OF INQUIRY ACT, 1952.

તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૦.

તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨.

ક્રમાંક : જીકે/૩૬/૯૦/સીઓઆઈ/૧૯૮૯/૬૬૫/ડી.—કાયદા વિભાગના તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૮૯/૩૯/૧૯૮૯/૬૬૫/ડી (જેનો આમાં હવે પછી, "સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની રૂએ, ગુજરાત સરકારે નર્મદા વિકાસ અને જળસંપત્તિ વિભાગમાં, કોન્ટ્રાકટર જયપ્રકાશ એસોસિએટસ પ્રાઈવેટ લિમિટેડને સોંપેલી, સરકારી કામના કોન્ટ્રાકટ સંબંધી બાબતો અને તેનાં ટેન્ડરો સ્વીકારીને ટેન્ડરની કબૂલાતની જોગવાઈઓનું પાલન નહિ કરીને ટેન્ડરમાં દર્શાવેલ જથ્થાં કરતાં વધુ જથ્થાની ચૂકવણી કરીને અને ટેન્ડરમાં દર્શાવેલ હોય તેના કરતાં વધુ કામ કરવાને લીધે સદરહુ કોન્ટ્રાકટરને કહેવાતી અનધિકૃત નાણાંકીય સહાય આપીને કોન્ટ્રાકટર પ્રત્યે દર્શાવેલ કહેવાતા પક્ષપાત અંગે તપાસ કરવા માટે અને જળસંપત્તિ વિભાગ હેઠળના અમુક પ્રોજેકટો કે જેના સંબંધમાં કાર્યપાલનમાં વિલંબ, ટેન્ડરમાં જોગવાઈ કરી હોય તેનાથી વધુ પ્રમાણમાં કાર્યપાલન અને અન્ય સિંચાઈ પ્રોજેકટો સંબંધી વધારાની ચૂકવણી સંબંધી અનેકવિધ ફરિયાદો મળી છે તે માટે માનનીય ન્યાયમૂર્તિશ્રી આઈ. સી. ભટ્ટ, નિવૃત્ત જજ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના બનેલા તપાસ કમિશનની નિમણૂક કરી છે;

અને, ગુજરાત સરકારે, સદરહુ જાહેરનામા સાથે જોડેલા પરિશિષ્ટ—૨માં આપેલા સિંચાઈ પ્રોજેકટોના સંબંધમાં પરિચ્છેદ ૨(ખ)માં જણાવેલ રેફરન્સની શરતો સુધારવાનો નિર્ણય કર્યો છે;

અને કમિશને તપાસ પૂરી કરીને તેનો રિપોર્ટ સદરહુ જાહેરનામાની તારીખથી ૧૨ મહિનાની મુદતની અંદર રાજ્ય સરકારને રજૂ કરવાનો હતો;

અને કમિશને તપાસ પૂરી કરી સદરહુ બાબતો અંગે તેનો રિપોર્ટ રજૂ કર્યો નથી;

અને, ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે કમિશને, તપાસ પૂરી કરી તેની નિમણૂકની તારીખથી ચોવીસ મહિનાની મુદતની અંદર, રાજ્ય સરકારને પોતાનો રીપોર્ટ રજૂ કરવો;

તેથી, હવે, તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૨ના ૬૦મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ જાહેરનામું નીચે પ્રમાણે સુધારે છે:—

સદરહુ જાહેરનામામાં,—

(૧) ઉક્ત પરિચ્છેદમાં, "૧૨ મહિના" એ આંકડા અને શબ્દને બદલે, "૨૪ મહિના" એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) તેની સાથે જોડેલા પરિશિષ્ટ—૨ને બદલે, નીચેનું પરિશિષ્ટ મૂકવું:—

INDEX

પરિશિષ્ટ—૨

જુદા જુદા સિંચાઈ પ્રોજેક્ટોના કામોની યાદી દર્શાવતું પત્રક.

અનુ-ક્રમાંક	પ્રોજેક્ટનું નામ	૧. કામનું વર્ણન. ૨. ટેન્ડર નં. ૩. ટેન્ડરની રકમ રૂ. માં.	કોન્ટ્રાકટરનું નામ. (સર્કલનું નામ)
૧	૨	૩	૪
૧.	દમણગંગા પ્રોજેક્ટ	૧. દમણગંગા નદી પ્રોજેક્ટના બંધના બાંધકામ માટે. પાવર ડેમ ડિવાઈડ વોલ અને રીટેઈનીંગ વોલ સહિત એન. ઓ. એફ. બ્લોકનું બાંધકામ કરવા બાબત.	ભારત વિજય કન્સ્ટ્રકશન કંપની, સુરત. (એસ. ઈ. દમણગંગા પ્રોજેક્ટ)
		૨. ૭૫—૭૬નું બી—૨/૧.	
		૩. ૨,૫૫,૦૬,૦૫૫/—.	
૨.	દમણગંગા પ્રોજેક્ટ	૧. દમણગંગા નદી પ્રોજેક્ટની પટ્ટીના છેડે સમાંતર અપરોન અને રીકવરી સ્લોપ ઉપર સીમેન્ટ કોન્ક્રીટની લાઈનીંગ કરવા બાબત.	મેસર્સ નિકોન એન્જિનિયરીંગ પ્રાઈવેટ લિમિટેડ, (એસ. ઈ. દમણગંગા પ્રોજેક્ટ)
		૨. ૮૨—૮૩ના એલ. સી. બી/૩.	
		૩. ૩૨,૧૧,૨૭૩/—.	
૩.	—એજન—	૧. દમણગંગાં નદી પ્રોજેક્ટ માટે માટી કામનું બાંધકામ અને એલ-બીએમસી, સીએચ, ૦ થી ૭ કિલોમીટરની લાઈન કરવા બાબત.	મેસર્સ વી. બી. પટેલ એન્ડ કંપની ડુમ્મસ (એસ. ઈ. દમણગંગા પ્રોજેક્ટ)
		૨. ૭૮—૭૯નું બી—૨/૬.	
		૩. ૧૮,૪૧,૯૭૪—૧૦.	
૪.	—એજન—	૧. એલ બી એમ સી ઉપર સી.એચ. ૦ થી ૭ કિલોમીટરની વાપી શાખા ઉપર નહેરનું બાંધકામ કરવા બાબત.	શીવ કન્સ્ટ્રકશન કંપની, મધુબન (એસ. ઈ. દમણગંગા પ્રોજેક્ટ)
		૨. ૮૦—૮૧ થી એલ. સી. બી-૭	
		૩. ૬,૭૯,૧૬૪—૧૨.	

INDEX

૧	૨	૩	૪
૫.	દમણગંગા પ્રોજેક્ટ	૧. માટીનું બાંધકામ કરવા અને સી એચ. ૨૦૨૨૦થી ૨૬૫૨૦મી. વચ્ચે સિમેન્ટ કોન્ક્રીટ લાઈનીંગ કરવા બાબત. ૨. ૮૨—૮૩ની એલ.સી.બી.—૨ ૩. ૩૭,૦૮,૧૭૩—૨૫.	શ્રી અરવિંદ એમ. પટેલ. (એસ. ઈ. દમણગંગા પ્રોજેક્ટ)
૬.	—એજન—	૧. માટીનું બાંધકામ કરવા અને સી. એચ. ૦ થી ૧૩૪૧૦ મી. વચ્ચેની વાપી શાખાની લાઈનીંગ કરવા બાબત. ૨. ૮૨—૮૩ની એલસીબી—૨ ૩. ૩૮,૮૪,૨૬૧—૦૦.	એમ. વી. પટેલ એન્ડ કું. (એસ. ઈ. દમણગંગા પ્રોજેક્ટ)
૭.	—એજન—	૧. માટીનું બાંધકામ કરવા અને સી એચ. ૧૦૨૦૭ મી. થી ૨૦૪૪૯ મી.ની વાલવુડા શાખાની લાઈનીંગ કરવા બાબત. ૨. ૮૩—૮૪ની એલસીબી—૩. ૩. ૩૧,૬૪,૮૨૯—૦૦.	એમ. વી. પટેલ એન્ડ કું. (એસ. ઈ. દમણગંગા પ્રોજેક્ટ)
૮.	—એજન—	૧. નાનાં વાકાસ અને આઈ. આર. ઈસેકસ વાકાસ માટી કામનું બાંધકામ કરવા અને આર-૪ બ્લોકની લાઈનીંગ કરવા અને ફીકસીંગ કરવા બાબત. ૨. ૮૩—૮૪ની એલસીબી—૭. ૩. ૧૪,૫૫,૧૧૦—૬૩.	એસ. બી. પટેલ. (એસ. ઈ. દમણગંગા પ્રોજેક્ટ)
૯.	દમણગંગા પ્રોજેક્ટ	૧. સરકારી સ્ટોર ખાતે માંગેલી સાઈઝના પ્રીકાસ્ટ બ્લોક એમ—૧૦૦ ગ્રેડના અને ૫ સે. મિ. જાડાઈવાળા વાઈબ્રેટેડ પ્લેટ-ફોર્મ બનાવવા અને પૂરા પાડવા બાબત. ૨. ૮૪—૮૫ની એલસીબી—૧. ૩. ૩૩,૭૮,૯૩૮—૩૦.	શ્રી જી. એલ. ચૌહાણ (એસ.ઈ. દમણગંગા પ્રોજેક્ટ)

INDEX

૧	૨	૩	૪
૧૦.	દમણગંગા પ્રોજેકટ	દમણગંગા નદી પ્રોજેકટના આર.બી. એમ. સી.ના સી એચ ૨૧૩૦૦થી ૨૮૨૨૫ મી. વચ્ચે ઈડબલ્યુ બાંધકામ કરવા અને સિમેન્ટ કોન્ક્રીટની લાઈનીંગ કરવા બાબત.	મેસર્સ એ. આર. પટેલ એન્ડ કું. (એસ.ઈ. દમણગંગા પ્રોજેકટ)
		૨. ૭૭—૭૮ની બી/૨/૧.	
		૩. ૨૮,૯૯,૨૨૪—૦૦.	
૧૧.	——એજન——	૧. ડી આર બી. એમ સીની કોલક નદી ઉપર સી એચ. ૩૩૦૬૮મી. એકવાડકટ ઉપર બાંધકામ કરવા બાબત.	ઈન્ડીયન પ્રેસ્ટેસ કોપોરેશન (એસ.ઈ. દમણગંગા પ્રોજેકટ)
		૨. ૮૦—૮૧ની જીસી/૧૪.	
		૩. ૧,૦૩,૮૯૩—૦૦.	
૧૨.	કરજણ પ્રોજેકટ	૧. પાયાના સ્પીલવે બ્લોકની નીચે ડ્રીફટસ બાંધવા અને પાછળથી કોન્ક્રીટ ભરવા બાબત.	મેસર્સ જયપાલસિંહ, જસવંતસિંહ (એસ. ઈ. કરજણ સિંચાઈ વર્તુળ, રાજપીપલા).
		૨. ૮૨—૮૩ની એલસીબી—૧૦.	
		૩. ૭૦,૨૮,૪૫૫/—.	
૧૩.	——એજન	૧. ક. ન. પ્રો. (બાકીના કામ) નો સ્પીલવે મુખ્ય દરવાજો કરીને બાંધવા બાબત.	જેકસ એન્જિનિયરીંગ વર્કસ, મુંબઈ (એસ. ઈ. કરજણ સિંચાઈ વર્તુળ, રાજપીપલા).
		૨. ૮૭—૮૮નો એલસીબી—૩.	
		૩. ૩૮,૬૫,૬૬૭/—.	
૧૪.	——એજન——	૧. માટીકામ અને એલ. બી. એમ. સી. ૭.૦૮ થી ૧૫-૯૪ કી.મી.ની લાઈનીંગ કરવા બાબત.	મેસર્સ વીરવિજય કન્સ્ટ્રકશન કું. પાટણ (એસ. ઈ. કરજણ નહેર વર્તુળ, ભરૂચ).
		૨. ૮૧—૮૨ની એલસીબી—૨.	
		૩. ૧,૦૦,૭૭,૭૫૧—૭૮.	

INDEX

૧	૨	૩	૪
૧૫.	કરજણ પ્રોજેક્ટ	૧. સિંચાઈ બ્લોક નં. ૪૪માં ૫ ક્યુ· સેકસની ઉપર એલ. બી. ડી. એસ. માટે માટી કામ અને લાઈનીંગ કરવા બાબત. ૨. ૮૩—૮૪ની એલસીબી—૨. ૩. ૪૮,૯૦,૨૭૬—૨૩.	મેસર્સ એમ. વી. ચૌહાણ, ગોંડલ (એસ. ઈ. કરજણ નહેર વર્તુળ ભરૂચ).
૧૬.	—એજન—	૧. આઈ. બી. નં. ૪૪ના ભાગમાં અને બ્લોક ૬૫માં સેકશન ૯, ૫ ક્યુસેક ઉપર એલબીડી સીસ્ટમ માટે માટી કામ અને લાઈનીંગ કરવા બાબત. ૨. ૮૩—૮૪ની એલસીબી—૩. ૩. ૨૬,૧૮,૦૬૧—૭૮.	મેસર્સ શશી. આર. શાહ, વડોદરા. (એસ. ઈ. કરજણ નહેર વર્તુળ ભરૂચ).
૧૭.	—એજન—	૧. —એજન—સેકશન—૧૦. ૨. ૮૩—૮૪ની એલસીબી—૪. ૩. ૩૧,૬૨,૬૪૭—૭૦.	મેસર્સ શશી. આર. શાહ, વડોદરા. (એસ. ઈ. કરજણ નહેર વર્તુળ ભરૂચ).
૧૮.	—એજન—	૧. પ્રીકાસ્ટ સી. સી. બ્લોકસ અને આઈ. બી. નં. ૨૩ થી ૬૫ માટે ૫ ક્યુસેકસની ઉપર એલબીસીડી માટે આર. સી. સી. ટ્રફની જોગવાઈ કરવા બાબત. ૨. ૮૩—૮૪ની એલસીબી—૧. ૩. ૫૪,૧૦,૪૦૬—૧૦.	મેસર્સ મીનાક્ષી કન્સ્ટ્રકશન કું. કેર ઓફ ગાંધીનગર. (એસ ઈ. કરજણ નહેર વર્તુળ, ભરૂચ).
૧૯.	—એજન—	૧. —એજન—નં. ૬૫ થી ૧૦૭ ૨. ૮૩—૮૪ની એલસીબી—૩. ૩. ૭૦,૧૮,૨૮૯—૫૦.	મેસર્સ મીનાક્ષી કન્સ્ટ્રકશન કેરઓફ ગાંધીનગર. (એસ. ઈ. કરજણ નહેર વર્તુળ, ભરૂચ)

INDEX

૧	૨	૩	૪
૨૦.	કરજણ પ્રોજેક્ટ	૧. ૫ ક્યુસેક્સ સિસ્ટમ ઉપરના એલ બીસીડી સિસ્ટમ માટે માટી કામ અને લાઈનીંગ કરવા બાબત. ૨. ૮૨—૮૩ની એલસીબી—૪. ૩. ૧,૫૮,૦૩,૩૮૮—૦૦.	મેસર્સ તુલસી કન્સ્ટ્રકશન કું. વડોદરા. (એસ. ઈ. કરજણ નહેર વર્તુળ ભરૂચ)
૨૧.	—એજન—	૧. આઈ. બી. નં. ૧ થી ૯ (ભાગ-૨) માટે ૫ ક્યુસેક્સથી નીચે આર. બી. સી. ડી. સિસ્ટમનું માટીકામ અને લાઈનીંગ કરવા બાબત. ૨. ૮૩—૮૪ની એલસીબી—૩. ૩. ૩૫,૨૪,૮૦૪—૨૫.	મેસર્સ આર. એસ. મિશ્રા એન્ડ કું. વાપી (એસ. ઈ. કરજણ, ભરૂચ)
૨૨.	—એજન—	૧. એજન—આઈ. બી. નં. ૧૦ થી ૨૩ (ભાગ ૨) માટે. ૨. ૮૩—૮૪ની એલસીબી—૫. ૩. ૩૦,૮૮,૭૦૩—૨૨.	મેસર્સ આર. એસ. મિશ્રા એન્ડ કું. વાપી (એસ. ઈ. કરજણ નહેર વર્તુળ ભરૂચ)
૨૩.	—એજન—	૧. આઈ. બી. નં. ૨૩ થી ૬૫માં ૫ ક્યુસેક્સ ઉપરાંત એલ.બી.ડી.એસ માટે સી સી બ્લોક પ્રિકાસ્ટ અને ટ્રફ. ૨. ૮૫—૮૬ની એલ.સી.બી.—૫. ૩. ૪૭,૯૧,૫૩૫—૦૦.	મેસર્સ પટેલ ટાઈલ્સ ફેક્ટરી, ગોધરા. (એસ. ઈ. કરજણ નહેર વર્તુળ ભરૂચ).
૨૪.	માઝમ પ્રોજેક્ટ	૧. માઝમ બંધની જગ્યામાં માટીનો બંધ બાંધવો. ૨. ૭૯—૮૦ના બી—૨/૭. ૩. ૧,૫૩,૬૨,૦૦૦—૦૦.	મેસર્સ બનિયન એન્ડ બેરી, અમદાવાદ. (એસ. ઈ. એચ. આઈ. પી.સી. હિંમતનગર)
૨૫.	ગોમા પ્રોજેક્ટ	૧. ગોમા સિંચાઈ યોજના માટે મેશનરી સ્પીલવે બાંધવો. ૨. ૮૩—૮૪ની બી—૨/૪. ૩. ૧,૭૭,૬૪,૪૬૭—૭૯.	મેસર્સ ગોવિંદ જખુ એન્ડ કું. ગાંધીનગર. (એસ. ઈ. વી. આઈ. સી. વડોદરા.)

INDEX

૧	૨	૩	૪
૨૬.	દેવ પ્રોજેક્ટ	૧. દેવ સિંચાઈ યોજના માટે કુબેરપુરા અને ટુડીમ્બા ગામ પાસે માટીનો બંધ બાંધવો. ૨. ૭૯—૮૦ની બી—૨/૨. ૩. ૨,૯૦,૦૮,૮૫૧—૮૧.	મેસર્સ ભાવના કન્સ્ટ્રકશન કું. અમદાવાદ. (એસ. ઈ., વી-આઈ. સી વડોદરા.)
૨૭.	—એજન—	૧. દેવ સિંચાઈ યોજના માટે દેવ અને ટુડીમ્બાના કોતરો પૂરવા માટે સીએચ-૯૪૦ મી. થી ૧૧૪૦ મી. સુધી દેવ માટીનો બંધ બાંધવો. ૨. ૮૨—૮૩ની એલસીબી—૮. ૩. ૮૦,૫૬,૩૭૪—૭૮.	શ્રી કે. એસ. પટેલ, અમદાવાદ. (એસ. ઈ., વી. આઈ. સી. વડોદરા.)
૨૮.	દેવ પ્રોજેક્ટ	૧. દેવ સિંચાઈ યોજનાનો મેશનરી સ્પીલવે ભાગ—૧ બાંધવો. ૨. ૭૮—૭૯ની બી—૨/૨. ૩. ૭૧,૩૫,૯૯૪—૦૦.	મેસર્સ બી. પટેલ એન્ડ કું. (એસ. ઈ. વી. આઈ. ઈ. વડોદરા.)
૨૯.	—એજન—	૧. દેવ સિંચાઈ યોજનાનો ભાગ-૨ —એજન— ૨. ૮૧—૮૨ની એલસીબી—૭. ૩. ૫૧,૬૫,૦૪૦—૦૦.	મેસર્સ નિકોન એન્જિનિયરીંગ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ. (એસ. ઈ. વી. આઈ. સી. વડોદરા.)
૩૦.	સિપુ પ્રોજેક્ટ	૧. અટલગામ નજીક ડાબા કિનારા ઉપર સીએચ. ૨૦ મી. થી ૨૬૪૦ મી.નો માટીનો બંધ બાંધવો. ૨. ૮૧—૮૨નો અલસીબી—૪. ૩. ૨,૦૩,૩૦,૭૪૩—૮૦.	મેસર્સ ભાઈલાલભાઈ એ. પટેલ અમદાવાદ. (એસ. ઈ. પી. આઈ. પી.સી. પાલનપુર.)
૩૧.	—એજન—	૧. અટલગામ નજીક અટલ નાલાની આરપાર મેશનરી સ્પીલવે બાંધવો. ૨. ૮૪—૮૫ની એલસીબી—૧. ૩. ૫,૯૧,૧૭,૮૧૪—૫૦.	મેસર્સ પ્રભાત કન્સ્ટ્રકશન કું. વાડિયા. (એસ. ઈ. પી. આઈ.પી.સી. પાલનપુર.)

INDEX

૧	૨	૩	૪
૩૨.	ગુહાઈ પ્રોજેક્ટ	૧. ગુહાઈ જળાશય પ્રોજેક્ટ માટે મૅશનરી ડેમ બાંધવો. ૨. બી—૨/૧. / ૨૦—૩—૮૦ ૩. ૨,૪૬,૬૭,૬૯૩—૦૯.	મેસર્સ કે. એમ. પટેલ એન્ડ કું. અમદાવાદ. (એસ. ઈ., એચ. આઈ.પી.સી. હિંમતનગર.)
૩૩.	ગુહાઈ પ્રોજેક્ટ	૧. ગુહાઈ જળાશય પ્રોજેક્ટ ઉપર કેશરપુરા અર્ધન સેડલ બાંધવા બાબત. ૨. એલ. સી. બી.—૧ / ૨૦—૨—૮૨. ૩. ૪૦,૦૮,૬૩૦—૭૫.	મેસર્સ કે. એમ. પટેલ એન્ડ કું. અમદાવાદ. (એસ. ઈ. એચ. આઈ.પી.સી. હિંમતનગર)
૩૪.	—એજન—	૧. ગુહાઈ જળાશય પ્રોજેક્ટ માટે અર્ધન સાબલી સેડલ બાંધવા બાબત. ૨. એલસીબી—૨ / ૨૦—૨—૮૨ ૩. ૯,૧૩,૫૧૯—૦૦.	મેસર્સ કે. એમ. પટેલ એન્ડ કું. અમદાવાદ. (એસ. ઈ. એચ. આઈ.પી.સી. હિંમતનગર)
૩૫.	—એજન—	૧. રાઈટ પાર્ટ—૨ સેડલ બાંધવા અને એચ. આર. બાંધવા બાબત ૨. એલસીબી—૩. / ૨૦—૨—૮૨ ૩. ૩૬,૫૧,૮૩૧—૭૦.	મેસર્સ કે. એમ. પટેલ એન્ડ કું. અમદાવાદ. (એસ. ઈ. એચ. આઈ.પી.સી. હિંમતનગર)
૩૬.	—એજન—	૧. મેઈન ગોર્જ અર્ધન ડેમ બાંધવા બાબત. ૨. એલસીબી—૧૧ / ૨૧—૧૧—૮૪ ૩. ૧,૨૫,૦૧,૫૨૭—૦૦.	મેસર્સ કે. એમ. પટેલ એન્ડ કું. અમદાવાદ. (એસ. ઈ., એચ.આઈ.પી.સી. હિંમતનગર)

૧	૨	૩	૪
૩૭.	ગુહાઈ પ્રોજેક્ટ	૧. અર્ધન ડેમ માટે ડ્રીલીંગ અને ગ્રાઉટીંગ કામ. ૨. એલસીબી—૧૬. ૮—૩—૮૫. ૩. ૪,૧૬,૪૦૦—૦૦.	ગીરીશ કન્સ્ટ્રકશન કું., આણંદ. (એસ. ઈ., એચ. આઈ.પી.સી. હિંમતનગર)
૩૮.	રાઈડી પ્રોજેક્ટ	૧. અર્ધન ડેમ સ્પીલવે, એચ. આર. અને સ્પીલવે બ્રિજ (દરવાજા સિવાય) બાંધવા બાબત. ૨. બી—૨(૩) ૮૨—૮૩. ૩. ૧,૪૧,૩૫,૪૭૯—૯૮.	મેસર્સ ગોવિંદ જખું કું., (એસ. ઈ., બી. આઈ. પી.સી. ભાવનગર)
૩૯.	બંગાવાડી પ્રોજેક્ટ	૧. ડી/એસ અને હેડ રેગ્યુલેટર ઉપર અર્ધન ડેમ મેશનરી સ્પીલવે ગાઈડ બંધ બાંધવા બાબત ૨. ૮૨—૮૩ની બી—૨/૧. ૩. ૧,૦૮,૦૨,૭૫૯—૦૦.	મેસર્સ મેપાભાઈ મંડનભાઈ, ગાંધીનગર. (એસ. ઈ., આર. પી.સી. રાજકોટ)
૪૦.	પાનમ પ્રોજેક્ટ	૧. પાનમ પ્રોજેક્ટના સ્પીલવે અને એન્સીલરી વર્કસ સહિત મેશનરી ડેમ બાંધવા બાબત. ૨. બી—૨(ડેમ)૧૨. ૭૧—૭૨. ૩. ૩,૫૨,૩૦,૦૭૩—૦૦.	મેસર્સ મણીભાઈ એન્ડ બ્રધર્સ, આણંદ. (એસ. ઈ. પાનમ પ્રોજેક્ટ વર્તુળ, ગોધરા)
૪૧.	પાનમ પ્રોજેક્ટ	૧. સી. એચ. ૦ થી ૫૦૭૫ અને ૧૬૭૫ થી ૨૫૫૫૦ આગળ એપી એમ. સી. બાંધવા બાબત. (માટીકામ) ૨. બી—૨—૧/૭૭—૭૮. ૩. ૧૯,૧૧,૨૮૬—૮૨.	મેસર્સ જયપાલસિંહ જશવંતસિંહ (એસ. ઈ., પી. પી. સી. ગોધરા).

INDEX

૧	૨	૩	૪
૪૨.	પાનમ પ્રોજેક્ટ	૧. સી. એચ. ૧૦૮૫૦ થી ૧૨૨૦૦ —એજન—(માટીકામ) ૨. બી—૨/૨. ૭૭—૭૮. ૩. ૧૫,૧૧,૬૭૭—૦૦.	ભાઈલાલભાઈ એ. પટેલ. (એસ. ઈ., પી. પી. સી., ગોધરા.
૪૩.	—એજન—	૧. સી. એચ. ૧૯૨૫૦ મી. થી ૫૭૦૦૦ મી. સુધી પાનમ એમ. સી. બાંધવા બાબત. ૨. ૭૬—૭૭ની બી—૨/૧. ૩. ૪૨,૭૦,૩૮૬—૭૦.	મેસર્સ જી. એસ. સી. સી.,લી. ગાંધીનગર. (એસ. ઈ., પી. પી., સી., ગોધરા).
૪૪.	—એજન—	૧. પી. એમ. સી. માટી કામ અને લાઈનીંગ બાબત લઈને ૩૪/આર/ સણસોલી/ડીસ્ટ્રીબ્યુટરી ઓફ. ની સતમાના માઈનોર ઈએક્સ સી. એચ. ૩૧૭૫ મી. બાંધવા બાબત. ૨. ૮૨—૮૩ની એલસીબી/ પીસી/૯/૧૧. ૩. ૭,૧૯,૬૯૦—૫૦.	અમી કન્સ્ટ્રકશન કું., ગોધરા. (એસ. ઈ., પી. પી. સી., ગોધરા.)
૪૫.	—એજન—	૧. પી. એમ. સી. માટીકામ અને લાઈનીંગ ઓફ ટેકીંગ ૩૪/આર/ (પાઈલોટ પ્રોજેક્ટ) સણસોલી. ડીસ્ટ્રીબ્યુટરી સી. એચ. ૩૧૭૫ મી. થી ૮૮૦૦ મી. સુધી બાંધવા બાબત. ૨. ૮૨—૮૩ની એલસીબી/ પીસી/૩/૧૫. ૩. ૮,૮૯,૭૯૪—૪૦.	અમી કન્સ્ટ્રકશન કું., ગોધરા. (એસ. ઈ., પી. પી. સી., ગોધરા.)

INDEX

૧	૨	૩	૪
૪૬.	પાનમ પ્રોજેક્ટ	૧. સી. એચ. ૨૫૪૪૦ થી ૨૬૫૦૦ મી.ની વચ્ચે પી. એમ. સી.ની લાઈનીંગ રીનોવેશનની જોગવાઈ કરવા. ૨. ૮૭—૮૮ની એલસીબી/૧૫. ૩. ૧,૪૮,૯૨૦—૦૦.	શ્રી એ. એ. બ્રહ્મભટ્ટ, (એસ. ઈ., પી. પી. સી., ગોધરા.)
૪૭.	—એજન—	૧. પી.એમ.સી.ના સી. એચ ૧૭૬૦૦ મી. આગળ એકવાડકટ બાંધવા બાબત. ૨. ૭૭—૭૮ની બી-૨/૨૧. ૩. ૨૨,૨૧,૨૧૫—૦૦.	શ્રી કે. એલ. પટેલ, (એસ. ઈ., પી. પી., સી., ગોધરા
૪૮.	—એજન—	૧. પી.એમ.સી. ૦ થી ૨૫ કી.મી. ઉપર ૧:૩:૬ સિમેન્ટ સુરખી કોન્ક્રીટ લાઈનીંગ કરવા બાબત. ૨. ૭૭—૭૮ની બી—૨/૨૪. ૩. ૬૫,૬૯,૬૯૧—૦૦.	મેસર્સ એચ. વી જાપુરા એન્ડ કું. (એસ. ઈ., પી. પી. સી., ગોધરા.)
૪૯.	—એજન—	૧. ૨૫/આર. ડીસ્ટ્રીબ્યુટરીની સી. એચ. ૧૧૯૩૫ થી ૧૨૬૫૦ આગળ એસ. એમ. ૧૪/આર. અને એસ. એમ. ૧૫/આર. માટે માટી કામ અને લાઈનીંગ કરવા બાબત. ૨. ૭૯—૮૦ની બી—૧/૧. ૩. ૨,૮૧,૨૮૮—૦૦.	મેસર્સ પટેલ ટાઈલ્સ ફેક્ટરી, ગોધરા. (એસ. ઈ. પી. પી. સી., ગોધરા).
૫૦.	—એજન—	૧. જોગવાઈ કરવા અને પીએમસી ઉપર સીએચ ૨૫ થી ૬૦૫ કી. મી. ઉપર ૧૦ સે. મિ. જાડી ૧:૩:૬ સી. સી. કરવા અને લાઈનીંગ કરવા બાબત. ૨. ૭૭—૭૮ની બી—૨/૧૭. ૩. ૮૦,૪૧,૨૧૫—૦૦.	ક્રિસ્ટલ કન્સ્ટ્રકશન કું., (એસ. ઈ. પી. પી. સી., ગોધરા).

૧	૨	૩	૪
૫૧.	પાનમ પ્રોજેક્ટ	૧. પી. એમ. સી. ઉપર રીવર મેશનરી ઉપર સી એચ. ૮૯—૧૦૦ મી. એ એકવાડકટ બાંધવા બાબત. ૨. ૮૧—૮૨ની એલસીબી—૧૦. ૩. ૯,૪૨,૦૯૫—૦૦.	શ્રી એસ. આર. શેઠ, ગોધરા. (એસ. ઈ. પી. પી. સી., ગોધરા.)
૫૨.	વાત્રક પ્રોજેક્ટ	૧. વાત્રક બંધની જગ્યામાં મેઈન ગોર્જમાં અર્થન ડેમની સી. ડી. ટી. ની નીચેના રોકમાં ગ્રાઉટ કર્ટન કરવા બાબત. ૨. ૧૭—૨—૭૫ની બી—૨/૮. ૩. ૨,૭૪,૫૭૪—૦૦.	મેસર્સ રેડિયો ફાઉન્ડેશન એન્જિનિયરીંગ લી., એન્ડ હઝરત એન્ડ કું., મુંબઈ. (એસ. ઈ. એચ. આઈ. પી.સી. હિંમતનગર.)
૫૩.	વાત્રક પ્રોજેક્ટ	૧. માટીના બંધ ડાબા અને જમણા એચ. આર. અને કન્સ્ટ્રકશન સ્લુઈસના સી. ઓ. ટી.માં ડ્રીલીંગ કરવા અને ગ્રાઉટીંગ કામ કરવા બાબત. ૨. ૨૭—૭—૮૪ની એલસીબી—૪. ૩. ૨૬,૦૮,૭૪૪—૦૦.	મેસર્સ સેમિન્ડિયા કું., લી. મુંબઈ. (એસ. ઈ. એચ. આઈ. પી. સી., હિંમતનગર.)
૫૪.	જુજ પ્રોજેક્ટ	૧. જુજ સિંચાઈ યોજના માટે માટીનો બંધ, મેશનરી ડેમ, સ્પીલવે બાંધવા બાબત. ૨. ૮૦—૮૧ની બી—૨/૧. ૩. ૪,૮૩,૧૦,૦૪૭—૦૦.	મેસર્સ અમર કન્સ્ટ્રકશન કું., વડોદરા. (એસ. ઈ. ઉકાઈ (સિવિલ) ઉકાઈ).
૫૫.	દાંતીવાડા પ્રોજેક્ટ	૧. માટી કામ અને ૧:૩:૬ સી.સી. વાળી નહેરને લાઈનીંગ કરવા બાબત. ડી. આર. પી. ના ગ્રુપ-૭માં સી. એમ. ૧:૫ના ૬ મી. ની બીડીંગ પ્રિકાસ્ટ બ્લોક અને લેઈંગ કરવા બાબત. ૨. ૮૨—૮૩ની એલસીબી—૭. ૩. ૫૦,૩૭,૨૦૧—૦૫.	અગ્રવાલ કન્સ્ટ્રકશન કું., ડીસા. (એસ. ઈ. એ. આઈ. પી. સી. અમદાવાદ.)

INDEX

૧	૨	૩	૪
૫૬.	દાંતીવાડા પ્રોજેક્ટ	૧. ડી. આર. પી. ના ગ્રુપ-૮માં —એજન— ૨. ૮૨—૮૩ની એલસીબી—૮. ૩. ૫૧,૮૬,૨૭૫—૭૦.	અગ્રવાલ કન્સ્ટ્રક્શન કું., ડીસા (એસ. ઈ. એ. આઈ. પી. સી., અમદાવાદ).

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. કે. શાહ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, MARCH 7, 1991/PHALGUNA 16, 1912 [No. 10

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

તા. ૧-૨-૯૧ થી તા. ૨૮-૨-૯૧ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુ. નં.	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધ થયા તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ-૯		
૧.	૫	જીએચબી.૧-૯૧-જીએમબી-૧૨૯૦-જીએચ તા. ૨-૨-૯૧.	૨--૨-૯૧	ભા. એ. કા.વિ.
૨.	૬	(જી.એચએન-૩૫)જી.એચ.આર૧૦૯૦(૬૭)ક તા. ૧૭-૧૨-૯૦.	૭-૨-૯૧	,,
૩.	૭	સન ૧૯૯૧ના ગુ. વિધેયક. ક્ર.૩ તા. ૭--૨--૯૧	૭--૨--૯૧	,,
૪.	૮	,, ,, ,, ૪ ૧૧-૨-૯૧	૧૧-૨-૯૧	,,

INDEX

૧	૨	૩	૪	૫
૫.	૯	સન ૧૯૯૧ ના ગુજરાત વિધેયક ક્રમાંક ૫ ૧૩-૨-૯૧	૧૩-૨-૯૧	ગુજરાત વિ.સ.
૬.	૧૦	” ” ” ” ૬ ”	”	”
૭.	૧૧	” ” ” ” ૭ ”	”	”
૮.	૧૨	” ” ” ” ૮ ”	”	”
૯.	૧૩	” ” ” ” ૯ ૧૪-૨-૯૧	૧૪-૨-૯૧	”
૧૦.	૧૪	” ” ” ” ૧૦ ”	”	”
૧૧.	૧૫	” ” ” ” ૧૧ ”	”	”
૧૨.	૧૬	” ” ” ” ૧૨ ”	”	”
૧૩.	૧૭	” ” ” ” ૧૩ ”	”	”
૧૪.	૧૮	” ” ” ૧૪ ”	”	”
૧૫.	૧૯	” ” ” ” ૧૫ ”	”	”
૧૬.	૨૦	” ” ” ” ૧૬ ”	”	”
૧૭.	૨૧	” ” ” ” ૧૭ ”	”	”
૧૮.	૨૨	” ” ” ” ૧૮ ”	”	”
૧૯.	૨૩	” ” ” ” ૧૯ ૧૯-૨-૯૧	૧૯-૨-૯૧	કાયદા વિભાગ.
૨૦.	૨૪	” ” ” ” ૨૦ ૨૫-૨-૯૧	૨૫-૨-૯૧	”
૨૧.	૨૫	(જીએચએન-૫)જીએસટી-(એફટીએસ)-૧૦૯૧ એસ-૪૯-૭-૬.	૨૬-૨-૯૧	ભા.એ.કાયદા વિ.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, MARCH 14, 1991/PHALGUNA 23, 1912 [No. 11

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી શુદ્ધિપત્ર ક્રમાંક જીએચ/બી/૯૧/૯--એમટીએ-૧૭૮૨-૯૭૮-કેઅચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ભ. પંડીત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Corrigendum

re

GOVERNMENT NOTIFICATION HOME DEPARTMENT NO. GH/B/90/43/MTA/1782-978/KH DATED THE 28TH MAY, 1990.

ગૃહ વિભાગના તારીખ ૨૮મી મે ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/બી/૯૦/૪૩/-એમટીએ--૧૭૮૨-૯૭૮/કેએચ સંબંધી શુદ્ધિપત્ર.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨સી જાન્યુઆરી, ૧૯૯૧.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચ-બી-૯૧-૯-એમટીએ-૧૭૮૨-૯૭૮-કેએચ.—તારીખ ૨૮મી મે, ૧૯૯૦ના ગુજરાત રાજપત્ર, અસાધારણ ભાગ--૪-બીના પાના ૯૦--૧ થી ૯૦--૨ ઉપર પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૮મી મે, ૧૯૯૦ના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-બી-૯૦-૪૩-એમટીએ--૧૭૮૨--૯૭૮--કેએચ માં, અનુસૂચિમાં, અનુક્રમાંક નોંધ ૧ અને ૨માં, કૉલમ ૨માં, "GTU" એ અક્ષરોને બદલે, "GUU" એ શબ્દો વાંચવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડ્યા,
સરકારના ઉપ--સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, MARCH 21, 1991/PHALGUNA 30, 1912 [No. 12

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી-૧૪૫-૯૦-એસટીસી-૧૦૮૭-૫૪૧-ઘ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION HOME DEPARTMENT NO. GG/84/9/STC/1087/541/GH, DATED THE 3RD SEPTEMBER, 1990.

ગૃહ વિભાગનું તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીજી-૮૪-૯-એસટીસી-૧૦૮૭-૫૪૧-ઘ, સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૧૯૯૦.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જીજી-૧૪૫-૯૦-એસટીસી-૧૦૮૭-૫૪૧-ઘ.—ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ ૩ સાથે વાંચતા માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના અધિનિયમ ક્રમાંક : ૬૪મા)ની કલમ ૫ની પેટા-કલમો (૨) અને (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીજી-૮૪-૯-એસટીસી-૧૦૮૭-૫૪૧-ઘ (જેનો આમાં હવે પછી "મુખ્ય જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નીચે પ્રમાણે સુધારે છે :—

મુખ્ય જાહેરનામામાં, પરિચ્છેદ (ખ)માં—

(૧) અનુક્રમાંક ૧ સામેની નોંધને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"૧. ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર. બોર્ડના અધ્યક્ષ."

(૨) અનુક્રમાંક ૨ સામેની પેટા-નોંધ (ક)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(ક) ગુજરાત સરકારના સચિવ
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર. નિયામક."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એસ. વ્યાસ,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકે-એલડી-૨૧૪૫-૨૧-૯૧-પી નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સાર, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT LEGISLATIVE ASSEMBLY (LEADER OF OPPOSITION) SALARY AND ALLOWANCES RULES, 1979.

ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક : જીએચકે-એલડી-૨૧૪૫-૨૧-૯૧-પી.—ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૧૨થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં (સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. સન ૧૯૯૦ના ઓકટોબર મહિનાની ૧૫મી તારીખે તે અમલમાં આવ્યા છે એમ ગણાશે.

૩. ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા)પગાર તથા ભથ્થાં નિયમો, ૧૯૭૯માં, નિયમ ૫-ક માં, પેટા-નિયમ (૫) માં, પહેલા પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો :—

"પરંતુ વિરોધ પક્ષના નેતા—

(૧) રાજ્ય સરકારે પ્રબંધ કરેલ મોટરકાર દ્વારા મુસાફરી કરે, ત્યારે તેઓ—

(ક) જો આવી મોટરકાર પેટ્રોલથી ચલાવાતી હોય તો કિલોમીટર દીઠ રૂપિયા ૨--૧૦ (બે રૂપિયા દસ પૈસા)ના દરે; અને

INDEX

(ખ) જો આવી મોટરકાર ડીઝલથી ચલાવાતી હોય, તો કિલોમીટર દીઠ રૂપિયા ૦.૯૦ (નેવું પૈસા)ના દરે,

માઈલેજ ભથ્થું મેળવવા હકદાર રહેશે;

(૨) પોતાની મોટરકાર દ્વારા અથવા ભાડાની અથવા ખાનગી મોટરકાર દ્વારા મુસાફરી કરે, ત્યારે તેઓ કિલોમીટર દીઠ રૂા. ૨-૬૫ (બે રૂપિયા અને પાંસઠ પૈસા)ના દરે માઈલેજ ભથ્થું મેળવવા હકદાર રહેશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી કે. આર. ત્રિવેદી,
સરકારના સંયુક્ત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-એલ-૧૯-ડીએનએસ-૧૦૯૦-૧૫૨૬-એમ નો ગુજરાતી અનુવાદ આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY DENATURED SPIRIT RULES, 1959.

મુંબઈ વિકૃત સ્પિરિટ નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૦.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ-એલ-૧૯-ડીએનએસ-૧૦૯૦-૧૫૨૬-એમ.—ગુજરાત સરકારને એમ લાગે છે કે આમાં, હવે પછી, આવતા નિયમો તરત જ અમલમાં લાવવા જોઈએ.

અને રાજ્ય સરકારને એમ લાગે છે કે, તે નિયમો પૂર્વ-પ્રસિધ્ધિ વિના કરવા જોઈએ.

INDEX

તેથી, હવે, મુંબઇ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઇના ૨૫મા)ની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઇ વિકૃત સ્પિરિટ નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

(૧) આ નિયમો 'મુંબઇ વિકૃત સ્પિરિટ (ગુજરાત સુધારો) નિયમો, ૧૯૯૦' કહેવાશે.

(૨) મુંબઇ વિકૃત સ્પિરિટ નિયમો, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫૦ના પ્રથમ પરંતુકમાં, "લીટર દીઠ પચાસ પૈસાના દરે હેરફેર ફી" એ શબ્દોને બદલે "લીટર દીઠ વીસ પૈસાના દરે વહીવટી ફી" એ શબ્દો મૂકવા.

(૩) સદરહુ નિયમોમાં, નિયમ ૫૨ ના પરંતુકમાં, "લીટર દીઠ ૫૦ પૈસા ના દરે, વેચાણ ફી" એ શબ્દોને બદલે, "લીટર દીઠ વીસ પૈસાના દરે વહીવટી ફી" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. જે. પટેલ,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૯૧નો ૫-એચબીએ-૧૦૮૯-૨૪૭૮-ઠ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT HOUSING BOARD ACT, 1961.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ જાહેરનામું
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જાન્યુઆરી, ૧૯૯૧.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક : જીએચ-વી-૯૧ નો ૫-એચબીએ-૧૦૮૯-૨૪૭૮-ઠ.—આ જાહેરનામાને જોડેલી અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલા બોર્ડના સભ્યએ પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું છે;

INDEX

તેથી, હવે, ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૮મા)ની કલમ ૧૦ સાથે વાંચતા સદરહુ અધિનિયમની કલમ ૫ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ, અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલા સભ્યના રાજીનામાના કારણે ખાલી પડેલી જગા પર આ જાહેરનામાને જોડેલી અનુસૂચિ-૨માં નિર્દિષ્ટ કરેલી વ્યક્તિઓને સન ૧૯૯૧ના જાન્યુઆરી મહિનાની ૭મી તારીખે અને તે તારીખથી નીમે છે :—

અનુસૂચિ—૧

૧. મ્યુનિસિપલ કમિશનર, સૂરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સૂરત.

અનુસૂચિ—૨

૧. શ્રી કનુભાઇ સી. પટેલ. ૪૩, વિજયનગર, તરસાલી, વડોદરા (પીન—૩૯૦૦૦૧).

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. જી. કજરેકર,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકે-એલડી-૨૧૪૪-૨૨-૯૧-પી નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE SPEAKER AND THE DEPUTY SPEAKER TRAVELLING AND DAILY ALLOWANCES RULES, 1960.

અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ મુસાફરી અને દૈનિક ભથ્થાં નિયમો, ૧૯૬૦ સુધારવા સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ફેબ્રુઆરી, ૧૯૮૯.

ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦.

ક્રમાંક : જીએચકે-એલડી-૨૧૪૪-૨૨-૯૧-પી.—ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ (સન ૧૯૬૦ના ગુજરાતના ૩જા)ની કલમ ૧૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ મુસાફરી અને દૈનિક ભથ્થાં નિયમો, ૧૯૬૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. (૧) આ નિયમો 'અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ મુસાફરી અને દૈનિક ભથ્થાં (સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

INDEX

(૨) તે, સન ૧૯૯૦ના ઓકટોબર મહિનાની ૧૫મી તારીખે અમલમાં આવ્યા છે એમ ગણાશે.

૨. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ મુસાફરી અને દૈનિક ભથ્થાં નિયમો, ૧૯૬૦માં, નિયમ ૩૧માં, પેટાનિયમ (૭)માં, પહેલાં પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો :—

"પરંતુ અધ્યક્ષ—

(૧) રાજ્ય સરકારે પ્રબંધ કરેલ મોટરકાર દ્વારા મુસાફરી કરે, ત્યારે તેઓ—

(ક) જો આવી મોટરકાર પેટ્રોલથી ચલાવાતી હોય, તો કિલોમીટર દીઠ રૂા. ૨–૧૦ (બે રૂપિયા દસ પૈસા)ના દરે; અને

(ખ) જો આવી મોટરકાર ડીઝલથી ચલાવાતી હોય, તો કિલોમીટર દીઠ રૂા. ૦.૯૦ (નેવું પૈસા)ના દરે;

માઈલેજ ભથ્થું મેળવવા હકદાર રહેશે;

(૨) પોતાની મોટરકાર દ્વારા અથવા ભાડાની અથવા ખાનગી મોટરકાર દ્વારા મુસાફરી કરે, ત્યારે તેઓ, કિલોમીટર દીઠ રૂા. ૨–૬૫ (બે રૂપિયા અને પાંસઠ પૈસા)ના દરે માઈલેજ ભથ્થું મેળવવા હકદાર રહેશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી કે. આર. ત્રિવેદી,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, MARCH 28, 1991/CAITRA 7, 1913 [No. 13

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૯૦નો ૨૩૬/એચબીએ/૧૦૮૯/૨૪૭૮/ઠ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT HOUSING BOARD ACT, 1961.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૧૯૯૦.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક : જીએચ/વી/૯૦ના ૨૩૬/એચબીએ/૧૦૮૯/૧૨૪૭૮/ઠ.—આ જાહેરનામાને જોડેલી અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલા બોર્ડના સભ્યોએ તેમના હોદ્દાનાં રાજીનામા આપ્યા છે;

તેથી, હવે, ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૮મા) ની કલમ ૧૦ સાથે વાંચતા સદરહુ અધિનિયમની કલમ ૫ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી, સદરહુ અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલા સભ્યોના રાજીનામાના કારણે ખાલી પડેલી જગાઓ પર આ જાહેરનામાને જોડેલી અનુસૂચિ ૨માં નિર્દિષ્ટ કરેલી વ્યકિતઓને સન ૧૯૯૦ના ડિસેમ્બર મહિનાની ૪થી તારીખે અને તે તારીખથી નીમે છે.

અનુસૂચિ-૧

૧. સચિવ, મહેસૂલ વિભાગ (શહેરી જમીન ટોચમર્યાદા) ગુજરાત સરકાર, ગાંધીનગર.

૨. મ્યુનિસિપલ કમિશ્નર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.

૩. મુખ્ય કારોબારી, સત્તાધિકારી, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદ.

૪. મુખ્ય કારોબારી, સત્તાધિકારી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા.

૫. મુખ્ય કારોબારી સત્તાધિકારી, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ, રાજકોટ.

અનુસૂચિ-૨

૧. શ્રી રમેશભાઈ સી. પટેલ	૫૬/એ સ્વી/પાર્ક, મધુવૃંદ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ઘાટલોડીયા, અમદાવાદ.-૬૧.
૨. શ્રી મોહનભાઈ એન. પટેલ	રળિયાત ગંગા, ૧૮૭, વિજયનગર, ભૂજ, જિલ્લો : કચ્છ.
૩. શ્રી મદનલાલ પી. બુનકી	રૂસ્તમપુરા, મોટા દસ્તુર મહોલ્લો, સુરત.
૪. શ્રી જમનાદાસ ઘેટીઆ	પોસ્ટ-સુપેડી, તાલુકો ધોરાજી, જિલ્લો : રાજકોટ.
૫. શ્રી દિલીપભાઈ વી. ગાંધી	ખારગેટ, ભાવનગર.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. જી. કજરેકર,
ગુજરાત સરકારના નાયબ—સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૧/૮/એમવીએ-૧૮૮૯/૨૬૮૪-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવલાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૧.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૧/૮/એમવીએ/૧૮૮૯/૨૬૮૪-ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૬૭ની પેટા-કલમ (૧)માં ખંડ (૧)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કાઢેલાં તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડો (ક)થી (ઘ)ની જોગવાઈઓ લક્ષમાં લઈને, સન ૧૯૯૧ના ફેબ્રુઆરી મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિસ્તારોમાં ચલાવાતા જામનગર મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, જામનગર દ્વારા સંચાલિત સ્ટેજ કેરેજો માટે ભાડા અને નૂર નક્કી કરવા સંબંધી રાજ્ય વાહન વ્યવહાર સત્તા મંડળ અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તા મંડળ, રાજકોટને આદેશો આપે છે.

આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧ અને ૨માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં અને રૂટો પર ચલાવાતા સ્ટેજ કેરેજ માટે (તત્સમયે અમલમાં હોય તેવા મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) હેઠળ ઉતારૂઓ પર લીધેલ અથવા લેવાપાત્ર, હોય તો તે વેરાની રકમ સહિત) ભાડું સદરહુ અનુસૂચિના કોલમ ૩માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના આવા વધુમાં વધુ ભાડાને અધીન રહેશે;

પરંતુ વિદ્યાર્થીઓ કરેલી કોઈ મુસાફરીની બાબતમાં, ઉપર જણાવ્યા પ્રમાણે કોઈ વેરો લેવામાં આવ્યો ન હોય તો, આવી મુસાફરી માટેનું ભાડું આવા વેરાની રકમ તેમાંથી બાદ કરીને એવી રીતે નક્કી કરવામાં આવશે.

વિસ્તારો	રૂટો	ઉતારૂવેરા સહિત વધારેમાં વધારે ભાડું
૧	૨	૩
મ્યુનિસિપલ અથવા કેન્ટોમેન્ટ વિસ્તારો અને માન્ય રૂટોવાળા અન્ય લગોલગના વિસ્તારો જેમાં સ્ટેજ	તમામ રૂટો.	(૧) પ્રથમ કિલોમીટર અથવા તેના ભાગ માટે ઉતારૂ દીઠ પચાસ પૈસા

INDEX

૧	૨	૩
કેરેજ (શહેરી (ઉતારૂ બસ સેવા) જામનગર મહાનગરપાલિકા, જામનગર દ્વારા ચાલાવતા હોય ત્યાં.		(૨) પ્રથમ કિલોમીટર કરતા વધુ અંતર માટે દરેક બે કિલો-મીટર અથવા તેના ભાગ માટે ઉતારૂ દીઠ વીસ પૈસા. પરંતુ ઉતારૂ દીઠ ઓછામાં ઓછું ભાડું ૫૦ પૈસા રહેશે.

નોંધ:—(૧) આ જાહેરનામામાં "ઉતારૂ" એ શબ્દનો અર્થ ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૨ ના ખંડ (ઝ) અને નિયમ ૧૧૯ના પેટા-નિયમ (૧)માં તેનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ભાસ્કર પંડયા,
સરકારના ઉપ-સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, APRIL 4, 1991/CAITRA 14, 1913 [No. 14

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

તા. ૧/૩/૯૧ થી તા. ૩૧/૩/૯૧ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજ્યપત્રની યાદી.

અનુ. નં.	અસાધારણ રાજ્યપત્રનો નંબર	જાહેરનામાનો નંબર તથા તારીખ	ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ—૯		
૧	૨૬	સન ૧૯૯૧નું ગુ. વિધેયક ક્રમાંક ૨૧.	૫--૩--૯૧	ગુ. વિ. સ.
૨	૨૭	સન ૧૯૯૧નું ગુ. વિધેયક ક્રમાંક ૨૨	૧૪--૩--૯૧	કાયદા વિ. (ભા.એ)
૩	૨૮	સન ૧૯૯૧નું ગુ. વિ. ક્ર. ૨૩	૧૫--૩--૯૧	,, ,,
૪	૨૯	સન ૧૯૯૧નો અધિનિયમ ક્રમાંક ૧	,,	,, ,,
૫	૩૦	સન ૧૯૯૧નો અધિનિયમ ક્રમાંક ૨	,,	,, ,,
૬	૩૧	સન ૧૯૯૧નો અધિનિયમ ક્રમાંક ૩	,,	,, ,,
૭	૩૨	સન ૧૯૯૧નો અધિનિયમ ક્રમાંક ૪	,,	,, ,,

૧	૨	૩	૪	૫
૮	૩૩	સન ૧૯૯૧નો અધિનિયમ ક્રમાંક ૫	૧૫--૩--૯૧	કાયદા. વિ. (ભા. એ.)
૯	૩૪	નં. જીટી-૯૧-૭-ઈપીટી-૧૦૯૧-૪૩૩-છ ૪/૩/૯૧	૧૫--૩--૯૧	,, ,,
૧૦	૩૫	નં. જીએચએન/૩/જીએસઆર-૧૦૯૧(૬૮)-ક ૨૯/૧/૯૧	૧૫--૩--૯૧	,, ,,
૧૧	૩૬	સન ૧૯૯૧નું ગુ. વિ. ક્રમાંક ૨૪	૧૮--૩--૯૧	ગુ. વિ. સભા.
૧૨	૩૭	ગુ. બીલ નં. ૨૫/૧૯૯૧.	૨૧--૩--૯૧	,, ,,
૧૩	૩૮	ગુ. બીલ નં. ૨૬/૧૯૯૧	,,	,, ,,
૧૪	૩૯	ગુ. બીલ નં. ૨૭/૧૯૯૧.	,,	,, ,,
૧૫	૪૦	સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક ૨૮	૨૨--૩--૯૧	કા. વિ. (ભા.એ.)
૧૬	૪૧	સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક ૨૯	,,	,, ,,
૧૭	૪૨	સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક ૩૦	,,	,, ,,
૧૮	૪૩	સન ૧૯૯૧નું વિધેયક ક્રમાંક ૩૧	૨૬--૩--૯૧	,, ,,

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

REGISTERED NO. G/GNR/3

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, APRIL 11, 1991/CAITRA 21, 1912 [No. 15

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૧/૧૧/એમવીએ-૧૮૯૦/૩૦૨૧-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

ઘ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

ગુજરાત સરકાર

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૧/૧૧/એમવીએ-૧૮૯૦/૩૦૨૧-ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૬૭ની પેટા-કલમ (૧)ના ખંડ (૧)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કાઢેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડો (ક) થી (ઘ)ની જોગવાઈઓ લક્ષમાં લઈને, સન ૧૯૯૧ના ફેબ્રુઆરી, મહિનાની ૩જી તારીખે અને તે તારીખથી, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિસ્તારોમાં ચલાવાતા ભાવનગર મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, ભાવનગર દ્વારા સંચાલિત સ્ટેજ કેરેજો માટે ભાડાં અને નૂર નક્કી કરવા સંબંધી રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળ અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, ભાવનગરને આદેશો આપે છે.

આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ--૧ અને ૨માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં અને રૂટો પર ચલાવાતા સ્ટેજ કેરેજ માટે (તત્સમયે અમલમાં હોય તેવા મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરો) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) હેઠળ ઉતારૂઓ પર લાદેલ અથવા લેવાપાત્ર વેરાની રકમ હોય તો તે, સહિત) ભાડું, સદરહુ અનુસૂચિના કોલમ ૩માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના આવા વધુમાં વધુ ભાડાને અધીન રહેશે :

પરંતુ વિદ્યાર્થીઓ કરેલી કોઈ મુસાફરીની બાબતમાં, ઉપર જણાવ્યા પ્રમાણે કોઈ વેરો લેવાપાત્ર ન હોય તો, આવી મુસાફરી માટેનું ભાડું, એવી રીતે નક્કી કરવું જોઈશે કે જેથી આવકવેરાની રકમ તેમાંથી બાદ કરી શકાય.

અનુસૂચિ.

વિસ્તાર	રૂટ	ઉતારૂવેરા સહિત વધુમાં વધુ ભાડાં.
૧	૨	૩
મ્યુનિસિપલ અથવા કેન્ટોનમેન્ટ વિસ્તારો, હોય તો તે, અને માન્ય રૂટોવાળા અન્ય લગોલગના વિસ્તાર, કે જેમાં ભાવનગર મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા સ્ટેજ કેરેજો (શહેરી ઉતારૂ બસ સેવા) ચલાવવામાં આવતા હોય.	તમામ રૂટો.	(૧) દરેક ૧ કિલોમીટર અથવા તેના ભાગના પ્રથમ ત્રણ સ્ટેજ માટે ઉતારૂ દીઠ પંચોતેર પૈસા. (૨) દરેક એક કિલોમીટર અથવા તેના ભાગના ત્રણ સ્ટેજથી વધુ પણ પાંચ સ્ટેજથી વધુ ન હોય તેટલા અંતર માટે ઉતારૂ દીઠ પચીસ પૈસા.

INDEX

૧	૨	૩
		(૩) દરેક એક કિલોમીટર અથવા તેના ભાગના પાંચ સ્ટેજથી વધુ પણ દસ સ્ટેજથી વધુ ન હોય તેટલા અંતર માટે ઉતારૂ દીઠ પચાસ પૈસા.
		(૪) દરેક એક કિલોમીટર અથવા તેના ભાગના દસ સ્ટેજથી વધુ પણ પંદર સ્ટેજથી વધુ ન હોય તેટલા અંતર માટે ઉતારૂ દીઠ પંચાસ પૈસા.
		(૫) દરેક એક કિલોમીટર અથવા તેના ભાગના પંદર સ્ટેજથી વધુ પણ અઢાર સ્ટેજથી વધુ ન હોય તેટલા અંતર માટે ઉતારૂ દીઠ પચાસ પૈસા;
સ્પષ્ટીકરણ :— આ જાહેરનામા "સ્ટેજ પોઈન્ટ" અથવા સબ સ્ટેજ પોઈન્ટ" એ શબ્દ પ્રયોગ એટલે માર્ગ ઉપર ભાડાની ગણતરી કરવાના અથવા ભાડું લેવાના હેતુ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે એવી રીતે મંજર કરેલ કોઈપણ બસ સ્ટોપ.		(૬) પરંતુ ઓછામાં ઓછું ભાડું ૭૫ પૈસા રહેશે : વધુમાં, ચઢવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ અથવા સબ સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે, પ્રવાસ કરેલ અંતરની ગણતરી, તરત જ અગાઉના સ્ટેજ અથવા સબ સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ પેઈન્ટ અથવા સબ સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે, પ્રવાસ કરેલા અંતરની ગણતરી, તરત જ આવતાં સબ સ્ટેજ પોઈન્ટ અથવા સબ સ્ટેજ પોઈન્ટ સુધી કરવી જોઈશે.

નોંધ :—આ જાહેરનામામાં "ઉતારૂ" એ શબ્દોનો અર્થ, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૨ના ખંડ (ઝ) અને નિયમ ૧૧૯ના પેટા-નિયમ (૧)માં તેનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાસ્કર પંડયા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, APRIL 18, 1991/CAITRA 28, 1912 [No. 16

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ/૯૧-૪૫-બીએસઈ-૧૧૯૧-૩૮૪-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENTS ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૧.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચયુ/૯૧-૪૫-બીએસઈ-૧૦૯૧-૩૮૪-એમ-(૩).—ગુજરાત દુકાન અને સંસ્થા નિયમો, ૧૯૬૨ના નિયમ ૪ સાથે વાંચતા મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈના ૭૯મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, રમઝાન અને રમઝાન ઈદના તહેવારોને કારણે નીચેની અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ વર્ગોની સંસ્થાઓના સંબંધમાં સદરહુ અનુસૂચિના કોલમ (૩)માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૧થી તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૧ સુધી (બન્ને દિવસો સહિત)ની મુદત માટે ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોમાં અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ મોકૂફ રાખે છે.

અનુસૂચિ

સંસ્થાઓ	સદરહુ અધિનિયમની જોગવાઈઓ	શરતો
૧	૨	૩
૧. મીઠાઈની દુકાનો	કલમ ૧૪	સદરહુ અધિનિયમની કલમ ૧૪માં નિર્દિષ્ટ કરેલા કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કોઈ નોકરને કરવું પડે, તો તે, ઓવર-ટાઈમ કામ, કે જે ઠરાવેલ રજિસ્ટરમાં નોંધવું જોઈશે તેના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ ૬૩ (૧)માં ઠરાવેલ દરે વેતન મેળવવા હકદાર થશે.
	કલમ ૧૮	દરેક નોકરને, ઠરાવેલી અઠવાડિક રજાઓ ન લીધી હોવાને કારણે (૧) તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૧ પછી એવી રજાના બદલે, તેટલી જ રજાઓ અથવા (૨) તેવા રજાઓના દિવસોએ કરેલા કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩ (૧)માં ઓવરટાઈમ કામ માટે ઠરવેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.

INDEX

૧	૨	૩
૨. તમામ રેસ્ટોરાં અને ભોજનગૃહો	કલમ ૨૪	કોઈ રેસ્ટોરાં અથવા ભોજનગૃહના દરેક નોકરને, ઠરાવેલી અઠવાડિક રજાઓ ન લીધી હોવાને કારણે (૧) તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૧ પછી એવી રજાના બદલે, તેટલી જ રજાઓ અથવા (૨) તેવી રજાઓના દિવસોએ કરેલા કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩ (૨) માં ઓવર-ટાઈમ કામ માટે ઠરાવેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.
૩. ટોપી અને પગરખાં વેચતી દુકાનો.	કલમ ૧૧	કોઈપણ દુકાન કોઈપણ દિવસે રાતના ૧૧ વાગ્યા કરતા મોડી બંધ કરવી નહિ.
	કલમ ૧૪	સદરહુ અધિનિયમની કલમ ૧૪માં નિર્દિષ્ટ કરેલા કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કોઈ નોકરને કરવું પડે, તો તે ઓવરટાઈમ કામ કે, ઠરાવેલ રજિસ્ટરમાં નોંધવું જોઈશે તેના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ ૬૩ (૧)માં ઠરાવેલા દરે વેતન મેળવવા હકદાર થશે.
	કલમ ૧૬	કામનો એકંદર સમય કોઈપણ દિવસે પંદર કલાક કરતાં વધારે હોવો જોઈએ નહિ.
	કલમ ૧૮	દરેક નોકરને ઠરાવેલી અઠવાડિક રજાઓ ન લીધી હોવાને કારણે (૧) તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૧ પછી એવી રજાના બદલે, તેટલી જ રજાઓ અથવા (૨) તેવી રજાઓના દિવસોએ કરેલા કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩ (૧)માં ઓવર-ટાઈમ કામ માટે ઠરાવેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.
૪. કાપડ અથવા તૈયાર કપડાં વેચતી દુકાનો.	કલમ ૧૪	"ટોપી અને પગરખાં વેચતી દુકાનોની" નોંધમાં કલમો ૧૪, ૧૬ અને ૧૮ના સંબંધમાં ઉપર નિર્દિષ્ટ કરી છે તે શરતો.
૫. સુગંધિત દ્રવ્યો વેચતી દુકાનો	કલમ ૧૧	કોઈપણ દુકાન કોઈપણ દિવસે રાતના ૧૧ વાગ્યા કરતાં મોડી બંધ કરવી નહિ.

આ વિભાગની ફાઈલ નં. બીએસઈ-૧૦૯૧-૩૮૪-એમ(૩)ની ગૃહ વિભાગની તારીખ ૧૫/૨/૯૧ની સહમતિથી આ જાહેરનામું બહાર પાડ્યું છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મીરઝા,
સેક્શન અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-૯૦-પી--૧૯૯૧નો એમએફબી--૧૧૭૯--૨૭૧૪--આરનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MUNICIPAL FINANCE BOARD (TERM OF OFFICE AND CONDITIONS OF SERVICE OF CHAIRMAN AND MEMBERS) RULES, 1979.

ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના) નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક :-કેપી--૧૯૯૧નો ૯૦--એમએફબી--૧૧૭૯--૨૭૧૪--આર.—ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ, અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૨મા)ની કલમ ૬ સાથે વાંચતા તેની કલમ ૨૮ હેઠળ કાઢવા ધારેલા સૂચિત જાહેરનામાનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૮ની પેટા-કલમ(૧) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તેના ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૨મા)ની કલમ ૬ સાથે વાંચતા તેની કલમ ૨૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના) નિયમો ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

INDEX

૧. આ નિયમો 'ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના) (દ્વિતીય સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના) નિયમો, ૧૯૭૯માં, નિયમ (૪)માં,—

(૧) ખંડ (ક)માં, "૧૦૦૦" એ આંકડાને બદલે "૨૫૦૦"એ આંકડા મૂકવા.

(૨) ખંડ (છ)ને બદલે, નીચેનો મજકર મુકવો:—

"(છ) તે, દરેક વર્ષની નોકરી પૂરી કર્યા પછી માનદ-વેતન સહિતની ૩૦ દિવસની મુદત સુધીની રજા મેળવવાને હકદાર રહેશે. અને પોતાની મુદતના છેલ્લા વર્ષની રજાનો જો તેણે તે વર્ષ દરમિયાન લાભ લીધો ન હોય, તો રોકડમાં મેળવવા હકદાર થશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. ટી. જોષી,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-જી/બી/૯૧/૧૫/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક:-જી/બી/૯૧/૧૫/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/ખ:— મોટરવાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૨૯ના બીજા પરંતુક હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો,

INDEX

સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા-કલમ(૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે. કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક :-જી/બી/૯૧/૧૫/..............એમવીઆર-૧૫૮૯--૩૯૭૬--ખ :- મોટર વાહન- અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૨૯ના બીજા પરંતુકથી મળેલી સત્તા અને આ અર્થે તેને અખત્યાર આપતી તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, "ગુજરાત મોટર વાહન" (ચોથા સુધારા) નિયમો ૧૯૯૧" કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં નિયમ ૧૯૩માં, ખંડ(ખ)માં "૩૧મી માર્ચ, ૧૯૯૧"એ આંકડા અક્ષર અને શબ્દને બદલે, "૩૧મી માર્ચ, ૧૯૯૨"એ આંકડા અક્ષર અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાસ્કર પંડયા,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૧ના ગુજરાતના સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૪/ડીવીપી-૨૦૮૯/૩૬૮૫--(૯૦) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી જાન્યુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૪/ડીવીપી-૨૦૮૯-૩૬૮૫(૯૦)એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૮નો ૨૮/ડીવીપી-૨૦૮૪/૫૧૨૦(૮૭) એલ હેઠળ મંજુર કરેલ જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૮૮નો ૨૮/ડીવીપી/૨૦૮૪/૫૧૨૦(૮૭)એલ થી મંજૂર કરેલ જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર,

૧. "જાડા"ની મંજૂર કરેલ વિકાસ યોજનામાં ખેતી વિષયક ઝોન માટે મુકરર કરેલી આ સાથેના પ્લાનમાં ABCDA તરીકે નિશાની કરેલી વિભાપર ગામના મહેસૂલી સરવે નંબર ૯૨/૨ વાળી જમીન સદરહુ મુકરર કરેલી વ્યવસ્થામાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલ જમીનના આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેઠાણના ઉપયોગ માટે મુકરર કરવી.

INDEX

૨. "જાડા"ની મંજૂર કરેલ વિકાસ યોજનામાં ખેતી વિષયક ઝોન માટે મુકરર કરેલી આ સાથેના પ્લાનમાં OPQRO તારીકે નિશાની કરેલી ધનવાવ ગામના મહેસૂલી સરવે નંબર ૧૬૧-૧-૧-૨ વાળી જમીન, સદરહુ મુકરર કરેલી વ્યવસ્થામાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨)(ક) હેઠળ રહેઠાણના ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૨૪૯-ડીવીપી-૧૨૯૦/૩૮૯૯-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૦.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૨૪૯/ડીવીપી/૧૨૯૦/૩૮૯૮/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી-૧૨૮૦/૪૩૮૪/(૮૩)-એલ હેઠળ મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬(સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

૧. આ-સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

INDEX

૨. કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૮૩ના ૨૭૮/ટીપીએસ-૧૨૮૦-૩૯૮૯(૮૩)-એલ થી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનાનો ફેરફાર.

૧. વડોદરા શહેરમાંથી પસાર થતો જૂના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ તરીકે ઓળખાતા ૩૬ મીટર પહોળા મુખ્ય રસ્તાની પહોળાઈ, અધિનિયમની કલમ ૪૨(૨)(ઘ) હેઠળ પછીની પહોળાઈ જેટલી ઘટાડવી અને આ રીતે મુક્ત કરેલી જમીનો, નીચે જણાવ્યા પ્રમાણે વડોદરા શહેરી વિકાસ વિસ્તારની મંજૂર કરેલી વિકાસ યોજનાના અનુક્રમે આજુબાજુના ઝોન, જાહેર હેતુઓ, અને ખુલ્લી જગા તરીકે મુકરર કરવી :—

(૧) વડોદરા નગરરચના યોજના નં. ૧૨ (નિઝામપુરા)થી ફતેગંજ પમ્પીંગ સ્ટેશન સુધીની દક્ષિણ હદથી ૩૬ મી. પહોળા રસ્તાનો ભાગ ફરીથી લાઈન દોરી આપવી અને આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ABનિશાની કરેલા ૩૦ મિટરની પહોળાઈ સુધી ઘટાડવો.

(૨) ફતેગંજ પમ્પીંગ સ્ટેશનથી સયાજી સર્કલ વાયા એમ. એસ. યુનિવર્સિટી સુધીનો ૩૬ મી. પહોળા રસ્તાનો ભાગ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે CD નિશાની કરેલાં ૩૦ મી.ની પહોળાઈ સુધી ઘટાડવો.

(૩) સયાજી સર્કલથી લાલબાગ રેલવે ક્રોસીંગ વાયા નર્મદા ભવન અને લક્ષ્મી વિલાસ પેલેસ સુધીના ૩૬ મીટર પહોળા રસ્તાનો ભાગ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેDE નિશાની કરેલા ૨૪મી. ના પહોળાઈ સુધી ઘટાડવો.

(૪) લાલબાગ રેલવે ક્રોસિંગથી મકરપુરા ત્રણ રસ્તાના જંકશન સુધીના ૩૬ મીટર પહોળા રસ્તાનો ભાગ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે FGનિશાની કરેલા ૨૪ મીટરની પહોળાઈ સુધી ઘટાડવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૨૨/ટીપીએસ-૧૪૮૮-૩૧(૯૧)એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૨/ટીપીએસ/૧૪૮૮/૩૧ (૯૧) એલ.— શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૮૨નો ૭૪/ટીપીએસ/ ૧૪૮૧/૧૪૯૯(૮૨)(એલ) હેઠળ નગરરચના યોજના સૂરત ક્રમાંક ૪ (અશ્વનીકુમાર નવાગામ) છેવટની (જેનો આમાં હવે પછી "સદરહુ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તારીખ ૨૧મી જુન, ૧૯૮૨થી અમલમાં આવી હતી;

અને ગુજરાત સરકારે, સદરહુ યોજનાને ભૂલને લીધે ખામી યુકત હોવાની ગણી છે;

અને ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે સદરહુ યોજનામાં જરૂરી ફેરફાર મહત્વનો નથી;

અને ફેરફારના મુસદાવાળું શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ ૨૮મી મે, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચ/વી/૯૦નો ૧૦૩/ટીપીએસ-૧૪૮૮-૧૩૨૦(૯૦) એલ તારીખ ૧૪મી જુન, ૧૯૯૦નું ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪બીના પાના નં. ૧૫૬-૧૫૭ ઉપર યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યું હતું.

અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ ૨૮મી મે, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૧૦૩/ટીપીએસ-૧૪૮૮-૧૩૨૦(૯૦)નો એલની નકલો રાખવા અને ચોંટાડવા માટેનું જરૂરી પગલું સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને યોગ્ય રીતે લીધું હતું.

અને મુસદાના ફેરફાર અંગેનો કોઈ વાંધો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૭૦ની પેટા-કલમ (૫) હેઠળ રાજય સરકારને કલેકટર મારફતે મળ્યો ન હતો;

અને રાજય સરકારે તે બાબતમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને સરકારના મુખ્ય નગર આયોજક અને સુરતના કલેકટર સાથે વિચાર વિનિમય કર્યો હતો;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૭૦ની પેટા-કલમ (૬)(ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

આ સાથે જોડેલી અનુસૂચિમાં દર્શાવ્યા મુજબ ઉપરોકત નગરરચના યોજના સુરત ક્રમાંક-૪ (અશ્વીનીકુમાર નવાગામ) છેવટમાંનો ફેરફાર મંજુર કરે છે.

INDEX

અનુસૂચિ

તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૨નો ૭૪/ટીપીએસ/૧૪૮૧/૧૪૯૯(૮૨) એલ થી મંજુર કરેલી નગરરચના યોજના સુરત ક્રમાંક ૪ (અશ્વીનીકુમાર નવાગામ) (છેવટની)ની માં ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૭૦ (૧) હેઠળ, પાના ક્રમાંક ૪૦ ઉપર કોલમ નંબર-૨માં નમૂના "છ"માં નીચેનો સુધારો કરવો.:—

(૧) કોલમ ક્રમાંક-૨ (માલિકનું નામ) ને બદલે—	(૧) અનુક્રમાંક ૧૦૬ શ્રી ગણપતરામ લલ્લુભાઈ (૨) અનુક્રમાંક ૧૦૭ શ્રી રતિલાલ લલ્લુભાઈ"
(૨) કોલમ ક્રમાંક-૨ માલિકનું નામ)	(૧) અનુક્રમાંક ૧૦૬ શ્રી રતિલાલ લલ્લુભાઈ (૨) અનુક્રમાંક ૧૦૭ શ્રી ગણપતરામ લલ્લુભાઈ"

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાતના સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી એપ્રિલ, ૧૯૯૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૫૫/ડીવીપી/૧૫૮૭--૩૨૭૪(૯૦) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક :-જીએચ/વી/૧૯૯૧નો ૫૫/ડીવીપી/૧૫૮૭--૩૨૭૪(૯૦)એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના

INDEX

સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી--૧૫૮૩--૪૪૨૦(૮૭)એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક-૨૭મા)ની કલમ-૧૯ની પેટા કલમ-(૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી;

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં--ફેરફાર કરવા માટે ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ--જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૭--૪૪૨૦(૮૭)એલ થી મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"ઔડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી આ સાથેના પ્લાનમાં "ABCDA" તરીકે નિશાની કરેલી મહેમદાવાદના મ. સ. નં. ૪૩૫, ૪૩૬, ૪૩૭/ભાગ-વાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (૧) જીએચ/વી/૧૯૯૧નો ૩૬/ડીવીપી-૧૪૮૮/૪૪૨(૯૧)-એલ અને (૨) જીએચ/વી/૧૯૯૧નો ૩૭/ડીવીપી-૧૪૮૮/૪૪૨-(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો-૩૬-ડીવીપી-૧૪૮૮-૪૪૨-(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૬નો ૪૬-ડીવીપી-૧૪૮૧-૩૮૪-(૮૬)-એલ હેઠળ મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ, વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ, અધિનિયમ ક્રમાંક ૨૭માં) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૯નો ૧૯૩-ડીવીપી-૧૪૮૮-૩૫૬૦-એલ હેઠળ તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪બીના પાના ક્રમાંક ૨૩૨-૪ થી ૨૩૨-૫ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સુચનો અને વાંધા વિચારણામાં લીધા છે,

અને ગુજરાત સરકારે, સુરત શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬(સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એવી રીતે જણાવેલો ફેરફાર સન ૧૯૯૧ના માર્ચ મહિનાની ૮મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬ના ૪૬/ડીવીપી-૧૪૮૧/૩૮૪-(૮૬)-એલ થી મંજુર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"સૂડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "સૂડા ગૃહનિર્માણ" માટે અનામત રાખેલી વેસુ ગામની ૧૪૮૮૩ ચોરસવાર માપના મહેસુલી સરવે નંબર ૫૭૭/પૈકી અને ૫૭૮/પૈકી તેમજ પીપલોદ ગામની ૯૭૧૭ ચોરસવાર માપની (નગરરચના યોજના ક્રમાંક ૬ પીપલોદના મ. સ. નં. ૭૯/બી-૨/પૈકીના છેવટના પ્લોટ નંબર ૫૩/એ) વાળી જમીનો સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચવી-૧૯૯૧-નો-૩૭-ડીવીપી-૧૪૮૮-૪૪૨-(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૬નો-૪૬-ડીવીપી-૧૪૮૧-૩૮૪-(૮૬)-એલ હેઠળ સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

INDEX

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર,ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૮૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૯નો-૧૯૪-ડીવીપી-૧૪૮૯-૩૬૧૫-એલ હેઠળ, તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૮૯ના ગુજરાત સરકારી અસાધારણ રાજ્યપત્ર ભાગ-૪-બીના પાના ક્રમાંક ૨૩૨-૫ થી ૨૩૨-૬ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને સરકારે શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે,

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાની ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એવી રીતે જણાવેલા ફેરફાર સન ૧૯૯૧ના માર્ચ મહિનાની ૮મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૮૬નો ૪૬/ડીવીપી-૧૪૮૧/૩૮૪-(૮૬)-એલ થી મંજુર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"સૂડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "સૂડા ગૃહનિર્માણ" માટે અનામત રાખેલી, આ સાથે જોડેલા પ્લાન ઉપરADEFA ' તરીકે નિશાની કરેલી વેસુ ગામના મહેસુલી સરવે નંબર ૫૯૬/પૈકીની જમીન, સદરહું અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨ (૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, APRIL 25, 1991/VAISAKHA 5 1913 [No. 17

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૧નો ૪૬/ ડીવીપી--૧૫૮૯--૫૮૫--(૯૧)એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:-જીએચ--વી--૧૯૯૧નો--૪૬--ડીવીપી--૧૫૮૯--૫૮૫(૯૧) એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે, કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ--વી--૧૯૮૭નો--૨૪૦--ડીવીપી--૧૫૮૩--૪૪૨૦--(૮૭)એલ. હેઠળ મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક:-૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ(૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી,—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર—ને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ--વી--૧૯૮૭નો ૨૪૦–ડીવીપી–૧૫૮૩--૪૪૨૦(૮૭)એલથી મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

૧. "ઔડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં ખેતીના ઉપયોગ માટે મુકરર કરેલી આ સાથેના પ્લાનમાં દસક્રોઈ તાલુકાના ગોતા ગામના મ.સ. નં. ૭૨, ૭૩, ૭૪વાળી અને ABCDEFGHIJKLM NOPQRSTUVWXYA તરીકે નિશાની કરેલી દસક્રોઈ તાલુકાના ઓગણજ ગામના મ.સ.નં. ૫૯૫, ૫૯૬, ૫૯૯, ૬૦૧થી ૬૧૬, ૬૨૧થી ૬૪૦, ૬૪૮,થી ૬૫૦, ૬૫૩થી ૬૫૫વાળી જમીનો, સદરહું ઉપયોગમાંથી મુક્ત કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ખ) હેઠળ "ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ"

INDEX

માટે અનામત રાખવી,

૨. કલમ-૧૫(૧) (ગ) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, ઉપર્યુક્ત ગૃહનિર્માણ મંડળી માટે અનામત રાખેલ જમીનો સંપાદન કરવાનો આશરે ખર્ચ માંગણી મુજબ રૂા. ૩ કરોડ જેટલો અંદાજવામાં આવ્યો છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એો. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ
વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૪૩-ડીવીપી-૧૨૯૦-૨૭૮-(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચનાં અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૪૩-ડીવીપી-૧૨૯૦-૨૭૮-(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩ના ૨૭૮-ડીવીપી-૧૨૮૦-૪૩૮૪(૮૩)-એલ હેઠળ મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં સુધારો કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારો સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩નો ૨૭૮-ડીવીપી-૧૨૮૦-૪૩૮૪-(૮૩)એલથી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનાઓમાંના ફેરફાર.

"વુડા"ની મંજૂર કરેલ વિકાસ યોજનામાં તરસાળી ગામના મ. સ. નં. ૨૧૭/ભાગ, ૨૪૧, ૨૪૨/ભાગમાંથી પસાર થતી ૩૬ મી. પહોળા રસ્તાની લાઈનદોરી, કમી કરવી અને એ રીતે મુકત કરેલ જમીનો, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ફરજ પરના ખાસ અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-કેએચઆર/૩૪/યુઓએલ/૧૦૮૮/૧૭૧૧/એમ(૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT UNPROTECTED MANUAL WORKERS (REGULATION OF EMPLOYMENT AND WELFARE), ACT, 1979.

ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯
હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક:-કેએચઆર-૩૪-યુઓએલ/૧૦૮૮/૧૭૧૧/એમ(૨):- ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૨૫મા) જેનો આમાં

INDEX

હવે પછી, 'સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૬ની પેટા-કલમો (૧), (૩), (૪) (૫), (૬) અને (૭)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમની સાથે જોડેલી અનુસૂચિમાં અનુક્રમાંક-૬ આગળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અનુસૂચિત રોજગાર માટે અમદાવાદ માટેના રેલ્વે યાર્ડ અને ગુડઝ-શેડ અરક્ષિત મજૂરી કામદાર બોર્ડ-એ નામનું બોર્ડ સ્થાપે છે, અને

(ક) સદરહુ બોર્ડના સભ્યો તરીકે નીચે પ્રમાણે વ્યકિતઓને નિયુકત કરે છે:—

રાજ્ય સરકારનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યો.

(૧) મજૂર કમિશ્નર, ગુજરાત રાજ્યની કચેરીમાંના સંબંધિત નાયબ મજૂર કમિશ્નર;

(૨) શ્રી મનમોહનસિંહ
આસિસ્ટન્ટ કોમર્શિયલ સુપરિન્ટેન્ડન્ટ;
કાંકરિયા રેલ્વે યાર્ડ,
અમદાવાદ.

માલિકોનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યો.

(૧) શ્રી પ્રમોદ રતિલાલ શાહ
પ્રમુખ
અમદાવાદ કલીયરીંગ એન્ડ કેટરીંગ કોન્ટ્રાકટર્સ એસોસિયેશન,
૧૧૧૫, પાંચકુવા, દીવાન બિલ્ડીંગ,
અમદાવાદ.

(૨) શ્રી વીરેન્દ્ર સારાભાઈ શાહ,
ભાગીદાર,
બેસ્ટ હેન્ડલીંગ કોર્પોરેશન,
સાબરમતી, ધર્મનગર સોસાયટી,
ધર્મનગર, અમદાવાદ.

અરક્ષિત કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યો.

(૧) શ્રીમતી ઈલાબેન પાઠક,
સેક્રેટરી,
અમદાવાદ વૂમન્સ એકશન ગ્રૂપ, (AWAG)
૪૮, સોમનાથનગર.
વિજયનગર, નારણપુરા.
અમદાવાદ.

(૨) શ્રીમતી ઉષાબેન ત્રિલોચન ઉપાધ્યાય,
માઈગ્રન્ટ કોલ લીડર,
અમદાવાદ વુમન્સ એકશન ગ્રુપ (AWAG)
૪૮, સોમનાથનગર.
વિજયનગર, નારણપુરા.
અમદાવાદ.

INDEX

(૩) કુ. રાણી અડવાણી
એડવોકેટ,
ગુજરાત હાઈકોર્ટ,
અમદાવાદ

કે-૧૧, કમલેશ એપાર્ટમેન્ટસ
શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
આયોજનનગર પાસે,
અમદાવાદ.

ને નિયુક્ત કરે છે

(ખ) સદરહુ બોર્ડના અધ્યક્ષ તરીકે, મજૂર કમિશનર, ગુજરાત રાજ્યની કચેરીમાંના સંબંધિત નાયબ મજૂર કમિશનરને નિયુકત કરે છે;

(ગ) સદરહુ બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત, આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રણ વર્ષની રહેશે એમ ઠરાવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. ડી. વાડિયા,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/બી/૯૧/૧૩/એમવીએ-૧૦૮૭-૫૩૦૫-ખ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

ઉ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહવિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/બી/૯૧/૧૩/એમવીએ-૧૦૮૭-૫૩૦૫-ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૭૨ સાથે વાંચતા કલમ ૯૬ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો

મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા કલમ(૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, ગુજરાત સરકારના સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/બી/૯૧/૧૩/એમવીએ/૧૦૮૭-૫૩૦૫-ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૭૨ સાથે વાંચતા કલમ ૯૬ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૧ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૭૬માં, પેટા નિયમ(૧)માં, ખંડ (ક) માં, નીચેનો પરંતુક ઉમેરવો :—

"પરંતુ રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા રૂટો ઉપર અને તેવી શરતોને આધીન રહીને, ખંડ(ક)ના અમલમાંથી કોઈપણ સ્ટેજ કેરેજને, મુકિત આપી શકશે."

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ભાસ્કર પંડ્યા,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૩૮-ડીવીપી/૧૪૮૯/૪૪૫-(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામુ

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૩૮/ડીવીપી/૧૪૮૯/૪૪૫/(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧/૩૮૪/(૮૬)/એલ હેઠળ મંજૂર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચના અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામુ રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧/૩૮૪-(૮૬)-એલ થી મંજૂર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"સુડા"ની મંજૂરી કરેલી વિકાસ યોજનામાં "સુડા ઓફિસ કોમ્પ્લેક્ષ" માટે અનામત રાખેલી સુરતના વોર્ડ નં. ૧ના સી.સ.નં. ૫૨૭/૧ થી ૫૨૭/૧૦ વાળી જમીનોમાંથી, સી. સ. નં. ૫૨૭/૧ થી ૫૨૭/૮ વાળી જમીનો સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અને ABCDA તરીકે નિશાની કર્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૫૦-ડીવીપી--૨૩૯૦--૩૧૯નો-(૯૧)એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT

Act, 1977

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ
જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:-જીએચ--વી--૧૯૯૧નો ૫૦--ડીવીપી--૨૩૯૦--૩૧૯--(૯૧)એલ :-- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ--વી--૧૯૯૦નો ૭--ડીવીપી--૨૩૮૬--૧૪૩(૧) (૯૦)એલ હેઠળ મંજૂર કરેલી ભાવનગર-નગર વિસ્તાર વિકાસ સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું:

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક:-૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી મે, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ--વી--૧૯૯૦નો ૧૦૪/ડીવીપી--૨૩૯૦--૧૬૦૩(૯૦)એલ હેઠળ તારીખ ૬ઠ્ઠી જૂન, ૧૯૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૪-બીના પાના ક્રમાંક:-૧૦૦ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો. અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

INDEX

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને સરકારે, વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક:-૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એવી રીતે જણાવેલો ફેરફાર, સન ૧૯૯૧ના માર્ચની ૩૦મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૦નો ૬/ડીવીપી--૨૩૮૭--૧૪૩(૯૦)એલ અને જીએચ/વી/સન ૧૯૯૦ નો ૭/ડીવીપી--૨૩૮૬--૧૪૩(૧)--(૯૦)એલ થી મંજૂર કર્યા પ્રમાણેની ભાવનગર-નગર વિસ્તાર વિકાસ સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ નિયંત્રણ વિનિયમોના ક્રમાંક:-૪, "બાંધકામ -વિસ્તાર"ની વ્યાખ્યાને બદલે નીચેનો મજકૂર મૂકવો:-

"બાંધકામ વિસ્તાર" એટલે અને તેમાં જમીનની સપાટીની નીચે અથવા ઉપરના બાંધકામના કોઈપણ વિસ્તારનો સમાવેશ થાય છે. અને તેમાં ભોંયરાં, આઉટ, હાઉસ, ગેરેજ સર્વન્ટ ક્વાર્ટસ, મુતરડી,— બાથરૂમ સહિતના મુખ્ય બાંધકામનો સમાવેશ થાય છે. પણ તેમાં ઓટલા, પગથિયાં વરસાદના— પાણીની નીકો, ચોકડીઓ, કુંડીઓ, ફુવારા, સેપ્ટીક ટેન્કસ, મોટી ગટર, પાણીની ટાંકીઓ, હીંચકાની ફ્રેમ, સ્નાનાગાર, ભૂગર્ભની ટાંકીઓ, કુવા, જળાશયો, કોઈ વિસ્તારનો પાણી શુધ્ધિકરણનો ખુલ્લો પ્લાન્ટ, વરાળની નળીઓ, ધુમાડીયું, પ્લોટોની અંદર અથવા નજીકમાં અને માત્ર એક મિટરની ઉંચાઈવાળા બાંધેલા ઢોળાવોનો સમાવેશ થતો નથી. પરંતુ, પાર્કીંગ માટેનું ભોંયરૂ જમીન નીચે બાંધ્યું હોય અને તે બિન-રહેણાંકના ઉપયોગ માટે વિકસિત મકાન એકમમાં એકત્રિત ખુલ્લાં પ્લોટ તરીકે ખુલ્લું રાખવાનું હોય તો, તે બાંધકામ વિસ્તાર તરીકે ગણી શકાય નહિ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ
વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, MAY 2, 1991/VAISAKHA 12, 1913 [No. 18

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી માર્ચ, ૧૯૯૧.

Corrigendum

to

THE GUJARATI TRANSLATION OF GOVERNMENT NOTIFICATION, REVENUE DEPARTMENT, NO. GHM/89/134/M/ECL/1080/41454/I/CHH, DATED 23RD OCTOBER, 1989.

મહેસૂલ વિભાગના તારીખ ૨૩મી ઓક્ટોબર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૮૯/૧૩૪/એમ/ઈસીએલ/૧૦૮૦/૪૧૪૫૪/૧/છ,ના ગુજરાતી ભાષાંતરનું શુદ્ધિપત્ર.

INDEX

ક્રમાંક ૧ ઓફ ૯૦/ભાષાંતર એકમઃ—તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૮૯ના ગુજરાત રાજપત્ર, ભાગ-૯નાં, પૃષ્ઠ ૧૪૨-૨ ઉપર પ્રસિદ્ધ થયેલ, મહેસૂલ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૮૯/૧૩૪/એમ/ઈસીએલ/૧૦૮૦/૪૧૪૫૪/૧/છ, માં, "૨૩મી ડિસેમ્બર, ૧૯૮૯"એ મજકૂરને બદલે "૨૩મી ઓકટોબર, ૧૯૮૯" એ મજકૂર હોય તેમ વાંચવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, MAY 9, 1991/VAISAKHA 19, 1913 [No. 19

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

તા. ૧/૪/૯૧ થી તા. ૩૦/૪/૯૧ દરમિયાન અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેરનામાની યાદી.

અનુ. નં.	અસાધારણ રાજ્યપત્રનો નંબર	જાહેરનામાના નંબર તથા તારીખ	ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ.	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ—૯.		
૧	૪૪	સન ૧૯૯૧ના ગુ. વટહુકમ ક્રમાંક-૧	૪/૪/૯૧	ભા.ઓ. કાયદા વિ.
૨	૪૫	સન ૧૯૯૧ના ગુ. અધિનિયમ ક્રમાંક-૬	,,	,,
૩	૪૬	સન ૧૯૯૧ના ગુ. અધિ. ક્રમાંક-૭.	,,	,,
૪	૪૭	સન ૧૯૯૧ના ગુ. અધિ. ક્રમાંક-૮	,,	,,
૫	૪૮	સન ૧૯૯૧ના ગુ. અધિ. ક્રમાંક-૯	,,	,,
૬	૪૯	સન ૧૯૯૧ના ગુ. અધિ. ક્રમાંક-૧૦.	,,	,,
૭	૫૦	સન ૧૯૯૧ના ગુ. અધિ. ક્રમાંક-૧૧	૯/૪/૯૧	,,
૮	૫૧	સન ૧૯૯૧ના ગુ. અધિ. ક્રમાંક-૧૨	૯/૪/૯૧	,,
૯	૫૨	સન ૧૯૯૧ના ગુ. અધિ. ક્રમાંક-૧૩.	૯/૪/૯૧	,,

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

REGISTERED NO. G/GNR/2

©

સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, MAY 16, 1991/VAISAKHA 26, 1913 [No. 20

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩૦મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૧ ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ–૯૧–૬૫–આઇબીએ-૧૦૭-૩૪૧૨–એમ(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDIAN BOILERS ACT, 1923.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૬મી માર્ચ, ૧૯૯૧.

ક્રમાંક : જીયુ--૯૧--૬૫--આઈબીએ-૧૦૮૭-૩૪૧૨--એમ(૩).--ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૫મો)ની કલમ ૩૪ ની પેટા-કલમ (૩) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ ક્રિષક ભારતી સહકારી લિમિટેડ, પો. ઓ. ક્રિભકોનગર, જિલ્લો સુરત ખાતે ગોઠવેલ બોઈલરને, સદરહુ અધિનિયમની કલમ ૬ ના ખંડ (ગ) અને કલમ ૮ ની પેટા--કલમ (૧) ના ખંડ (ક) ની જોગવાઈઓમાંથી, નીચેની શરતોને અધીન રહીને, સદરહુ અનુસૂચિના કોલમ (૨) માં નિર્દિષ્ટ કરેલી મુદત માટે મુકિત આપે છે.

(૧) ફીડ વોટર અને બ્લોડાઉન અંગેના રોજેરોજના રાસાયણિક પૃથ્થકરણના રિપોર્ટો સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષક, ગુજરાત રાજ્ય, અમદાવાદને દર પખવાડિયે ચકાસણી માટે મોકલવા.

(૨) બોઈલરનું ચાલુ દબાણ કાઢી આપેલા છેલ્લા કાર્ય-પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ દબાણ કરતાં વધુ હોવું જોઈએ નહિ.

૩. આ મુદત દરમિયાન બોઈલરને અથવા બોઈલરના કોઈપણ ભાગને કોઈ અકસ્માત થાય તો, બોઈલર બંધ કરવું જોઈએ અને સ્ટીમ બોલઈર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષકની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદને તેની તરત જ જાણ કરવી જોઈએ'

૪. ગુજરાત બોઈલર પરિચર નિયમો, ૧૯૬૬ અનુસાર, લાયકાત ધરાવના બોઈલર પરિચરોએ બોઈલરની દેખરેખ રાખવી જોઈશે.

૫. કલમો ૬ (ગ) અને ૮(ક) સિવાય, સદરહુ અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈ-ઓનો ભંગ કરવા બદલ મુકિત રદ કરવામાં આવશે.

અનુસૂચિ

બોઈલરનું વર્ણન	મુકિતની મુદત
(૧)	(૨)
૧ નોંધણી ક્રમાંક જીટી/૨૩૫૮ વાળું અને ૨૮૦૮ ચોરસમિટર તાપમાન સપાટી ધરાવતું વેસ્ટ હીટ બોઈલર.	૩૧મી માર્ચ, ૧૯૯૧ થી ૩૦મી માર્ચ, ૧૯૯૨ સુધી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મીરઝા,
સેક્શન અધિકારી.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED No. G/GNR/2

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, MAY 23, 1991/JYAISTHA 2, 1913 [No. 21

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીયુ-૯૧-૭૧-આઈબીએ-૧૦૯૧-૯૧૬૯-એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE INDIAN BOILERS ACT, 1923.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર

સચિવાલય, ગાંધીનગર, ૯મી એપ્રિલ, ૧૯૯૧.

ક્રમાંક:-જીયુ--૯૧--૭૧--આઈબીએ--૧૦૯૧--૯૯૯--એમ(૩).—ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૫મા)ની કલમ ૩૪ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, કોલમ--૨માં દર્શાવેલ ભારત સરકારના અણુશકિત ખાતાના હેવી વોટર પ્લાન્ટ પો. ઓ. ફર્ટીલાઈઝર-નગર, જિલ્લા વડોદરા, ખાતે ગોઠવેલ બોઈલરને સદરહુ અધિનિયમની કલમ--૬ના ખંડ(ગ) અને કલમ-૮ની પેટા-કલમ (૧)ના ખંડ(ક)ની જોગવાઈઓમાંથી નીચેની શરતોને અધીન રહીને, સદરહુ અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલી મુદત માટે મુકિત આપે છે:-

૧. ફીડ વોટર અને બ્લોડાઉન અંગેના રોજેરોજના રાસાયણિક પૃથ્થકરણના રિપોર્ટો, સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષક, ગુજરાત રાજ્ય, અમદાવાદને દર પખવાડિયે ચકાસણી માટે મોકલવા.

૨. બોઈલરનું ચાલુ દબાણ કાઢી આપેલા છેલ્લા કાર્ય પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ દબાણ કરતાં વધુ હોવું જોઈએ નહિ.

૩. આ મુદત દરમિયાન બોઈલરને અથવા બોઈલરના કોઈપણ ભાગને કોઈ અકસ્માત થાય તો, બોઈલર બંધ કરવું જોઈએ અને સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષકની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદને તેની તરત જ જાણ કરવી જોઈએ.

(૪) ગુજરાત બોઈલર પરિચર નિયમો, ૧૯૬૬ અનુસાર, લાયકાત ધરાવતા બોઈલર પરિચરોએ બોઈલરની દેખરેખ રાખવી જોઈશે.

(૫) કલમો ૬ (ગ) અને ૮(૧) (ક) સિવાય, સદરહુ અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈપણનો ભંગ થયેથી, મુકિત રદ કરવામાં આવશે.

અનુસૂચિ

અનુક્રમાંક ૧	બોઈલરનું વર્ણન ૨	મુકિતની મુદત ૩
૧.	નોંધણી ક્રમાંક જીટી/૧૬૮૧ વાળું અને ૬૭૫ એમ-૨ તાપમાન સપાટી ધરાવતું વેસ્ટહીટ બોઈલર.	તારીખ ૧૩/૪/૯૧થી ૨-૯-૯૧ સુધી
૨.	નોંધણી ક્રમાંક જીટી/૧૬૮૨ વાળું અને ૧૨૭ એમ-૨ તાપમાન સપાટી ધરાવતું એક વેસ્ટહીટ બોઈલર.	તારીખ ૧૩--૪--૯૧થી ૨--૯--૯૧સુધી

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંકઃ-જીએચ/વી/૯૦નો ૨૩૮/એચબીએ/૧૦૮૯/૨૪૭૮/થનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT HOUSING BOARD ACT, 1961.

ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૦.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંકઃ-જીએચ/વી/૯૦નો ૨૩૮/એચબીએ/૧૦૮૯/૨૪૭૮/થ.—આ વિભાગના તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૦ના જાહેરનામા ક્રમાંકઃ-જીએચ/વી/૯૦ના ૨૩૬/એચબીએ/૧૦૮૯/૨૪૭૮/થની અનુસૂચિ-૨ની નોંધ ક્રમાંકઃ- ૨ નીચે પ્રમાણે વાંચવીઃ-

"શ્રી મોહનભાઈ એન. શાહ"	રળિયાત ગંગા, ૧૮૭ વિજયનગર, ભૂજ, જિલ્લો-કચ્છ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. જી. કજરેકર,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી, માર્ચ ૧૯૯૧ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીટી/૯૧/૮)ઈપીટી--૧૦૯૦--૩૪૪--ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક:-(જીટી/૬૧/૮) ઈપીટી--૧૦૯૦--૩૪૪--ઈ.— ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે.

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬માં)ની કલમ--૨૯ની પેટા કલમ(૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મહારાજા ફતેસિંહરાવ ગાયકવાડ સ્પોર્ટસ ફાઉન્ડેશન મુંબઈ દ્વારા યોજેલી સન ૧૯૯૧ના માર્ચ મહિનાની ૨૪મી તારીખે બરોડા રેયોન ક્રિકેટ ગ્રાઉન્ડ સૂરત ખાતે રમાનારી ક્રિકેટ મેચને નીચે નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ લેવાપાત્ર મનોરંજન કર ભરવામાંથી સંપૂર્ણતઃ મુક્તિ આપે છે.

શરતો

(૧) મહારાજા ફતેસિંહરાવ ગાયકવાડ સ્પોર્ટસ-એ મનોરંજન કર કલેક્ટર, સૂરત-એ મંજૂર કરેલી ટિકિટો મેળવવી જોઈશે અને સરકારે આપેલ માર્ગદર્શનોને ધ્યાનમાં રાખીને, સદરહુ ટિકિટોના વેચાણ માટે મનોરંજન કર કલેક્ટર, સૂરત મૂકે તેવી શરતોનું પાલન કરવું જોઈશે.

(૨) મહારાજા ફતેસિંહરાવ ગાયકવાડ સ્પોર્ટસ ફાઉન્ડેશનના લાભાર્થે મેચ ગોઠવવા માટે કરવાનો ખર્ચ બાદ કર્યા પછી મેચની ઉપજ, વાપરવી જોઈશે.

(૩) ફાઉન્ડેશનના કોઈપણ હોદ્દેદાર, મેચની આવકમાંથી ફાઉન્ડેશનને બજાવેલી સેવા માટે રોકડમાં અથવા વસ્તુરૂપે બદલો મેળવી શકશે નહિ. તેમજ કોઈપણ હોદ્દેદાર, આ પ્રસંગમાંથી કોઈ પ્રત્યક્ષ અથવા પરોક્ષ નાણાકીય લાભ મેળવી શકશે નહિ.

(૪) ફાઉન્ડેશનના હોદ્દેદારો મેચની તારીખથી ૬૦ દિવસની અંદર ટિકિટો બુક કર્યાનું અને આવકનું પત્રક અને ઓડિટ કરેલા હિસાબો મનોરંજન કર કલેક્ટર, સૂરત સમક્ષ ફાઈલ કરવા માટે જવાબદાર રહેશે અને તેમાં ચૂક કરે તો ફાઉન્ડેશન અને હોદ્દેદારો, જાણે કે મુક્તિ આપી ન હોય તેમ, મનોરંજન કર આપવા માટે સંયુક્ત અને પૃથક રીતે જવાબદાર રહેશે.

(૫) મેચ ગોઠવવા માટે ફાઉન્ડેશને કરેલ તમામ ખર્ચ, નાણાકીય યોજનાના ધોરણોનું પાલન કર્યાની ખાતરી માટે, મનોરંજન કર કલેક્ટર, સૂરતની ચકાસણી અથવા ઓડિટને અધીન રહેશે.

(૬) મુક્તિની શરતો પૈકીની કોઈપણ શરતનો અથવા આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈઓનો ભંગ થાય તે કિસ્સામાં ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ--૩૦ હેઠળ નિયત અધિકારી કાયદેસરનાં પગલાં લઈ શકશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વિજયસિંહ પરમાર,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચયુ/૯૦/(૮૨)/જીઆઈડી--૧૪૮૯-(૬)--૨૦૯૧--ગ-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT INDUSTRIAL DEVELOPMENT RULES, 1963.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિયમો, ૧૯૬૩ સુધારવા સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ડિસેમ્બર, ૧૯૯૦.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક:-જીએચયુ/૯૦/૮૨/જીઆઈડી--૧૪૮૯--(૬)--૨૦૯૧--ગ-૧.— ગુજરાત ઔદ્યોગિક વિકાસ-અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૨૩મા)ની કલમ ૫૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન સાથે વિચારવિનિમય કર્યા પછી આથી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિયમો, ૧૯૬૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો, "ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિયમો, ૧૯૯૦" કહેવાશે.

૨. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિયમો, ૧૯૬૩માં, નિયમ--૩માં, પેટા નિયમ(૧)માં, ખંડ (૬)માં "૩૫" અને "૫૦"એ આંકડાને બદલે અનુક્રમે, "૧૦૦" અને "૧૫૦"એ આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. સી. પરમાર,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીટી/૯૧/૧૩) ઈપીટી-૧૦૯૧-૭૮૪-ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક (જીટી/૯૧/૧૩)ઈપીટી-૧૦૯૧-૭૮૪-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ") તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ -(ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ફિલ્મ અંકુર ટેલી વીડીયો, મુંબઈ દ્વારા નિર્માણ કરેલી "સાવધાન" અને જય વિજય એન્ટરપ્રાઈઝ મુંબઈ દ્વારા નિર્માણ કરેલી "જવાની જીંદાબાદ." હિન્દી ફિલ્મો પ્રદર્શિત કરવાને, આ સાથેની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલો મનોરંજન કર ભરવામાંથી મુક્તિ આપે છે.

અનુસૂચિ

(૧) કરની રકમ બાદ કર્યા પછીના મનોરંજનમાં પ્રવેશના વિદ્યમાન દરો વધારવા નહિ અને વિદ્યમાન પ્રવેશદરો, લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલા ઘટાડવા અને ૩૦ ટકા કર વસૂલ કરવો અને તે સરકારને ભરવો.

(૨) કર ભરવામાંથી આપેલી મુક્તિ, દરેક પ્રિન્ટ માટે છ અઠવાડિયાની મુદત સુધી રહેશે અને ગુજરાત રાજ્યમાં નવ પ્રિન્ટ્સ પડદા ઉપર પ્રદર્શિત કરવામાં આવે તેટલા પૂરતી મર્યાદિત રહેશે, જેમાંથી અઢારથી વધુ ન હોય તેટલા અઠવાડિયા સુધી સન ૧૯૮૧ની વસતી ગણતરી મુજબ જે સ્થાનિક વિસ્તારની વસતી ૫૦,૦૦૦ થી વધુ હોય તે સ્થાનિક વિસ્તારની હદની અંદર પ્રદર્શિત કરવી.

(૩) કર ભરવામાંથી આપેલી મુક્તિનો લાભ, આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર મળી શકશે.

(૪) મુક્તિની શરતો પૈકીની કોઈપણ શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ-૩૦ હેઠળ પગલાં લે તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. ડી. દેસાઈ,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૯૧-૮૩-બીએસઈ-૧૦૯૦-૮૬૮-એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENTS ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૧૯૯૧.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચયુ-૯૧-૮૩-બીએસઈ-૧૦૯૦-૮૬૪-એમ (૩).—મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈના ૭૯માં) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧ની પેટા-કલમ (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી આદેશ કરે છે કે સદરહુ અધિનિયમની તમામ જોગવાઈ સરકારી રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકાના ચોરવાડ નગર પંચાયતમાં અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મીરઝા,
સેક્શન અધિકારી.

કાયદા વિભાગ

સચિવલાય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ/૯૧/૮૧/એફએસી/૧૦૮૭/૬૭૩-એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE FACTORIES ACT, 1948.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૧૯૯૧.

કારખાના અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીયુ/૯૧/૮૧/એફએસી/૧૦૮૭/૬૭૩/એમ(૩).—કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩મા)ની કલમ ૬૬ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, 'હિન્દુસ્તાન કન્ડક્ટર્સ લિમિટેડ, નડિયાદના સંબંધમાં આ વિભાગના તારીખ ૫મી માર્ચ, ૧૯૮૮ના જાહેરનામા ક્રમાંક જીયુ/૮૮/૮૧/એફએસી/૧૦૮૭/૬૭૩-એમ(૩)માં જણાવેલી શરતોને અધીન રહીને તારીખ ૫મી માર્ચ, ૧૯૯૧થી શરૂ થતી ત્રણ વર્ષની વધુ મુદત માટે સવારના ૫-૦૦ અને રાત્રિના ૧૦-૦૦ વચ્ચેના સમય દરમિયાન તેમાં સ્ત્રી કામદારોને કામે રાખવાનો અધિકાર આપવા માટે સદરહુ ખંડ (ખ)માં જણાવેલ નિર્બંધોમાં ફેરફાર કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મીરઝા,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૭૫-ટીપીએસ-૧૧૯૦-૮૪૯-(૯૧) એલ અને (૨) જીએચ-વી-૧૯૯૧નો ૭૭-ડીવીપી-૧૫૮૯-૯૫૮ (૯૧) એલ. નો ગુજરાતી અનુવાદો આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ-વી-૧૯૯૧નો ૭૫-ટીપીએસ-૧૧૯૦-૮૪૯(૯૧)-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૭૧ના ૮૭/ટીપીએસ-૧૧૮૬-૭૨૨ (૮૭) એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭માં) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ની પેટા કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ તેને સાદર કરેલ નગરરચના યોજના અમદાવાદ ક્રમાંક : ૬ (પાલડી), (દ્વિતીય ફેરફાર)નો મુસદો, (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારી નીમ્યા હતા.

અને નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિના અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા કલમ-(૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, અમદાવાદ, ક્રમાંક ૬ (પાલડી) (દ્વિતીય ફેરફાર) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬(સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭)ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી;—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારને અધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, રવીવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા કલમ (૨) ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૨૬-૪-૧૯૯૧ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક :જીએચ/વી/૧૯૯૧નો ૭૭/ડીવીપી-૧૫૮૯-૯૫૮-(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ ડીવીપી/૧૫૮૩/૪૪૨૦(૮૭)એલ હેઠળ મંજૂર કરેલ, અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળના શહેરી વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)(જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા કલમ(૧)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચવી/૧૯૯૦નો ૧૯૧/ડીવીપી ૧૫૮૯-૨૭૯૨ (૯૦)એલ હેઠળ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪બીના પાના નં. ૧૮૦/૯ થી ૧૮૦/૧૦ ઉપર પ્રસિદ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા કોઈ વ્યક્તિને ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને, ગુજરાત સરકારે, અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૧થી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી ૧૫૮૭/૪૪૨૦(૮૭) એલથી મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં-નો ફેરફાર.

સરખેજના મહેસૂલી સર્વે નં. ૧૮ અને મકરબાના મ. સ. નં. ૭૯,૭૮,૭૧,૭૦,૬૯, ૬૭, ૬૫, ૬૨, ૫૪, ૫૫, ૫૬, ૨૩/એ, ૨૨, ૧૬, ૧૪, ૧૩, ૧૨, ૯, ૮ વગેરે અને વેજલપુરના મ. સ. નં. ૩, ૮૦૮, ૮૦૭, ૮૦૯, ૮૧૦, ૮૧૩, ૮૧૫, ૮૧૬, ૮૧૭ વગેરેમાંથી પસાર થતો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.-૮ અને ૮-સી ને જોડતો નવો ૪૦. મી. પહોળો જોડતો રસ્તો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ઘ) હેઠળ, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે "ઔડા" ની મંજૂર કરેલ વિકાસ યોજનામાં સૂચિત કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૭૮/ડીવીપી/૧૫૯૦-૧૦૦૨ (૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેર વિકાસ અધિનિયમ. ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૨મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૭૮/ડીવીપી/૧૫૯૦/૧૦૦૨(૯૧)-એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના

ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૩/૪૪૨૦/(૮૭) એલ હેઠળ મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭માં) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થવાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૩/૪૪૨૦/(૮૭) એલ થી મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનાનો સૂચિત ફેરફાર.

(૧) "અમદાવાદ મકાન અને સંદેશાવ્યવહાર" માટે અનામત રાખેલી આ સાથેના પ્લાનમાં ABC DEFGA તરીકે નિશાની કરેલ દસક્રોઈ તાલુકાના સોલા ગામના મ. સ. નં. ૧૯૬/ભાગ (પૂર્વ-બાજુ ૭૧૩૨ ચોરસ મિટરનો વિસ્તાર), ૧૯૭/ભાગ અને ૨૦૧/ભાગવાળી અને "કલેક્ટર અમદાવાદ, સરકારી કચેરી અને સ્ટાફ ક્વાટર્સના હેતુ માટે" અનામત રાખેલ આ સાથેના પ્લાનમાં GHIJKAG તરીકે નિશાની કરેલ દસક્રોઈ તાલુકાના સોલા ગામના મ. સ. નં. ૧૯૮, ૧૯૭/ભાગ, ૨૦૧/ભાગવાળી, જમીનો, સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ડ) હેઠળ આર. સી. ટેકનિકલ સરકારી સંસ્થાના હેતુ માટે અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧નો ૬૯-ટીપીએસ-૩૧૯૦-૯૬૩-(૯૧)-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ--વી--૧૯૯૧ના ૬૯/ટીપીએસ--૩૧૯૦--૯૬૩--(૯૧)--એલ.— ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૧ હેઠળ ભરૂચ નગરપાલિકાએ, નગર રચના યોજના ભરૂચ ક્રમાંક ૧ (બીજો ફેરફાર) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે,

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા કલમ (૧) હેઠળ ભરૂચ નગરપાલિકાએ (જેનો આમાં હવે પછી "સદરહુ નગરપાલિકા" કહી છે તેણે) નગર રચના યોજના ભરૂચ ક્રમાંક ૧ (બીજો ફેરફાર) માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફાર કરેલી યોજના" કહી છે તે)નો મુસદ્દો ઠરાવેલી રીતે તૈયાર કરીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો છે.

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ નગરપાલિકાએ, સદરહુ અધિનિયમના કલમ ૪૮ માં જોગવાઈ કરેલી રીતે તે હેઠળ મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના રજૂ કરી છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારને અધીન રહીને સદરહુ યોજના મંજૂર કરે છે, અને,

(ખ) જણાવે છે કે સદરહુ યોજના તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન ભરૂચ નગરપાલિકાની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) સાર્વજનિક હેતુ માટેના પ્લોટો નં. ૭/૮ એટલે કે 'વાણિજિયક હેતુ માટેનો પ્લોટ' યોજના વિસ્તાર અને જાહેર જનતાને કેટલે અંશે લાભદાયી છે, તેનો નિર્ણય નગર રચના અધિકારી કરશે.

(૨) યોગ્ય સત્તાધિકારીએ આ ફેરફાર કરેલી યોજનાનો મુસદો તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યાની તારીખે પ્રવર્તમાન બજાર કિંમતના આધારે આખરી પ્લોટો ૭--ક અને ૭--ખના સંબંધમાં નમૂના 'F' અને 'G' નું મૂલ્ય અને નાણાકીય ગણતરી, આ હેતુ માટે સાન્ય કરેલ વેચાણ બાબતો અને વેચાણ પ્લાન સહિત નગર રચના અધિકારીને પૂરી પાડવી.

INDEX

(૩) યોજના બુકમાં "નગર રચના યોજના નં. ૧ ભરૂચની છેવટની યોજના" એ શબ્દોને બદલે, "નગર રચના યોજના નં. ૧ ભરૂચ, બીજા ફેરફારનો મુસદ્દો" એમ વાંચવું.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧નો --૯૨--ડીવીપી--૧૩૯૦--૯૮૨--(૯૧) એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧નો ૯૨--ડીવીપી--૧૩૯૦/૯૮૨/(૯૧) એલ.-- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરીગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૮૮-ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૮૮નો ૧૦૨--ડીવીપી--૧૩૮૫--૧૫૨૭-(૮૮)--એલ, હેઠળ મંજૂર કરેલી રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની નગર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ;--

(૧) આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

INDEX

(૨) કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી આપ્રલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ--વી--૧૯૮૮નો ૧૦૨/ડીવીપી--૧૩૮૫--૧૫૨૭--(૮૮) એલ, થી મંજૂર કરેલી રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

(૧) રુડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "રુડા સાઈટ એન્ડ સર્વિસીસ પ્રોજેકટસ" માટે અનામત રાખેલ આ સાથેના પ્લાન (પુરવણી--ખ) માં દર્શાવેલ રૈયાના મ. સ. નં. ૩૧૮/ભાગ અને નાનામાવાના મ. સ. નં. ૧૨૩/ભાગવાળી જમીન સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે રીતે મુકત કરેલ જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ડ) હેઠળ આ સાથેના પ્લાનમાં દર્શાવેલ તેઓના ગૃહનિર્માણ પ્રોજેકટ માટે "ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ" માટે અનામત તરીકે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧નો ૭૪--ટીપીએસ--૨૫૯૦-૧૦૦૩-(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧નો ૭૪--ટીપીએસ--૨૫૯૦--૧૦૦૩--(૯૧)--એલ.--ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭ મા) જેના

INDEX

આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૧, હેઠળ વલસાડ નગરપાલિકાએ નગર-રચના યોજના, વલસાડ ક્રમાંક : ૨ (પ્રથમ ફેરફાર) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો ;

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા કલમ (૧) હેઠળ વલસાડ નગરપાલિકાએ, (જેને આમાં હવે પછી "સદરહુ નગરપાલિકા" કહી છે તેણે) નગર રચના યોજના વલસાડ ક્રમાંક : ૨ (પ્રથમ ફેરફારમાં) સમાવિષ્ટ વિસ્તારના સંબંધમાં યોજના (જેને આમાં હવે પછી "સદરહુ ફેરફાર કરેલી યોજના" કહી છે તે) નો મુસદ્દો, ઠરાવેલી રીતે તૈયાર કરીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલાં વાંધો વિચારણામાં લીધા પછી, સદરહુ નગરપાલિકાએ સદરહુ યોજના સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ, તેમાં જોગવાઈ કરેલી રીતે મંજૂરી માટે રાજ્ય સરકારને રજૂ કરી હતી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ--૪૮ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, :--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, વલસાડ નગરપાલિકાની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) યોગ્ય સત્તાધિકારીએ, (વલસાડ વિસ્તાર વિકાસ સત્તામંડળે) આ ફેરફાર કરેલી યોજનાનો મુસદ્દો તૈયાર કરવાના ઈરાદાની જાહેરાતની તારીખે પ્રવર્તમાન બજાર કિંમતના આધારે આખરી પ્લોટો-૪૨૧/૧ અને ૪૨૧/૨ ના સંબંધમાં, નમૂના 'F' અને 'G' નું મૂલ્ય અને નાણાકીય ગણતરી, આ હેતુ માટે માન્ય કરેલ વેચાણ બાબતો અને વેચાણ પ્લાન સાથે નગર રચના અધિકારીને પૂરા પાડવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૨૪/ડીવીપી-૧૨૮૯/૩૧૮-(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૨૪/ડીવીપી/૧૨૮૯/૩૧૦/(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦-૪૩૮૪-(૮૩)-એલ હેઠળ મંજૂર કરેલ વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો, તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦-૪૩૮૪(૮૩)-એલ થી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"વુડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "સ્મશાનગૃહ અને ખુલ્લી જગા" (નદીની આગળની વિકાસ યોજના) તરીકે મુકરર કરેલ સમા ગામના મ. સ. નં. ૩૬, ૩૭, ૩૮/ભાગ, ૩૯/ભાગ, ૪૦/ભાગ, ૪૧/ભાગ, ૪૨/ભાગ અને ૪૫/ભાગવાળી જમીનો, કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૮૯/ડીવીપી-૧૨૮૮-૮૪૪(૯૧) એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચવી/૧૯૯૧નો૮૯/ડીવીપી/૧૨૮૮/૮૪૪/(૯૧)એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩નો સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૧૩૮૪/(૮૩)-એલ હેઠળ મંજૂર કરેલ, વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું,

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિના અધિનિયમ ક્રમાંક ૨૭માં) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૧૩/ડીવીપી-૧૨૮૮/૪૧૧-(૯૦) એલ હેઠળ તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૦નો ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૩૧ થી ૩૧-૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા, હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચના અને વાંધા વિચારણામાં લીધા છે;

અને ગુજરાત સરકારે, વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ સામે વિચારવિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના ફેરફારો મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફારો તારીખ ૯ઠ્ઠી મે, ૧૯૯૧થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦-૧૩૮૪-(૮૩)-એલ થી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર—

"વુડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ખુલ્લી જગા"ના (નદીની આગળની વિકાસ યોજના) તરીકે મુકરર કરેલી નાગરવાડાના મ. સ. નં. ૯૪/ભાગ, ૯૫/ભાગ, ૯૬, ૯૭/ભાગ, વગેરેવાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨ (૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૬૮/ડીવીપી-૨૭૬૯-૭૪૭-(૯૧)-એલ અને (૨)-જીએચ/વી/૧૯૯૧નો ૭૦/ટીપીએસ-૧૨૯૦-૮૫૫-(૯૧)-એલના ગુજરાતી અનુવાદો આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યા છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૬૮-ડીવીપી-૨૭૬૯-૭૪૭-(૯૧)-એલ.—ચાણસ્મા નગર પંચાયતે (જેનો આમાં હવે પછી "સદરહુ નગર પંચાયત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની પંચાયતોની હદોની અંદર સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો છે અને સદરહુ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલા વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેર ખબર, સન ૧૯૮૮ના ઓક્ટોબર મહિનાની ૧૩મી તારીખના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૨ના પાના નંબર ૪૩૪ ઉપર પ્રસિધ્ધ કરી હતી;

અને સદરહુ, નગર પંચાયતે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ મંજૂરી માટે રાજ્ય સરકારને નગર પંચાયતે રજૂ કરેલ સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો (જેનો આમાં હવે પછી "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું;

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો ૨૦૮/ડીવીપી/૨૭૮૯/૩૦૭૫-(૯૦)એલ હેઠળ સદરહુ ફેરફારો તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બીમાં પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફારો સંબંધી સૂચનો અથવા વાંધા હોય, તો તે, તારીખ ૨જી ઓક્ટોબર, ૧૯૯૦ના સદરહુ સરકારી જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવ્યું હતું;

અને ગુજરાત સરકારે સદરહુ ફેરફારો સંબંધી પોતાને મળેલાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એ રીતે આખરી સ્વરૂપ આપેલ અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને અધીન રહીને, સદરહુ સુધારેલી વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

INDEX

(ગ) છેવટની વિકાસ યોજના અમલમાં લાવવાની તારીખ તરીકે ૨૨મી એપ્રિલ, ૧૯૯૧ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપેલી ચાણસ્માની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર.

૧. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નં. ૯ ઉપરના વિનિયમ ક્રમાંક ૨-૩૭માં "ઓછી ઊંચાઈ-વાળા મકાન"ની વ્યાખ્યાને બદલે નીચે પ્રમાણેનો મજકૂર મૂકવો :—

"૩૭ ઓછી ઊંચાઈવાળા મકાન" એટલે ભોંયતળિયા સિવાય ત્રણથી વધુ ન હોય તેટલા માળવાળું મકાન, પણ ત્રીજા માળ ઉપર દાદરવાળી જરૂરી કેબીન હોય તો વાંધો નથી.

૨. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નં. ૧૨ ઉપરના વિનિયમ ક્રમાંક ૬ "ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ અને પરવાનગીપાત્ર વધુમાં વધુ બાંધકામ વિસ્તાર" એ મજકૂરને બદલે નીચે પ્રમાણેનો મજકૂર મૂકવો :—

"વધુમાં વધુ ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ ૧.૨ રહેશે પરંતુ વધુ ઊંચાઈવાળા મકાનો માટે વિકાસ કરવાના મકાન એકમોની બાબતમાં ૧.૫ કરતા વધુ હોવું જોઈશે નહિ.".

૩. વિનિયમોના પાના નં. ૨૬-૨૮ ઉપરના વિનિયમ ક્રમાંક ૧૩માં, ઓછામાં ઓછી ઓફ સ્ટ્રીટ પાર્કિંગ જગા દર્શાવતા કોષ્ટકમાં સંબંધિત અનુક્રમાંકો અને કોલમ ક્રમાંક સામે અનુક્રમે નીચેના આંકડા મૂકવા :—

૧	૨	૩	૪
૧	૩૩	૧૦	૧૦
૨	૧૦૦	૨૦	૧૦
૩	૧૦	૫	૧૫
૪	૧૦૦	૨૦	૧૦
૫	૨૫૦	૧૦૦	૧૦
૬	૧૦૦	૫૦	૨
૭	૨૫૦	૧૦૦	૫૦
૮-ક.	૨૦૦૦	૪૦૦	૧૦૦
૮-ખ.	૩૦૦૦	૫૦૦	૧૫૦
૮-ગ.	૨૫	૧૫૦	૬૦૦

૪. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નંબર ૩૨ ઉપરના સહીયારા પ્લોટના વિનિયમ ક્રમાંક ૧૨(૬) કમી કરવો.

૫. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નં. ૩૩ ઉપરના સહીયારા પ્લોટનો વિનિયમ ક્રમાંક ૧૫(૫) કમી કરવો.

INDEX

૬. વિકાસ નિયંત્રાણ વિનિયમોના પાના નં. ૪૨ ઉપરના વિનિયમ ક્રમાંક ૫ પછી, નીચેના વિનિયમો ઉમેરવા :—

"(૬) જે પ્લોટ ઉપર હારબંધ મકાનો બાંધવાના હોય તે પ્લોટનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ ૧૦૦૦ ચોરસ મિટર હોવું જોઈશે.

(૭) સી. પી. રેગ્યુલેશનની જોગવાઈ મુજબ ૧૨ કરતાં વધારે હારબંધ મકાનો માટે મકાન એકમના ૮ ટકાના દરે સહિયારા પ્લોટની જોગવાઈ કરવી જોઈશે.".

૭. વિકાસ નિયંત્રાણ વિનિયમોના પાના નં. ૪૩ ઉપરના વિનિયમ ક્રમાંક (૪) પછી, નીચેના વિનિયમો ઉમેરવા:—

"(૫) રહેઠાણ માટે વધુમાં પરવાનગીપાત્ર વસ્તીની ગીચતા, હેકટર દીઠ ૨૨૫ રહેઠાણોની રહેશે.

(૬) જયાં વિકાસ, પ્લોટ પ્રકારનો વિકાસ હોય ત્યાં એકત્રિત ખુલ્લી જગાની જરૂર રહેશે નહિ પણ જયાં હાથ ધરેલ વિકાસ, વિકાસ ઘટકના અથવા જૂથ ગૃહનિર્માણના સ્વરૂપે હોય ત્યાં વિકસિત પ્લોટ વિસ્તારના ૧૦ ટકાથી ઓછી ન હોય તેટલી ખુલ્લી જગા/સમૂહ વિકાસ માટેની ખુલ્લી જગાની જોગવાઈ કરવી જોઈશે. જે ઉપરમાર્ગો, પગથી અથવા માર્જિન સિવાયની રહેશે.

૮. વિકાસ નિયંત્રાણ વિનિયમોના પાના નં. ૧૧-ઘ ઉપરના વિનિયમ ક્રમાંક ૫(૧)માં "નાના કારખાના" એ શબ્દો પછી "છૂટક વેચાણ દુકાનો, હોટેલ અને રેસ્ટોરાં" એ શબ્દો ઉમેરવા અને "૩૦૦ ચોરસ મિટર" એ આંકડાને બદલે "૫૦૦ ચોરસ મિટર" એ આંકડા મૂકવા.

૯. વિકાસ નિયંત્રાણ વિનિયમોના પાના નં. ૧૧-ઘ ઉપરના વિનિયમ ક્રમાંક ૫(૨)માં, "હોટેલ" એ શબ્દોને બદલે, "શોપીંગ સેન્ટર" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧ના-૭૦-ટીપીએસ-૧૨૯૦-૮૫૫-(૯૧)-એલ.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં

INDEX

હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળે, નગરરચના યોજના નં. ૧(બીલ) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે, (જેને આમાં હવે પછી "શહેરી વિકાસ સત્તા મંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના નં. ૧(બીલ) માં સમાવિષ્ટ વિસ્તારના સંબંધમાં યોજના (જેને આમાં હવે પછી "સદરહુ યોજના" કહી છે તે)નો મુસદ્દો, ઠરાવેલી રીતે તૈયાર કરીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલાં વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ, સદરહુ યોજના, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ, તેમાં જોગવાઈ કરેલી રીતે મંજૂરી માટે રાજ્ય સરકારને રજૂ કરી હતી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારને અધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

સદરહુ નગરરચના યોજનામાં વુડાને ફાળવેલ જાહેર હેતુ માટેના પ્લોટને "યોગ્ય સત્તામંડળ (વુડા)" તરીકે વાંચવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૬૫/ડીવીપી/૧૮૯૦/૭૧૧(૯૧) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૬૫/ડીવીપી/૧૮૯૦/૭૫૧/(૯૧)એલ.—વલ્લભ વિદ્યાનગર નગર પંચાયતે (જેનો આમાં હવે પછી "સદરહુ નગર પંચાયત" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ," તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની જોગવાઈઓ હેઠળ તેની નગર-પંચાયત હદમાં સમાવિષ્ટ જમીનોના સંબંધમાં વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો છે અને સદરહુ વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરાત, તારીખ ૨૬મી જાન્યુઆરી, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૨ના પાના નંબર -૫૬ ઉપર પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ રાજ્ય સરકારને સદરહુ નગર પંચાયતે મંજૂરી માટે, રજૂ કરેલ સદરહુ વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો (જેનો આમાં હવે પછી "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યા છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું;

અને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧) ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪બીમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૨૧૩-ડીવીપી-૧૮૯૩-૩૦૭૬(૯૦)-એલ હેઠળ સદરહુ ફેરફારો ગુજરાત સરકારે પ્રસિધ્ધ કર્યા હતા, અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારો અંગે કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૦નું સદરહુ સરકારી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત સાદર કરવા ફરમાવ્યું હતું;

અને ગુજરાત સરકારે સદરહુ ફેરફારો સંબંધી પોતાને મળેલાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી:—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એ રીતે આખરી સ્વરૂપ આપેલ અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને અધીન રહીને સદરહુ વિકાસ યોજના અને તેના વિનિમયોમાં મંજૂર કરે છે, અને

(ગ) છેવટની વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે ૨૦-૪-૧૯૯૧ નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

રાજય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેના વલ્લભ વિદ્યાનગર (જિલ્લો ખેડા)ની વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો.

૧. વલ્લભ વિદ્યાનગરની વિકાસ યોજનાના મુસદ્દાના વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, "સ્થાનિક સત્તામંડળ" એ શબ્દો જયાં જયાં વપરાયા હોય ત્યાં ત્યાં તેને બદલે, "યોગ્ય સત્તામંડળ" એ શબ્દો મૂકવા.

૨. પાના નંબર ૧૪--૧૫ -૧૬ ઉપર વિકાસ નિયંત્રણ વિનિમય ક્રમાંક ૪,૨,૧ અને ૪,૨,૨ અને ૪, ૨, ૪ ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

૪.૨. સહિયારો પ્લોટ—

૪.૨.૧. રહેણાંક અને ઔદ્યોગિક વિકાસની બાબતમાં, ટેનામેન્ટ, ફ્લેટ, જમીનના પેટા-વિભાગો, જૂથ ગૃહનિર્માણના વિકાસ માટે સહિયારા પ્લોટ, આવા કેસોમાં સહિયારા પ્લોટોની નીચે પ્રમાણે જોગવાઇ કરવી જોઈશે:—

(૧) ૧૫૦૦ ચોરસ મીટર અથવા તેથી વધુ ક્ષેત્રફળવાળા રહેણાંક મકાન એકમમાં, સહિયારા પ્લોટની જોગવાઇ કરવી જોઈશે.

(૨) ક્ષેત્રફળને ધ્યાનમાં લીધા સિવાય, ભોંયતળિયાના માળ સહિતના માળો પૈકીના કોઈપણ માળ ઉપર ચાર કરતાં વધારે રહેણાંક એકમો સહિતના વિકાસ કરવાના તમામ રહેણાંક મકાન એકમમાં, સહિયારા પ્લોટની જોગવાઇ કરવી જોઈશે.

(૩) સહિયારા પ્લોટનું ઓછામાં ઓછા ક્ષેત્રફળ, મકાન એકમના ૧૦ ટકા રહેશે અને ખાસ કરીને તેને મધ્યમાં રાખવો જોઈશે. આવા સહિયારા પ્લોટનું સ્થાન એક સ્થળે હોઇ શકશે અથવા જુદા જુદા સ્થળોએ યોગ્ય રીતે તે વહેંચી શકાશે. પરંતુ આવી બાબતમાં, દરેક પ્લોટનું ક્ષેત્રફળ ૩૩૩ ચોરસ મિટરથી ઓછું હોવું જોઈએ નહિ.

(૪) ૫૦૦૦ ચોરસ મીટરથી વધુ અને ૨૦૦૦ ચોરસ મીટર સુધીના ક્ષેત્રફળવાળા ઔદ્યોગિક મકાન એકમમાં મકાન એકમના ક્ષેત્રફળના ૮ ટકાના દરે, સહિયારા પ્લોટ માટે જોગવાઇ કરવી જોઈશે. ૫૦૦૦ ચોરસ મીટર સુધીના ક્ષેત્રફળવાળા ઔદ્યોગિક મકાન એકમની બાબતમાં, સહિયારા પ્લોટની જરૂરિયાત રહેશે નહિ.

(૫) ૨૦,૦૦૦ ચોરસ મિટરથી વધુ ક્ષેત્રફળવાળા ઔદ્યોગિક મકાન એકમમાં ૧૬૦૦ ચોરસ મીટર વત્તા ૨૦,૦૦૦ ચોરસ મિટરથી વધુ ક્ષેત્રફળવાળા મકાન એકમના ૫ ટકાના દરે, સહિયારા પ્લોટની જોગવાઇ કરવી જોઈશે.

(૬) સહિયારા પ્લોટની ઓછામાં ઓછી બાજુ ૧૨ મિટર હોવી જોઈશે.

(૭) સહિયારા પ્લોટના ક્ષેત્રફળમાંથી રસ્તો, માર્જિનો અને પ્રવેશમાર્ગો બાતલ રહેશે.

(૮) ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ અને મકાન ક્ષેત્રફળની ગણતરી કરવા માટે, સહિયારા પ્લોટ ક્ષેત્રફળ ગણતરીમાં લેવું જોઈશે નહિ.

(૯) ભોંયતળિયાના માળ ઉપરના જ રહેવાસીઓના સહિયારા વપરાશ માટે, જરૂરી માર્જિનો સાથેના સમૂહ વિકાસ માટેના મકાનના બાંધકામ માટે, સહિયારા પ્લોટનો ૧/૬ વિસ્તારનો ઉપયોગ કરી શકાશે. બાકીનો સહિયારો પ્લોટ ખુલ્લો રાખવો જોઈશે.

INDEX

૩. પાના નંબર ૧૯ પરના વિકાસ નિયંત્રણ વિનિમય ૪.૫ ના એફ.એસ.આઇ (FSI) કોષ્ટક નીચે, ૪.૫ (૧) અને ૪.૫ (૨) તરીકે નીચેના નવા પેટા-કાયદા ઉમેરવા:—

૪.૫(૧) "ગામતળ" માટે એફ એસ.આઇ. (FSI) 3 રહેશે અને મકાન પ્લોટનો વધુમાં વધુ પરવાનગીપાત્ર બાંધકામ વિસ્તાર ૧૨૫.૦ ચોરસ મિટર કરતાં વધુ વિસ્તારના પ્લોટમાં ૮૦ ટકા રહેશે.

૪.૫. (૨) વધુમાં વધુ પરવાનગીપાત્ર કુલ ઊંચાઇ ૩૦ મિટર કરતાં વધવી જોઈએ નહિ.

૪. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નંબર ૨૯ પર, ક્રમાંક ૭.૫માં "ચોથોમાળ" એ શબ્દોને બદલે, "ત્રીજો માળ" એ શબ્દો મૂકવા.

૫. વિકાસ નિયંત્રણ વિનિયમના પાના નંબર ૩૨ ઉપર વિનિયમ ક્રમાંક ૮.૦માં ઓછામાં ઓછા ઓફ સ્ટ્રીટ પાર્કિગ જગા દર્શાવતા કોષ્ટકમાં જે તે અનુક્રમાંકો અને કોલમ ક્રમાંકો સામે નીચેના આંકડા મૂકવા:—

કોલમ ક્રમાંક—૧	કોલમ ક્રમાંક-૨	કોલમ ક્રમાંક-૩	કોલમ ક્રમાંક-૪
૧	૧૦૦	૨૦	૧૦

૬. હારબંધ મકાનો માટેનો નવો વિનિયમ વિકાસ નિયંત્રણ વિનિયમ ૧૧ પછી, (પેટા કાયદા ક્રમાંક ૧૧-ક) તરીકે પાના ક્રમાંક ૩૯ અને ૪૦ વચ્ચે નીચે પ્રમાણે ઉમેરવા:—

"(૧) જે પ્લોટ ઉપર હારબંધ મકાનો બાંધવાના હોય તે પ્લોટનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ ૧૦૦૦ ચોરસ મીટર હોવું જોઈશે.

(૨) વધુમાં વધુ પરવાનગીપાત્ર બાંધકામ વિસ્તાર વ્યકિતગત પ્લોટના ૬૦ ટકા રહેશે.

(૩) હારબંધ મકાનોના વ્યકિતગત પ્લોટનું ઓછામાં ઓછું માપ, ૪૦ ચોરસ મિટરનું રહેશે અને આવા હારબંધ મકાનો માટેના વ્યકિતગત પ્લોટનું વધુમાં વધુ માપ, ૧૩૫.૦ ચોરસ મીટર રહેશે:

પરંતુ પ્લોટની ઊંડાઈનું માપ, પ્લોટની પહોળાઈના માપથી ઓછામાં ઓછું બે ગણું હોવું જોઈશે અને પ્લોટની ઓછામાં ઓછી પહોળાઈ ૩.૦ મિટરથી ઓછી હોવી જોઈશે નહિ.

(૪) આગળનો ઓછામાં ઓછો માર્જિન, ૨.૦ મિટર રહેશે અને પાછળનો ઓછા[illegible] ઓછો માર્જિન ૨.૫ મિટર રહેશે. હારબંધ મકાનોના છેલ્લા પ્લોટમાં, રસ્તા પર પડતી બાજુઓ ઉપર [illegible]છામાં ઓછો ૨.૦ મિટરનો બાજુ પરનો માર્જિન પણ હોવો જોઈશે.

(૫) હેકટર દીઠ હારબંધ મકાનોની સંખ્યા ઉપર કોઈ મર્યાદા રહેશે નહિ.

(૬) હારબંધ મકાનોમાં, ભોંયતળિયા પરના માળનું બાંધકામ અથવા [illegible]યા ઉપરના પહેલામાળનું બાંધકામ હોવું જોઈશે. અંદરના પ્રાંગણમાં વોટર ટેન્ક માટે, આ [illegible] વધુ બહાર આવતાં બાંધકામ કરવાની છૂટ આપવામાં આવશે.

(૭) આ વિનિયમોની જોગવાઈ પ્રમ[illegible] ૧૨ થી વધુ હારબંધ મકાનો માટે [illegible] એકમના ૮ ટકાના દરે સહિયારા પ્લોટની [illegible] કરવી જોઈશે."

INDEX

૭. વિકાસ નિયંત્રણ વિનિયમના પાના નંબર ૪૮/૪૯ ઉપર વિનિયમ ક્રમાંક ૨૬ને બદલે નીચે પ્રમાણે મજકૂર મૂકવો:—

"છૂટછાટ—

૧. (૧) સ્થાનિક સત્તામંડળ (૨) સરકાર (૩) ગૃહનિર્માણ બોર્ડ અને (૪) સ્ટેચ્યૂટ હેઠળ રખાયેલ કોઈ સંસ્થાકીય મંડળની માલિકીના પ્લોટોની બાબતમાં, યોગ્ય સત્તાધિકારી, કારણોની લેખિત નોંધ કરીને, જાહેર હિતમાં વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમોમાં યથાપ્રસંગ, છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે:

પરંતુ બાંધકામ વિસ્તાર, એકત્રિત ખુલ્લી જગા, માર્જિનની ખુલ્લી જગા, વધુ ઊંચાઈવાળા મકાનોની જોગવાઈઓ અને ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ સંબંધીના વિકાસ વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમોમાં છૂટછાટ આપવી જોઈશે નહિ અથવા તેનો અમલ જતો કરવો જોઈશે નહિ.

૨. વિકાસ યોજનાના પૂર્વવર્તી વિનિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ વિનિયમો અમલમાં આવે તે પહેલાં ઉભા કરવામાં આવેલ ચાલુ બાંધકામમાં વધારો કરતા ન હોય તેવા ફેરફારોને તે લાગુ પાડવાને કારણે, માલિકને, આ વિનિયમોથી હાડમારી થતી હોય તે કિસ્સાઓમાં, યોગ્ય સત્તાધિકારી, દરેક વ્યકિતગત કેસની ગુણવત્તા ધ્યાનમાં લઈને અને કારણોની લેખિત નોંધ કરીને, વિકાસ યોજનાના કોઈ વિનિયમમાં યથાપ્રસંગ, છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે:

પરંતુ વધુ ઊંચાઈવાળા મકાન માટેના કોઈપણ વિનિયમમાં આ છૂટછાટ આપી શકાશે નહિ.

૩. યોગ્ય સત્તાધિકારી એ જેના સંબંધમાં લે-આઉટ અને પેટા-વિભાજન મંજૂર કર્યા હોય તે, વિદ્યમાન મકાન એકમોની બાબતમાં અથવા માર્ગ પહોળો કરવાથી અને વિકાસ યોજના માટે વિકાસ યોજનાઓમાં કરેલી દરખાસ્તથી જેને અસર હોય તેવા મકાન એકમોની બાબતમાં, યોગ્ય સત્તાધિકારીને એવો અભિપ્રાય થાય કે વિનિયમો ક્રમાંક ૧૧ અને ૧૨ની તમામ જરૂરિયાતોમાં અથવા તે પૈકીની કોઈપણ જરૂરિયાતમાં યોગ્ય રીતે છૂટછાટ મૂકવામાં આવી હોય અથવા તે જતી કરવામાં આવી હોય તે સિવાય, આવો મકાન એકમોનો, યથાપ્રસંગ વાજબી વિકાસ થઈ શકે તેમ છે. અથવા કરવાનું શકય બન્યું છે તો, તે કારણોની લેખિત નોંધ કરીને, ઉપર જણાવેલ વિનિયમોની જરૂરિયાતોમાં છૂટછાટ મૂકી શકશે:

પરંતુ આવા મકાન એકમોના વધુ ઊંચાઈવાળા મકાનો માટેના વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમોમાં છૂટછાટ મૂકી શકાશે નહિ."

૮. વિનિયમોના પાના નંબર ૪૯ ઉપર, નવા વિકાસ નિયંત્રણ વિનિમય ક્રમાંક ૨૯ તરીકે નીચેનો નવો પેટા-કાયદો ઉમેરવો:—

"સિનેમાના બાંધકામ માટેની પરવાનગી" મુંબઈ સિનેમા અધિનિયમ અને "મુંબઈ સિનેમા નિયમો"ની જોગવાઈઓ અનુસાર હોવી જોઈશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૫/ઓપીએમ--૧૦૮૯/૭૩૪૨/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY PROHIBITION ACT, 1949.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી માર્ચ, ૧૯૯૧.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૫/ઓપીએસ--૧૦૮૯/૭૩૪૨/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા કલમ ૧૪૩ની પેટા--કલમ (૨)ના ખંડ (ભ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓની જાણ સારુ સદરહુ કલમ ૧૪૩ની પેટા કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દા, આ જાહેરનામું રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની નિર્દિષ્ટ મુદત પૂરી થયે અથવા તે પછી, ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પહેલા સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજય, ઓ--૨, ન્યુ મેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ, અસારવા અમદાવાદ--૩૮૦૦૧૬ ને કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/ ૧૨૩૪/ઓપીએમ/૧૦૮૭/૭૩૪૨/એસ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા, કલમ ૧૪૩ ની પેટા--કલમ (૨) ના ખંડ (ભ) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત પોસદોડા નિયમો, વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો 'ગુજરાત પોસદોડાં (સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. ગુજરાત પોસદોડાં નિયમો, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં, પેટા-નિયમ (૧) માં, ખંડ (ઘ)ને બદલે, નીચેનો મજકુર મૂકવો:—

INDEX

"(ઘ) (૧) "છૂટક વેચવાનું લાઈસન્સ" એટલે નિયમ ૫ હેઠળ કોઈ વ્યકિતને આપેલું લાઈસન્સ.

(૨) "જથ્થાબંધ વેચવાનું લાઈસન્સ" એટલે નિયમ ૫--કક હેઠળ કોઈ વ્યકિતને આપેલું લાઈસન્સ.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૫--ક પછી, નીચેનો નિયમ ૫--કક દાખલ કરવો:—

"જથ્થાબંધ વેચવાનું લાઈસન્સ.

૫.--કક (૧) જથ્થાબંધ પોસદોડાં ધરાવવા અને વેચવા માંગતી કોઈપણ વ્યકિતએ, તે અર્થે લાઈસન્સ આપવા માટે લાયસન્સ આપનાર સત્તાધિકારીને, નમૂના ૨--ક મુજબની અરજી કરવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળની અરજી મળ્યે, લાઈસન્સ આપનાર સત્તાધિકારીએ, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કરવી જોઈશે, અને તેને એવી ખાતરી થાય કે જેના માટે અરજી કરેલ હોય તે લાઈસન્સ આપવા માટે કોઈ વાંધો નથી, તો તે રાજ્ય સરકાર અને નિયામકના હુકમો, હોય તો, તેને આધીન રહીને, અરજદારને નીચેના ધોરણો અનુસારની ફી ભર્યેથી નમૂનો "પોસ--કક" મુજબનું લાઈસન્સ આપી શકશે.

(ક) વર્ષ દરમિયાન વેચાણ માટે છૂટ આપેલ કુલ જથ્થો, ૨૫૦૦ કિલોગ્રામ કરતાં વધુ ન હોય ત્યારે રૂપિયા ૧૨૫૦/-.

(ખ) વર્ષ દરમિયાન વેચાણ માટે છૂટ આપેલ કુલ જથ્થો ૨૫૦૦ કિલોગ્રામ કરતાં વધુ હોય, પણ ૫૦૦૦ કિલોગ્રામ કરતાં વધુ ન હોય ત્યારે રૂપિયા ૨૫૦૦/-.

(ગ) વર્ષ દરમિયાન વેચાણ માટે છૂટ આપેલ કુલ જથ્થો ૫૦૦૦ કિલોગ્રામ કરતાં વધુ હોય ત્યારે, રૂપિયા ૫૦૦૦.-".

૪. સદરહુ નિયમોમાં નિયમ ૧૩માં,—

(ક) પેટા-નિયમ (૧) માં, "પરવાનેદારે" એ શબ્દને બદલે" "છૂટક વેચનાર લાસન્સદારે" એ શબ્દો મૂકવા;

(ખ) પેટા--નિયમ (૨)માં, "પરવાનેદારે" એ શબ્દોને બદલે, "છૂટક વેચનાર લાઈન્સદારે" એ શબ્દો મૂકવા.

(ગ) પેટા-નિયમ (૪) પછી, નીચેના પેટા-નિયમો દાખલ કરવા:—

"(૫) જથ્થાબંધ વેચનાર લાઈસન્સદારે, નમૂના "પોસ--૮" મુજબ વખતોવખત તેમને મેળવેલા, વેચેલા અને સ્ટોકમાંના પોસદોડાંનો હિસાબ રાખવો જોઈશે અને આ હિસાબો પાકી બાંધેલી, પાના નંબર આપેલી અને નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ અથવા જિલ્લાના નશાબંધી અને આબકારી ઈન્સ્પેકટરના સિક્કા મારેલી ચોપડીમાં ચોખ્ખો અને સાચો લખેલો હોવો જોઈશે.

(૬) જથ્થાબંધ વેચનાર લાઈસન્સદારે, દર મહિનાની ૭મી તારીખ સુધીમાં નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટને અથવા જિલ્લા ઈન્સ્પેકટરને નમૂના 'પોસ-૯', મુજબનું માસિક પત્રક પૂરું પાડવું જોઈશે.

(૭) જથ્થાબંધ વેચનાર લાઈસન્સદારથી, જેની હકૂમતની અંદર લાઈસન્સદારની જગા આવેલી હોય તે હુકમની અંદર નશાબંધી અને આબકારી અધિકારીઓએ યોગ્ય રીતે સામી સહી

INDEX

કરેલા નમૂના 'પોસ-૧૦' મુજબના માગણી પત્રક ખરીદનારે રજૂ કર્યે અને જેની હકૂમતની અંદર જથ્થાબંધ વેચનાર લાઈસન્સદાર આવતો હોય તેની હકૂમતની અંદરના લાઈસન્સ આપનાર અધિકારીએ કાઢી આપેલા હેરફેર પાસના કવર હેઠળ હોય તે સિવાય, પોસ-ડોડાંનું વેચાણ કરી શકાશે નહિ.".

૫. સદરહુ નિયમોમાં, નમૂના ૨ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:—

"નમૂનો પોસ ૨—કક.

[જુઓ નિયમ ૫(કક)(૨)]

લાઈસન્સ નંબર.................."

પોસડોડાનું જથ્થાબંધ વેચાણ માટેનું લાઈસન્સ.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈ હેઠળ અને તેને અધીન રહીને આથી..................................જિલ્લાના ....
મુકામે રહેતા શ્રી..................................ને
(હવે પછી "લાઈસન્સદાર" તરીકે જણાવેલ છે તેને) રૂા. ....ની ફી ચૂકવ્યેથી
..................જિલ્લાના..................મુકામે આવેલી તેની
દુકાને (હવે પછી "દુકાન" તરીકે જણાવેલ છે) ....
થી..................................સુધીની (બન્ને દિવસો સહિત)ની મુદત દરમિયાન, પોસડોડાં રાખવા અને વેચવા તેને અધિકૃત કરેલું લાયસન્સ, નીચેની શરતોને અધીન રહીને આપવામાં આવે છે:—

શરતો

૧. લાઈસન્સદાર, દુકાન સિવાય બીજા કોઈ સ્થળે પોસડોડાં વેચી શકશે નહિ અથવા વેચવા માટે રાખી શકશે નહિ.

૨. લાઈસન્સદાર કોઈપણ સમયે ....કિલોગ્રામથી વધુ પોસડોડાનો જથ્થો રાખી શકશે નહિ.

૩. લાઈસન્સદાર, મહિના દરમિયાન ....કિલોગ્રામથી વધુ પોસડોડાં વેચી શકશે નહિ.

૪. લાઈસન્સદાર, ગુજરાત પોસડોડાં નિયમો, ૧૯૬૩ હેઠળ કોઈ વ્યકિતને પોસડોડાંનો જેટલો જથ્થો ધરાવવાની પરવાનગી આપી હોય અને આવી વ્યકિતએ ધરાવેલા કાયદેસરના પાસ હેઠળ હેરફેર કરવા અધિકૃત કર્યો હોય તેના કરતાં વધારે જથ્થો, 'પોસ--૨' લાઈસન્સ ધરાવનાર સિવાયની કોઈ વ્યકિતને પોસડોડાં વેચી શકશે નહિ.

૫. લાઈસન્સદારે, દુકાન પર પોસડોડાં વેચવાનું કામ જાતે જ કરવું અથવા આ અર્થે લેખિતમાં તેણે યોગ્ય રીતે અધિકૃત કરેલ એજન્ટ અથવા નોકર મારફત કરવું.

૬. લાઇસન્સદારે, નમૂના 'પોસ-૯' મુજબ પોસડોડાંના, વખતોવખત મળેલાં, વેચેલા અથવા કબજામાં રાખેલા જથ્થાનો હિસાબ રાખવો. હિસાબો પાકી બાંધેલી, પાના નંબર આપેલી અને યથાપ્રસંગ નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ અથવા જિલ્લાના નશાબંધી અને આબકારી ઈન્સ્પેકટરના સિક્કા મારેલી ચોપડીમાં ચોખ્ખા અને સાચા લખવા જોઈશે.

INDEX

૭. લાઈસન્સદારે, દર મહિનાના ૭મા દિવસ પહેલાં નમૂના 'પોસ--૧૦' મુજબના પત્રકો નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડેન્ટ સમક્ષ અથવા પોતાના જિલ્લાના નશાબંધી અને આબકારી જિલ્લા ઈન્સ્પેક્ટર સમક્ષ રજૂ કરવાં.

૮. લાઈસન્સદારે, નિયમ ૫-કક હેઠળ પોસદોડાંના હિસાબ અને જથ્થો તપાસવા માટે અધિકૃત અધિકારી બોલાવે ત્યારે, તેની દુકાનમાં જણાઈ આવતી અનિયમિતતા સંબંધી લેખિત ખુલાસો આપવો. તેને, પૃથક્કરણ માટે દુકાનમાંના પોસદોડાંનો નમૂનો વિના મૂલ્યે લેવાની પણ છૂટ રહેશે.

૯. લાઈસન્સદારે, યોગ્ય રીતે પાના નંબર આપેલી અને નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ અથવા જિલ્લાના નશાબંધી અને આબકારી ઈન્સ્પેક્ટરની સિક્કા મારેલી વીઝીટ--બુક દુકાનમાં રાખવી જોઈશે, જેમાં મુલાકાત લેનાર અધિકારી પોતાની નોંધ કરી શકશે.

૧૦. જે મુદત માટે લાઈસન્સ આપ્યું હોય તે મુદત પૂરી થયા પછી, તે ચાલુ રાખવા અથવા તાજું કરાવવા અંગે લાઈસન્સદાર, તેના વારસો, કાયદેસરના પ્રતિનિધિઓ અથવા એસાઈનીઓનો કોઈ પણ પ્રકારનો દાવો રહેશે નહિ. વેચાણ અથવા હેરફેરની બાબતમાં લાઈસન્સદારના એસાઈનીઓને અથવા મૃત્યુની બાબતમાં લાઈસન્સદારના વારસ અથવા કાયદેસરના પ્રતિનિધિને, જે મુદત માટે લાઈસન્સ આપ્યું હોય તેની બાકીની મુદત માટે લાઈસન્સનો લાભ આપવો કે નહિ તે બાબત લાઈસન્સ આપનાર સત્તાધિકારીના સંપૂર્ણ સ્વવિવેક પર આધાર રાખશે.

૧૧. મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૫૪ અથવા ૫૬ની જોગવાઈઓ અનુસાર લાઈસન્સ મોકૂફ રાખી શકાશે અથવા રદ કરી શકાશે.

૧૨. જે મુદત માટે લાઈસન્સ આપવામાં આવ્યું હોય તે મુદત ચાલુ હોય તે દરમિયાન આ, લાઈસન્સ સુપરત કરવામાં, મોકૂફ રાખવામાં અથવા રદ કરવામાં આવ્યું હોય કે તેની મુદત પૂરી થયા પછી તાજૂ કરવામાં આવ્યું ન હોય તે બાબતમાં, લાઈસન્સદારે, પોસદોડાંનો વેચાયા વિનાનો સમગ્ર જથ્થો લાઈસન્સ આપનાર સત્તાધિકારીને તરત જ સોંપી દેવો જોઈશે. લાઈસન્સદારે, આ લાઈસન્સ હેઠળ રાખવાનું અને જાળવવાનું ફરમાવ્યું હોય તેવા તમામ મૂળ હિસાબ, પાસ, રજિસ્ટરો અને વીઝીટ બુકો પણ લાઈસન્સ આપનાર સત્તાધિકારીને સોંપી દેવા.

આજ તારીખ.................................માહે.................................સન.................................
ના રોજ આપ્યું.

લાઈસન્સ આપનાર
સત્તાધિકારીનો સિક્કો.

લાઈસન્સ આપનાર
સત્તાધિકારી.

"નમૂનો --૨-ક"

[જુઓ નિયમ ૫--કક (૧)]

પોસદોડાંના જથ્થાબંધ વેચાણના લાઈસન્સ માટેની અરજી.

૧. અરજદારનું નામ તથા સરનામું :

૨. પોસદોડાં રાખવાના સ્થળનું સાચું સરનામું :

૩. એક મહિના દરમિયાન જથ્થાબંધ વેચાણ માટે
જરૂરી પોસદોડાંનો કુલ જથ્થો.

INDEX

૪. જેટલી મુદત માટે લાઈસન્સની જરુર હોય તે મુદત.

૫. લાઈસન્સની મુદત દરમિયાન વેચવા ધારેલો પોસ-દોડાંનો જથ્થો.

૬. અરજદાર, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ અથવા કેફી ઔષધ અને મન:પ્રભાવી દ્રવ્ય અધિ-નિયમ, ૧૯૮૫ અને તે હેઠળ કરેલા નિયમોની કોઈ-પણ જોગવાઈ હેઠળ કોઈપણ સમયે કોઈ ગુના માટે દોષિત ઠર્યો છે કે કેમ ? અને તેની/તેમની સામે કાયદાની કોઈપણ કોર્ટમાં ઉપર્યુકત અધિનિયમ હેઠળ કોઈપણ ફોજદારી કાર્યવાહી નિકાલ બાકી છે કે કેમ તેનો લેખિત એકરાર.

૭. ઉપર ઉલ્લેખેલ અધિનિયમો અને તે હેઠળ કરેલા નિયમો, વિનિયમો તથા હુકમોની જોગવાઈઓ અને જેના માટે અરજી કરી હોય તે લાઈસન્સની શરતો અરજદારને બંધનકર્તા રહેશે તેવી મતલબની લેખિત બાંયધરી.

સ્થળ..

અરજદારની સહી.

તારીખ..

૭. સદરહુ નિયમોમાં, નમૂના ૭ પછી, નીચેના નમૂના ઉમેરવા—

"નમૂનો પોસ ૮

[જુઓ નિયમ ૧૩ (૫)]

જથ્થાબંધ વેચનાર લાઈસન્સદારે મેળવેલ, વેચેલ અને સ્ટોકમાં રાખેલ પોસડોડાંનો હિસાબ.

લાઈસન્સદારનું નામ તથા સરનામું :

દુકાનનું નામ તથા સરનામું :

લાઈસન્સ નં.

તારીખ	ઉઘડતી સિલક	મળેલ જથ્થો				રાજ્યમાં લાઈસન્સદારને વેચેલો જથ્થો		
		જથ્થો	જેની પાસેથી મળ્યો હોય તે વ્યક્તિનું નામ તથા સરનામું	આયાત પાસ અથવા હેરફેર પાસનો નંબર અને તારીખ	કોલમો ૨ અને ૩ નો સરવાળો	જથ્થો	જેને વેચ્યો હોય તે લાઈસન્સદારનું નામ તથા સરનામું	હેરફેર પાસનો નંબર અને તારીખ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

બંધ સિલક	વિશેષ નોંધ	લાઈસન્સદારની સહી.
૧૦	૧૧	૧૨

નમૂનો પોસ—૯

[જુઓ નિયમ ૧૩(૬)]

જથ્થાબંધ વેચાણનો લાઈસન્સ નં...

....................................મહિના દરમિયાન ખરીદેલા અને વેચેલા પોસદોડાંનું માસિક પત્રક.

મહિનાના છેલ્લા દિવસે ઉઘડતી સિલક.	રાજ્યમાં સાધનો મારફત ખરીદેલ જથ્થો	રાજ્ય અથવા દેશ બહારથી આયાત કરેલો જથ્થો	કોલમ ૧ થી ૩ નો સરવાળો	વેચેલો જથ્થો	મહિનાના છેલ્લા દિવસે બંધ સિલક	વિશેષ નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭

લાઈસન્સદારની સહી

નમૂનો પોસ—૧૦.

[જુઓ નિયમ ૧૩(૭)]

નં.................................

તારીખ...........................

જેની પાસે પોસદોડાં માટે માગણી કરી હોય તે...

પ્રતિ,

સાહેબ,

હું/અમે...સ્થળે આવેલી મારી/અમારી જગામાં પોસદોડાંના વેચાણ કરવા માટેનું લાઈસન્સ ધરાવું છું/ધરાવીએ છીએ.

મને/અમને...કિલો ગ્રામ પોસદોડા પૂરા પાડવા વિનંતી છે.

સામી સહી.

આપનો વિશ્વાસુ,

(નશાબંધી અને આબકારી અધિકારીનો હોદ્દો)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જી. વસાવડા,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચએમ/૯૧/૩૧/એમ/એસટીપી/૧૦૯૦/૩૨૪૨/એચ-૧(૨)(જીએચએમ/૯૧/૩૨/એમ/એસટીપી/૧૦૯૦/૩૨૪૨/એચ-૧અને(૩)જીએચએમ-૯૧/૩૩/એમ એસટીપી/૧૦૯૦/૩૨૪૨/એચ--૧ના ગુજરાતી અનુવાદો આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યા છે.

હ. ન. પંડિત.
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDIAN STAMP ACT, 1899.

ભારત સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ હેઠળ જાહેરનામું

મહેસુલ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી માર્ચ, ૧૯૯૧.

ભારત સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯.

ક્રમાંક:-જીએચએમ/૯૧/૩૧/એમ/એસટીપી/૧૦૯૦/૩૨૪૨/એચ--૧.— ભારત સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ (સન ૧૮૯૯ના ૨જા)ની કલમ--૨નાં ખંડ(૯) (ખ)થી મળેલી સત્તાની રૂએ અને મહેસૂલ વિભાગના તારીખ ૪--૧૧--૧૯૮૭ના સરકારી જાહેરનામું ક્રમાંક:-જીએચએમ/૧૮૮/એમ/એસટીપી/૧૧૮૨/કેએચએ/૪૯૬૫/એચ--૧ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, સ્ટેમ્પ સુપરિન્ટેન્ડન્ટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-ને સદરહુ અધિનિયમના પ્રકરણ-૩ના હેતુ માટે, કલેકટર તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ બી. જોષી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી માર્ચ, ૧૯૯૧.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક:-જીએચએમ/૯૧/૩૨/એમ/એસટીપી/૧૦૯૦/૩૨૪૨/એચ--૧.— મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ ૨ના ખંડ(છ)થી મળેલી સત્તાની રૂએ, અને મહેસૂલ વિભાગનું તારીખ ૪થી નવેમ્બર, ૧૯૮૭નું સરકારી જાહેરનામું ક્રમાંક:-જીએચએમ/૧૮૭/એમ/એસટીપી/૧૧૮૨/કેએચએ/૪૯૬૫/એચ--૧ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, મદદનીશ સ્ટેમ્પ સુપરિન્ટેન્ડેન્ટ, અમદાવાદ-ને સમગ્ર ગુજરાત રાજ્યના સદરહુ અધિનિયમની કલમ-૧૮(૧)-(૨)ના હેતુ માટે કલેક્ટર તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

મહેસૂલ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી માર્ચ, ૧૯૯૧.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.-

ક્રમાંક:-જીએચએમ/૯૧/૩૩/એમ/એસટીપી/૧૦૯૦/૩૨૪૨/એચ--૧ :— મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ ૨ના ખંડ(છ)થી મળેલી સત્તાની રૂએ, અને મહેસૂલ વિભાગના તારીખ ૪થી નવેમ્બર, ૧૯૮૭નું સરકારી જાહેરનામું ક્રમાંક:-જીએચએમ/૧૮૬/એમ/એસટીપી/૧૧૮૨/કેએચએ/૪૯૬૫/એચ--૧ રદ કરીને, ગુજરાત સરકાર, આથી સ્ટેમ્પ સુપરિન્ટેન્ડન્ટ ગુજરાત રાજ્ય અમદાવાદને સદરહુ અધિનિયમના પ્રકરણ ૨,૩,૪,૫, અને ૮ના હેતુ માટે, સમગ્ર ગુજરાત રાજ્યના કલેક્ટર તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી હુકમ ક્રમાંક: જીએચએમ/૯૧/૨૮/એમ-એસટીપી/૧૦૯૧/૭૦૯/એચ--૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત.
સરકારના નાયબ સચિવ.

Order

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ હુકમ.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૧૯૯૧.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક:-જીએચએમ/૯૧/૨૮/એમ-એસટીપી/૧૦૯૧/૭૦૯/એચ--૧.— મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ--૯ના ખંડ(ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૨૮મી માર્ચ, ૧૯૮૭ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ--૪--બી ના પાના ૫૬--૩થી ૫૬--૬ ઉપર પ્રસિધ્ધ થયેલ મહેસૂલ વિભાગના તારીખ ૨૮મી માર્ચ, ૧૯૮૭ ના સરકારી હુકમ ક્રમાંક:-જીએચએમ- ૮૭--૫૪--એસટીપી--૧૪૮૬--૨૬૧--એચ--૧ નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ હુકમમાં, અનુસૂચિ--૧માં, અનુક્રમાંક ૧૭ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:-

"૧૮. ખાંડ વિકાસ ફંડ,

અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રાલય,
અન્ન વિભાગ, નવી દિલ્હી અને તેની રાજ્ય એજન્સી.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકાર ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચએમ--૯૧/૩૪/એમ--એસટીપી--૧૪૮૮/ ૩૧૦૧/એચ--૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION NO GHM-90-91/STP/1488-3101/H-1, DATED THE 8TH AUGUST, 1990.

તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક:-જીએચએમ--૯૦--૯૧/એસટીપી--૧૪૮૮ ૩૧૦૧/એચ--૧ સુધારવા સંબંધી જાહેરનામું.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી એપ્રિલ, ૧૯૯૧.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક:-જીએચએમ--૯૧/૩૪/એમ-એસટીપી--૧૪૮૮/૩૧૦૧/એચ--૧.— મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ--૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ--૪--બીના પાના ૧૪૪-૧થી ૧૪૪-૨ ઉપર પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૦ના સરકારી જાહેરનામાં ક્રમાંક:-જીએચએમ--૯૦--૯૧/એસટીપી--૧૪૮૮--૩૧૦૧--એચ-૧ નીચે પ્રમાણે સુધારે છે. સદરહું જાહેરનામામાં પુરવણીમાં નોંધ(૧) જિલ્લા રાજકોટ ને બદલે, નીચેની નોંધ ઉમેરવી:-

જિલ્લો	નાયબ કલેકટર કચેરીના મુખ્ય મથકો સહિત.	વિસ્તારો/હકૂમતનું નામ.	નિમણુંકની તારીખ.
૧	૨	૩	૪
૧. રાજકોટ.	૫. ખાસ જમીન સંપાદન અધિકારી, સિંચાઈ પ્રોજેકટ, રાજકોટ.	રાજકોટ. જિલ્લાના કુલ વિસ્તારો.	૨૭--૬--૯૦
	૬. નાયબ કલેકટર, શહેરી જમીન ટોચમર્યાદા. રાજકોટ.	રાજકોટ. જિલ્લાના કુલ વિસ્તારો.	૨૭--૬--૯૦

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. બી જોષી,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/બી/૯૧/૩૩/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સાર પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩૦મી માર્ચ, ૧૯૯૧.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/બી/૯૧/૩૩/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/ખ.— ગુજરાત મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારતા નિયમોનો મુસદ્દો ગૃહ વિભાગના તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/બી/૯૧/૧૫/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/ખ હેઠળ તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪એના પાના નંબર ૧૦-૧ થી ૧૦-૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતો. અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૧ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવ્યા હતા;

અને, સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૯ના ૫૯મા)ની કલમ ૧૨૯ના બીજા પરંતુકથી મળેલી સત્તાની અને તેઅર્થે તેને અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે—

૧. આ નિયમો ગુજરાત મોટર વાહન (ત્રીજા સુધારા) નિયમો, ૧૯૯૧ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૧૯૩માં ખંડ (ખ) માં, "૩૧મી માર્ચ, ૧૯૯૧ એ આંકડા, અક્ષર અને શબ્દને બદલે, "૩૧મી માર્ચ, ૧૯૯૨" એ આંકડા, અક્ષર અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાસ્કર પંડયા,
સરકારના ઉપ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગના સરકારી શુધ્ધિપત્ર ક્રમાંક: જીએચયુ/૯૧(૧૬)જીઆઇડી/૧૦૮૭/૧૧૪૨/ગ૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ઙ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Corrigendum

To

THE NOTIFICATION NO. GHU/90-(6)-GID/1087/ 1142/ G1, DATED THE 8TH JANUARY, 1990.

તારીખ ૮-૧-૧૯૯૦નું જાહેરનામું ક્રમાંક જીએચયુ/૯૦(૬)/જીઆઇડી/૧૦૮૭/૧૧૪૨/ગ૧નું શુધ્ધિપત્ર

ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક:જીએચયુ/૯૧/૧૬/જીઆઇડી/૧૦૮૭/૧૧૪૨/ગ૧.—ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૨૩મા)ની કલમ-૬થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર તારીખ ૨૨-૩-૧૯૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૯માં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮-૧-૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક જીએચયુ/૯૦(૬)/જીઆઇડી/૧૦૮૭/૧૧૪૨/ગ૧ અનુસાર, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઇઓ અને અધિનિયમની બીજી જોગવાઇઓ લાગુ પાડવામાં આવી હતી અને તે, તેમાં નિર્દિષ્ટ કરેલા વલસાડ ઔદ્યોગિક વિસ્તાર (જેનો આમાં હવે પછી "સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની અનુસૂચિ-૨ પ્રમાણે વિસ્તૃત કરેલા વિસ્તારમાં અમલમાં લાવવામાં આવી હતી.

સદરહુ જાહેરનામામાં નીચેના સુધારા કરવામાં આવ્યા છે.

(૧) સદરહુ જાહેરનામામાં, પરિચ્છેદ-૧માં, "વલસાડ" એ શબ્દ પહેલાં "વિસ્તૃત" એ શબ્દ દાખલ કરવો.

(૨) સદરહુ જાહેરનામામાં, અનુસૂચિ-૨માં "વલસાડ ઔદ્યોગિક વિસ્તાર" એ શબ્દો પહેલાં "વિસ્તૃત" એ શબ્દ દાખલ કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. સી. પરમાર,
સરકારના ઉપ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૮મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ/૯૧/૧૮/એમ/એસટીપી/૧૦૯૦/૧૮૭૨/હ૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

મહેસુલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી માર્ચ, ૧૯૯૧.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ/૯૧/૧૮/એમ/એસટીપી/૧૦૯૦/૧૮૭૨/હ-૧.—મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ--૯ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સમગ્ર ગુજરાત રાજ્યમાં, નર્મદા પ્રોજેક્ટ માટે જેમની જમીન સંપાદન કરવામાં આવી હોય તે જમીનના માલિકોએ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની તરફેણમાં કરેલા કબૂલાતના લેખ પરની લેવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૧નો ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ એમ-૯૧/૨૦/એમ/ઈસીએલ/ ૧૧૮૩/૫૪/છનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT AGRICULTURAL LAND CEILING ACT, 1960.

ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ હેઠળ જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦.

ક્રમાંક જીએચએમ-૯૧/૨૦/એમ/ઈસીએલ/૧૫૮૩/૫૪/છ.—બનાસકાંઠા સહકારી ખેતી મંડળી લિમિટેડ, અમીરગઢ, મહાદેવીયા--એ (તા. પાલનપુર, જિલ્લો બનાસકાંઠા) (જેનો આમાં હવે પછી, "અરજદાર મંડળી" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા નિયમો, ૧૯૬૧ના નિયમ ૪ સાથે વાંચતા ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) હેઠળ મુકિત માટે અરજી કરી છે.

અને રાજ્ય સરકારનો એવો અભિપ્રાય છે કે નીચે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ સરવે નંબરોમાં સમાવિષ્ટ કરેલ જમીનો (જેનો આમાં હવે પછી, "સદરહુ જમીન" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અરજદાર મંડળીએ તેઓના ઉદ્દેશો માટે ખેડૂતોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ સુધારવા અથવા ખેતી માટે જમીનોના પૂરા અને કાર્યક્ષમ ઉપયોગ કરવા ફરમાવ્યુ છે.

તેથી, હવે, ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ (સન ૧૯૬૧ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૮) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૮)ના હેતુ માટે "અરજદાર મંડળી" ને મંજુર કરે છે.

અનુસૂચિ

બનાસકાંઠા સહકારી ખેતી મંડળી લિમિટેડ, અમીરગઢ મહાદેવીયા (તા. પાલનપુર, જિલ્લો બનાસકાંઠા)ની માલીકીની ખેતીની જમીનોની વિગતો.

જિલ્લો.	તાલુકો	ગામ	સરવે નંબર	વિસ્તાર	
				એકર	ગુંઠા.
બનાસકાંઠા	પાલનપુર	અમીરગઢ મહાદેવીયા	૧૦ ૧૨ ૧૪	૨૭૬	૧૧

(કુલ : ૨૭૬ એકર અને ૧૧ ગુંઠા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના **નામે**,

એ. એસ. મકવાણા,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી-૧૯૯૧નો ૫૩-એમએફબી-૧૪૯૦-૩૮૭૧-આર નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MUNICIPAL FINANCE BOARD (TERMS OF OFFICE AND CONDITIONS OF SERVICE OF CHAIRMAN AND MEMBERS) RULES, 1979.

ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો) બાબતના નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક :કેપી-૧૯૯૧નો ૫૩-એમએફબી-૧૪૯૦-૩૮૭૧-આર.—ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો) બાબતના નિયમો, ૧૯૭૯-એ નામનાં અમુક નિયમો, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૨મા) ની કલમ ૬ની પેટા-કલમ (૧) સાથે વાંચતા, કલમ ૨૮ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૮મી જાન્યુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી-૧૯૯૧નો ૯-એમએફબી-૧૪૯૦-૩૮૭૧-આર હેઠળ, સન ૧૯૯૧ના જાન્યુઆરી, મહિનાની ૮મી તારીખના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૧-એ, સેન્ટ્રલ સેકશન (અસાધારણ)ના પાનાં ૧-૧ અને ૧-૨ ઉપર પ્રસિદ્ધ કર્યા હતા અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ તરફથી રાજપત્રમાં તે પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને ઉપર્યુકત મુદત પૂરી થયા પહેલાં, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને કોઈ વાંધા અને સૂચનો મળ્યાં નથી;

તેથી, હવે, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૨મા)ની કલમ ૬ની પેટા-કલમ (૧) સાથે વાંચતા કલમ ૨૮ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને

INDEX

સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો) બાબતના નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના) (૧લા સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના) નિયમો, ૧૯૭૯માં, નિયમ ૩ને બદલે, નીચેનો નિયમ મૂકવો :—

"૩. અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત :—

(૧) અધ્યક્ષ, એક વર્ષ કરતાં ઓછી ન હોય તથા ત્રણ વર્ષ કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૨) પોતાના હોદ્દાની રૂએ નીમેલા હોય તે સિવાયના બીજા સભ્યો, તેઓની નિમણૂકની તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. જી. ભટ્ટ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીટી/૯૧/૧૦) ઈપીટી-૧૦૮૯-૫૨૧-ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક (જીટી/૯૧/૧૦) ઈપીટી-૧૦૮૯-૫૨૧-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે ;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ

INDEX

કોર્પોરેશન મુંબઈ--એ નિર્માણ કરેલી "ત્રિશાગ્ની" અને મોન્ટેજ ઈન્ટરનેશનલ, મુંબઈ--એ નિર્માણ કરેલી હિન્દી ફિલ્મ "જવાહર" પ્રદર્શિત કરવાને, આ સાથેની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલો મનોરંજન કર ભરવામાંથી મુકિત આપે છે.

અનુસૂચિ.

(૧) કરની રકમ બાદ કર્યા પછીના મનોરંજનમાં પ્રવેશના વિદ્યમાન પ્રવેશ--દરો વધારવા નહિ અને વિદ્યમાન પ્રવેશ--દરો, લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલા ઘટાડવા અને ૩૦ ટકા કર વસૂલ કરવો અને તે સરકારને ભરવો.

(૨) કર ભરવામાંથી મુકિત, દરેક પ્રિન્ટ માટે છ અઠવાડિયાની મુદત સુધી રહેશે અને ગુજરાત રાજ્યમાં નવ પ્રિન્ટસ પડદા ઉપર પ્રદર્શિત કરવામાં આવે તેટલા પૂરતી મર્યાદિત રહેશે. જેમાંથી અઢારથી વધુ ન હોય તેટલા અઠવાડિયા સન ૧૯૮૧ની વસતી ગણતરી મુજબ જે સ્થાનિક વિસ્તારની વસતી ૫૦,૦૦૦ થી વધુ હોય તે સ્થાનિક વિસ્તારની હદની અંદર પ્રદર્શિત કરવી.

(૩) કર ભરવામાંથી આપેલી મુકિતનો લાભ, આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર મળી શકશે.

(૪) મુકિતની શરતો પૈકીની કોઈપણ શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓના ભંગ થાય તે પ્રસંગે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ નિયત અધિકારી કાયદેસરનાં પગલાં લઈ શકશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. પરમાર,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૯૧-૭૨-એસઆઈએ-૧૦૮૮-૩૫૦૨-એમ-(૩)-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE EMPLOYEES STATE INSURANCE (GENERAL) REGULATION, 1950.

કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી એપ્રિલ, ૧૯૯૧.

ક્રમાંક : કેએચઆર-૯૧-૭૨-એસઆઈએ-૧૦૮૮-૩૫૦૨-એમ-(૩) .--કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમ ૧૯૫૦ના વિનિયમ ૭૬ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર

INDEX

પાડેલા આગાઉના તમામ જાહેરનામા રદ કરીને અને કામદાર રાજ્ય વીમા કોર્પોરેશન સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર આથી—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા સ્થાનિક વિસ્તારોના સબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલું તબીબી અપીલ ટ્રીબ્યુનલ તાત્કાલીક અમલમાં આવે તે રીતે એક વર્ષની મુદત માટે રચે છે ;

(ખ) સદરહુ અનુસૂચિના કોલમ (૩)માં દર્શાવેલા સદરહુ તબીબી અપીલ ટ્રીબ્યુનલનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી અને સભ્યો તરીકે નીમે છે.

(ગ) જાહેર કરે છે કે આવા તબીબી અપીલ ટ્રીબ્યુનલનું અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી,—

(૧) કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના અધિનિયમ ૩૪મા) ની કલમો ૫૪-ક અને ૫૫ની અને કામદાર રાજ્ય વીમા (સામાન્ય) નિયમો, ૧૯૫૦ ના નિયમ ૨૦-કની જોગવાઈઓને અધીન રહેશે.

(૨) તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૭૧ના કામદાર રાજ્ય વીમા કોર્પોરેશનના પત્ર ક્રમાંક : આઈએનએસ-આઈ-૮-(૧૪)-૭૧ના પરિશિષ્ટમાં સમાવિષ્ટ કરેલી સૂચનાઓ ટ્રીબ્યુનલે કરેલી યથાપ્રસંગ અરજી અથવા અપીલનો નિકાલ કરવા માટે અનુસરવાની કાર્યરીતિ નક્કી કરવાને સક્ષમ ગણાશે.

અનુસૂચિ

તબીબી ટ્રીબ્યુનલ	સ્થાનિક વિસ્તાર	અધ્યક્ષ સ્થાન લેનાર અધિકારી અને સભ્યનું નામ.
૧	૨	૩
મેડીકલ ટ્રીબ્યુનલ સુરત.	સુરત જિલ્લાની હદમાં આવતા વિસ્તારો	અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી. (૧) શ્રી પી. વાય. ત્રિવેદી, જજ, મજૂર કોર્ટ, સુરત. સભ્યો, તબીબી નિષ્ણાત. (૨) ડૉ. બી. કે. શાહ જનરલ સર્જન, લાલ ગેટ, શીરીન ચેમ્બર્સ, સૂરત (૩) ડૉ. એસ. એમ. દેસાઈ ઓર્થોપીડીક સર્જન, વિવિકતમ નર્સીંગ હોમ, નાનાવડ, સુરત.

INDEX

૧	૨	૩
		ટ્રેડ યુનીયનના સભ્યો. (૧) શ્રી મહેન્દ્રભાઈ હરિશંકર દવે, પ્રમુખ, સુરત સીલ્ક મીલ્સ, મજૂર યુનીયન મ્યુનિસિપલ, બિલ્ડીંગ, કોટસફીલ રોડ, સુરત. (૨) શ્રી નરોત્તમભાઈ નાથાભાઈ પટેલ શ્રમજીવી સેવાલય, ડાઈંગ, બ્લીચીંગ એન્ડ ફીનીશીંગ વર્કસ યુનીયન, સ્ટેશન રોડ, સુરત.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચયુ/૯૧/૭૮-૭૯/બીઆરયુ/૧૦૯૧/૩૫૦-(૧)-(૨)/એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી એપ્રિલ, ૧૯૯૧.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચયુ-૯૧-૭૮-બીઆરયુ-૧૦૯૧-૩૫૦-(૧)-એમ-(૩).—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા)ની કલમ ૩થી મળેલી

INDEX

સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે ગુજરાત ઔદ્યોગિક કોર્પોરેશન લિમિટેડ-એ પૂરી પાડેલી લોનના સંબંધમાં, ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે કે "મેસર્સ એલ. એમ. પી. પ્રોસીસન એન્જીનીયરીંગ કંપની લિમિટેડ, મહાદેવનગર બીલીમોરા (ગુજરાત)" ને સન ૧૯૯૧ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખથી અમલમાં આવે તેમ બેકારી નિવારણના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અન્ડરટેકિંગ સન ૧૯૯૧ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખથી છ મહિનાની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. વી. સોલંકી,
સરકારના ઉપસચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી એપ્રિલ, ૧૯૯૧.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચયુ-૯૧-૭૯-બીઆરયુ-૧૦૯૧-૩૫૦(૨)-એમ-(૩) .—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા) ની કલમ ૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) ના પેટા--ખંડ (૪)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી આદેશ કરે છે કે સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ, જેને શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૧૧/૪/૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચયુ/૯૧/૭૮/બીઆરયુ-૧૦૯૧/૩૫૦ (૧) એમ (૩) હેઠળ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યા છે. તે ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે કે "મેસર્સ એલ. એમ. પી. પ્રોસીસન એન્જીનીયરીંગ કંપની લિમિટેડ, બીલીમોરા (ગુજરાત)" ના સંબંધમાં સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકકો વિશેષાધિકારો, ફરજો અથવા (બેન્કો અથવા અન્ય જાહેર નાણાંકીય સંસ્થાઓના સંબંધમાં જવાબદારીઓ સિવાયની) જવાબદારીઓ, અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, અધિકારી અથવા સત્તામંડળ, સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહી જે મુદત સુધી સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ તરીકે ચાલુ રહેશે તે મુદત એટલે કે સન ૧૯૯૧ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખથી શરૂ થતી છ મહિનાની મુદત દરમિયાન સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. વી. સોલંકી,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, MAY 30, 1991/JYAISTHA 9, 1913 [No. 22

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ--વી--૧૯૯૧નો ૯૫--ડીવીપી--૨૮૯૦/૮૫૧/(૯૧) એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૮મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:-જીએચવી--૧૯૯૧નો ૯૫--ડીવીપી--૨૮૯૦/૮૫૧ (૯૧)એલ:— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૦ ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ--વી--૧૯૯૦નો--૨--ડીવીપી--૨૮૮૬--૩૯૨૭--(૮૯)એલ હેઠળ મંજૂર કરેલી સુરેન્દ્રનગર નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક:-૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકતા સુધરેલી વિકાસ—યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર—ને લેખિત સાદર કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી, જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૦નો-૨/ડીવીપી--૨૮૮૬--૩૯૨૭(૮૯)એલથી મંજર કરેલી સુરેન્દ્રનગર ની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર

૧. આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અને "ABCDA" તરીકે નિશાની કરેલ સુરેન્દ્રનગરની મંજૂર કરેલી વિકાસ યોજનામાં ખેતીના ઉપયોગ માટે સૂચિત કરેલ રતનપુરના મ.સ. નં. ૨૮વાળી જમીન, સદરહું મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક)હેઠળ રહેણાંકના ઉપયોગ માટે સૂચિત કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના
અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી ફેબ્રુઆરી ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૯૭/ડીવીપી/૧૫૮૮/૩૨૭૩-(૯૧)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૯મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૯૭/ડીવીપી/૧૫૮૮/૩૨૭૩/(૯૧)/એલ : ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૩/૪૪૨૦/(૮૭)/એલ હેઠળ મંજૂર કરેલ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજના (જેનો હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ, અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૫૫/ડીવીપી/૧૫૮૮/૧૦૩૮(૯૦)/એલ હેઠળ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ--૪--બી ના પાના નંબર : ૫૮/૨૪ થી ૫૮/૨૫ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યક્તિનો સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટીસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી,

અને ગુજરાત સરકારે સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

અને ગુજરાત સરકારે, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે;

INDEX

તેથી, હવે. ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મી)ની કલમ—૧૯થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૧૩મી મે, ૧૯૯૧થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૭/૪૪૨૦/(૮૭)/એલ થી મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"ઔડા" ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ખાસ ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી આ સાથેના પ્લાન ઉપર " ABCDEFA " તરીકે નિશાની કરેલ વટવા ગામના મ.સ.નં. ૧૦૧૧/એ-બી વાળી જમીનો, સદરહુ મુકરર કરેલી વ્યવસ્થામાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, અધિનિયમની કલમ ૧૨ (૨) (દ) હેઠળ ધાર્મિક હેતુ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ઠી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૨૮/ટીપીએસ/૩૧૯૦/૨૭૭ (૯૧) એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૮/ટીપીએસ/૩૧૯૦/૨૭૭/(૯૧) એલ.—પંચાયત, ગૃહ નિર્માણ, અને શહેરી વિકાસ વિભાગના તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૭૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-પી/૧૯૭૭નો ૧૫૮/ટીપીએસ-૪૮૭૭/૬૪૨૨-ક્યુ, હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના

INDEX

અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, અંકલેશ્વર, નગરપાલિકાએ રજૂ કરેલ નગર રચના યોજના, અંકલેશ્વર નં. ૧નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગર રચના અધિકારીની નિમણૂક કરી હતી;

અને પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તારીખ ૩૦મી મે, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૩નો ૧૨૧/ટીપીએસ-૩૧૮૨/૧૬૮૯-(૮૩) એલ હેઠળ, ગુજરાત સરકાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, નગર રચના યોજના, અંકલેશ્વર નં. ૧ પ્રારંભિક મંજૂર કરે છે;

અને નગર રચના અધિકારીએ, ગુજરાત સરકારને, સદરહુ અધિનિયમની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે નગર રચના યોજના અંકલેશ્વર નં. ૧, છેવટની યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સાદર કરી છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) "સદરહુ છેવટની યોજના" મંજૂર કરે છે.

(ખ) એવું જણાવે છે કે "સદરહુ છેવટની યોજના" અંકલેશ્વર નગરપાલિકા (અંકલેશ્વર વિસ્તાર વિકાસ સત્તામંડળ,) અંકલેશ્વરની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાયના કામકાજના દરેક દિવસે કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા--કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૮મી માર્ચ, ૧૯૯૧ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી મે, ૧૯૯૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૯૮-ડીવીપી-૨૪૯૦/૭૪૮(૯૧) એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૯૮/ડીવીપી-૨૪૯૦/૯૪૮/(૯૧) એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી મે, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૧૯૮૮નો ૧૧૭/ડીવીપી/૨૪૮૬/૧૮૪૭(૮૮)/એલ હેઠળ મંજૂર કરેલી ગોંડલ નગર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ-૧૯ની પેટા કલમ-(૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(૧) આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

(૨) કોઈ પણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત સાદર કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૩મી મે, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮ના ૧૧૭/ડીવીપી/૨૪૮૬-૧૮૪૭-(૮૮)-એલથી મંજૂર કરેલી ગોંડલની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

ગોંડલની મંજૂર કરેલ વિકાસ યોજનામાં ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ માટે અનામત રાખેલ ગોંડલના મ. સ. નં. ૪૧૬/૧, ૪૧૬/૨, અને ૪૧૮ વાળી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ " ABCDEFGA " તરીકે નિશાની કરેલ આ સાથેના પ્લાન APP—'B' માં દર્શાવ્યા પ્રમાણે "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, JUNE 6, 1991/JYAISTHA 16, 1913 [No. 23

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૧૪૪/૯૦/એસટીસી/૧૦૮૭/૫૪૧/ઘનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૦.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક જીજી/૧૪૪/૯૦/એસટીસી/૧૦૮૭/૫૪૧/ઘ.—માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ ૧૯૫૦ (સન ૧૯૫૮ના ૬૪મા)ની કલમ ૭થી મળેલી સત્તાનીરૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૮૪/૯૦/એસટીસી/૧૦૮૭/૫૪૧/ઘ હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનના અધ્યક્ષ તરીકે નિમાયેલા શ્રી જયનારાયણ વ્યાસનું રાજીનામું સ્વીકારે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. કે. દુગ્ગલ,
સરકારના સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૧૯૯૧.

ગુજરાત ગૅઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૯૧/૪૨/એમ/ઈસીએલ/૧૬૮૯/૪૦૪/છ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT AGRICULTURAL LANDS CEILING ACT, 1960.

ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦ હેઠળ જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૧૯૯૧.

ક્રમાંક જીએચએમ-૯૧/૪૨/એમ/ઈસીએલ/૧૬૮૯/૪૦૪/છ.—શ્રી ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિમિટેડ, ચલથાણ (જિલ્લો સૂરત) એ (જેનો આમાં હવે પછી સદરહુ "ઔદ્યોગિક

અન્ડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા નિયમો, ૧૯૬૧ ના નિયમ-૩ સાથે વાંચતા ગુજરાત ખેત-જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ની કલમ-૩ની પેટા કલમ (૧)ના ખંડ (છ) હેઠળ મંજૂરી માટે અરજી કરી છે.

અને ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે સદરહુ ઔદ્યોગિક અન્ડરટેકિંગ, ખરેખર ઔદ્યોગિક કામકાજ કરે છે.

અને ઔદ્યોગિક કમિશનરે એવું પ્રમાણિત કર્યું છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી જમીનો ઔદ્યોગિક કામકાજના વિસ્તરણ અને હાલની જરૂરિયાતના હેતુ માટે જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦ (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૭મા)ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (છ)થી મળેલી સત્તાની રૂએ, સરકાર આથી, ગુજરાત સરકારના અભિપ્રાય મુજબ ઔદ્યોગિક કામકાજ એટલે કે રંગ રસાયણો બનાવવાનું ખરેખર કામ-કાજ કરે છે તેવા શ્રી ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિમિટેડ ચલથાણ (જિલ્લો સૂરત) તરીકે જાણીતા ઔદ્યોગિક અન્ડરટેકિંગને, સદરહુ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ ક્ષેત્રફળના પ્રમાણમાં મંજૂર કરે છે.

અનુસૂચિ

શ્રી ચલથાણ વિભાગ ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડ, ચલથાણ.

	જિલ્લો	તાલુકો	ગામ	સરવે નં. બ્લૉક નં.	ક્ષેત્રફળ એકર—ગુંઠા
	૧	૨	૩	૪	૫
૧.	સૂરત	પલસાણા	ચલથાણ	૧૫ ભાગ	૬—૦૯
			,,	૧૬	૫—૧૭
			,,	૧૮	૬—૩૬
			,,	૧૪ ભાગ	૨-૧૪
			,,	૧૭ ભાગ	૨—૩૯
			,,	૧૯ ભાગ	૦.૧૦+૧૫૭ મિટર.

INDEX

૧	૨	૩	૪	૫
૨. સૂરત	પલસાણા	વાંકાનેડા	૫૫	૩--૧૬
		,,	૫૭	૧--૨૩
		,,	૫૬	૬--૩૫
		,,	૪૫	૫--૨૩
૩. સૂરત	પલસાણા	કડોદરા	૧૬૪	૨--૩૭
૪. સૂરત	પલસાણા	ચલથાણ	૧૫	૬--૦૬
૫. સૂરત	પલસાણા	વાંકાનેડા	૪૬	૨-૦૬
	,,	,,	૪૭	૨-૧૯
	,,	,,	૪૮	૧--૦૯
	,,	,,	૬૦	૯--૩૯
૬. સૂરત	પલસાણા	ખરભાસી	૬૬	૧૦--૦૭
	,,	,	૮૬	૧૮--૦૨
				કુલ એકર : ૯૯--૧૨--૯૫૯

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. એસ. મકવાણા,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૦મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૮૯-બીઆઈઆર-૧૦૯૦-૪૦૫૦-એમ(૪)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY INDUSTRIAL RELATION ACT, 1946.

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ હેઠળ જાહેરનામું .

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૧.

ક્રમાંક કેએચઆર-૮૯-બીઆઈઆર-૧૦૯૦--૪૦૫૦-એમ(૪).—મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ (સન ૧૯૪૭ના મુંબઈના ૧૧મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા અગાઉના તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી—

૧. શ્રી જી. એલ. ભગત, મુખ્ય સમાધાન અધિકારીને બદલે શ્રી એ. કે. લુક, આઈ.એ.એસ.ને મજૂર કમિશનર તરીકે,

૨. શ્રી એ. એફ. પટેલ ઈન્ચાર્જ અધિક મજૂર કમિશનરને નાયબ-મુખ્ય સમાધાન અધિકારી અધિકારી તરીકે

નીમે છે.　　ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૦મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ/૯૧/૧૬/એમ-ઈસીએલ-૨૦૮૭-૧૭૦૭/છનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT AGRICULTURAL LANDS CEILING ACT, 1960.

ગુજરાત ખેત-જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ હેઠળ જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત ખેત-જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦.

ક્રમાંક: જીએચએમ/૯૧/૧૬/એમ-ઈસીએલ-૨૦૮૭-૧૭૦૭/છ.--શ્રી નીમેટા બીડ કો-ઓપરેટીવ ફાર્મિંગ સોસાયટી લિમિટેડ, (તાલુકો વાઘોડિયા, જિલ્લો વડોદરા)એ (જેનો આમાં હવે પછી અરજદાર સોસાયટી

INDEX

તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા નિયમો, ૧૯૬૦ના નિયમ ૪ સાથે વાંચતાં ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (ટ) હેઠળ મુક્તિ માટે અરજી કરી છે.

અને રાજ્ય સરકારના એવો અભિપ્રાય છે કે નીચે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા સરવે નંબર ૨૧૮માં સમાવિષ્ટ કરેલી જમીનો (જેનો આમાં હવે પછી "સદરહુ જમીન" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અરજદાર સોસાયટીને ખેડૂતોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ સુધારવાના અને ખેતી માટે જમીનોનો પૂરેપૂરો અને કાર્યક્ષમ ઉપયોગ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશો માટે જરૂર છે.

તેથી, હવે, ગુજરાત ખેત-જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ (સન ૧૯૬૧ના ગુજરાતના ક્રમાંક ૨૭મા)ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (ટ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (ટ)ના હેતુ માટે, અરજદાર સોસાયટીને મંજૂર કરે છે.

અનુસૂચિ

તારીખ ૧-૪-૧૯૭૬ના રોજ નીમેટા બીડ કો-ઓપરેટીવ ફાર્મીંગ સોસાયટી લિમિટેડ (તાલુકા વાઘોડિયા, જિલ્લો વડોદરા)ની ખેતીની જમીનની વિગતો.

જિલ્લો	તાલુકો	ગામ	સરવે નંબર	ક્ષેત્રફળ	
				એકર	ગુંઠા
વડોદરા	વાઘોડિયા	નીમેટા બીડ	૨૧૮	૧૨૬૬	૦૪

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એસ. મકવાણા,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૦મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીટી-૯૧-૧૨-ડીટીટી-૧૦૮૭-મપ૯-સી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

DRIVER IN THE DIRECTORATE OF TOURISM RECRUITMENT RULES, 1991.

પ્રવાસન નિયામકની કચેરીમાં ડ્રાઈવરની ભરતી બાબતના નિયમો, ૧૯૯૧ સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧.

ભારતનું સંવિધાન.

ક્રમાંક જીટી-૯૧-૧૨-ડીટીટી-૧૦૮૭-૫૫૫૯-સી.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, પ્રવાસન નિયામકની કચેરી ગુજરાત રાજ્યના તાબાની સેવામાં ડ્રાઈવર વર્ગ-૩ની જગા ઉપરની ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો "પ્રવાસન નિયામકની કચેરીમાં, ડ્રાઈવરની ભરતી બાબતના નિયમો, ૧૯૯૧" કહેવાશે.

૨. પ્રવાસન નિયામકની કચેરીમાં ડ્રાઈવર વર્ગ—૩ની જગા ઉપરની નિમણૂક—

(ક) પ્રવાસન નિયામકની કચેરીની તાબાની સેવામાં નાયક અથવા પટાવાળા વર્ગ—૪ની કાડરમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ કામ કર્યું હોય અને નિયમ ૩ના ખંડો (ખ) થી (ઝ) માં ઠરાવેલી લાયકાત અને અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને, અથવા

(ખ) સીધી પસંદગીથી,

કરવામાં આવશે.

૩. નિયમ ૨માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર—

(ક) ૩૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈએ નહિ;

(ખ) તેણે, સાતમું ધોરણ પાસ કર્યું હોવું જોઈએ;

(ગ) ડ્રાઈવીંગના સારા રેકર્ડવાળું આશરે પાંચ વર્ષનો ડ્રાઈવીંગ અનુભવવાળું માન્ય ભારે મોટર વાહન ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવતો હોવો જોઈએ;

(ઘ) તેને, લાયકાતો મેળવ્યા પછી, મોટર વાહનોના નિભાવ અને મરામતનો અનુભવ હોવો જોઈએ;

(ચ) તેને ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ;

INDEX

(છ) તે ઓછામાં ઓછી નીચેની શારીરિક યોગ્યતા ધરાવતો હોવો જોઈએ:—

(૧) ઉંચાઈ ૧૬૨ સેન્ટિમિટર.

(૨) છાતી ૭૯ સેન્ટિમિટર.

(જ) તે રતાંધળો હોવો જોઈએ નહિ અને સ્પષ્ટ જોવાની શકિત ધરાવતો હોવો જોઈએ;

(ઝ) (૧) ટ્રાફિક નિયમો અને (૨) ટ્રાફિક સિગ્નલો અને ડ્રાઈવીંગની નિશાનીઓનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવો જોઈએ:

પરંતુ અસાધારણ સારી લાયકાતો અથવા અનુભવ અથવા તે બંને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે :

વધુમાં, વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, ગુજરાત સરકારની નોકરીમાં હોય તે ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે :

વળી, પસંદગીના કોઈપણ તબક્કે યોગ્ય સત્તાધિકારીનો એવો અભિપ્રાય હોય કે અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો માટે અનામત રાખેલી ખાલી જગાઓ ભરવા માટે આ જાતિઓમાંથી પૂરતી સંખ્યામાં ઉમેદવારો ઉપલબ્ધ થવા સંભવ નથી, તો આવી જાતિના ઉમેદવારની બાબતમાં, યોગ્ય સત્તાધિકારીની વિવેકબુદ્ધિ અનુસાર સીધી પસંદગીથી નિમણૂક માટેના અનુભવ સંબંધી લાયકાતો હળવી કરી શકાશે.

૪. સીધી પસંદગીથી નીમાયેલા ઉમેદવારને એક વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રાખવામાં આવશે.

૫. પસંદ થયેલ ઉમેદવારે, તે અર્થે સરકાર, વખતોવખત ઠરાવે તે નિયમો અનુસાર, ખાતાકીય પરીક્ષા, હોય તો, તે અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમાયેલ ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તે પાસ કરવી પડશે.

૭. પસંદ થયેલ જે ઉમેદવારને સરકારી ખર્ચે તાલીમ આપવામાં આવી હોય તેણે, સરકાર, વખતોવખત, ઠરાવે તેવા નમૂનામાં અને તેવી મુદત માટે અને તેટલી રકમના જામીનગીરી અને જામીન ખતો કરી આપવાં પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. ડી. દેસાઈ,
સરકારના નાયબ સચિવ.

INDEX

તા. ૧--૫--૧૯૯૧ થી ૩૧--૫--૧૯૯૧ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

ક્રમ નં.	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધ થયાની તારીખ	વિભાગનું નામ.
		ભાગ—૯		
૧.	૫૩	ક(જીએસએન-૧૦-જીએસઆર-૧૦૯૧-૬૯-ક	૧--૫--૯૧	ભા. એ. કા નિ.
૨.	૫૪	ક(જીએચએન-૧૨)-જીએસટી-૧૦૯૧-(એસ-૪૯)-૨૩૭-ઠ.	„	„
૩.	૫૫	(૧) ક(છએચએન)-૧૫ સીઅંટી-૧૦૯૧-૮(૫)-૮૫-ઠ	„	„
		(૨) છએચએન-૧૫)-સીએસટી-૧૦૯૧-એસ-૮(૫)-૮૬(ઠ)	„	„
૪.	૫૬	ક(જીએચએન-૧૭)-સીએસટી-૧૦૯૧-એસ-૮-(૫)-(૮૭)-(ઠ)	„	„
૫.	૫૭	(૧) ક(જીએચએન-૧૩)-જીએસટી-૧૦૯૧-(એસ-૪૯)-૨૩૮-ઠ.	„ ૧૩--૫--૯૧	„
		(૨) (જીએચએન-૧૪)-જીએસટી-૧૦૯૧-(એસ-૪૯)-૨૩૯-ઠ.		
૬.	૫૮	ક(જીએચએન-૧૯)-જીએસટી-૧૦૭૦-(એસ-૪૯)-(૨૪૦-ઠ).	૧૬--૫--૯૧	„
૭.	૫૯	ક(જીએચએન-૨૦)-જીએસટી-૧૦૯૧-(એસ-૪૭)-૨૪૧-ઠ.	૩૦--૫--૯૧	„
૮.	૬૦	(૧) જીએચકે-એલડી-૭-૩૫૫૦- .૮-૯૧-પી	૩૧--૫--૯૧	„
		(૨) જીએચકે-એલડી-૭-૩૫૪૯-૫૩-૯૧-પી		
		(૩) જીએચકે-એલડી-૯-૩૫૪૮-૫૪-૯૧-પી.		

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/3

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, JUNE 13, 1991/JYAISTHA 23, 1913 [No. 24

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના, સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૯૧-૮૨-સીએલએ-૧૦૮૮-૨૦૭૩ એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

 હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

THE CONTRACT LABOUR (REGULATION AND ABOLITION) (GUJARAT) RULES, 1972

કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત) નિયમો, ૧૯૭૨ સુધારવા સંબંધી જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૧.

કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦.

ક્રમાંક જીયુ-૯૧-૮૨-સીએલએ-૧૦૮૮-૨૦૭૩-એમ(૩).—કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) **અધિનિયમ**, ૧૯૭૦ (સન ૧૯૭૦ના અધિનિયમ ક્રમાંક ૩૭મા)ની કલમ ૩૫ હેઠળ કાઢવા ધારેલા **જાહેરનામાનો** નીચેનો મુસદ્દો સદરહુ કલમ ૩૫ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર **થવાનો** સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી **નોટિસ** આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી પિસ્તાલીસ **દિવસ** પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થયા પહેલાં સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈપણ વ્યકિત તરફથી મજૂર **કમિશનર**, ગનહાઉસ, ખાનપુર, અમદાવાદને જે કોઈ વાંધા અથવા સૂચના મળશે તે સરકાર **વિચારણામાં** લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક જીયુ-૯૧-૮૨-સીએલએ-૧૦૮૮-૨૦૭૩-એમ-(૩).—કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) **અધિનિયમ**, ૧૯૭૦ (સન ૧૯૭૦ના ૩૭માની) કલમ ૩૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, **આથી**, કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત) નિયમો, ૧૯૭૨ વધુ સુધારવા નીચેના **નિયમો** કરે છે

૧. આ નિયમો 'કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત) નિયમો, ૧૯૭૨ (જેનો આમાં હવે પછી, **"સદરહુ નિયમો"** તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨૪માં, "રૂા. ૩૦" એ અક્ષર અને **આંકડાને** બદલે "રૂા. ૯૦" એ અક્ષર અને આંકડા મૂકવા.

(૨) પરંતુકમાં, "રૂા. ૫--૦૦" એ અક્ષર અને આંકડાને બદલે, "રૂા. ૧૫--૦૦" એ અક્ષર **અને** આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૬ને બદલે, નીચેનો નિયમ મૂકવો :—

"**૨૬. ફી.**—(૧) કલમ ૭ હેઠળ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર આપવા માટે ભરવાની ફી નીચે નિર્દિષ્ટ **કર્યા** પ્રમાણેની રહેશે :—

INDEX

કોઈપણ દિવસે કન્ટ્રાક્ટ ઉપર કામે રાખવાના સૂચિત કામદારોની સંખ્યા.—

(ક) ૨૦ હોય તો,	રૂ.	૬૦/-
(ખ) ૨૦ થી વધુ હોય, પણ ૫૦ થી વધુ ન હોય તો	રૂ.	૧૫૦/-
(ગ) ૫૦ થી વધુ હોય, પણ ૧૦૦ થી વધુ ન હોય તો	રૂ.	૩૦૦/-
(ઘ) ૧૦૦ થી વધુ હોય પણ ૨૦૦ થી વધુ ન હોય તો	રૂ.	૬૦૦/-
(ચ) ૨૦૦ થી વધુ હોય, પણ ૪૦૦ થી વધુ ન હોય તો	રૂ.	૧૨૦૦/-
(છ) ૪૦૦ થી વધુ ન હોય તો	રૂ.	૧૫૦૦/-

(૨) કલમ ૧૨ હેઠળનું લાઈસન્સ આપવા માટે ભરવાની ફી નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રહેશે:—

કોઈપણ દિવસે કન્ટ્રાક્ટ ઉપર કામે રાખવાના કામદારોની સૂચિત સંખ્યા.—

(ક) ૨૦ હોય તો	રૂ.	૧૫/-
(ખ) ૨૦ થી વધુ હોય પણ ૫૦ થી વધુ ન હોય તો.	રૂ.	૩૭.૫૦
(ગ) ૫૦ થી વધુ હોય, પણ ૧૦૦ થી વધુ ન હોય તો	રૂ.	૭૫/-
(ઘ) ૧૦૦ થી વધુ હોય પણ ૨૦૦ થી વધુ ન હોય તો	રૂ.	૧૫૦/-
(ચ) ૨૦૦ થી વધુ હોય, પણ ૪૦૦ થી વધુ ન હોય તો	રૂ.	૩૦૦/-
(છ) ૪૦૦ થી વધુ હોય તો	રૂ.	૩૭૫/-.".

૪. નિયમ ૩૨માં,—

(૧) પેટા-નિયમ-(૬)માં, ખંડો (ક), (ખ) અને (ગ)ને બદલે નીચેનો મજકૂર મૂકવો.—

"(ક) ૨૦ થી વધુ હોય, પણ ૫૦ થી વધુ ન હોય તો	રૂ.	૩૦/-
(ખ) ૫૦ થી વધુ હોય, પણ ૨૦૦ થી વધુ ન હોય તો	રૂ.	૬૦/-
(ગ) ૨૦૦ થી વધુ હોય તો	રૂ.	૯૦/-.".

(૨) પેટા-નિયમ (૭)માં, ખંડો (ક), (ખ) અને (ગ) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો.—

"(ક) ૨૦ થી વધુ હોય પણ ૫૦ થી વધુ ન હોય તો	રૂ.	૧૫/-
(ખ) ૫૦ થી વધુ હોય, પણ ૨૦૦ થી વધુ ન હોય તો	રૂ.	૬૦/-
(ગ) ૨૦૦ થી વધુ હોય તો	રૂ.	૯૦/-.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૫મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ--બી--૯૧--૮૫--એમ.વી.આર.--૧૬૯૧--૧૫૭૫--ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી મે, ૧૯૯૧.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯.

ક્રમાંક : જીએચ/બી/૯૧/૮૫/એમવીઆર/૧૬૯૧/૧૫૭૫/ખ. -ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૨૨ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, સન ૧૯૯૧ના મે મહિનાની ૨૬મી તારીખે યોજનારી લોકસભાની અને રાજ્ય વિધાનસભાની ૨૫-જામનગર, ૧૩૮--બોરસદ અને ૧૫૫--વાગરા મતદાર મંડળોની સામાન્ય ચૂંટણીના સંબંધમાં, સરકારે રોકેલ કર્મચારીઓને લાવવા લઈ જવા માટે જેનો ઉપયોગ કરવાનો હોય તેવાં, ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહાર કોર્પોરેશનની તેમજ ખાનગી ઓપરેટરોની માલિકીના જાહેર સેવા વાહનોને, તારીખ ૧૮મી મે, ૧૯૯૧ થી તારીખ ૩૧મી મે, ૧૯૯૧ સુધીની મુદત માટે, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૫૧ના અમલમાંથી મુકત રાખે છે. અને એવી રીતે મુકત રાખેલાં વાહનોમાં લઈ જઈ શકાય તેટલા ઉતારૂઓની વધુમાં વધુ સંખ્યા નક્કી કરવાની પ્રાદેશિક વાહન-વ્યવહાર સત્તામંડળને સત્તા આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. રાવલ,
સરકારના ઉપ-સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૫મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના કાયદા વિભાગ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે--૯૧--૧૫--સીસીએ--૧૦૮૩--૨૧૫૯--ડીનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY CIVIL COURT ACT, 1869

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૦મી મે, ૧૯૯૧.

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯.

ક્રમાંક : જીકે/૯૧/૧૫/સીસીએ--૧૦૮૩--૨૧૫૯--ડી.--મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯, (સન ૧૮૬૯ના ૧૪મા)ની કલમ ૨૩ થી મળેલી સત્તાની રૂએ અને અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના સંબંધમાં આ અર્થે કાઢેલા અગાઉના તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૧ના જૂન મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, અમરેલી જિલ્લાના બાબરા મહેસૂલી તાલુકામાંથી ઉપસ્થિત થતા દીવાની પ્રકારના દાવા અને કાર્યવાહીઓના કામકાજ માટે અમરેલી જિલ્લાના લાઠી ખાતેના સિવિલ જજ (જુનીયર ડીવીઝન) જે સ્થળે પોતાની કોર્ટ રાખી શકે તે સ્થળ તરીકે અમરેલી જિલ્લાના બાબરાને પણ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, JUNE 20, 1991/JYAISTHA 30, 1913 [No. 25

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩જી જુન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૫૬/ ડીવીપી--૩૨૯૦/૬૦૭(૯૧)એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

 હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ
જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:-જીએચ--વી--૧૯૯૧નો ૫૬-ડીવીપી-- ૩૨૯૦--૬૦૭--(૯૧)--એલ--તરસાળી ગ્રામ પંચાયતે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ. ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ પોતાની ગ્રામ પંચાયતની હદમાં સમાવિષ્ટ કરેલી જમીનોના સંબંધમાં સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે અને સુધારેલ વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દો અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરાત તારીખ:- ૧લી ડીસેમ્બર, ૧૯૮૮ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ--૨ના પાના નંબર ૬૨૭ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી;

અને તરસાળી વિસ્તાર વિકાસ સત્તામંડળે (તરસાળી ગ્રામ પંચાયતે) રાજય સરકારને મંજૂરી માટે રજુ કરેલા તરસાળીની સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો કરવાનું સરકારને જરૂરી લાગેછે;

તેથી હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ(૧)ના ખંડ(ક)ના પેટા-ખંડ(૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. આ સાથે જોડેલી અનુસૂચિ પ્રમાણે, ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફારો સંબંધી સૂચનો અથવા વાંધા હોય, તો તે આ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવે છે. નીચે જણાવેલ ફેરફારો દર્શાવતો નકશો, તરસાળી ગ્રામ પંચાયતની કચેરીમાં ઉપર્યુકત બે મહિનાની મુદત દરમ્યાન તમામ કામકાજના દિવસોએ, કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

તરસાળી (જિ.સુરત)ની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના સૂચિત ફેરફારો.

૧. સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરેલી સ.સ. નં. ૩૪૬/ભાગ (હાલની મસ્જીદ)વાળી જમીન, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન,આ સાથે, જોડેલા પ્લાનમાં અનુક્રમાંક-૧ આગળ દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ-૧૨(૨)(દ) હેઠળ સાર્વજનિક ધાર્મિક સ્થળ તરીકે મુકરર કરવી.

INDEX

૨. સુધારેલી વિકાસ યોજનાના મુસદામાં રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરેલી મ.સ. નં. ૨૮૨ (હાલના તળાવ) વાળી જમીન, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક-૨ આગળ દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨)(દ) હેઠળ તળાવ તરીકે દર્શાવવી.

૩. સુધારેલી વિકાસ યોજનાના મુસદામાં ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી મ.સ.નં. ૬૮૮ (હાલના તળાવ)વાળી, જમીન, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના પ્લાનમાં અનુક્રમાંક:-૩ આગળ દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨) (દ) હેઠળ તળાવ તરીકે દર્શાવવી.

૪. સુધારેલી વિકાસ યોજનાના મુસદામાં ઔદ્યોગિક ઉપયોગ, માટે મુકરર કરેલી મ. સ.નં. ૭૩૧/ ભાગ (હાલના સ્મશાનગૃહ)વાળી જમીન, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૪ આગળ દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨)(દ) હેઠળ સ્મશાન ગૃહ તરીકે મુકરર કરવી.

૫. સુધારેલ વિકાસ યોજનાના મુસદામાં ખેતીના ઉપયોગ માટે મુકરર કરેલી મ.સ. નં.૬૭૫,૬૭૬ ૬૭૮ વાળી જમીનો, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૫ આગળ દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨)(ક)હેઠળ ઔદ્યોગિક ઉપયોગ તરીકે મુકરર કરવી.

૬. તરસાળીની સુધારેલી વિકાસ યોજનાના મુસદાના વિકાસ નિયંત્રણ વિનિયમોમાં "સ્થાનિક સત્તા મંડળ" એ શબ્દો જયાં વપરાયા છે. ત્યાં તેને બદલે "યોગ્ય સત્તામંડળ" એ શબ્દો મૂકવા.

૭. વિનિયમોના પાના ક્રમાંક ૧૨ ઉપરના વિનિયમ ક્રમાંક ૫(૨)માં વધુમાં વધુ પરવાનગીપાત્ર બાંધકામ વિસ્તાર અને વધુમાં વધુ પરવાનગીપાત્ર ફલોર સ્પેસ ઈન્ડેક્ષ સંબંધી કોષ્ટકની નીચે, નીચેની નોંધ ઉમેરવી:-

નોંધ:- ૧. ૨ અને ૧.૯ના ફલોર સ્પેસ ઈન્ડેક્ષ વચ્ચે કોઈ પ્રક્ષેપ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ અને કોઈપણ સંજોગોમાં કોઈપણ મકાનની ઉંચાઈ ૩૦.૦૦ મિટરથી વધવી જોઈશે નહિ."

૮. વિનિયમના પાના ક્રમાંક ૪૫ ઉપર વિનિયમ ક્રમાંક ૩૧.૨(૪)ને બદલે, નીચેનો મજકુર મૂકવો:-

"૫૦૦૦ચો.મિ. થી વધુ અને ૨૦,૦૦૦ચોમિ. સુધીના ક્ષેત્રફળવાળા ઔદ્યોગિક મકાન એકમમાં, મકાન એકમના ક્ષેત્રફળના ૮%ના દરે સહિયારા પ્લોટની જોગવાઈ કરવી જોઈશે ૫૦૦૦ ચો.મિ. સુધીના ક્ષેત્રફળવાળા ઔદ્યોગિક મકાન એકમની બાબતમાં, સહિયારા પ્લોટની જરૂરિયાત રહેશે નહિ.".

૯. (૧) પાના ક્રમાંક ૪ ઉપર વિનિયમ ક્રમાંક, ૪(૪)(૧)માં, "૩૦૦ ચો.મિ. "એ આંકડાને બદલે, "૫૦૦ ચો.મિ." એ આંકડો મૂકવો.

(૨) પાના ક્રમાંક ૧૧ ઉપર વિનિયમ ક્રમાંક ૪(૪)(૧)માં, "નાનાં કારખાનાં "એ શબ્દો પછી,"છુટક વેચાણની દુકાનો, હોટેલ અને રેસ્ટોરન્ટ"એ શબ્દો ઉમેરવા.

(૩) પાના ક્રમાંક ૧૧ ઉપર વિનિયમ ક્રમાંક ૪(૪)(૨)માં "હોટેલ" એ શબ્દને બદલે, "શોપીંગ સેન્ટર "એ શબ્દો મૂકવા.

૧૦. વિકાસ નિયંત્રણ વિનિયમના પાના ક્રમાંક ૪૬ ઉપર વિનિયમ ક્રમાંક ૩૩ નીચે પ્રમાણે મૂકવો-

INDEX

છુટછાટ :- (૧) (૧) સ્થાનિક સત્તામંડળ (૨) સરકાર (૩) ગૃહનિર્માણ બોર્ડ અને (૪) સ્ટેચ્યુટ હેઠળ રચાયેલ કોઈ સંસ્થાપિત મંડળના માલિકીના પ્લોટોની બાબતમાં યોગ્ય સત્તાધિકારી,કારણોની લેખિત નોંધ કરીને, જાહેર હિતમાં વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં, યથાપ્રસંગ છુટછાટ મૂકી શકશે અથવા તેવો અમલ જતો કરી શકશે :

પરંતું બાંધકામ વિસ્તાર, એકત્રિત ખુલ્લી જગા, માર્જિનની ખુલ્લી જગા, ફલોર સ્પેસ ઈન્ડક્ષ ઉપર વધુ ઉંચાઈવાળા મકાનોની જોગવાઈઓ અને ફલોર સ્પેસ ઈન્ડેક્ષ સંબંધીના વિકાસ વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં છૂટછાટ આપવી જોઈશે નહિ અથવા તેનો અમલ જતો કરવો જોઈશે નહિ.

(૨) વિકાસ યોજનાના પૂર્વવર્તી વિનિયમોમાં ગમે તે મજકુર હોય તે છતાં, આ વિનિયમો અમલમાં આવ્યા પહેલાં ઊભા કરવામાં આવેલા ચાલુ બાંધકામોમાં વધારો કરતાં ન હોય તેવા ફેરફારો ને તે લાગુ પડવાના કારણે, માલિકને, આ વિનિયમોથી હાડમારી થતી હોય તે કિસ્સાઓમાં, યોગ્ય સત્તાધિકારી, દરેક વ્યકિતગત કેસના ગુણદોષ ધ્યાનમાં લઈને અને કારણોની લેખિત નોંધ કરીને, વિકાસ યોજનાના કોઈ વિનિયમમાં, યથાપ્રસંગ, છુટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે:-

પરંતુ વધુ ઊંચાઈવાળા મકાન માટેના કોઈપણ વિનિયમમાં આ છુટછાટ મૂકી શકાશે નહિ.

(૩) યોગ્ય સત્તાધિકારીએ જેના સંબંધમાં લે-આઉટ અને પેટા-વિભાજન મંજૂર કર્યા હોય તે વિદ્યમાન મકાન એકમોની બાબતમાં અથવા રસ્તા પહોળા કરવાથી અને વિકાસ યોજના માટે વિકાસ યોજનામાં કરેલી દરખાસ્તોથી જેને અસર થઈ હોય તેવા મકાન એકમોની બાબતમાં, યોગ્ય સત્તાધિકારીનો એવો અભિપ્રાય થાય કે વિનિયમો ક્રમાંક ૧૧ અને ૧૨ની તમામ જરૂરિયાતોમાં અથવા તે પૈકીની કોઈપણ જરૂરિયાતોમાં યોગ્ય રીતે છૂટછાટ મૂકવામાં આવી હોય અથવા તે જતી કરવામાં આવી હોય તે સિવાય, આવા મકાન, એકમોનો યથાપ્રસંગ વાજબી વિકાસ થઈ શકે એમ છે અથવા કરવાનું શકય બન્યું છે, તો તે, કારણોની લેખિત નોંધ કરીને, ઉપર જણાવેલા વિનિયમોની જરૂરિયાતોમાં છૂટછાટ મૂકી શકશે:

પરંતુ આવા તમામ મકાન એકમોમાં વધુ ઊંચાઈવાળા મકાનો માટેના કોઈપણ વિનિયમમાં છૂટછાટ મૂકી શકાશે નહિ.

૧૧. (ક) આર્થિક રીતે નબળા વર્ગના ગૃહનિર્માણ માટે પાના ક્રમાંક : ૩૧ ઉપરનો ઉપ-નિયમ ક્રમાંક ૧૬ નીચે પ્રમાણે મૂકવો :— —

(૧) વિનિયમ ક્રમાંક : ૧૬.૧ (૪)માં "ના કોઈપણ છેડે" એ શબ્દો કમી કરવા.

(૨) વિનિયમ ક્રમાંક : ૧૬.૧ (૪)માં. નીચે પ્રમાણેનો મજકૂર મૂકવો :—

જ્યાં વિકાસ આયોજિત પ્રકારનો વિકાસ હોય ત્યાં, એકત્રિત ખુલ્લી જગાની જરૂર રહેશે નહિ, પણ જ્યાં હાથ ધરેલ વિકાસ, વિકાસ ઘટકના અથવા જૂથ ગૃહનિર્માણના સ્વરૂપે હોય ત્યાં, વિકસિત પ્લોટ ક્ષેત્રફળના ૧૦ ટકાથી ઓછી ન હોય તેટલી ખુલ્લી જગાનો / સમૂહ વિકાસ માટેની ખુલ્લી જગાનો પ્રબંધ કરવો જોઈશે, જે જગા ઉપમાર્ગો, માર્ગો અથવા માર્જિન સિવાયની રહેશે.

આવી ખુલ્લી જગાના/સમૂહ વિકાસ માટેની ખુલ્લી જગાના ક્ષેત્રફળના એક ઉષ્ટાંશ ભાગ ઉપર ગ્રંથાલય, શાળા, કોમ્યુનીટી હોલ અને અન્ય લોકોપયોગી સેવા જેવી સમૂહ વિકાસ માટેની સગવડો માટે ભોંયતળિયા પરના માળના બાંધકામ સાથે બાંધકામ કરવા દેવામાં આવશે.

INDEX

૧૧. (ખ) મકાનના સામાન્ય વિનિયમો :—

(૧) પ્લિન્થની ઓછામાં ઓછી ઊંચાઈ, ઉપમાર્ગ અથવા માર્ગની ઉપલી સપાટીથી ૩૦ સેન્ટીમીટર હોવી જોઈશે.

(૨) પરવાનગીપાત્ર વધુમાં વધુ ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ ૧.૦૦ હોવો જોઈશે.

(૩) (ક) લીવીંગરૂમ, બેડરૂમનું માપ, ઓછામાં ઓછી ૨.૪ મિટરની પહોળાઈ સાથે, ૮.૦૦ ચોરસ મિટરથી ઓછું હોવું જોઈએ નહિ અને રસોડાની અલગ જોગવાઈ કરી હોય તો તેનું માપ ઓછામાં ઓછી ૨.૦૦ મિટરની પહોળાઈ સાથે ૫.૫ ચોરસ મિટરથી ઓછું હોવું જોઈએ નહિ. એક જ ઓરડાવાળા મકાનની બાબતમાં, રસોઈ કરવા માટેની જગા સહિત બહુલક્ષી ઓરડાનું માપ ઓછામાં ઓછી ૨.૪ મિટરની પહોળાઈ સાથે, ૧૨.૫ ચોરસ મિટરથી ઓછું હોવું જોઈએ નહિ.

(ખ) (૧) સ્વતંત્ર બાથરૂમ અને જાજરૂનું માપ, દરેકની ઓછામાં ઓછી ૦.૯૦ મિટરની પહોળાઈ સાથે ૦.૯૦ ચોરસ મિટર હોવું જોઈએ.

(૨) એકત્રિત બાથરૂમ અને જાજરૂનું માપ, ઓછામાં ઓછી ૧ મિટરની પહોળાઈ સાથે ૧.૮૦ ચોરસ મિટર હોવું જોઈશે.

(ગ) બાલ્કની માટે જોગવાઈ કરી હોય, તો તેની પહોળાઈ ૧.૨૦ મિટરથી વધું હોવી જોઈએ નહિ અને શેઈડ લાઈન બહાર અને રસ્તા અથવા માર્ગ ઉપર બહાર બાંધકામ કરેલું હોવું જોઈશે નહિ.

(૪) (૧) ઓરડાની ઓછામાં ઓછી ઉંચાઈ નીચે પ્રમાણે રહેશે :—

લીવીંગ રૂમ	૨.૪૦	મિટર
રસોડાનો ઓરડો	૨.૪૦	મિટર
બાથરૂમ/જાજરૂ.	૨.૦૦	મિટર
ગેલેરી	૨.૦૦	મિટર

(૨) ઢળતા છાપરાનો ઓછામાં ઓછો ઢાળ, જી. આઈ. શીટ, એસબેસ્ટોસ શીટ અથવા નળિયાવાળા છાપરા માટે ૩૦°રહેશે. જ્યારે આરસીસીના ઢળતા છાપરા માટે ઓછામાં ઓછો ઢાળ ૧૨° રહેશે.

(૩) ઢળતા છાપરાના બાબતમાં, છાપરાની સરેરાશ ઉંચાઈ ૨.૦૦ મિટર હોવી જોઈશે અને કવરની ઓછામાં ઓછી ઊંચાઈ ૨.૧ મિટર હોવી જોઈશે.

(૪) બારીઓ, વા-બારીઓમાંનું બાકું અને પ્રકાશ અને હવાની અવરજવર માટેનું અન્ય બાકું નીચે પ્રમાણે જોઈશે:—

(૧) ઓરડાના ભોંયતળિયાના ક્ષેત્રફળનો એકદશાંશ ભાગ,

(૨) જાજરૂ અને બાથરૂમ માટે ૦.૨૦ ચોરસ મિટરથી ઓછું હોવું જોઈશે નહિ. દાદરની પહોળાઈ ઓછામાં ઓછી ૦.૭૫ મિટર હોવી જોઈશે. દાદરના પગથિયાની ઊંચાઈના ભાગની વધુમાં વધુ ઊંચાઈ ૨૦ સેન્ટીમીટર હોવી જોઈશે. નિસરણીના પગથિયાના ઉપરના ભાગની ઓછામાં ઓછી

INDEX

પહોળાઈ ૨૨.૫ સે. મી. હોવી જોઈશે. દાદરના મથાળાના ઉપરનો પૂરો ભાગ ઓછામાં ઓછો ૨.૧ મિટર હોવો જોઈશે. પગથિયાને બદલે, ઓછામાં ઓછી ૦.૬૦ મિટરની જડિત નિસરણીની છૂટ આપી શકાશે.

(૫) વિનિયમ ક્રમાંક : (૫)ના પાના ક્રમાંક ૩૪ ઉપર બાંધકામ સંબંધી જરૂરિયાતવાળા વિનિયમ ક્રમાંક ૧૬.૪ માં નીચે પ્રમાણે ઉમેરો કરવો :—

"બાંધકામ કરેલ બાંધકામો, ઓછામાં ઓછું પાકા પ્લિન્થ અથવા વગેરેનું હોવા જોઈએ અને બાંધકામની દ્રષ્ટિએ તે મજબૂત અને સલામત હોવા જોઈશે. "

૧૨. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ક્રમાંક : ૧૧ ઉપર વિનિયમ ક્રમાંક : ૪ (૪) નીચેના કોષ્ટકમાં, નીચેની વિશેષ નોંધ ઉમેરવી :—

"મકાન પ્લોટનું ઓછામાં ઓછું માપ, ૫૦ ચો. મિ. કરતાં ઓછુ હોવું જોઈશે નહિ. તેમ છતાં, (કેન્દ્ર, રાજ્ય, સ્થાનિક સત્તામંડળ, આર્થિક રીતે નબળા વર્ગ, જીવન વીમા નિગમ, સહકારી ગૃહ નિર્માણ મંડળી અને તે સમયે અમલમાં હોય તેવા કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલ બીજા સત્તામંડળ અથવા મંડળે હાથ ધરેલ ગૃહનિર્માણ યોજનાની બાબતમાં ઓછામાં ઓછા ૪૦ ચો. મીટર ના પ્લોટની પરવાનગી આપવામાં આવશે.)".

૧૩. વિકાસ નિયંત્રણ વિનયમોના પાના ક્રમાંક : ૪૭ ઉપર વિનિયમ [illegible]માં "શિક્ષા"માં "૧૦૦૦" એ આંકડાને બદલે, "૫૦૦૦" એ આંકડો મૂકવો.

INDEX

INDEX

૧૪. ઉપયોગ ઝોનનું કોષ્ટક નીચે પ્રમાણે મૂકવું :—

ઉપયોગ-ઝોનનું કોષ્ટક

અનુ-ક્રમાંક	જમીન ઉપયોગ ઝોન	ઝોનમાં પરવાનગી મેળવેલ ઉપયોગ	વિસ્તાર વિકાસ સત્તા-મંડળની મંજૂરી મળ્યે, પરવાનગીપાત્ર ઉપયોગો	વિશેષ નોંધ
૧	૨	૩	૪	૫
૧.	રહેણાંક	તમામ પ્રકારના રહેણાંકના મકાનો, નિવાસગૃહો, છાત્રાલયો, શૈક્ષણિક મકાન, ગ્રંથાલયો, મંદિરો, મસ્જિદો, દેવળો અને પ્રાર્થનાના અન્ય સ્થળો, કિલનીક, દવાખાના અને આરોગ્ય કેન્દ્રો, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ, આનંદ-પ્રમોદના ઉપયોગો, કલબો અને બિન-વાણિજ્યિક વીશી અને અતિથિ-ગૃહો, સાર્વજનિક ઉપયોગિતાના સેવાના મકાનો.	છૂટક વેચાણની દુકાનો, ઓફિસો, મરઘાં-બતકાં ઉછેર કેન્દ્રો, ઘર-વપરાશનો ઉદ્યોગ, સ્થાનિક અને સેવા દુકાનો, કોટાચાકી, પેટ્રોલ ભરવાના સ્ટેશનો, હળવાં વાહનો માટેના સર્વિસ સ્ટેશન, નર્સિંગ હોમ, હોસ્પિટલ, જાહેર સભાના સ્થળો, જેવા કે પ્રેક્ષકગૃહ, ટાઉન હોલ.	જેમાં કોઈપણ પ્રકારની શકિતથી ચલા-વાતા કોઈપણ યંત્રનો ઉપયોગ થતો ન હોય અથવા જેમાં તેવું યંત્ર ગોઠવવામાં આવ્યું ન હોય અને જેમાં અવાજ, કંપન, ધૂળ વગેરે ઉપસ્થિત થતાં ન હોય, તેવા રૂઢિગત ગૃહ ધંધાનો અને કુટિર ઉદ્યોગોનો ગૃહ ઉદ્યોગમાં સમાવેશ થાય છે.
૨.	વાણિજ્યિક	તમામ ઉપયોગી રહેણાંકના ઝોન, છૂટક વેચાણની દુકાનો, ડીપાર્ટમેન્ટલ સ્ટોર, ધંધા અને વ્યવસાય માટેની ઓફિસો, હજામ, દરજી, ધોબી અને રીપેરીંગની દુકાનો જેવી સેવાની દુકાનો, રેસ્ટોરાં, બેન્કો, પેટ્રોલ ભરવાના સ્ટેશનો, હળવા ઘર વપરાશના ઉદ્યોગો, વિશિષ્ટ બજારો, જથ્થાબંધ બજારો, મંડી, કિલનીક, નર્સિંગ હોમ, હોસ્પિટલો, સેનેટોરિયમ, સિનેમા-થિયેટરો જેવા મનોરંજનના સ્થળો, સાર્વજનિક હોલ રીપેરીંગ ગેરેજ.	જથ્થાબંધ વેચાણની વખારો, ગોદામો, ઈમારતી લાકડાના ડેપો, સોમીલ્સ, ઢોર બજાર, તમામ હળવા સ્વચ્છ ઉદ્યોગોમાં ૪૦ જેટલા કામદારો હોવા જોઈએ.	

૧	૨	૩	૪	૫
૩.	ઔદ્યોગિક	તમામ પ્રકારનાં કારખાના અને (નુકશાનકારક તથા જોખમકારક ઉદ્યોગ ન હોય તેવા) ઉદ્યોગો, ગોદામો, દાણા બજાર, સૉ-મિલ્સ, ઈમારતી લાકડાના ડેપો, છૂટક વેચાણની દુકાનો, ધંધાકીય મકાનો, બેન્કો, રેસ્ટોરાં, હોટલો, પેટ્રોલ ભરવાના સ્ટેશન, સર્વિસ સ્ટેશન, મનોરંજનના સ્થળો, પલ્સ મીલ, તબીબી અને આરોગ્યની સગવડો.	(પુરવણીમાં આપેલી યાદી પ્રમાણે) નુકશાનકારક અને જોખમકારક ઉદ્યોગો, ઔદ્યોગિક જગાની અંદર ચોવિસ કલાક માટે જેમની હાજરી અનિવાર્ય રીતે જરૂરી હોય એવા ઔદ્યોગિક કામદારો/અન્ય જાહેર ઉપયોગિતા સેવા સ્ટાફ માટેના રહેઠાણનાં મકાનો.	નોંધ:—(૧) ઔદ્યોગિક કામદારો માટે, ઔદ્યોગિક ઝોનમાં પરવાનગી આપવાની હોય તેવા રહેઠાણના કવાર્ટર્સ માટે, ઉદ્યોગોની આજુબાજુનો વિસ્તાર સ્વાસ્થ્યને જોખમકારક અને નુકશાનકારક ન હોય તેવો હોવો જોઈશે. (૨) ઔદ્યોગિક કામદારો માટે, ઔદ્યોગિક ઝોનમાં રહેણાંકના કવાર્ટર્સના વિકાસ માટે, ગુજરાત પાણી અને હવા પ્રદુષણ નિયંત્રણ બોર્ડ જેવા યોગ્ય સત્તા મંડળનું "ના વાંધા પ્રમાણપત્ર" વગેરે મેળવવું જોઈશે.
૪.	કૃષિ વિષયક	તમામ પ્રકારના કૃષિ વિષયક ઉપયોગો, નર્સરીઝ, ફૂલોના બગીચા અને ફળના ફાર્મ, પ્રાણીઘર, મરઘાં-બતકા ઉછેર ફાર્મ, ડેરી, પશુપાલન, તબેલા, મીઠા ઉત્પાદન કેન્દ્ર, રાસાયણિક ખાતર સ્ટોર કરવા અને કૃષિલક્ષી ઉદ્યોગોના સાધનો વિકસાવવા, ફાર્મ, પથ્થરની ખાણો, પથ્થરની કપચી બનાવવાના સ્થળો, ૨,૦૦૦ ચો. મિ. થી ઓછા ન હોય તેવા પ્લોટમાં આવેલા ફાર્મ હાઉસ માટેનો વ્યકિતગત રહેઠાણનો બંગલો અને જેનો બાંધકામ વિસ્તાર જે માર્ગ પર પ્લોટ અડીને આવેલ હોય તે માર્ગથી ૩૦ મીટર કરતાં ઓછા ન હોય તેટલા અંતરે બાંધવાના મકાન-પ્લોટ-ક્ષેત્રફળના ૨ ટકા કરતાં વધારે હોવો જોઈશે નહિ,	સુએઝ ફાર્મ, જમીન ખેડવી, ઈંટોની ભઠ્ઠીઓ અને માટીના વાસણ બનાવીને તે ઉતારવાના ઉદ્યોગો; શીતસ્ટોરેજ, શૈક્ષણિક અને સંસ્થાકીય ઉપયોગો, જેમાં પ્લોટ વિસ્તારના વિસ્તાર માટે મકાનનું બાંધકામ કરવાની છૂટ આપી શકાશે.	
૫.	ગામઠાણ	કોલમ ક્રમાંક ૪ માં જણાવેલ ઉપયોગો સિવાયના રહેઠાણના અને વાણિજિયક ઝોનમાં પરવાનગીપાત્ર હોય તેવા તમામ ઉપયોગો.	હળવા ઉદ્યોગો, હળવા ગૃહ વર્કશોપ, જથ્થાબંધ વેચાણ વખારો, ગોદામો, સૉ મિલ્સ, ઢોર બજાર, સિનેમા.	

નોંધ :—

૧. હળવા ઉદ્યોગો:—હળવા ઉદ્યોગો એટલે જે ઉદ્યોગોમાં અવાજ, કંપન, વાસવાળો ધૂમાડો, મેશ, રાખ, ધૂળ અથવા કાંકરીને કારણે પડોશના રહેઠાણના વિસ્તારને નુકશાન થયા વિના પ્રક્રિયા કરવામાં આવતા હોય તે ઉદ્યોગ, નીચેના નિયંત્રણોને અધીન રહેશે :—

(ક) વપરાયેલ શકિત વીજળીક શકિત હોવી જોઈશે.

(ખ) વપરાયેલ વધુમાં વધુ શકિત ૧૦૦ કિ. વો. રહેશે, જેને વીજળીની વધુમાં વધુ મર્યાદા સુધીના હોય તે ચાલુ કારખાનાના યથાર્થ વિસ્તરણની ખાસ કાળજી રાખતા યોગ્ય સત્તાધિકારી ૨૫ કિલોવોટ સુધી વધારી શકાશે.

(ગ) ભોગવટા હેઠળની વધુમાં વધુ ભોંયતળિયાની જગા, ૫૦૦ ચો. મિ. હોવી જોઈશે.

(ઘ) આવા ઉપયોગને અનુકૂળ હેતુ માટે, યોગ્ય મકાનમાં તે આવેલો હોવો જોઈશે.

૨. સેવા-મથક (રહેણાંક):—સેવા-મથક એટલે જે મથકમાં કરવામાં આવતું કામ અથવા ગોઠવવામાં આવેલી યંત્રસામગ્રી એવા હોય કે જે સ્થાનિક રહેવાસીઓને સેવા આપે અને નિવાસસ્થાનની રોજે-રોજની જરૂરીયાતો સંતોષે તેમજ અવાજ, ધૂળ, અને હવા-પ્રદુષણને કારણે આજુબાજુના વિસ્તારના વિકાસમાં ઉપદ્રવ પેદા ન કરે તે મથક, તે નીચેના નિયંત્રણોને અધીન રહેશે :—

(ક) વપરાયેલ શકિત વીજળીક શકિત હોવી જોઈશે.

(ખ) રહેઠાણના ઝોન માટે, વધુમાં વધુ વપરાયેલ શકિત ૧૦ કિલોવોટ હોવી જોઈશે અને વાણિજ્યક ઝોનમાં, ૨૫ કિલોવોટથી વધુ હોવી જોઈએ નહિ.

(ગ) ભોગવટા હેઠળની વધુમાં વધુ ભોંયતળિયાની જગા ૬૦ ચો. મિ. રાખવી જોઈશે.

(ઘ) તે સેવા-મથક, તે અર્થે ખાસ તૈયાર કરેલ દુકાનમાં અથવા મકાનમાં અલગ હોવું જોઈશે અને તેમાં રાખેલું હોવું જોઈશે. આવું મથક, પેટ્રોલ પંપ, સર્વિસ સ્ટેશન, કલરમીલ, બેકરી, લોન્ડ્રી, એર-કોમ્પ્રેસર યુનિટ, વીજળીક મોટર, ચશ્મા મરામત કરવાની અને ઘડિયાળ મરામત કરવાની દુકાન, વાદ્ય સાધનોની મરામત, સુથારી કામ, ચોપડી બાઈન્ડીંગ-કામ, પ્રિન્ટીંગ પ્રેસ, કાગળ કાપવાના, પાણી ઠંડુ કરવાના અને રસ કાઢવાના યુનિટો, લુહારી-વલ્કેનાઈઝીંગના, મોટર વાઈન્ડીંગ કાર્ડીંગના અને સ્ક્રુ કાપવાના યુનિટો, વગેરે હોઈ શકશે.

૩. હળવું ઘર આંગણાનું વર્કશોપ:—હળવું ઘર આંગણાનું વર્કશોપ એટલે જે વર્કશોપમાં કરવામાં આવતું કામ અથવા ગોઠવવામાં આવેલી યંત્રસામગ્રી એવા હોય કે અવાજ, કંપન, વાસવાળો ધૂમાડો, ધૂમાડો, મેશ, રાખ, ધૂળ અથવા કાંકરી વગેરેને કારણે પડોશમાં રહેનારાને નુકશાન થયા વિના કોઈ રહેઠાણના વિસ્તારમાં એવું કામ કરી શકાય અથવા એવી યંત્રસામગ્રી ગોઠવી શકાય. તે નીચેના નિયંત્રણોને અધીન રહેશે :—

(ક) વપરાયેલ શકિત વીજળીક શકિત હોવી જોઈશે.

(ખ) વપરાયેલ વધુમાં વધુ શકિત ૧.૫ કિલોવોટ હોવી જોઈશે.

INDEX

(ગ) ભોગવટા હેઠળની વધુમાં વધુ ભોંયતળિયાની જગા ૨૦ ચો. મિ. હોવી જોઈશે.

(ઘ) કુટુંબના સભ્યો દ્વારા તે ચલાવવી જોઈશે.

(ચ) અન્ય રહેવાના ખંડથી એક સે. મી. ની જાડાઈની ભીંત વડે અલગ પાડવી જોઈશે.

(છ) ગરગડી યંત્રને જોડનારા ગોળ પટ્ટા વગેરે સહિતની યંત્રસામગ્રીનો કોઈ ભાગ, જે માળનો આધાર તે યંત્રસામગ્રી હોય તે માળ સિવાયના મકાનના અન્ય ભાગોની દિવાલોને જોડેલો હોવો જોઈશે. આવું ઘર આંગણનું વર્કશોપ, સોની-કામ, દૂધ અથવા દહીં કરવાનું, ગોળીઓ બનાવવાનું, ભરતગુંથણ, શિવણ, વલ્કેનાઈઝીંગ, મશીન પર શીવવાનું મશીન દ્વારા વાળવાનું, દુધમાંથી માખણ જુદું પાડવાનું કામ, વગેરે હોઈ શકશે.

૪. સ્વચ્છ ઉદ્યોગો:—જે ઉદ્યોગો કોઈ ધૂમાડો, અવાજ, ખરાબ ગંધ, અથવા નુકશાનકારક ઔદ્યોગિક બગાડ બહાર ફેંકતા ન હોય અને શક્તિથી કે તે વિના ૪૦ કરતાં વધારે ન હોય તેટલા કામદારોને નોકરીએ રાખતા હોય તે ઉદ્યોગો.

૫. ત્રાસદાયક અને જોખમકારક ઉદ્યોગો.—ત્રાસદાયક અને જોખમકારક ઉદ્યોગ એટલે જે ઉદ્યોગ દુર્ગંધ, ધુમાડો, ગેસના ધૂમાડા, હવા-પ્રદૂષણ, પાણી પ્રદૂષણ અને અન્ય બિન આરોગ્યપ્રદ પરિસ્થિતિ રૂપે આજુબાજુના વિકાસમાં ઉપદ્રવ ઉભો કરશે તે ઉદ્યોગ.

૬. વર્કશોપ:—વર્કશોપ એવું સ્થળ છે કે જેમાં કરવામાં આવતું કામ અથવા ગોઠવેલી યંત્રસામગ્રી એવા હોય કે સ્થાનિક ધંધાકિય લોકોને સેવા પૂરી પાડે અને તેઓની રોજેરોજની વાણિજિયક જરૂરિયાતો સંતોષે અને તે, નીચેનાં નિમંત્રણોને અધીન રહેશે:—

(ક) વર્કશોપનું સંચાલન, ભારત કારખાના અધિનિયમ હેઠળ કરવું નહિ.

(ખ) જે બાંધકામમાં વર્કશોપ રાખવાની હોય તે બાંધકામનું પ્લિન્થ ક્ષેત્રફળ ૮૦ ચો. મિ. કરતાં વધારે હોવું જોઈશે નહિ.

૭. બાગો, રમતગમતના મેદાનો, ખુલ્લી જગાઓ, રમતો અને જાહેર મનોરંજનના ઉપયોગો, સાંસ્કૃતિક અને ધાર્મિક મકાનો, તમામ ઉપયોગ ઝોનમાં રાખવા જોઈશે. સંસ્થાકીય મકાનો, મનોરંજનના મકાનો અને નાગરિક મકાનો, વિસ્તાર વિકાસ સત્તામંડળની ખાસ સંમતિથી તમામ ઝોનોમાં રાખવા દેવા જોઈશે.

૮. માન્ય નહિ થયેલા તમામ વિદ્યમાન વિકાસ તથા ઉપયોગો, મકાનોની ઉપયોગિતા જ્યાં સુધી રહે તે પછી બંધ કરવા જોઈશે. આવા માન્ય નહિ થયેલ વિકાસના અને ઉપયોગના વધુ વિકાસ માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ-૧૨-ઓપીએમ-૧૦૮૭-૭૩૪૨-એમનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT POPPY CAPSULES RULES, 1963.

ગુજરાત પોસદોડાં નિયમો, ૧૯૬૩ સુધારવા સંબંધી જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી મે, ૧૯૯૧.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૧૨/ઓપીએમ/૧૦૮૭/૭૩૪૨/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતાં કલમ ૧૪૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, વાંધા અને સૂચનો મળ્યા પછી, આથી, ગુજરાત પોસદોડાં નિયમો, ૧૯૬૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'ગુજરાત પોસદોડાં (ગુજરાત સુધારા) નિયમો ૧૯૯૧' કહેવાશે.

૨. ગુજરાત પોસદોડાં નિયમો, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં, પેટા-નિયમ (૧)માં ખંડ (ઘ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(ઘ)-(૧) છૂટક વેચાણ માટેનું લાઈસન્સ" એટલે નિયમ ૫ હેઠળ કોઈ વ્યકિતને આપેલું લાઈસન્સ.

(૨) "જથ્થાબંધ વેચાણ માટેનું લાઈસન્સ" એટલે નિયમ ૫-કક હેઠળ કોઈ વ્યકિતને આપેલું લાઈસન્સ.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૫-ક પછી, નીચેનો નિયમ ૫-કક દાખલ કરવો :—

"જથ્થાબંધ વેચાણ માટેનું લાઈસન્સ.

INDEX

૫-કક. (૧) જથ્થાબંધ પોસદોડાં ધરાવવા અને વેચવા માંગતી કોઈપણ વ્યકિતએ, તે અર્થેનું લાઈસન્સ આપવા માટે લાઈસન્સ આપનાર સત્તાધિકારીને, નમૂના ૨-ક મુજબની અરજી કરવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧)હેઠળની અરજી મળ્યે, લાઈસન્સ આપનાર સત્તાધિકારીએ, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કરવી જોઈશે, અને તેને એવી ખાતરી થાય કે જેના માટે અરજી કરેલ હોય તે લાઈસન્સ આપવા માટે કોઈ વાંધો નથી તો તે, રાજય સરકાર અને નિયામકના હુકમો, હોય તો, તેને અધીન રહીને, અરજદારને નીચેનાં ધોરણો અનુસારની ફી ભર્યેથી નમૂનો પોસ "૨-કક" મુજબનું લાઈસન્સ આપી શકશે :—

(ક) વર્ષ દરમિયાન વેચાણ માટે છૂટ આપેલ કુલ જથ્થો, ૨૫૦૦ કિલોગ્રામ કરતાં વધુ ન હોય ત્યારે રૂપિયા ૧૨૫૦/-.

(ખ) વર્ષ દરમિયાન વેચાણ માટે છૂટ આપેલ કુલ જથ્થો, ૨૫૦૦ કિલોગ્રામ કરતાં વધુ હોય, તો પણ ૫૦૦૦ કિલોગ્રામ કરતાં વધુ ન હોય ત્યારે રૂપિયા ૨૫૦૦/-.

(ગ) વર્ષ દરમિયાન વેચાણ માટે છૂટ આપેલ કુલ જથ્થો ૫૦૦૦ કિલોગ્રામ કરતાં વધુ હોય ત્યારે, રૂપિયા ૫૦૦૦/-.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં,—

(ક) પેટા-નિયમ (૧)માં, "પરવાનાદારે" એ શબ્દ ને બદલે "છૂટક વેચનાર લાઈસન્સદારે" એ શબ્દો મૂકવા;

(ખ) પેટા-નિયમ (૨)માં, "પરવાનાદારે" એ શબ્દને બદલે, "છૂટક વેચનાર લાઈસન્સદારે" એ શબ્દો મૂકવા.

(ગ) પેટા-નિયમ (૪) પછી, નીચેના પેટા-નિયમો દાખલ કરવા:—

"(૫) જથ્થાબંધ વેચનાર લાઈસન્સદારે, નમૂનો 'પોસ-૮'મુજબ વખતોવખત પોતાને મેળવેલા, વેચેલા અને સ્ટોકમાંના પોસદોડાંનો હિસાબ રાખવો જોઈશે અને આ હિસાબો પાકી બાંધેલી, પાના નંબર આપેલી અને નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડેન્ટ અથવા જિલ્લાના નશાબંધી અને આબકારી ઈન્સ્પેકટરના સિક્કા મારેલી ચોપડીમાં ચોખ્ખો અને સાચો લખેલો હોવો જોઈશે.

(૬) જથ્થા બંધ વેચનાર લાઈસન્સદારે, દર મહિનાની ૭મી તારીખ સુધીમાં નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટને અથવા જિલ્લા ઈન્સપેકટરને નમૂના 'પોસ-૯' મુજબનું માસિક પત્રક પૂરું પાડવું જોઈશે.

(૭) જથ્થાબંધ વેચનાર લાઈસન્સદારથી જેની હકૂમતની અંદર ખરીદનારની લાઈસન્સ વાળી જગા આવેલી હોય તે તેની હકુમતની અંદરના નશાબંધી અને આબકારી અધિકારીઓએ યોગ્ય રીતે સામી સહી કરેલા નમૂના 'પોસ-૧૦' મુજબનું માંગણી પત્રક ખરીદનારે રજૂ કર્યે અને જેની હકૂમતની અંદર જથ્થાબંધ વેચનાર લાઈસન્સદાર આવેલ હોય તેની હકૂમતની અંદરના લાઈસન્સ આપનાર અધિકારીએ કાઢી આપેલા હેરફેર પાસના કવર હેઠળ હોય તે સિવાય, પોસ-દોડાંનું વેચાણ કરી શકાશે નહિ",

INDEX

૫. સદરહુ નિયમોમાં, નમૂના ૨ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:—

"નમૂનો પોસ ૨-કક

[જુઓ નિયમ ૫-કક (૨)]

લાઈસન્સ નંબર..............................

પોસદોડાંનું જથ્થાબંધ વેચાણ માટેનું લાઈસન્સ.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈ હેઠળ અને તેને અધીન રહીને આથી————————————જિલ્લાના————————મુકામે રહેતા શ્રી————————————————ને (હવે પછી "લાઈસન્સદાર" તરીકે જણાવેલ છે તેને) રૂા.————————ની ફી ચૂકવ્યેથી ————————જિલ્લાના————————મુકામે આવેલી તેની દુકાને (હવે પછી "દુકાન" તરીકે જણાવેલ છે).————————થી————————સુધીની (બન્ને દિવસો સહિત)ની મુદત દરમિયાન, પોસદોડાં રાખવા અને વેચવા તેને અધિકૃત કરતું લાઈસન્સ, નીચેની શરતોને અધીન રહીને આપવામાં આવે છે :—

શરતો

૧. લાઈસન્સદાર, દુકાન સિવાય બીજાં કોઈ સ્થળે પોસદોડાં વેચી શકશે નહિ અથવા વેચવા માટે રાખી શકશે નહિ.

૨. લાઈસન્સદાર કોઈપણ સમયે————————કિલોગ્રામથી વધુ પોસદોડાંનો જથ્થો રાખી શકશે નહિ.

૩. લાઈસન્સદાર, મહિના દરમિયાન————————કિલોગ્રામથી વધુ પોસદોડાં વેચી શકશે નહિ.

૪. લાઈસન્સદાર, ગુજરાત પોસદોડાં નિયમો, ૧૯૬૩ હેઠળ કોઈ વ્યક્તિને પોસદોડાંનો જેટલો જથ્થો ધરાવવાની પરવાનગી આપી હોય અને આવી વ્યક્તિએ ધરાવેલા કાયદેસરના પાસ હેઠળ હેરફેર કરવા અધિકૃત કર્યો હોય તેના કરતા વધારે જથ્થો, "પોસ-૨ " લાઈસન્સ ધરાવનાર સિવાયની કોઈ વ્યક્તિને પોસદોડાં વેચી શકશે નહિ.

૫. લાઈસન્સદારે, દુકાન પર પોસદોડાં વેચવાનું કામ જાતે જ કરવું અથવા આ અર્થે લેખિતમાં તેણે યોગ્ય રીતે અધિકૃત કરેલ એજન્ટ અથવા નોકર મારફત કરવું.

૬. લાઈસન્સદારે, નમૂના 'પોસ--૯' મુજબ પોસદોડાંના, વખતોવખત મળેલાં, વેચેલા અથવા કબજામાં રાખેલા જથ્થાનો હિસાબ રાખવો. હિસાબો, પાકી બાંધેલી પાના નંબર આપેલી અને, યથાપ્રસંગ, નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ અથવા જિલ્લાના નશાબંધી અને આબકારી ઈન્સ્પેકટરના સિક્કા મારેલી ચોપડીમાં ચોખ્ખા અને સાચા લખવા જોઈશે.

૭. લાઈસન્સદારે, દર મહિનાના ૭મા દિવસ પહેલાં નમૂના 'પોસ--૧૦' મુજબના પત્રકો નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ સમક્ષ અથવા પોતાના જિલ્લાના નશાબંધી અને આબકારી જિલ્લા ઈન્સ્પેકટર સમક્ષ રજૂ કરવા.

૮. લાઈસન્સદારે, નિયમ ૫-કક હેઠળ પોસદોડાંના હિસાબ અને જથ્થો તપાસવા માટે અધિકૃત અધિકારી બોલાવે ત્યારે, તેની દુકાનમાં જણાઈ આવતી અનિયમિતતા સંબંધી લેખિત ખુલાસો આપવો. તેને, પૃથક્કરણ માટે દુકાનમાંના પોસદોડાંના નમૂનો વિનામૂલ્યે લેવાની પણ છૂટ રહેશે.

૯. લાઈસન્સદારે, યોગ્ય રીતે પાના નંબર આપેલી અને નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ અથવા જિલ્લાના નશાબંધી અને આબકારી ઈન્સ્પેકટરની સિક્કા મારેલી વીઝીટ-બુક દુકાનમાં રાખવી જોઈશે જેમાં મુલાકાત લેનાર અધિકારી પોતાની નોંધ કરી શકશે.

૧૦. જે મુદત માટે લાઈસન્સ આપ્યું હોય તે મુદત પૂરી થયા પછી તે ચાલુ રાખવા અથવા તાજું કરાવવા અંગે લાઈસન્સદાર, તેના વારસો, કાયદેસરના પ્રતિનિધિઓ અથવા એસાઈનીઓનો કોઈ પણ પ્રકારનો દાવો રહેશે નહિ. વેચાણ અથવા હેરફેરની બાબતમાં લાઈસન્સદારના એસાઈની-ઓને અથવા મૃત્યુની બાબતમાં લાઈસન્સદારના વારસ અથવા કાયદેસરના પ્રતિનિધિને, જે મુદત માટે લાઈસન્સ આપ્યું હોય તેના બાકીની મુદત માટે લાઈસન્સનો લાભ આપવો કે નહિ તે બાબત લાઈસન્સ આપનાર સત્તાધિકારીના સંપૂર્ણ સ્વવિવેક પર આધાર રાખશે.

૧૧. મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૫૪ અથવા ૫૬ની જોગવાઈઓ અનુસાર લાઈસન્સ મોકૂફ રાખી શકાશે અથવા રદ કરી શકાશે.

૧૨. જે મુદત માટે લાઈસન્સ આપવામાં આવ્યું હોય તે મુદત ચાલુ હોય તે દરમિયાન આ, લાઈસન્સ સુપરત કરવામાં, મોકૂફ રાખવામાં અથવા રદ કરવામાં આવ્યું હોય કે તેની મુદત પૂરી થયા પછી તાજુ કરવામાં આવ્યું ન હોય તે બાબતમાં, લાઈસન્સદારે, પોસદોડાંનો વેચાયા વિનાનો સમગ્ર જથ્થો લાઈસન્સ આપનાર સત્તાધિકારીને તરત જ સોંપી દેવો જોઈશે. લાઈસન્સદારે, આ લાઈસન્સ હેઠળ રાખવાનું અને જાળવવાનું ફરમાવ્યું હોય તેવા તમામ મૂળ હિસાબ, પાસ, રજિસ્ટરો અને વીઝીટ બુકો પણ લાઈસન્સ આપનાર સત્તાધિકારીને સોંપી દેવા.

આજ તારીખ .... માહે .... સને .... ના રોજ આપ્યું.

લાઈસન્સ આપનાર સત્તાધિકારીનો સિક્કો.

લાઈસન્સ આપનાર સત્તાધિકારી.

"નમૂનો ૨--ક"

[જુઓ નિયમ ૫--કક (૧)]

પોસદોડાંના જથ્થાબંધ વેચાણના લાઈસન્સ માટેની અરજી

૧. અરજદારનું નામ તથા સરનામું :

૨. પોસદોડાં રાખવાના સ્થળનું સાચું સરનામું :

૩. એક મહિના દરમિયાન જથ્થાબંધ વેચાણ માટે જરૂરી પોસદોડાંનો કુલ જથ્થો. :

૪. જેટલી મુદત માટે લાઈસન્સની જરૂર હોય તે મુદત :

૫. લાઈસન્સની મુદત દરમિયાન વેચવા ધારેલો પોસદોડાંનો જથ્થો. :

INDEX

૬. અરજદાર, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ અથવા કેફી ઔષધ અને મન :પ્રભાવી દ્રવ્ય અધિનિયમ ૧૯૮૫ અને તે હેઠળ કરેલા નિયમોની કોઈપણ જોગવાઈ હેઠળ કોઈપણ સમયે કોઈ ગુના માટે દોષિત ઠર્યા છે કે કેમ અને તેની/તેમના સામે કાયદાની કોઈપણ કોર્ટમાં ઉપર્યુકત અધિનિયમ હેઠળ કોઈપણ ફોજદારી કાર્યવાહી નિકાલબાકી છે કે કેમ તેનો લેખિત એકરાર. :

૭. ઉપર ઉલ્લેખેલ અધિનિયમો અને તે હેઠળ કરેલા નિયમો, વિનિયમો તથા હુકમોની જોગવાઈઓ અને જેના માટે અરજી કરી હોય તે લાઈસન્સની શરતો અરજદારને બંધનકર્તા રહેશે. તેવી મતલબની લેખિત બાંયધરી. :

સ્થળ.................................... અરજદારની સહી.

તારીખ......................

---

૭. સદરહુ નિયમોમાં, નમૂના ૭ પછી, નીચેના નમૂના ઉમેરવા :—

"નમૂના પોસ–૮"

[જુઓ નિયમ ૧૩ (૫)]

જથ્થાબંધ વેચનાર લાઈસન્સદારે મેળવેલ, વેચેલ અને સ્ટોકમાં રાખેલ પોસડોડાંનો હિસાબ.

લાઈસન્સદારનું નામ તથા સરનામું :

દુકાનનું નામ તથા સરનામું :

લાઈસન્સ નં.

તારીખ	ઉઘડતી સિલક	મળેલ જથ્થો			
		જથ્થો	જેની પાસેથી મળ્યો હોય તે વ્યકિતનું નામ તથા સરનામું	આયાત પાસ અથવા હેરફેર પાસનો નંબર અને તારીખ	કોલમો ૨ અને ૩નો સરવાળો
૧	૨	૩	૪	૫	૬

રાજયમાં લાઈસન્સદારને વેચેલો જથ્થો			બંધ સિલક	વિશેષ નોંધ	લાઈસન્સદારની સહી
જથ્થો	જેને વેચ્યો હોય તે લાઈસન્સદારનું નામ તથા સરનામું	હેરફેર પાસનો નંબર અને તારીખ			
૭	૮	૯	૧૦	૧૧	૧૨

નમૂનો પોસ–૯

[જુઓ નિયમ ૧૩ (૬)]

જથ્થાબંધ વેચાણનો લાઈસન્સ નં.………………

……………………મહિના દરમિયાન ખરીદેલા અને વેચેલા પોસદોડાનું માસિક પત્રક

મહિનાના છેલ્લા દિવસે ઉઘડતી સિલક	રાજ્યમાં સાધનો મારફત ખરીદેલ જથ્થો	રાજ્ય અથવા દેશ બહારથી આયાત કરેલો જથ્થો	કોલમ ૧ થી ૩નો સરવાળો	વેચેલો જથ્થો	મહિનાના છેલ્લા દિવસે બંધ સિલક	વિશેષ નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭

લાઈસન્સદારની સહી.

નમૂનો પોસ-૧૦

[જુઓ નિયમ ૧૩ (૭)]

નં.

તારીખ : — —૧૯

જેની પાસે પોસદોડાં માટે માંગણી કરી હોય તે :—

પ્રતિ,

સાહેબ,

હું/અમે............ ....સ્થળે આવેલી મારી/અમારી જગામાં પોસદોડાંના વેચાણ કરવા માટેનું લાઈસન્સ ધરાવું છું/ધરાવીએ છીએ. મને/અમને..............................કિલોગ્રામ પોસદોડાં પૂરા પાડવા વિનંતી છે.

સામી સહી. આપનો વિશ્વાસુ,

(નશાબંધી અને આબકારી
અધિકારીનો હોદ્દો)

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જી. વસાવડા,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૯૧નો ૧૦૬/એચબીએ/૧૦૮૯/૨૪૭૮-થનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારનો નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT HOUSING BOARD ACT, 1961.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી એપ્રિલ, ૧૯૯૧

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક જીએચ/વી/૯૧નો ૧૦૬/ એચબીએ/૧૦૮૯/૨૪૭૮/થ.– ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૮મા) ની કલમ ૯ની પેટા-કલમ (૧) (ખ) સાથે વાંચતા, તેની કલમ ૫ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૯૦ના ૨૧/એચઓબી/૧૦૮૯/૨૪૭૮-થ અનુસાર, ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના અધ્યક્ષ તરીકે નિમાયેલ શ્રી ઉમેદભાઈ ગોહેલ, બોરસદ-એ આપેલું રાજીનામું તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૧ના રોજ અને તે તારીખથી અમલમાં આવે તેમ સ્વીકારે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. જી. કજરેકર,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી શુધ્ધિપત્ર ક્રમાંક જીકે/૯૧/૧૩/આઈએસએ--૧૦૮૭/૫૩૮૧-ડી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Corrigendum

to

THE GOVERNMENT NOTIFICATION, LEGAL DEPARTMENT NO. G-K/90/40/ISA-1087/5381/D, DATED 2ND JANUARY, 1991.

કાયદા વિભાગના તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૯૦/૪૦/ આઈએસએ-૪૦૮૭/૫૩૮૧/ડીનું શુધ્ધિપત્ર

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી મે, ૧૯૯૧.

ઈન્ડિયન સ્ટાન્ડર્ડ બ્યુરો અધિનિયમ, ૧૯૮૬.

ક્રમાંક જીકે/૯૧/૧૩/આઈઅસઅ-૧૦૮૭-૫૩૮૧-ડી.-- કાયદા વિભાગના તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૯૦/૪૦/ આઈએસએ-૧૦૮૭/૫૩૮૧/ડીને નીચે પ્રમાણેનો ફરીથી ક્રમાંક આપવો :—

"જીકે/૯૧/૨એ/આઈએસએ--૧૦૮૭/૫૩૮૧/ડી"

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુક્ત સચિવ,
કાયદા વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જુન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૮મી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીટી/૯૧/૧૬) ઈપીટી-૧૦૯૧-સીએમઆર-૧૨-ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી મે, ૧૯૯૧.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક (જીટી/૯૧/૧૬)/ઈપીટી-૧૦૯૧-સીએમઆર-૧૨-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે ;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અજંતા આર્ટસ, બાંદ્રા, મુંબઈ દ્વારા નિર્માણ કરેલ હિન્દી ફિલ્મ "યહ આગ કબ બૂઝેગી" પ્રદર્શિત કરવાને, આ સાથેની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલો મનોરંજન કર ભરવામાંથી મુક્તિ આપે છે.

અનુસૂચિ

(૧) કરની રકમ બાદ કર્યા પછીના મનોરંજનમાં પ્રવેશના વિદ્યમાન દરો વધારવા નહિ અને વિદ્યમાન પ્રવેશ-દરો લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલા ઘટાડવા અને ૩૦ ટકા કર વસૂલ કરવો અને તે સરકારને ભરવો.

૨. દરેક પ્રિન્ટ માટે કર ભરવામાંથી આપેલી મુક્તિ, છ અઠવાડિયાની મુદત સુધી રહેશે અને ગુજરાત રાજ્યમાં નવ પ્રિન્ટસ પડદા ઉપર પ્રદર્શિત કરવામાં આવે તેટલા પૂરતી મર્યાદિત રહેશે. જેમાંથી ૧૮થી વધુ ન હોય તેટલા અઠવાડિયા સુધી, ફિલ્મ, સન ૧૯૮૧ની વસતી ગણતરી મુજબ જે સ્થાનિક વિસ્તારની વસતી ૫૦,૦૦૦ થી વધુ હોય તે સ્થાનિક વિસ્તારની હદની અંદર પ્રદર્શિત કરવી.

(૩) કર ભરવામાંથી આપેલી મુક્તિનો લાભ, આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર મળી શકશે.

INDEX

(૪) મુક્તિની શરતો પૈકીની કોઈપણ શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ પગલું લે તો, તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મહેશ દવે,
સરકારના ઉપ–સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૯૧/૪૦/એમ/ઈસીએલ-૧૧૮૧-૧૦૫૩-૭૫-છનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT AGRICULTURAL LANDS CEILING ACT, 1960.

ગુજરાત ખેત-જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ હેઠળ જાહેરનામું.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત ખેત-જમીન ટોચ-મર્યાદા અધિનિયમ, ૧૯૬૦.

ક્રમાંક જીએચએમ-૯૧/૪૦/એમ/ઈસીએલ-૧૧૮૧-૧૦૫૩-૭૫-છ.— એસોસીએટેડ પલ્પ એન્ડ પેપર મીલ્સ લિમિટેડ બાવળા (જિલ્લો અમદાવાદ)-એ (જેનો આમાં હવે પછી "સદરહુ ઔદ્યોગિક અન્ડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા નિયમો, ૧૯૬૧ના નિયમ ૩ સાથે વાંચતા ગુજરાત ખેત-જમીન ટોચ-મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (છ) હેઠળ મંજૂરી માટે અરજી કરી છે.

અને ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે સદરહુ ઔદ્યોગિક અન્ડરટેકિંગ, ખરેખર ઔદ્યોગિક કામકાજ કરે છે.

અને ઔદ્યોગિક કમિશનરે એવું પ્રમાણિત કર્યું છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ જમીન, ઔદ્યોગિક કામકાજના વિસ્તરણ અને હાલની જરૂરિયાત માટે જરૂરી છે.

INDEX

તેથી, હવે, ગુજરાત ખેત-જમીન ટોચ-મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૭મા)ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (છ)થી મળેલી સત્તાની રૂએ સરકાર આથી, ગુજરાત સરકારના અભિપ્રાય મુજબ ઔદ્યોગિક કામકાજ એટલે કે પેપર અને પલ્પ બનાવવાનું ખરેખર કામકાજ કરે છે તેવા એસોસીએટેડ પલ્પ એન્ડ પેપર મીલ્સ લિમિટેડ બાવળા (જિલ્લો અમદાવાદ) તરીકે જાણીતા ઔદ્યોગિક અન્ડરટેકિંગને, સદરહુ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ ક્ષેત્રફળના પ્રમાણમાં મંજૂર કરે છે.

એસોસીએટેડ પલ્પ એન્ડ પેપર મીલ્સ લિમિટેડ, બાવળા (જિલ્લો અમદાવાદ)

અનુસૂચિ

જિલ્લો	તાલુકો	ગામ	સરવે નંબર	ક્ષેત્રફળ હે. એ.
૧	૨	૩	૪	૫
અમદાવાદ	ધોળકા	બાવળા	૧૫૩૭	૦--૯૬--૧૧
			૧૫૫૧/૩	૧--૨૧--૪૧
			૧૫૪૦/૨	૦--૧૨--૧૪
			૧૫૬૬/૨+૩+૪	૦--૫૬--૬૬
			૧૫૪૫	૦--૭૬--૮૯
			૧૫૫૭	૦--૪૫--૫૩
			૧૫૫૮	૦--૫૪--૬૩
			૧૫૬૨	૧--૦૭--૨૪
			૧૫૪૧/૨	૦--૨૦--૨૩
			૧૫૪૧/૩	૦--૨૨--૨૬
			૧૫૪૩	૦--૨૧--૨૫
			૧૫૫૫/૧	૦--૩૬--૪૨
			૧૫૫૬/૨	૦--૪૦--૪૭
			૧૫૬૫	૦--૮૨--૯૬
			૧૫૫૯/૩	૦--૩૨--૩૭
			૧૫૬૩	૦--૯૫--૧૦
			૧૬૬૬	૦--૫૧--૬૦
			૧૫૫૩	૧--૩૭--૫૯
			૧૫૪૦/૧	૦--૩૮--૪૫
			૧૫૬૧	૦--૩૭--૪૩

INDEX

૧	૨	૩	૪	૫
			૧૫૪૪/૧	૦--૩૧--૨૬
			૧૫૬૪	૦--૦૧--૧૭
			૧૫૫૨	૦--૩૩--૫૫
			૧૫૪૪/૨	૦--૩૨--૩૭
			૧૫૫૦/૧	૦--૭૨--૮૪
			૧૫૫૧/૧	૦--૮૪--૯૮
			૧૫૪૬/૨	૦--૭૩--૮૬
			૧૫૫૧/૨	૦--૫૭--૬૭
			૧૫૫૪	૦--૯૪--૦૯
			૧૫૪૧/૧	૦--૧૮--૨૧
			૧૫૪૬/૧	૦--૯૮--૯૧
			૧૫૫૯/૨	૦--૩૨--૩૭
			૧૫૫૯/૧	૦--૦૭--૦૮
			૧૫૬૦/૧	૦--૧૦--૧૨
			૧૫૫૫/૨	૦--૩૪--૪૦
			૧૫૫૬/૧	૦--૧૪--૧૬
			૧૫૬૭	૦--૯૧--૦૫
			૧૫૮૪/૧	૦--૨૫--૨૯
			કુલ	૨૧--૮૦--૨૨

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. એસ. મકવાણા,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ-૯૧-૪૫-અમ-ટીએપી--૨૧૯૧-૭૮૭-જે નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE TRANSFER OF PROPERTY ACT, 1882.

મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ હેઠળ જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી મે, ૧૯૯૧.

મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨.

ક્રમાંક : જીએચએમ/૯૧/૪૫/એમ/ટીએપી/૨૧૯૧/૭૮૭/જે.— મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ (સન ૧૮૮૨ના ૪થા) ની કલમ ૫૮ના ખંડ (છ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના કોષ્ટકના કોલમ ૨માં જણાવેલા નગરને સદરહુ ખંડ (છ) ના હેતુ માટે નિર્દિષ્ટ કરે છે :—

કોષ્ટક

જિલ્લાનું નામ	નગરનું નામ
૧	૨
વલસાડ	વાપી

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

શામજી પટેલ,
ગુજરાત સરકારના ઉપ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૯૧/૧૪/ઈડીસી/૧૦૮૫/ડી નો ગુજરાતી અનુવાદ, આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE TERRORIST AND DISRUPTIVE ACTIVITIES (PREVENTION) ACT, 1987.

આંતકવાદી અને વિનાશક પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ, ૧૯૮૭ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી મે, ૧૯૯૧.

આતંકવાદી અને વિનાશક પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ, ૧૯૮૭.

ક્રમાંક : જીકે/૯૧/૧૪/ઈડીસી/૧૦૮૫/ડી.— આતંકવાદી અને વિનાશક પ્રવૃત્તિ (નિવારણ) અધિનિયમ, ૧૯૮૭ (સન ૧૯૮૭ના ૨૮મા)ની કલમ ૯ની પેટા-કલમ (૫) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સહમતિથી અધિક સેશન્સ જજ, જૂનાગઢ, પોરબંદર-ની જૂનાગઢની નિર્દિષ્ટ કોર્ટના અધિક જજ તરીકે નિમણૂંક કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુક્ત-સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette
PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, JUNE 27, 1991/ASADHA 6, 1913 [No. 26

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-બી-૯૧-૪૦-એમટીએ/૧૭૮૯/૨૪૮૭/(પીટી)/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Corrigendum

to

THE GOVERNMENT NOTIFICATION, PORTS, TRANSPORT AND FISHERIES DEPARTMENT NO. GH-B-89-160-MTA-1789-2487-T, DATED 8TH NOVEMBER, 1989.

બંદર, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-બી-૮૯-૧૬૦-એમટીએ-૧૭૮૯-૨૪૮૭-ટીનું શુધ્ધિપત્ર.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૧૯૯૧.

મુંબઈ મોટર વાહન અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જીએચ-બી--૯૧-૪૦-એમટીએ/૧૭૮૯/૨૪૮૭-(પીટી)-ખ.--ગુજરાત સરકારના રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બીના પાના ૨૨૪/૧-અને ૨૨૪-૨ પર પ્રસિધ્ધ થયેલા બંદર, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના તારીખ ૮મી નવેમ્બર ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-બી-૮૯-૧૬૦-એમટીએ-૧૭૮૯-૨૪૮૭-ટીમાં અનુસૂ[illegible]ાં, અનુક્રમાંક ૦૧ અને ૦૨ સામેની નોંધમાં, કોલમ ૨માં, અક્ષરો અને આંકડા એટલે કે " GUX [illegible] " અને GRG 4388 "ને બદલે, નીચે પ્રમાણે વાંચવું.—

" ૦૧— GJ–12–T–4100

૦૨— GJ–1–T–5200 "

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ભાસ્કર, પંડ્યા,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૧૯૯૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૧ ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીટી/૯૧/૧૭) ઈપીટી-૧૦૯૧-૪૩૩-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮ મી એપ્રિલ, ૧૯૯૧

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭

ક્રમાંક જીટી/૯૧/૧૭/ઈપીટી-૧૦૯૧-૪૩૩-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે.

તેથી, હવે ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬ મા) ની કલમ ૨૯ની પેટા-કલમ (૧) ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ વિભાગના તારીખ ૪થી માર્ચ, ૧૯૯૧ ના જાહેરનામા ક્રમાંક (જીટી/૯૧) ૭/ઈ પી ટી-૧૦૯૧-૪૩૩-ઈ, અનુસાર તેમાં જણાવેલી શરતોને અધીન રહીને, તારીખ ૪થી માર્ચ, ૧૯૯૧થી તારીખ ૧૭ મી એપ્રિલ, ૧૯૯૧ વચ્ચે ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત અને ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડ દ્વારા સંચાલિત "નયા ગુજરાત ૯૧" ના પ્રદર્શન-દરમિયાન આમોદ-પ્રમોદની સવારીને અગાઉ આપેલી ૧૦૦ ટકા કર મુક્તિની તારીખ ૧૮ મી એપ્રિલ, ૧૯૯૧ થી તારીખ ૨ જી મે, ૧૯૯૧ સુધી લંબાવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ડી. દેસાઈ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી મે, ૧૯૯૧ ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીટી/૯૧/(૧૮)/ઈપીટી-૧૦૯૧ સીએમઆર-૧૨-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી મે, ૧૯૯૧.

ક્રમાંક : (જીટી/૯૧/૧૮/-ઈપીટી–૧૦૯૧/સીએમઆ-૨૧૨--ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૨૯ ની પેટા--કલમ (૧) ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ અને તારીખ ૮મી મે, ૧૯૯૧ નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીટી/૯૧/૧૬/ઈપીટી--૧૮૯૧--સીમએમઆર--૧૨--ઈ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, અજંટા આર્ટસ, બાંદ્રા, મુંબઈ દ્વારા નિર્માણ કરેલ હિન્દી ફિલ્મ" "યહ આગ કબ બૂઝેગી" પ્રદર્શિત કરવાને, આ સાથેની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, સદરહુ અધિનિતમની કલમ ૩ હેઠળ લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલો મનોરંજન કર ભરવામાંથી મુકિત આપે છે.

અનુસૂચિ.

(૧) કરની રકમ બાદ કર્યા પછીના મનોરંજનમાં પ્રવેશતા વિદ્યમાન દરો વધારવા નહિ અને વિદ્યમાન પ્રવેશ દરો લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલો ઘટાડવા અને ૩૦ ટકા કર વસૂલ કરવા અને તે સરકારને ભરવો.

(૨) દરેક પ્રિન્ટ માટે કર ભરવામાંથી આપેલી મુકિત છ અડવાઠિયાની મુદત સુધી રહેશે અને ગુજરાત રાજ્યમાં નવ પ્રિન્ટસ પડદા ઉપર પ્રદર્શિત કરવામાં આવે તેટલા પૂરતી મર્યાદિત રહેશે, જેમાંથી ૧૮ અઠવાડિયા સુધી, ફિલ્મ સન ૧૯૮૧ ની વસતી ગણતરી મુજબ જે સ્થાનિક વિસ્તારની વસતી ૫૦,૦૦૦ થી વધુ ન હોય તે સ્થાનિક વિસ્તારની હદની અંદર પ્રદર્શિત કરવી.

(૩) કર ભરવામાંથી આપેલી મુકિતનો લાભ આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર મળી શકશે.

(૪) મુકિતની શરતો પૈકીની કોઈપણ શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ, કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ પગલું લે તો, તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મહેશ દવે,
સરકારના ઉપ--સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૧૯૯૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/બી/૯૧/૧૦૩/એમવીઆર-૧૯૯૧-૧૫૭૫-ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

Under

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જૂન, ૧૯૯૧

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯.

ક્રમાંક : જીએચ/બી/૯૧/૧૦૩/ એમવીઆર/૧૯૯૧/૧૫૭૫-ખ.—ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૨૨ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર હવે તારીખ ૧૫મી જૂન, ૧૯૯૧ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાના બનેલા ૨૫-જામનગર, ૧૩૮-બોરસદ અને ૧૫૫-વાગરાની પેટા-ચૂંટણીના સંબંધમાં, સરકારે રોકેલ કર્મચારીઓને લાવવા લઈ જવા માટે ઉપયોગ કરવાનો હોય તેવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનના અને ખાનગી વાહન ચલાવનારાઓની માલિકીનાં જાહેર સેવા વાહનોને તારીખ ૧૭મી જૂન, ૧૯૯૧ સુધીની મુદત માટે ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૫૧ના અમલમાંથી મુક્ત રાખે છે અને એવી રીતે મુક્ત રાખેલાં વાહનોમાં લઈ જઈ શકાય તેટલા ઉતારૂઓની વધુમાં વધુ સંખ્યા નક્કી કરવાની પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તાધિકારીને સત્તા આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડ્યા,
સરકારના ઉપ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૮મી મે, ૧૯૯૧ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ ન ૧૩૭/ડીવીપી/૧૧૯૦/૧૬૭૭/(૯૧)/એલ.—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી મે, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ નો ૧૩૭/ડીવીપી/૧૧૯૦/૧૬૭૭/(૯૧)/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૩ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૩ નો ૨૦૩--ડીવીપી--૧૧૭૬--૨૭૭૯/(૮૩) એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદના અગાઉના વિસ્તાર માટે છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરુરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૧૯ ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો,તે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે:—

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૩ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩ નો ૨૦૩/ડીવીપી/૧૧૭૬-૨૭૭૯-(૮૩)/એલ થી મંજૂર કરેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદની અગાઉના વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનાનો ફેરફાર.

આ સાથે જોડેલા પ્લાન મુજબ (A B R S A) તરીકે નિશાની કરેલ અમદાવાદની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ગૃહનિર્માણ માટે અનામત રાખેલ નગરરચના યોજના અમદાવાદ નં. ૩૦ (ઉત્તર અસારવા વિસ્તરણ) ના ફા. પ્લો. નં. ૧૦૦ ભાગવાળી જમીન, સદરહુ અનામતમાંથી મુક્ત કરવી અને એ રીતે મુક્ત કરેલી, જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨) (ક) હેઠળ રહેણાંક ઝોન માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, JULY 4, 1991/ASADHA 13, 1913 [No. 27

Separate paging is given to this Pare in order that it may be filed as a separate compilation.

PART - IA

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૯૧-૩૪-જીઆઈડી-૧૬૮૮-૬૭૨-જી-૧ નો ગુજરાતી અનુવાદ આથી, સર્વે લોકોની જાણ સાર, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT INDUSTRIAL DEVELOPMENT ACT, 1962.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું

ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી મે, ૧૯૯૧.

ક્રમાંક : જીએચયુ-૯૧-૩૪-જીઆઇડી-૧૬૮૮-૬૭૨-જી-૧.—તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બી ના પાના નં. ૨૭ ઉપર પ્રસિધ્ધ થયેલ ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગની તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ની સરકારી ઉદ્‌ઘોષણા ક્રમાંક જીએચયુ-૯૦(૨)-જીઆઇડી-૧૬૮૮-૬૭૨-જી-૧ ની રૂએ, તેની સાથે જોડેલ પરિશિષ્ટ "ક"માં નિર્દિષ્ટ કરેલ નોટિફાઇડ એરીયા એકત્રિત વેરા નિયમો (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૨૩મા)ની કલમ ૧૬થી મળેલી સત્તાની રૂએ, રચાયેલ ભરૂચ નોટિફાઇડ એરીયાને, ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગના તારીખ ૧૯-૯-૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૫૩-જીઆઇડી-૧૬૮૪(૪) ૩૧૨૪-જી-૧ દ્વારા નોટિફાઇડ એરીયા તરીકે લાગુ પાડવા ધાર્યું હતું અને સદરહુ, ઉદ્‌ઘોષણા થયાની તારીખથી ૨ મહિનાની અંદર તમામ વ્યકિતઓ પાસેથી લેખિતમાં વાંધા પણ મંગાવ્યા હતા.

અને સદરહુ, ઉદ્‌ઘોષણાના સંબંધમાં કલેકટર ભરૂચને કોઇ વાંધા મળ્યા નથી.

ગુજરાત સરકાર, કલેકટર ભરૂચ અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન સાથે વિચાર વિનિમય કરીને, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૬૪-ખ ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, આથી, સદરહુ, નોટિફાઇડ એરીયા એટલે કે ભરૂચને આ સાથે જોડેલ પરિશિષ્ટ "ક"માં નિર્દિષ્ટ કરેલ સદરહુ, નિયમોની જોગવાઇઓ લાગુ પાડે છે.

પરિશિષ્ટ "ક"

ભરૂચ નોટિફાઇડ એરીયા એકત્રિત વેરા નિયમો

૧. સંજ્ઞા.—આ નિયમો 'જીઆઇડીસી, ભરૂચ નોટિફાઇડ એરીયા એકત્રિત વેરા નિયમો' કહેવાશે.

૨. વ્યાખ્યા.—આ નિયમોમાં, વિષય વસ્તુના સંદર્ભથી કંઇ વિરૂધ્ધ ન હોય તો,—

(ક) "જમીન" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨ની પેટા-કલમ (૨)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની જમીન.

(ખ) "મકાન" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨ની પેટા-કલમ (૨)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું મકાન.

INDEX

(ગ) "રહેણાંકના હેતુઓ માટે વપરાતું મકાન" એટલે માનવ વસવાટ તરીકે અથવા પશુઓ સહિત મિલકતની કસ્ટડીના સ્થળ તરીકે તેના તેજ ભોગવટેદાર વાપરતો હોય તેવું કોઈપણ મકાન અથવા એક જ વાડમાંના સંખ્યાબંધ મકાનો, જો વ્યાપારના સામાન્ય ક્રમમાં વેચાણ માટે ન હોય.

(ઘ) "ધંધાના હેતુઓ માટે વપરાતું મકાન" એટલે કોઈપણ પ્રકારનો માલ અને સર્વિસ તૈયાર કરવા અથવા બનાવવા માટે અથવા વ્યાપાર માટે અથવા હેરફેરના ધંધા માટે અથવા રહેણાંક સિવાયના બીજા કોઈપણ હેતુ માટે તેનો તેજ ભોગવટેદાર વાપરતો હોય તેવું કોઈપણ મકાન અથવા એક જ વાડમાંના સંખ્યાબંધ મકાનો.

(ચ) "માલિક" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨ની પેટા-કલમ (૧૮)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના માલિક.

(છ) "કોર્પોરેશન" એટલે ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ રચાયેલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન.

(જ) "સિનિયર અધિકારી જીઆઈડીસી" એટલે સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ ૧૬ હેઠળ નોટિફાઈડ એરીયા માટે નીમેલા કોર્પોરેશનના અધિકારી.

(ઝ) "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

(ટ) "વર્ષ" એટલે દર વર્ષે એપ્રિલ મહિનાની ૧લી તારીખથી શરૂ થતું સરકારી વર્ષ.

(ઠ) "ભોગવટેદાર" એટલે, યથાપ્રસંગ, માલિકીફેર ખતની રૂએ, લાઈસન્સદાર, પટેદાર અથવા મિલકતના માલિક તરીકે કોર્પોરેશનનો ભાડૂત અથવા જે વ્યક્તિ ભાડાપટાની રૂએ અથવા રખેવાળ, ટ્રસ્ટી તરીકે અથવા અન્યથા મિલકતનો કબજો ધરાવતી હોય તે વ્યક્તિ અથવા તે સમયે નોટિફાઈડ એરીયામાં આવેલ મિલકતના બીજા જે માલિકો કોઈપણ જમીન અથવા મકાનનું ભાડું પોતે જાતે અથવા બીજી કોઈ વ્યક્તિના એજન્ટ અથવા ટ્રસ્ટી તરીકે અથવા કોઈ મંડળી માટે અથવા કોઈ ધર્માદા અથવા સખાવતી હેતુઓ માટે સ્વીકારતા હોય અથવા જો એવી જમીન અથવા મકાન ભાડૂઆતને ભાડે આપ્યું હોય, તો, એ રીતે ભાડું સ્વીકારે તે.

સ્પષ્ટીકરણ—પટે લેનાર, માલિકીફેર ખતની રૂએ મિલકતનો કબજો ધરાવતી વ્યક્તિ, ભાડું, પટો એ શબ્દોનો અર્થ, યથાપ્રસંગ, કોર્પોરેશનના મિલકત નિકાલ અંગેના વિનિયમો અથવા કોર્પોરેશનના જમીન નિકાલ અંગેના વિનિયમો અથવા ભાડા વિનિયમમાં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

૨. (૧) "નોટિફાઈડ એરીયા" એટલે રાજપત્રમાં જાહેરનામાથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમની કલમ ૧૬ હેઠળનો તે તરીકેનો નોટિફાઈડ એરીયા.

INDEX

૩. **વેરાનો પ્રકાર અને દર :**—નોટિફાઇડ એરિયાની હદમાં આવેલ તમામ મકાનો અને જમીનો ઉપરનો એકત્રિત વેરો, નીચેના વેરાને બદલે, પૂરવણી "ખ" મુજબ લેવામાં આવશે :

(ક) મકાનો અને જમીનો ઉપરનો વેરો.

(ખ) સામાન્ય સફાઇ ઉપકર.

(ગ) દીવાબત્તી વેરો.

૪. **મુકિત :**—નીચેનાને એકત્રિત વેરામાંથી મુકિત આપવામાં આવશે :—

(ક) કેન્દ્ર અને રાજ્ય સરકાર, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અથવા ગ્રામ અને નગર-પંચાયત, જિલ્લા શાખા બોર્ડ અને મ્યુનિસિપલ સ્કૂલ બિલ્ડીંગ.

(ખ) પ્રાચીન સ્મારક જાળવણી અધિનિયમ, ૧૯૦૪ના અર્થ મુજબ સંરક્ષિત સ્મારકો હોય અને જેમાંથી કોઇ મહેસૂલ કે ભાડું મળતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો.

(ગ) જેમનો જાહેર પૂજા માટે અથવા સખાવતી અને શૈક્ષણિક હેતુઓ માટે ઉપયોગ અથવા ભોગવટો કરવામાં આવતો હોય અને જેમાંથી કોઇ મહેસૂલ અથવા ભાડું ઉપજતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો અથવા તેના ભાગો.

૫. આ નિયમોના હેતુ માટે, માલ ઉત્પાદન કરવામાં અને સેવામાંજ રોકાયેલ કોઇ ભોગવટે-દારને, ફાળવણીની તારીખથી શરૂ થતા પ્રથમ વર્ષ માટે આ નિયમો હેઠળ નાંખેલા વેરા ભરવામાંથી મુકિત આપવામાં આવશે. બીજા વર્ષના આરંભથી અને ૫ વર્ષના અંતે પૂરેપૂરા દરના ૫૦% લેખે વેરો લેવામાં આવશે અને ત્યારબાદ પૂરેપૂરા દરે વેરો લેવામાં આવશે અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનના ફાળવણી દાર ન હોય તેવા નોટિફાઇડ એરીયામાંના ભોગવટેદારની બાબતમાં, આવી મુકિતની મુદતની ગણતરી, તે આવી જમીનનો પ્રથમ માલિક કે ભોગવટેદાર થાય અથવા આવી જમીનો પ્રથમ મેળવી હોય તે તારીખથી કરવામાં આવશે.

૬. કોઇ મકાનના બાંધકામનો માલિક, જે જમીન ઉપર મકાન હોય તે જમીનના માલિક સિવાયની અન્ય વ્યકિત હોવાનું કહેવાતું હોય, ત્યારે, બાંધકામના માલિકો, પ્રારંભિક રીતે વેરા માટે સિનિયર અધિકારી અને નોટિફાઇડ એરીયા અધિકારી પ્રત્યે જવાબદાર રહેશે.

એકત્રિત વેરાની આકારણી અને જવાબદારી :—(ક) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જણાવેલ હેતુ માટેની જોગવાઇઓ મુજબ વેરો આકારવામાં આવશે.

(ખ) કોઇ ભોગવટેદાર, આ નિયમો હેઠળ વેરો ભરવા માટે પ્રથમતઃ જવાબદાર રહેશે.

૭. **વેરા ભરવાની રીત:**—વેરો દર વર્ષે એપ્રિલ મહિનાની પહેલી તારીખે અથવા તે પહેલાં એક જ હપ્તામાં અગાઉથી ભરવો પડશે અને તદનુસાર તે વસૂલ કરવામાં આવશે.

૮. **માફી અને રિફંડ:**—ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનના સિનિયર અધિકારી, નીચે પ્રમાણે માફી અને રિફંડ આપી શકશે:—

(૧) જો કોઇ મકાન અથવા જમીન આખા વર્ષ દરમિયાન ખાલી રહયા હોય અને તેનો ઉપયોગ થયો ન હોય, તો વેરાની રકમના અર્ધાથી વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે:

INDEX

પરંતુ નોટિફાઇડ એરીયા અધિકારીને, મકાન ખાલી હોવાની અને જમીન બિન-ઉત્પાદક હોવાની હકીકતની લેખિત નોટિસ આપી ન હોય, તો આવી કોઇ માફી કે રિફંડ આપવામાં આવશે નહિ અને આવી નોટિસ આપ્યાની તારીખ અગાઉની કોઇપણ મુદત માટે, કોઇપણ માફી કે રિફંડ અમલમાં આવશે નહિ.

(૨) જો કોઇ મકાન સંપૂર્ણત: અથવા તેનો મોટો ભાગ તોડી પાડવામાં આવ્યો હોય અથવા આગથી નાશ પામ્યો હોય અથવા અન્યથા તેની કિંમતમાં ઘટાડો થયો હોય તો વેરાની રકમના એક ચતુર્થાંશ કરતાં વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે.

૯. નોટિસ.—ક્યારે લેખિત નોટિસ આપવી તે.—

નીચેની બાબતમાં નોટિફાઇડ એરીયા અધિકારીને એક મહિનાની અંદર લેખિત નોટિસ આપવાની કોઇ મકાન કે જમીન કે જમીન માલિકની ફરજ રહેશે.—

(ક) મકાન નવું ઉભું કરવામાં અથવા બાંધવામાં આવ્યું હોય, તે બાબતમાં,

(ખ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવું કોઇ મકાન વધારવામાં આવ્યું હોય અથવા ફરી બાંધવામાં આવ્યું હોય અથવા ફરી બાંધકામ કરવામાં આવ્યું હોય અથવા તેમાં સુધારા વધારા કરવામાં આવ્યા હોય અથવા અન્યથા એવી રીતે સુધારો કરવામાં આવ્યો હોય, કે જેથી કરીને તેની મૂડીરૂપી કિંમત વધી જાય, તે બાબતમાં,

(ગ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવા કોઇ મકાન અથવા જમીનના ભાગલા પાડવામાં આવ્યા હોય, તે બાબતમાં,

(ઘ) જો કોઇ મકાન સંપૂર્ણત: અથવા અંશત: તોડી પાડવામાં આવ્યું હોય અથવા આગથી નાશ પામ્યું હોય અથવા પડી ગયું હોય અથવા અન્યથા તેની ભાડાની કિંમત ઘટી ગઇ હોય, તે બાબતમાં,

નોંધ.—સદરહુ, એક મહિનાની મુદત, (ક), (ખ), (ગ)ની બાબતમાં મકાન પૂરું થયાની તારીખ અથવા તેના ભોગવટાની તારીખ એ બેમાંથી જે વહેલું હોય તે તારીખથી અને (ઘ)ની બાબતમાં બનાવ બન્યાની તારીખથી ગણવામાં આવશે.

૧૦. નિયમ ૯(ક) થી (ઘ) હેઠળ આવી લેખિત નોટિસ મળે ત્યારે નોટિફાઇડ એરીયા અધિકારીએ, જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, મકાનની આકારણી કરાવવી જોઇશે. નોટિફાઇડ એરીયા અધિકારીએ મૂલ્યાંકન મંજૂર કર્યું, તે માટે અલગ રીતે રાખેલી યાદીમાં તે નોંધવી જોઇશે અને વર્ષની સમાપ્તિ પછી, પ્રમાણિત આકારણીની યાદીમાં તત્સમાન ફેરફારો કરવા જોઇશે.

૧૧. ઉત્તરાધિકાર બાબત તકરાર હોય, ત્યારે આકારણીની યાદીમાં માલિક તરીકે કોનું નામ દાખલ કરવું જોઇશે તે બાબત.—

આકારણી યાદીમાં કોઇ મિલકતના માલિક તરીકે જેનું નામ દાખલ કર્યું હોય તે કોઇપણ વ્યક્તિના ઉત્તરાધિકાર સંબંધી કોઇ તકરાર હોય ત્યારે, ઉત્તરાધિકારના દાવેદારોમાંથી જે દાવેદાર

INDEX

ખરેખરા ભોગવટાથી અથવા અન્યથા મિલકતનો કબજો ધરાવતો હોય તેનું નામ અકારણી યાદીમાં માલિક તરીકે દાખલ કરવું જોઇશે અને તકારારની પતાવટ અથવા સત્તા ધરાવતી કોર્ટનો હુકમ રજૂ કર્યે અન્ય દાવેદાર નોટિફાઇડ એરીયા અધિકારીને ખાતરી ન કરાવે કે તે પહેલા દાવેદાર સાથે સંયુકત રીતે અથવા તેના વિના મિલકતના માલિક તરીકે હકદાર થાય છે ત્યાં સુધી, વેરો તેની પાસેથી વસૂલ કરવામાં આવશે.

૧૨. તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે લેખિત નોટિસ આપવા બાબત.—કોઇ મકાન અથવા જમીનના સંબંધમાં, વેરા ભરવા માટે પ્રથમત: જવાબદાર કોઇ વ્યકિતનો હક લેખિત લેખ દ્વારા અથવા અન્યથા તબદીલ થયો હોય, ત્યારે તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે, તબદીલી કરવામાં આવી હોય તે પછી ત્રણ મહિનાની અંદર, નોટિફાઇડ એરીયા અધિકારીને લેખિત નોટિસ આપવી જોઇશે, અને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, આકારણી યાદીમાં તબદીલી કરનારને સ્થાને તબદીલીથી લેનારનું નામ દાખલ કરવાનો હુકમ કરશે. ત્યાર પછી તબદીલીથી લેનાર, તબદીલ થયેલી મિલકતના સંબંધમાં બાકી રકમ, હોય તો તે સહિત સમગ્ર વર્ષના લેણા વેરા માટે જવાબદાર રહેશે.

૧૩. વારસદારે લેખિત નોટિસ આપવા બાબત.—વેરો ભરવા માટે પ્રથમત: જવાબદાર વ્યકિતનું મૃત્યુ થાય તે પ્રસંગે, જેને મરહૂમના હક વારસ તરીકે અથવા બીજી રીતે તબદીલ થાય તે વ્યકિતએ, મરહૂમના મૃત્યુની તારીખથી ત્રણ મહિનાની અંદર નોટિફાઇડ એરીયા અધિકારીને આવી તબદીલીની નોટિસ આપવી જોઇશે. નોટિફાઇડ એરીયા અધિકારીએ, જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી આકારણી યાદીમાં નામ દાખલ કરવાનો હુકમ કરવો જોઇશે અને એ રીતે જેનું નામ દાખલ કરવામાં આવ્યું હોય તેમના વારસો, મરહૂમ પાસે નીકળતા લેણા વેરાની બાકી રકમ ભરવા માટે અને તેનું નામ જે વર્ષમાં એ રીતે દાખલ કરવામાં આવ્યું હોય તે વર્ષ માટે જવાબદાર થશે.

૧૪. નોટિફાઇડ એરીયા અધિકારી એકત્રિત વેરા સબંધી વહીવટી કામ કરશે અને તે અંગેના દરેક પ્રશ્નનો નિર્ણય પણ કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

INDEX

પૂરવણી—ખ

નોટિફાઈડ એરીયા માટે સૂચિત એકત્રિત વેરાના દરો દર્શાવતું પત્રક.

અનુ-- ક્રમાંક	નોટીફાઈડ એરીયાનું નામ	એકત્રિત વેરાનો દર		
૧	૨	૩		
૧.	ભરૂચ	(ક) રૂા. ૨૧૫૯૯/-સુધી વેરાપાત્ર કિંમત, એટલે કે રૂા. ૩ લાખ સુધીની આકારેલી મિલકત માટે ૮ ટકા.	(ખ) રૂા. ૨૧,૬૦૦ થી રૂા. ૩૬000ની વચ્ચે લેવાપાત્ર કિંમત એટલે કે રૂા. ૩ લાખ અને રૂા. ૫ લાખ સુધી આકારેલી મિલકત માટે ૮.૫ ટકા.	(ગ) રૂા. ૩૬,૦૦૦ થી વધારે વેરાપાત્ર કિંમત એટલે કે રૂા. ૫ લાખ ઉપર આકારેલી મિલકત માટે ૯ ટકા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. સી. પરમાર
સરકારના ઉપ--સચિવ,
ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જુન, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી જુન, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૧/૧૨૮/એમવીઆર-૧૯૯૦/૧૧૮૨-ખ અને (૨) જી/બી/૯૧/૧૨૯/એમવીએ/૧૦૮૭/૫૩૦૫-ખનો ગુજરાતી અનુવાદો આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુન, ૧૯૯૧.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૧/૧૨૮/એમવીઆર-૧૯૯૦/૧૧૮૨-ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૯૬ની પેટા કલમ (૨)ના ખંડ (૨૦) અને કલમ ૧૧૧ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યક્તિ તરફથી, ગુજરાત સરકારના સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૧/૧૨૮/એમવીઆર-૧૯૯૦-૧૧૮૨-ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૯૬ની પેટા-કલમ (૨)ના ખંડ (૨૦) અને કલમ ૧૧૧ની પેટા-કલમ

INDEX

(૧) થી મળેલી સત્તાની અને તે અર્થે તેને અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ, અને ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

(૧). આ નિયમો "ગુજરાત મોટર વાહન (પ્રથમ સુધારા) નિયમો, ૧૯૯૧" કહેવાશે.

(૨) ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૨માં, ખંડ (થ)માં, —
(૧) "અથવા" એ શબ્દ કમી કરવો.
(૨) "ટેકનોલોજી અને એન્જિનિયરીંગ, વિદ્યાશાખા, કલાભવન, વડોદરા" એ શબ્દો પછી, "અથવા બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય, વલ્લભવિદ્યાનગર" એ શબ્દો ઉમેરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડ્યા,
સરકારના ઉપસચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુન, ૧૯૯૧.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/બી/૯૧/૧૨૯/એમવીએ/૧૦૮૭-૫૩૦૫-ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, સન ૧૯૮૯ના નિયમોનો મુસદ્દો, ગૃહ વિભાગના તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જી/બી/૯૧/૧૩/એમવીએ/૧૦૮૭-૫૩૦૫-ખના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ૪-એના પાના નં. ૧૪/૧, ૧૪/૨ પર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી તારીખ ૭મી માર્ચ, ૧૯૯૧ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ મુસદા અંગે સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૭૨ સાથે વાંચતા કલમ ૯૬ ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૭૬માં પેટા-નિયમ (૧)માં, ખંડ (ક)માં, નીચેનો પરંતુક ઉમેરવો :—

"પરંતુ રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ કરીને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા રૂટો ઉપર અને તેવી શરતોને અધીન રહીને, ખંડ (ક)ના અમલમાંથી કોઈપણ સ્ટેજ કેરેજને મુકિત આપી શકશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડયા,
સરકારના ઉપ-સચિવ.

તા. ૧-૬-૯૧ થી ૩૦-૬-૯૧ દરમ્યાન પ્રસિધ્ધ અસાધારણ રાજપત્રનીયાદી

ભાગ--૯

અનુ. નં.	અસાધારણ રાજપત્રનો નંબર.	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રકાશનની તારીખ	વિભાગનું નામ
૧	૬૧	જીએચએન--૨૩--PFT --૧૦૯૧--(એસ-૨૬-એ) -૧૨-ઠ.	૧૯-૬-૯૧	ભાષાંતર એકમ. કા. વિ.
૨	૬૨	જીએન--૨૪--વીવીટી-૧૦૯૧-૧૫૮૫-ઠનું ભાષાંતર.	"	"

INDEX

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, AUGUST 8, 1991/SRAVANA 17, 1913 [No. 32

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૩મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૯૧/૨૦/મહક/૧૫૮૯/૩૬૯૪/ફનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

THE LIBRARIAN-CUM-REFERENCE OFFICER (LEGAL DEPARTMENT) RECRUITMENT RULES, 1991.

ગ્રંથપાલ--સહ--રેફરન્સ અધિકારી (કાયદા વિભાગ) ભરતી નિયમો, ૧૯૯૧ સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જૂન, ૧૯૯૧.

ભારતનું સંવિધાન.

ક્રમાંક જીકે/૯૧/૨૦/મહક/૧૫૮૯/૩૬૯૪/ક.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ આથી, કાયદા વિભાગ હેઠળની ગ્રંથપાલ-સહ-રેફરન્સ અધિકારી વર્ગ--૨ની જગા ઉપરની ભરતીનં નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:—

(૧) આ નિયમો, 'ગ્રંથપાલ-સહ-રેફરન્સ અધિકારી (કાયદા વિભાગ) ભરતી નિયમો, ૧૯૯૧ કહેવાશે.

૨. કાયદા વિભાગ હેઠળની ગ્રંથપાલ-સહ-રેફરન્સ અધિકારી વર્ગ--૨ની જગા ઉપરની નિમણૂક,—

(ક) જેમણે સાત વર્ષ કરતા ઓછા ન હોય તેટલા વર્ષ સુધી, કાયદા વિભાગમાં ગ્રંથપાલ, વર્ગ--૩ તરીકે કામ કર્યું હોય અથવા જેમણે દસ વર્ષ કરતા ઓછા ન હોય તેટલા વર્ષ સુધી કાયદા વિભાગમાં મદદનીશ ગ્રંથપાલ વર્ગ--૩ તરીકે કામ કર્યું હોય તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને કરવામાં આવશે :

પરંતુ નિમણૂક કરનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલા અનુભવવાળા વ્યકિત બઢતી માટે મળી શકે તેમ નથી અને ઓછી મુદતના અનુભવવાળી વ્યકિતને બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે તો, તે કારણોની લેખિત નોંધ કરીને, ઉપર નિર્દિષ્ટ કરેલ મુદતના બે-તૃતિયાંશ કરતાં ઓછી ન હોય તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપી શકાશે; અથવા

(ખ) સીધી પસંદગીથી; અથવા

(ગ) સમાન જગાઓ ધરાવતા બીજા ખાતામાંથી વ્યકિતની બદલી કરીને,

કરવામાં આવશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર—

(ક) ૩૩ વર્ષ કરતાં વધુ ઉંમરનો હોવો જોઈએ નહિ;

(ખ) (૧) માન્ય યુનિવર્સિટીની બીજા વર્ગની વિનયન, વિજ્ઞાન વાણિજ્ય અથવા કાયદાના સ્નાતકની પદવી; અને

(૨) યુનિવર્સિટીએ અથવા સરકારે માન્ય કરેલી સંસ્થાની ગ્રંથપાલ વિજ્ઞાનની પદવી.

ધરાવતા હોવો જોઈએ;

(ગ) પાંચ વર્ષ કરતાં ઓછા ન હોય તેટલા વર્ષનો સરકારી ખાતામાં અથવા પ્રતિષ્ઠિત ખાનગી સંસ્થા/સંઘટનનમાં ગ્રંથપાલ તરીકેના કામનો પ્રત્યક્ષ અનુભવ હોવો જોઈએ;

(ઘ) ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ ;

INDEX

પરંતુ કાયદાની પદવી ધરાવતા અને કાયદાના ગ્રંથાલયમાં ગ્રંથપાલ તરીકે કામ કરતા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે :

વધુમાં અપવાદરૂપ સારી લાયકાત અથવા અનુભવ અથવા એ બંન્ને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય–મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા, વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર ગુજરાત સરકારની નોકરીમાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય–મર્યાદા હળવી કરી શકાશે.

૪. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે બે વર્ષથી મુદત સુધી પ્રોબેશન પર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે વખતોવખત સરકારે આ અર્થે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા હોય, તો તે અને ગુજરાતી અથવા હિન્દી અથવા એ બંન્ને પરીક્ષા પાસ કરવી પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
એમ. પી. દવે,
સરકારના ઉપ–સચિવ.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૨૦મી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારનાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચબી/૮/૯૧/જીએમબી/૧૨૯૦/(૫)ઘનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ટી. એમ. શાહ,
સરકારના ઉપસચિવ.

Notification

Under

THE GUJARAT MARITIME BOARD ACT, 1981.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ હેઠળ જાહેરનામું.

માર્ગ અને મકાન વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જૂન, ૧૯૯૧.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧.

ક્રમાંક:જીએચબી/૮/૯૧/જીએમબી/૧૨૯૦/(૫)ઘ.— ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ (સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા)ની કલમ ૩ની પેટા કલમ (૬)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બોર્ડના અધ્યક્ષ તરીકે સરકારના સચિવને માર્ગ અને મકાન વિભાગ નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
ટી. એમ. શાહ,
સરકારના ઉપસચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૦મી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જી/જી/૯૧/૧૨૭/એમવીએ-૧૦૮૮-૭૭૭-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જુન, ૧૯૯૧.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક: જી/જી/૯૧/૧૨૭/એમવીએ-૧૦૮૮/૭૭૭/ખ.— મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૮૯ની પેટા/કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને બંદર, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગનું તારીખ ૩૦મી માર્ચ, ૧૯૮૯નું સરકારી જાહેરનામું ક્રમાંક જી/બી/૮૮/૯૨/એમવીએ/૧૦૮૮/૭૭૭/ટી રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્ય માટે રાજ્ય વાહન વ્યવહાર અપીલ ટ્રિબ્યુનલ રચે છે જે શ્રી ડી. એચ. નાસીર, જજ સીટી સિવિલ કોર્ટ, અમદાવાદનું બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડ્યા,
સરકારના ઉપસચિવ.

તા. ૧--૭--૧૯૯૧ થી ૩૧--૭--૧૯૯૧ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

ક્રમ નં.	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધ થયાની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ—૯		
૧	૬૩	(૧) જીકે-૨૫-૫૨૨-૧૦૮૯-૬૪૮૯-ફ, તા. ૨૯--૬--૯૧. (૨) જીકે-૨૬-૫૨૨-૧૦૮૯-૬૪૮૯-ફ, તા. ૨૯--૬--૧૯૯૧	૨--૭--૯૧	ભા. એકમ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, AUGUST 29, 1991/BHADRA 7, 1913 [No. 35

Separate paging is given to this Pare in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જુલાઇ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧ની ૧૭૩-ડીવીપી-૧૨૮૯-૨૩૧૧-(૯૧) એલ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૭૩-ડીવીપી-૧૨૮૯-૨૩૧૧ (૯૧) એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૩નો ૨૭૮-ડીવીપી-૧૨૮૦-૧૩૮૪-(૮૩) એલ હેઠળ મંજૂર કરેલ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તાર માટે છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ, વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ, વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ, અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી-૧૯૯૧નો ૨૪-ડીવીપી-૧૨૮૯-૩૧૦-(૯૧)એલ હેઠળ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪-બીના પાના નંબર ૨૬-૨ થી ૨૬-૩ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ, ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને સરકારે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ, વિકાસ યોજનામાં કરવાનો સદરહુ, ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર તારીખ ૧૪મી ઓગસ્ટ, ૧૯૯૧થી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩નો ૨૭૮-ડીવીપી-૧૨૮૦-૧૩૮૪(૮૩)એલથી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"વુડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "સ્મશાનગૃહ અને ખુલ્લી જગા" (નદીની આગળની વિકાસ યોજના) તરીકે મુકરર કરેલ સમા ગામના મ. સ. નં. ૩૬, ૩૭, ૩૮-ભાગ, ૩૯-ભાગ, ૪૦-ભાગ, ૪૧-ભાગ, ૪૨-ભાગ અને ૪૫ ભાગવાળી જમીનો, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ
વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના સમાજકલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-એલ-૨૦-ઈએસટી-૧૦૮૬-૩૭૨૦૭--૧૫૧૬ (૯૧) એમ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE SUPERINTENDENT OF PROHIBITION AND EXCISE, CLASS-II, RECRUITMENT RULES, 1991.

નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ, વર્ગ-૨, ભરતી નિયમો, ૧૯૯૧ સંબંધી જાહેરનામું.

સમાજકલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જુલાઈ, ૧૯૯૧.

ભારતનું સંવિધાન.

ક્રમાંક જીએચ-એલ-૨૦-ઈએસટી-૧૦૮૬-૩૭૨૦૭-૧૫૧૬(૯૧)એમ.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે અગાઉ કરેલા તમામ નિયમો રદ

કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નશાબંધી અને આબકારી કમિશનરની નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, હેઠળ નશાબંધી અને આબકારીના સુપરિન્ટેન્ડન્ટ, વર્ગ-૨ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ, વર્ગ--૨ ભરતી નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ, વર્ગ--૨ની જગા ઉપરની નિમણૂક—

(ક) નશાબંધી અને આબકારી કમિશનરની નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ નશાબંધી અને આબકારી ઇન્સ્પેકટર વર્ગ-૩ની કેડરમાં સાત વર્ષ કરતાં ઓછા ન હોય તેટલા વર્ષ સુધી કામ કર્યું હોય તેવી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને કરવામાં આવશે:

પરંતુ નિમણૂક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલ અનુભવવાળી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને ઓછી મુદતના અનુભવવાળી વ્યકિતને બઢતી આપીને જગા ભરવી જાહેર હિતમાં જરૂરી છે, ત્યારે તે, કારણોની લેખિત નોંધ કરીને સદરહુ મુદતની બે તૃતિયાંશ કરતાં ઓછી ન હોય તેટલી મુદતના અનુભવવાળી વ્યકિતને બઢતી આપી શકશે, અથવા

(ખ) ગુજરાત રાજ્ય સેવા ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૮૦ અનુસાર ગુજરાત પબ્લિક સર્વિસ કમિશને લીધેલી ભરતી માટેની સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે સીધી પસંદગીથી કરવામાં આવશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકનું પ્રમાણ ૨ : ૧ નું રહેશે.

૪. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,—

(ક) ૨૧ વર્ષની ઉંમરનો હોવો જોઇએ અને ૨૮ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇએ નહિ:

પરંતુ વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉ ગુજરાત સરકારની નોકરીમાં હોય તે ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્ર અથવા રાજ્ય વિધાનમંડળના અધિનિયમ દ્વારા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણ યુનિવર્સિટીની અથવા સંસદના કોઇ અધિનિયમ દ્વારા સ્થાપેલ અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલ અન્ય શૈક્ષણિક સંસ્થાની પદવી અથવા તેને સમકક્ષ ધરાવતો હોવો જોઇએ.

(ગ) ઓછામાં ઓછી ઊંચાઇ ૧.૬૫ મીટર અને ફુલાવેલી અને ફુલાવ્યા વગરની છાતીના માપની વચ્ચે ઓછામાં ઓછા ૦.૦૫ મીટરના માપના વધારા સાથે ફુલાવેલી છાતીનું માપ, ૦.૮૪ મીટર કરતાં ઓછું હોવું જોઇશે નહિ;

INDEX

પરંતુ મૂળ ગુજરાત રાજ્યના હોય તેવા અનુસૂચિત આદિજાતિના ઉમેદવારની બાબતમાં, ઊંચાઇનું માપ ૧.૬૦ મીટર હોવું જોઇશે.

૫. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે બે વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રહેવું પડશે.

૬. પસંદ થયેલ ઉમેદવારે સરકાર વખતોવખત ઠરાવે તેવા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા હોય તો તે, અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવી પડશે.

૭. પસંદ થયેલ ઉમેદવારે સરકાર વખતોવખત ઠરાવે તેવા નિયમો અનુસાર એવી તાલીમ લેવી પડશે અને તાલીમ પૂર્વેની પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવી મુદત માટે અને તેટલી રકમના જામીનગીરી અને જામીનખતો આપવાં પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. જે. પટેલ,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૧૯/ ઈએસટી/૧૦૮૬/૩૭૨૦૭- ૧૫૧૬/(૯૧) એમ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE SUPERINTENDENT OF PROHIBITION AND EXCISE, CLASS-I, RECRUITMENT RULES, 1991.

નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ, વર્ગ--૧, ભરતી નિયમો, ૧૯૯૧ સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જુલાઈ, ૧૯૯૧.

ભારતનું સંવિધાન

ક્રમાંક : જીએચ/એલ/૧૯/ઈએસટી/૧૦૮૬/૩૭૨૦૭/૧૫૧૬/(૯૧) એમ.-- ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે અગાઉ કરેલા તમામ નિયમો રદ કરીને

INDEX

ગુજરાતના રાજ્યપાલ, આથી, નશાબંધી અને આબકારી કમિશનરની/નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, હેઠળ નશાબંધી અને આબકારીના સુપરિન્ટેન્ડન્ટ, વર્ગ--૧ ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે.--

૧. આ નિયમો 'નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ, વર્ગ--૧ ભરતી નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ, વર્ગ--૧ની જગા ઉપરની નિમણૂક--

(ક) નશાબંધી અને આબકારી કમિશનરની/નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, હેઠળ નશાબંધી અને આબકારી સુપરિન્ટેન્ડન્ટ, વર્ગ--૨ ની કેડરમાં આઠ વર્ષ કરતાં ઓછા ન હોય તેટલા વર્ષ સુધી કામ કર્યું હોય તેવી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને, કરવામાં આવશે :

પરંતુ નિમણૂક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલ અનુભવવાળી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને ઓછી મુદતના અનુભવવાળી વ્યકિતને બઢતી આપીને જગા ભરવી જાહેર હિતમાં જરૂરી છે ત્યારે તે, કારણોની લેખિત નોંધ કરીને સદરહુ મુદતના બે તૃતિયાંશ કરતાં ઓછી ન હોય તેટલી મુદતના અનુભવવાળી વ્યકિતને બઢતી આપી શકશે, અથવા

(ખ) ગુજરાત રાજ્ય સેવા ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૮૦ અનુસાર ગુજરાત પબ્લિક સર્વિસ કમિશને લીધેલી ભરતી માટેની સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે સીધી પસંદગીથી કરવામાં આવશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકનું પ્રમાણ ૩ : ૧ નું રહેશે.

૪. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,--

(ક) ૨૧ વર્ષની ઉંમરનો હોવો જોઈએ અને ૨૮ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈએ નહિ:

પરંતુ વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉ ગુજરાત સરકારની નોકરીમાં હોય તે ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે ;

(ખ) ભારતમાં કેન્દ્ર અથવા રાજ્ય વિધાનમંડળના કોઈ અધિનિયમ દ્વારા સંસ્થાપિત યુનિ--વર્સિટીઓ પૈકી કોઈપણ યુનિવર્સિટીની અથવા સંસદના કોઈ અધિનિયમ દ્વારા સ્થાપેલ અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલ અન્ય શૈક્ષણિક સંસ્થાની પદવી અથવા તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(ગ) ઓછામાં ઓછી ઉંચાઈ ૧.૬૫ મીટર અને ફુલાવેલી અને ફુલાવ્યા વગરની છાતીના માપની વચ્ચે ઓછામાં ઓછા ૦.૦૫ મીટરના માપના વધારા સાથે ફુલાવેલી છાતીનું માપ, ૦.૮૪ મીટર કરતાં ઓછું હોવું જોઈશે નહિ:

પરંતુ મૂળ ગુજરાત રાજ્યના હોય તેવા અનુસૂચિત આદિજાતિના ઉમેદવારની બાબતમાં ઉંચાઈનું માપ, ૧.૬૦ મીટર હોવું જોઈશે.

૫. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે બે વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રહેવું પડશે.

૬. પસંદ થયેલ ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા, હોય તો તે, અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવી પડશે.

INDEX

૭. પસંદ થયેલ ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવા નિયમો અનુસાર તાલીમ લેવી પડશે અને તાલીમ પૂર્વેની પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવી મુદત માટે અને તેટલી રકમના જામીનગીરી અને જામીનખતો આપવા પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. જે. પટેલ,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી/૧૯૯૧નો ૧૧૨/અસયુએ-૧૦૭૯-૫૦૨૧/આર નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT EDUCATION CESS ACT, 1962.

ગુજરાત શિક્ષણ ઉપ-કર અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી મે, ૧૯૯૧.

ગુજરાત શિક્ષણ ઉપ-કર અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક : કેવી/૧૯૯૧નો ૧૧૨/એસયુએ-૧૦૭૯-૫૦૨૧-આર :—ગુજરાત શિક્ષણ ઉપ-કર અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૫મા)ની કલમ ૨૮ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૨૮ની પેટા-કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો, રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

INDEX

૨. ઉપરોક્ત મુદત પૂરી થયા પહેલાં સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યક્તિ તરફથી જે કોઈ વાંધા અને સૂચનો, સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, બ્લોક નંબર ૧૪, સચિવાલય, ગાંધીનગરને મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : કેવી/૧૯૯૧નો ૧૧૨/એસયુએ/૧૦૭૯/૫૦૨૧/(૯૦)/આર :–ગુજરાત શિક્ષણ ઉપ-કર અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૫મા)ની કલમ ૨૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત શિક્ષણ ઉપ-કર નિયમો, ૧૯૬૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :–

૧. આ નિયમો 'ગુજરાત શિક્ષણ ઉપ-કર (પ્રથમ સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. ગુજરાત શિક્ષણ ઉપ-કર નિયમો, ૧૯૬૨માં, નિયમ ૫ં અને તે હેઠળના સ્પષ્ટીકરણને બદલે, નીચેનો મજકૂર મૂકવો :–

"૫. વેરો ભરવા માટેનો સમય :–

મહિના દરમિયાન વેરા પેટે કોઈપણ સ્થાનિક સત્તામંડળે ઉઘરાવેલી તમામ રકમો, પછીનો મહિનો પૂરો થતાં પહેલાં સરકારી તિજોરીમાં ભરી દેવી જોઈશે."

સ્પષ્ટીકરણ :–આ નિયમના હેતુ માટે "મહિનો" એ શબ્દપ્રયોગનો અર્થ "અંગ્રેજી મહિનો" એવો થાય છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. જી. ભટ્ટ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/જી/૨૨/સીઓટી-૧૦૮૨/૩૫૦૦-એ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, INFORMATION, BROADCASTING AND TOURISM DEPARTMENT NO. GH/G/21/COT-1082-3500-A, DATED THE 17-9-1990.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગનું તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચ/જી/૨૧/સીઓટી-૧૦૮૨-૩૫૦૦- એ સુધારવા સંબંધી જાહેરનામું

ગુજરાત સરકાર

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૧૯૯૧.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક જીએચ/જી/૨૨/સીઓટી -૧૦૮૨-૩૫૦૦--એ.-- મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ ૩૩ની પેટા--કલમ (૧)ના ખંડ (૫-ક) ના પેટા--ખંડ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગનું તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચ/જી/૨૧/સીઓટી-૧૦૮૨-૩૫૦૦-એ નીચે પ્રમાણે સુધારે છે:

સદરહુ જાહેરનામામાં, નોંધ ક્રમાંક ૧૪ને બદલે, નીચેનો મજકુર મુકવો :—

"૧૪. શ્રી ઉત્પલ ભાયાણી, મુંબઈ સભ્ય"

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ડી. દેસાઈ,
સરકારના નાયબ સચિવ,
માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: (૧) જીએચ/વી/૧૯૯૧નો ૧૬૪/ટીપીએસ-૩૧૯૦/૧૮૪૫-(૯૧)-એલ અને (૨) જીએચ/વી/૧૯૯૧નો-૧૬૫/ડીવીપી/૧૨૮૯-૧૯૧૬/(૯૧)-એલના ગુજરાતી અનુવાદો આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યા છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૬૪/ટીપીએસ/૩૧૯૦/૧૮૪૫/(૯૧)-એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ ભરૂચ નગરપાલિકાએ, નગરરચના યોજના ભરૂચ નંબર ૨ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે.

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ ભરૂચ નગરપાલિકાએ (જેનો આમાં હવે પછી "સદરહુ નગરપાલિકા" કહી છે તેણે) નગર રચના યોજના ભરૂચ નંબર ૨માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજના (જેનો આમાં હવે પછી, "સદરહું યોજના" કહી છે તે) નો મુસદ્દો ઠરાવેલી રીતે તૈયાર કરી ને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો છે. અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ નગરપાલિકાએ, સદરહું અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે તે હેઠળ મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના રજૂ કરી છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને સદરહુ યોજના મંજૂર કરે છે, અને,

(ખ) જણાવે છે કે સદરહુ યોજના તમામ કામકાજના દિવસો એ કચેરીના સમય દરમિયાન ભરૂચ નગરપાલિકાની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે;

અનુસૂચિ

(૧) યોજના બુકમાં, "સેવાનો ખર્ચ" એ કોષ્ટક પછી, નીચેની નોંધ ઉમેરવી.

"યોજનામાં જોગવાઈ કરેલા કામો, પ્રારંભિક યોજના અમલમાં આવ્યાની તારીખથી પાંચ વર્ષની મુદતની અંદર પૂરા કરવા જોઈશે."

(૨) નગરરચના યોજનાનો રસ્તો યોજનાના પ્લાન નં. ૩માં ખુ. પ્લોટ નં. ૬, ૩૪ અને ૩૬ વાળી ગુજરાત ગૃહનિર્માણ બોર્ડની જમીનમાં થઈને પસાર થતો દર્શાવ્યો છે, પણ ખુલ્લા પ્લોટ અને ફા. પ્લોટની યોજનાના નમૂના "છ"માં એવું જ દર્શાવ્યું છે. નગરરચના અધિનિયમની કલમ ૧૨૩ મુજબ

INDEX

નગરરચના યોજના, ગુજરાત ગૃહનિર્માણ બોર્ડની મંજૂર કરેલ યોજના માટે નગરરચના યોજના તૈયાર કરી શકાય, તેથી ગુજરાત ગૃહનિર્માણ બોર્ડની ઉપર્યુક્ત મિલકતમાં થઈને પસાર થતો નગરરચના યોજનાના રસ્તાની દરખાસ્ત, પડતી મૂકવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઇ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૬૫/ડીવીપી/૧૨૮૯/૧૯૧૬ (૯૧) એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ ના સરકારી જાહેરનામાં ક્રમાંક જીએચ/વી/૧૯૮૩નો ૨૭૮-ડીવીપી-૧૨૮૦-૪૩૮૪(૮૩)એલ હેઠળ મંજુર કરેલ વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭માં)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારીરાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૩ નો ૨૭૮-ડીવીપી--૧૨૮૦-૪૩૮૪(૮૩)એલ થી મંજૂર કરેલ વડોદરા શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"વુડા"ની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઝોન" તરીકે મુકરર કરેલા નિમેટા ગામના મ.સ.નં. ૧૩, ૧૪, ૨૦, ૨૧, ૨૨, ૭/૧, ૪, ૨/એ, ૨/બી, ૧૮૦, ૧૮૩, ૧૭૯/૨ ભાગ, ૧૭૭, ૧૭૫, ૧૯૩, ૧૦૬, ૧૫૭, ૧૫૯/૧, ૧૬૦/ભાગ, ૨૦૪, ૨૦૩/૧, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૯૬/૧, ૧૯૫/૧, ૧૯૩, ૧૯૪, ૧૨, ૯૫, ૧૦૨, ૧૦૧, ૧૦૦, ૫૬, ૫૫, ૧૦૬ વગેરે વાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૭૦-ડીવીપી-૧૫૮૯-૨૨૪૮(૯૧)એલ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો-૧૭૦-ડીવીપી-૧૫૮૯-૨૨૪૮ (૯૧)એલ: —ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં તારીખ ૨જી નવેમ્બર,

INDEX

૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૭નો ૨૪૦-ડીવીપી-૧૫૮૩-૪૪૨૦ (૮૭) એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ, વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ, વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ, અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૪૬-ડીવીપી-૧૫૮૯-૫૯૫(૯૧)એલ હેઠળ તારીખ ૧૮મી ફેબ્રુઆરી ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બી ના પાના ક્રમાંક ૪૮-૧ થી ૪૮-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચના અથવા વાંધા હોય, તો તે સદરહુ, ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને ગુજરાત સરકારે, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે; તેથી હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ, વિકાસ યોજનામાં કરવાનો ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એવી રીતે જણાવેલો ફેરફાર સન ૧૯૯૧ના ઓગસ્ટ મહિનાની ૧૨મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૭નો ૨૪૦-ડીવીપી-૧૫૮૭-૪૪૨૦ (૮૭) એલથી મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

---

૧. "ઔડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં ખેતીના ઉપયોગ માટે મુકરર કરેલી આ સાથેના પ્લાનમાં A B C D E F G H I J K L M N O P Q R S T U V W X Y A તરીકે નીશાની કરેલ દસક્રોઈ તાલુકાના ગોતા ગામના મ.સ.નં. ૭૨,૭૩,૭૪વાળી અને દસક્રોઈ તાલુકાના આંગણજ ગામના મ.સ. નં. ૫૯૫, ૫૯૬, ૫૯૯, ૬૦૧થી ૬૧૬, ૬૨૧થી ૬૪૦, ૬૪૮થી ૬૫૦, ૬૫૩થી ૬૫૫વાળી જમીનો, સદરહુ, ઉપયોગમાંથી મુક્ત કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ખ) હેઠળ "ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ" માટે અનામત રાખવી.

૨. કલમ-૧૯(૧)(ગ) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, ઉપર્યુક્ત ગૃહનિર્માણ બોર્ડ માટે અનામત રાખેલ જમીનો સંપાદન કરવાનો આશરે ખર્ચ માંગણી મુજબ રૂા. ૩ કરોડ જેટલો અંદાજવામાં આવ્યો છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,

સરકારના ખાસ ફરજ પરના અધિકારી,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ

વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચ-વી-૧૯૯૧નો ૧૫૫-ડીવીપી-૧૪૮૯-૧૮૧૪ (૯૧) એલ (૨) જીએચ-વી-૧૯૯૧ના ૧૫૬-ટીપીએસ-૧૪૯૦-૧૮૪૪ (૯૧)એલ ના ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સાર, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામુ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧નો ૧૫૫-ડીવીપી-૧૪૮૯-૧૮૧૪(૯૧)એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૬નો ૪૬-ડીવીપી-૧૪૮૧-૩૮૪(૮૬) એલ હેઠળ મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ, વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ, વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ, અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ, અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચ-વી-૧૯૯૧નો ૪૯-ડીવીપી-૧૪૮૯-૨૭૬-(૯૧) એલ હેઠળ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪-બી ના પાના ક્રમાંક ૫૦-૩ થી ૫૦-૪ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે સદરહુ, ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદત અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

INDEX

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે; અને સરકારે, સુરત શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ, વિકાસ યોજનામાં કરવાનો સદરહુ, ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એવી રીતે જણાવેલો ફેરફાર સન ૧૯૯૧ના જુલાઇ મહિનાની ૨૪મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી-૧૯૮૬ના ૪૬-ડીવીપી-૧૪૮૧-૩૮૪ (૮૬) થી મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. "સુડા"ની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "સુડા દ્વારા વાણિજ્ય" સી-૧૭ માટે અનામત રાખેલ ઉન ગામની મ. સ. નં. ૧૮૧, ૧૮૨-બી, અને ૧૯૬ વગેરેવાળી જમીનો અને તેની આસપાસના રસ્તાની લાઇનદોરી નીચે પ્રમાણે સુધારવી :—

(૧) આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક (૧) આગળ "AB" અને "CD" તરીકે નિશાન કરેલ ૬૦ મી. પહોળા રસ્તાની લાઇનદોરી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, અધિનિયમની કલમ ૧૨ (૨) (ડ) હેઠળ "સુડા દ્વારા વાણિજ્ય" માટે અનામત રાખવી.

(૨) આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક (૨) આગળ A R T અને K B D તરીકે નિશાની કરેલી જમીનો, રસ્તાની લાઇનદોરીમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "ખેતીના ઉપયોગ" તરીકે મુકરર કરવી.

(૩) આ સાથેના પ્લાનમાં અનુક્રમાંક ૩ આગળ દર્શાવ્યા પ્રમાણે L M N અને X Y Z તરીકે નિશાની કરેલ બ્લૉક નં. ૧૮૧—ભાગ અને બ્લૉક નં. ૧૯૯—ભાગવાળી જમીનો, "સુડા વાણિજ્ય" સી-૧૭માંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલ જમીનમાં થઇને પસાર થતી ૩૦મી. પહોળા નવા રસ્તાની લાઇનદોરી અધિનિયની કલમ ૧૨ (૨) (ઘ) હેઠળ સૂચિત કરવી.

(૪) આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક (૪) આગળ L T N તરીકે નિશાની કરેલ બ્લૉક નં. ૧૮૨-ભાગ, ૧૯૭-ભાગ અને બ્લૉક નં. ૧૮૨, ૧૮૩, ૧૯૬-ભાગવાળી જમીનો, "સુડા દ્વારા વાણિજ્ય" માટેના અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત જમીનમાં થઇને પસાર થતી ૬૦ મી. પહોળા નવા રસ્તાની લાઇનદોરી, અધિનિયમની કલમ ૧૨-(૨) (ઘ) હેઠળ સૂચિત કરવી.

INDEX

(૫) આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક (૫) આગળ દર્શાવ્યા પ્રમાણે M N O N તરીકે નિશાની કરેલ જમીનો, ૬૦ મી. પહોળા રસ્તાની લાઇનદોરીમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અધિનિયમની કલમ ૧૨ (૨) (ડ) "સુડા દ્વારા વાણિજ્ય" માટે અનામત રાખવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧ના ૧૫૬-ટીપીએસ-૧૪૯૦-૧૮૪૪ (૯૧) એલ.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને નગરરચના યોજના સુરત નં. ૧૩ (અડાજણ) કરવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો હતો; અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને, (જેનો આમાં હવે પછી "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" કહયું છે તેણે), નગરરચના યોજના સુરત નં. ૧૩ (અડાજણ)માં સમાવિષ્ટ વિસ્તારના સંબંધમાં યોજના (જેને આમાં હવે પછી "સદરહુ યોજના" કહી છે તે)નો મુસદો ઠરાવેલી રીતે તૈયાર કરીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલાં વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશને સદરહુ યોજના, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ, તેમાં જોગવાઇ કરેલી રીતે મંજૂરી માટે રાજ્ય સરકારને રજૂ કરી હતી;

INDEX

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) પુનર્વહેંચણી અને મૂલ્યાંકન પત્રક (નમૂના છ) ના પાના ૧૮ ઉપર કેસ નં. ૮૫માં, ફાઈનલ પ્લોટ નં. ૨૬-સીને ફાઈનલ પ્લોટ નંબર ૬૫ તરીકે વાંચવો અને કેસ નં. ૮૬માં ફાઈનલ પ્લોટ નં. ૧૧૫--એ ને, ફાઈનલ પ્લોટ નં. ૬૬ તરીકે વાંચવો.

(૨) પુનર્વહેંચણી અને મૂલ્યાંકન પત્રક (નમૂનો છ)ના પાના ૪૬ ઉપર વિશેષ નોંધના કોલમમાં આર્થિક રીતે નબળા વર્ગો માટે ફાળવેલ હોવાનું દર્શાવેલ ફા. પ્લોટ નં. ૩--આર, ૪--આર અને ૫--આર અને બગીચા માટે ફાળવેલ હોવાનું દર્શાવેલ ૬--આર ને, કમી કરવા આ પ્લોટો નીચે પ્રમાણે ફાળવવા :— ફા. પ્લોટ નં. ૩--આર અને ૪--આર ને સ્થાનિક વાણિજ્ય માટે ફાળવેલા હોવાનું દર્શાવવું, ફા. પ્લોટ નં. ૫--આરને, "બગીચા માટે" ફાળવેલ હોવાનું દર્શાવવું અને ફા. પ્લોટ નં. ૬--આર ને, "સ્થાનિક વાણિજ્ય" માટે ફાળવેલ હોવાનું દર્શાવવું.

(૩) નગરરચના યોજનાના મુસદાના પ્લાન નં. ૪માં ફા. પ્લોટ નંબર ૯--આર ને ફા. પ્લોટ નં. ૧૮--આર તરીકે વાંચવું.

(૪) પ્રારંભિક નગરરચના યોજના બનાવતી વખતે, દરેક કેસના ગુણદોષ ધ્યાનમાં રાખીને, નગરરચના અધિકારીએ, યોજનાના મુસદામાં સરેરાશ કરતાં વધુ કપાત કરી હોય તેવી જમીનના સંબંધમાં બીજા કેસોમાં કરેલી કપાતના જેટલી જ કપાત કરવી જોઈશે. આ વિકાસ યોજના, અનામત અમલમાં લાવવાના કેસને પણ લાગુ પડશે.

(૫) સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને, સરકારને મંજૂરી માટે રજૂ કરેલ નગરરચના યોજનાના મુસદામાં નમૂના "છ"ના અંતે જણાવેલ તમામ કોલમોનો સરવાળો, દર્શાવ્યો ન હોવાને કારણે તે, નગરરચના અધિકારીએ પૂરો પાડવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૯૧-૩૧-આઈબીએ-૧૦૯૧-૪૧૩-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDIAN BOIER ACT, 1923.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ક્રમાંક : જીયુ-૯૧-૩૧-આઈબીએ-૧૦૯૧-૪૧૩-એમ-(૩).—ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૫મા)ની કલમ ૩૪ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧)માં નિર્દેશ કરેલ ઈન્ડસ્ટ્રીયલ પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ, પો. ઓ. પેટ્રોકેમિકલ્સ ડિસ્ટ્રીકટ વડોદરા ખાતે, ગોઠવેલ બોઈલરને, સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ મુદત સુધી સદરહુ અધિનિયમની કલમ ૬ના ખંડ (ગ) અને કલમ ૮ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ની જોગવાઈઓમાંથી, નીચેની શરતોને અધીન રહીને, મુકિત આપે છે.

(૧) ફિડ વોટર અને બ્લોડાઉન માટેના રાસાયણિક પૃથક્કરણના રોજેરોજના રિપોર્ટો, સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષક, ગુજરાત રાજ્ય, અમદાવાદને દર પખવાડિયે ચકાસણી માટે રજૂ કરવા.

(૨) બોઈલરનું ચાલુ દબાણ કાઢી આપેલા છેલ્લા કાર્ય પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ છે તેના કરતાં વધુ હોવું જોઈએ નહિ.

(૩) આ મુદત દરમિયાન, બોઈલરને અથવા બોઈલરના કોઈપણ ભાગને અકસ્માત થાય, તો બોઈલર બંધ કરવું જોઈએ અને સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષકની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદને તેની તરત જ જાણ કરવી.

(૪) ગુજરાત બોઈલર પરિચર નિયમો, ૧૯૬૬ પ્રમાણે લાયકાત ધરાવતા બોઈલર પરિચરે, બોઈલરની દેખરેખ રાખવી.

(૫) સદરહુ અધિનિયમની કલમ ૬ (ગ) અને ૮ (૧) (ક) સિવાયની કોઈપણ જોગવાઈના ભંગ બદલ મુકિત રદ કરવામાં આવશે.

INDEX

અનુસૂચિ

બોઈલરનું વર્ણન	મુકિતની મુદત
૧	૨
માલિકી ક્રમાંક જીટી ૧૮૭૮ વાળું અને ૨૧૮ ચોરસ મિટર તાપમાન ધરાવતું વેસ્ટ હીટ બોઈલર.	૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧થી ૩જી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.
શ્રમ અને રોજગાર વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૯૧-૩૦-આઈબીએ-૧૦૯૧-૩૩૦-એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDIAN BOILER ACT, 1923.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ક્રમાંક જીયુ-૯૧-૩૦-આઈબીએ-૧૦૯૧-૩૩૦-એમ-(૩).—ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૫મા)ની કલમ ૩૪ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ કિશક ભારતી કો-ઓપરેટીવ લિમિટેડ પો. ઓ.

INDEX

કિભકોનગર, જિલ્લા સુરત ખાતે ગોઠવેલ બોઈલરને સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ મુદત સુધી સદરહુ અધિનિયમની કલમ ૬ના ખંડ (ગ) અને કલમ ૮ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ની જોગવાઈઓમાંથી નીચેની શરતોને અધીન રહીને, મુકિત આપે છે.

(૧) ગુજરાત બોઈલર પરિચર નિયમો, ૧૯૬૬ નિયમ--૨ મુજબ યોગ્ય લાયકાત ધરાવતા પરિચરે બોઈલરનો ચાર્જ સંભાળવાનો રહેશે.

(૨) ફિડ વોટર અને બ્લો-ડાઉન માટેના રાસાયણિક પૃથક્કરણના રિપોર્ટ, સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષક, ગુજરાત રાજ્ય, અમદાવાદને ચકાસણી માટે રજૂ કરવા.

૩. બોઈલરનું ચાલુ દબાણ તેનું છેલ્લું કાર્ય પ્રમાણપત્ર આપ્યું હોય તેના કરતાં વધુ હોવું જોઈએ નહિ.

૪. અકસ્માતના પ્રસંગે બોઈલર તરત જ બંધ કરવું અને ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ની કલમ ૧૮ મુજબ તે મતલબનો રીપોર્ટ રજૂ કરવો જોઈશે.

૫. ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ની કલમ ૬ (ગ) અને ૮ (૧) સિવાયની કોઈપણ કલમના ભંગ બદલ મુકિત રદ કરવામાં આવશે.

અનુસૂચિ

બોઈલરનું વર્ણન (૧)	મુકિતની મુદત (૨)
નોંધણી ક્રમાંક જીટી/૨૭૩૬ વાળું અને ૪૨૭.૮ ચોરસ મિટર તાપમાન સપાટી ધરાવતું એક વેસ્ટ હિટ બોઈલર.	૨જી ફેબ્રુઆરી, ૧૯૯૧ થી ૧લી મે, ૧૯૯૧.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.
શ્રમ અને રોજગાર વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૯૧-૩૨-આઈબીએ-૧૦૯૧-૪૧૪-એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE INDIAN BOILER ACT, 1923.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ક્રમાંક : જીયુ-૯૧-૩૨-આઈબીએ-૧૦૯૧-૪૧૪-એમ (૩)-ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૫માં)ની કલમ ૩૪ ની પેટા-કલમ (૩) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર્સ કોર્પોરેશન લિમિટેડ, પો. ઓ. કસ્તુરીનગર, ગાંધીનગર ખાતે ગોઠવેલ બોઈલરને, કોલમ (૨)માં નિર્દિષ્ટ મુદત સુધી સદરહુ અધિનિયમની કલમ ૬ ના ખંડ (ગ) અને કલમ ૮ ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ની જોગવાઈઓમાંથી નીચેની શરતોને અધીન રહીને, મુક્તિ આપે છે.

(૧) ફિડ વોટર અને બ્લોડાઉન માટેના રાસાયણિક પૃથક્કરણના રોજરોજના રિપોર્ટ, સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષક, ગુજરાત રાજ્ય, અમદાવાદને દર પખવાડિયે ચકાસણી માટે રજૂ કરવા.

(૨) બોઈલરનું ચાલુ દબાણ કાઢી આપેલા છેલ્લા કાર્ય પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ છે તેના કરતાં વધુ હોવું જોઈએ નહિ.

(૩) આ મુદત દરમિયાન, બોઈલરને અથવા બોઈલરના કોઈપણ ભાગને અકસ્માત થાય, તો બોઈલર બંધ કરવું જોઈએ અને સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષકની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદને તેની તરત જ જાણ કરવી.

(૪) ગુજરાત બોઈલર પરિચર નિયમો, ૧૯૬૬ પ્રમાણે, લાયકાત ધરાવતા બોઈલર પરિચરે બોઈલરની દેખરેખ રાખવી.

(૫) સદરહુ અધિનિયમની કલમો ૬ (ગ) અને ૮(૧) (ક) સિવાયની કોઈપણ જોગવાઈના ભંગ બદલ મુક્તિ રદ કરવામાં આવશે.

અનુસૂચિ

વર્ણન ૧	મુક્તિની મુદત ૨
(૧) નોંધણી ક્રમાંક : જીટી/૧૬૬૪ વાળું ૧૯૫૫--૭૪ ચોરસ મિટર તાપમાન સપાટી ધરાવતું એક વેસ્ટ હિટ બોઈલર.	૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ થી ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૧.
(૨) નોંધણી ક્રમાંક : જીટી-૧૬૩૧ વાળું, ૭૭.૧ ચોરસ મીટર તાપમાન સપાટી ધરાવતું વેસ્ટ હીટ બોઈલર.	૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ થી ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૧.
(૩) નોંધણી ક્રમાંક : જીટી-૧૬૩૨ વાળું ૯૩૪૮ ચોરસ મીટર તાપમાન સપાટી ધરાવતું એક વેસ્ટ હિટ બોઈલર.	૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ થી ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. કે. મિરઝા,
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીવી-એન-૯૧-૪-પીઆરએફ-૧૨૮૬-૫૮૭૦-વી (૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PRIVATE FORESTS (ACQUISITION) ACT, 1972.

ગુજરાત ખાનગી વન (સંપાદન) અધિનિયમ, ૧૯૭૨ હેઠળ જાહેરનામું

વન અને પર્યાવરણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત ખાનગી વન (સંપાદન) અધિનિયમ, ૧૯૭૨.

ક્રમાંક : જીવી-એન-૯૧-૪-પીઆરએફ-૧૨૮૬-૫૮૭૦-વી (૨).—ગુજરાત ખાનગી વન (સંપાદન) અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૩નો ક્રમાંક ૧૪)ની કલમ ૨ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે અગાઉ બહાર પાડેલા તમામ જાહેરનામાઓ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, શ્રી એસ. બી. ચાવડા, નાયબ કલેકટરના દરજ્જાના અધિકારી હોવાથી, સદરહુ અધિનિયમ હેઠળ કલેકટરની સત્તા વાપરવા માટે અને ફરજો બજાવવા માટે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ઓ. કે. ભટ્ટ,
સરકારના ઉપ-સચિવ.
વન અને પર્યાવરણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગષ્ટ ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે-૯૧-૧૯-એમઆઈએસ-૧૦૬૨-૯૭૩૭—ડનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

RECRUITMENT TO CLASS III AND IV SERVICES IN THE SUBORDINATE JUDICIAL SERVICES (AMENDMENT) RULES, 1991.

તાબાની ન્યાયિક સેવામાં વર્ગ-૩ અને વર્ગ-૪ની સેવામાં ભરતી (સુધારા) નિયમો, ૧૯૯૧ સંબંધી જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠી જૂન, ૧૯૯૧

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીકે-૯૧-૧૯-એમઆઈએસ-૧૦૬૨-૯૭૩૭-ડ.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને કાયદા વિભાગનું તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૮૯નું સરકારી જાહેરનામું ક્રમાંક. જીકે-૮૯-૪૫-એમઆઈએસ-૧૦૬૨—૯૭૩૭—ડ. ૨૬ કરીને, ગુજરાત હાઈ-કોર્ટ સાથે વિચારવિનિમય કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, મુંબઈ સરકારના ગૃહ વિભાગના તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૫૭ના ઠરાવ ક્રમાંક : એમઆઈએસ-૧૦૫૫-૬૨૫૪૬-૩ની પૂરવણીમાંની તાબાની ન્યાયિક સેવામાંના વર્ગ-૩ અને વર્ગ-૪ની સેવામાં ભરતી કરવા માટેના નિયમો નીચે પ્રમાણે સુધારે છે:—

૧. આ નિયમો 'તાબાની ન્યાયિક સેવામાં વર્ગ-૩ અને વર્ગ-૪ની સેવામાં ભરતી (સુધારા) નિયમો, ૧૯૯૧'ના ભરતી નિયમો કહેવાશે.

૨. તાબાની ન્યાયિક સેવામાં વર્ગ-૩ અને વર્ગ-૪ની ભરતી માટેના ભરતી નિયમો, ૧૯૫૭માં નિયમ ૧૩માં, "અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં ત્યાં તેને બદલે "અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/4

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIII] THURSDAY, SEPTEMBER 5, 1991 BHADRA 14, 1913 [No. 36

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૦મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-જી-૯૧-૧૧૨-એમવીઆર-૧૬૮૭-૧૯૨૧-ખ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિદ્ધ કર્યો છે.

ઠ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

THE GUJARAT MOTOR VEHICLES (REQUISITIONING AND CONTROL) RULES, 1989.

ગુજરાત મોટર વાહન (હંગામી સંપાદન અને નિયંત્રણ) નિયમો, ૧૯૮૯ સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૧૯૯૧.

ગુજરાત મોટર વાહન (હંગામી સંપાદન અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૭.

ક્રમાંક જીએચ-જી-૯૧-૧૧૨-એમવીઆર-૧૬૮૭-૧૯૨૧-ખ.—ગુજરાત મોટર વાહન (હંગામી સંપાદન અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૭ (સન ૧૯૮૭ના ગુજરાતના ૧૦મા)ની કલમો ૬ અને ૭ સાથે વાંચતા કલમ ૧૪ની પેટા-કલમ (૨) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો અને તે અર્થે તેને અખત્યાર આપતી તમામ સત્તાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૧૪ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારુ, આથી, પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તેની ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક જીએચ-જી-૯૧-૧૧૨-એમવીઆર-૧૮૮૭-૧૯૨૧-ખ.—ગુજરાત મોટર વાહન (હંગામી સંપાદન અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૭ (સન ૧૯૮૭ના ગુજરાતના ૧૦મા)ની કલમો ૬ અને ૭ સાથે વાંચતા કલમ ૧૪ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની અને તે અર્થે અખત્યાર આપતી બીજી તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો 'ગુજરાત મોટર વાહન (હંગામી સંપાદન અને નિયંત્રણ) નિયમો, ૧૯૮૯' કહેવાશે.

૨. વ્યાખ્યા.—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત મોટર વાહન (હંગામી સંપાદન અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૭;

(ખ) "માલવાહન" નો અર્થ મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૨ના ખંડ ૧૪ હેઠળ તે શબ્દપ્રયોગનો જે અર્થ આપ્યો છે તે જ થશે;

INDEX

(ગ) "જાહેર સેવા વાહન" નો અર્થ, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૨ના ખંડ ૩૫ હેઠળના તે શબ્દપ્રયોગનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

(ઘ) "કલમ" એટલે અધિનિયમની કલમ;

(ચ) "વાહન" એટલે અધિનિયમ હેઠળ જેનું હંગામી સંપાદન કરવામાં આવ્યું છે તે વાહન.

૩. હંગામી સંપાદન કરેલ વાહનોની કિંમત ઉપર વ્યાજના દર બાબત.—અધિનિયમની કલમ ૬ની પેટા--કલમ (૧)ના ખંડ (૧)માં ઉલ્લેખેલ વાહન જે કિંમતે માલિકે ખરીદ્યું હોય તે કિંમત ઉપર વ્યાજનો દર, તમામ વર્ગના વાહનો માટે વાર્ષિક દસ ટકા રહેશે.

૪. વાહનના હંગામી સંપાદનની મુદત દરમિયાન વાહનોના ઘસારાની રકમ બાબત.—વાહનના હંગામી સંપાદનની મુદત દરમિયાન તેનો ઘસારો દર્શાવતી રકમની ગણતરી, વાહનના સંપાદનની તારીખથી શરૂ થતા પ્રથમ વર્ષ માટે, અધિનિયમની કલમ ૬ની પેટા--કલમ (૧)ના ખંડ (૨)માં ઉલ્લેખેલ વાહનની કિંમત ઉપર અને ત્યાર પછીના દરેક વર્ષના આરંભે તેના ઘસારાના મૂલ્ય ઉપર જાહેર સેવા વાહનો માટે વાર્ષિક વીસ ટકાના અને બીજા તમામ વર્ગના વાહનો માટે પંદર ટકાના દરે કરવી જોઈશે.

૫. વાહનનો ઉપયોગ થતાં થયેલ નુકસાન અથવા નફા માટે વળતરના દર બાબત.—વાહનનો ઉપયોગ થતાં થયેલ નુકસાનીની રકમ અથવા હંગામી સંપાદન કરવામાં આવત તો જે કંઈ નફો થાત તેવી રકમમાંથી અધિનિયમની કલમ ૬ની પેટા--કલમ (૧)ના ખંડ (૩) હેઠળ ગણતરી કર્યા મુજબ તેની કિંમત ઉપર, નિયમ ૩માં જણાવેલા વાહન માટે વાર્ષિક ત્રણ ટકા જેટલી, રકમ નિયમ ૪માં જોગવાઈ કર્યા મુજબના દરે ઘસારા જેટલી રકમ બાદ કરવી જોઈશે.

૬. વાહનોના હંગામી સંપાદન માટે વધારાના વળતરની રકમ બાબત.—(૧) સાધારણ તૂટફૂટ સિવાય અન્યથા નુકસાન થાય તે બાબતમાં વાહનના માલિકને આપવાની વધારાની વળતરની રકમ, નુકસાનને પહોંચી વળવાના ખર્ચ જેટલી રહેશે.

(૨) હંગામી સંપાદનની મુદત દરમિયાન વાહન ગુમ થાય અને તેનો વીમો ઉતાર્યો ન હોય તો વાહન સંપૂર્ણ નાશ પામવાની બાબતમાં વાહનના માલિકને આપવાનું વધારાનું વળતર, વાહનના ઘસારાની રકમ અથવા તેવા જ પ્રકારના વાહનની બજાર કિંમત, એ બેમાંથી જે ઓછું હોય તેટલું રહેશે.

૭. લવાદ.—માલિક, વળતરની રકમ નક્કી કરતા હુકમથી નારાજ થાય ત્યારે રાજ્ય સરકારે, આ અર્થે નીમેલા લવાદને તે બાબત લખી મોકલવા માટે, હુકમ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર રાજ્ય સરકારને ટૂંકમાં કારણો જણાવતી યાદીના સ્વરૂપમાં બે નકલમાં તે અરજી કરી શકશે.

૮. અપીલ.—(૧)લવાદના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ, આવો નિર્ણય મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર, જે વિસ્તારમાં મોટર વાહનનું હંગામી સંપાદન કરવામાં આવ્યું હોય તે વિસ્તાર ઉપર હકૂમત ધરાવતી જિલ્લા કોર્ટને અપીલ કરી શકશે.

(૨) પેટા--નિયમ (૧) હેઠળની અપીલ, જેના સામે અપીલ કરવામાં આવી હોય તેના નિર્ણય અંગે વાંધાના કારણો ટૂંકાણમાં જણાવતી યાદીના સ્વરૂપમાં બે નકલોમાં કરવી જોઈશે અને તેની સાથે તે હુકમની પ્રમાણિત નકલ અને પચાસ રૂપિયાની ફી રોકડમાં જોડવી જોઈશે.

INDEX

૯. વળતરની ચુકવણી.—(૧) કોઈ મોટર વાહનનું હંગામી સંપાદન એક મહિના કરતાં ઓછી ન હોય તે મુદત સુધી ચાલુ રહેવા સંભવ હોય, ત્યારે અધિનિયમની કલમ ૬ હેઠળ નક્કી કરેલ વળતરના ૭ (સાત) ટકા જેટલું વચગાળાનું વળતર માલિકને ચૂકવવું જોઈશે.

(૨) વળતરની ચુકવણીમાં અધિનિયમની કલમ ૭માં જણાવેલ મુદત કરતાં વધુ વિલંબ થાય, ત્યારે માલિકને લેણી રકમ અથવા તેના ભાગ ઉપર, ઉપર નિર્દિષ્ટ કરેલ મુદત પૂરી થયાની તારીખથી વાર્ષિક ૧૦% (દસ ટકા)ના દરે વ્યાજ આપવાપાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડ્યા,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૮૭-ડીવીપી-૧૧૯૦-૨૩૮૧(૯૧) એલ અને (૨) જીએચ-વી-૧૯૯૧નો ૧૮૯-ડીવીપી-૧૮૯૦-૧૮૧૩ (૯૧) એલ ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧નો-૧૮૭-ડીવીપી-૧૧૯૦-૨૩૮૧(૯૧) એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગસ્ટ,

INDEX

૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩નો ૨૦૩-ડીવીપી-૧૧૭૬-૨૭૭૯-(૮૩) એલ, હેઠળ મંજૂર કરેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના અગાઉના વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને.

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩ના ૨૦૩-ડીવીપી-૧૧૭૬-૨૭૭૯(૮૩) એલ.થી, મંજૂર કરેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદની અગાઉના વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

અમદાવાદની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં AB તરીકે નિશાની કરેલી અને લાલ રંગમાં દર્શાવેલ લાંબેશ્વર પોળના કાલુપુર વોર્ડ ૨ ખાતેના સીટી સરવે નં ૩૯૨૧માંથી પસાર થતી ૧૨.૧૫ મીટર પહોળા રસ્તાની લાઈનદોરી, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઘ) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં CD તરીકે નિશાની કરેલ અને લીલા રંગમાં દર્શાવેલ લાઈનદોરી પાસે ખસેડવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧નો-૧૮૯-ડીવીપી-૧૮૯૦-૧૮૧૩ (૯૧) એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૭મી ફેબ્રુઆરી,

INDEX

૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૯નો ૧૭-ડીવીપી-૧૯૮૭-૨૦૫ (૮૯) એલ. હેઠળ મંજૂર કરેલ વાઘોડિયા નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અને વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૮૯નો ૧૭-ડીવીપી-૧૯૮૭-૨૦૫ (૮૯) એલ, થી મંજૂર કરેલ વાઘોડીયાની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. વાઘોડિયાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં કૃષિવિષયક ઝોન માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન પર A B C D E F G H I J A તરીકે નિશાની કરેલ જમીનોનો બ્લોક કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરવી.

૨. વાઘોડીયાની મંજૂર કરેલ વિકાસ યોજનામાં રહેણાંક ઝોન માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન ઉપર, H I. J/1 K. H તરીકે નિશાની કરેલ જમીનોનો બ્લોક કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

૩. વાઘોડીયાની મંજૂર કરેલ વિકાસ યોજના મુજબ આ સાથે જોડેલા પ્લાન ઉપર O.P.Q. તરીકે નિશાની કરેલ ૧૮ મી. પહોળો રસ્તો, કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

૪. વાઘોડીયાની મંજૂર કરેલ વિકાસ યોજના મુજબ આ સાથે જોડેલા પ્લાન ઉપર Q. R. તરીકે નિશાની કરેલ ૧૮ મી. પહોળો રસ્તો કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંક ઝોન" માટે મુકરર કરવી.

૫. વિકાસ નિયંત્રણ વિનિયમોમાં પાના નંબર ૩૭ ઉપર વિનિયમ ક્રમાંક ૨૫-ખ-(૯૧)માં '૧૦૦૦' એ આંકડાને બદલે '૫૦૦૦' એ આંકડા મૂકવા અને '૩૩૫' એ આંકડાને બદલે '૧૫૦૦' એ આંકડા મૂકવા.

INDEX

૬ પાના નંબર ૩૭ ઉપર વિનિયમ ક્રમાંક ૨૫ ખ (૪) માં પ્લોટના રસ્તાની બાજુ, ૬મી. ની માર્જિન અને બાકીની બીજી બાજુઓએ ૩ મી. પહોળી માર્જિન રાખવી જોઇશે" એમ મૂકવું.

૭. પાના નંબર ૩૭ ઉપર વિનિયમ ક્રમાંક ૨૫ (ખ)માં ૪૦% એ શબ્દોને બદલે, "૫૦%" એ મજકૂર મૂકવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી જુલાઇ, ૧૯૯૧ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે-૯૧-૨૭-સીસીએ-૧૦૭૯-એમએલએ-૧૨-ડીનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY CIVIL COURTS ACT, 1869.

મુંબઇ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી જુલાઇ, ૧૯૯૧.

મુંબઇ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯.

ક્રમાંક જીકે-૯૧-૨૭-સીસીએ-૧૦૭૯-એમએલએ-૧૨-ડી.—મુંબઇ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ (સન ૧૮૬૯ના ૧૪મા)ની કલમ ૨૩થી મળેલી સત્તાની રૂએ અને મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના વડનગર પોલીસ સ્ટેશનની હકૂમત હેઠળ આવરી લીધેલ ગામોના સંબંધમાં, આ અર્થે કાઢેલા અગાઉના તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૧ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ વડનગર પોલીસ સ્ટેશનની હકૂમત હેઠળ આવરી લીધેલ ગામોમાંથી ઉપસ્થિત થતા દીવાની પ્રકારના દાવા અને કાર્યવાહીઓના કામકાજ માટે ખેરાળું ખાતેના સિવિલ જજ (જુનિયર ડિવિઝન)જે સ્થળે પોતાની કોર્ટ રાખી શકે તે સ્થળ તરીકે મહેસાણા જિલ્લાના વડનગરને પણ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૯૧-૧૫૮-બીઆરયુ-૧૦૮૭-૪૬૭૪(૧) એમ(૩) અને (૨) જીએચયુ-૯૧-૧૫૯-બીઆરયુ-૧૦૮૭-૪૬૭૪(૨) એમ (૩)ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યા છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જુલાઈ, ૧૯૯૧.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જીએચયુ-૯૧-૧૫૮-બીઆરયુ-૧૦૮૭-૪૬૭૪-(૧)એમ (૩).— ગુજરાત સ્ટેટ મશીન ટૂલ્સ કોર્પોરેશન લિમિટેડ વરતેજ, જિલ્લો ભાવનગર-એ ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ કોર્પોરેશન લિમિટેડ (ગુજરાત સરકારના અન્ડરટેકિંગ) અને એચએમટી લિમિટેડ (ભારત સરકારના અન્ડરટેકિંગ) દ્વારા પ્રયોજિત સંયુક્ત સાહસ કંપની છે અને પ્રયોજકો પૈકીના દરેક પ્રયોજક સદરહુ, કંપનીમાં દરેક શેર મૂડીના ૨૫.૫% ધરાવે છે.

અને ગુજરાત સરકારને તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે ગુજરાત સ્ટેટ મશીન ટૂલ્સ કોર્પોરેશન લિમિટેડ, વરતેજ, જિલ્લો ભાવનગરને સન ૧૯૯૧ના મે મહિનાની ૨૫મી તારીખથી અમલમાં આવે તેમ બેરોજગારી નિવારણના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર, સદરહુ, અન્ડરટેકિંગ, સદરહુ, અધિનિયમના હેતુઓ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે.

આ જાહેરનામું અહીં ઉપર નિર્દિષ્ટ કરેલી તારીખથી બાર મહિનાની મુદત સુધી અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.

INDEX

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જુલાઈ, ૧૯૯૧.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જીએચયુ-૯૧-૧૫૯-બીઆરયુ-૧૦૮૭-૪૬૭૪(૨) એમ (૩).—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા)ની કલમ ૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૪)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આદેશ કરે છે કે, સદરહુ, અધિનિયમની કલમ ૩ હેઠળ જેને શ્રમ અને રોજગાર વિભાગના, તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૯૧-૧૫૮-બીઆરયુ-૧૦૮૭-૪૬૭૪-(૧) એમ(૩) હેઠળ, રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવી છે તે, ગુજરાત રાજ્ય મશીન ટૂલ્સ કોર્પોરેશન લિમિટેડ, વરતેજ, જિલ્લો ભાવનગરના સંબંધમાં, સદરહુ, અન્ડરટેકિંગને, રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકકો, વિશેષાધિકારો, ફરજો અથવા (બેન્કો અથવા અન્ય જાહેર નાણાંકીય સંસ્થાઓના સંબંધમાં જવાબદારીઓ અને સદરહુ, રાહત અન્ડરટેકિંગના કામદારોના સંબંધમાં કાયદામાંથી ઉપસ્થિત થતી જવાબદારીઓ સિવાયની અન્ય) જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, અધિકારી અથવા સત્તામંડળ સમક્ષ, તે સંબધી અનિર્ણિત તમામ કાર્યવાહી, જે મુદત સુધી સદરહુ, અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ તરીકે ચાલુ રાખવામાં આવે તે મુદત એટલે કે સન ૧૯૯૧ના મે મહિનાની ૨૫મી તારીખથી શરૂ થતી બાર મહિનાની મુદત દરમિયાન સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૯૧-૧૬૦-આઈબીએ-૧૦૯૧-૨૨૭૧-એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE INDIAN BOILERS ACT, 1923.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઈ, ૧૯૯૧.

ક્રમાંક: જીયુ-૯૧-૧૬૦-આઈબીએ-૧૦૯૧--૨૨૭૧-એમ (૩).—ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૫મા)ની કલમ ૩૪ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ, એશીયન પેઈન્ટસ (આઈ) લિમિટેડ, ૨૭૦૨, જીઆઈડીસી, અંકલેશ્વર, જિલ્લો ભરૂચ ખાતે ગોઠવેલ બોઈલરને, સદરહુ અધિનિયમની કલમ--૬ના ખંડ (ગ) અને કલમ--૮ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ની જોગવાઈઓમાંથી નીચેની શરતોને આધીન રહીને, કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી મુદત સુધી મુકિત આપે છે:—

(૧) ફીડ વોટર અને બ્લો ડાઉન, અંગેના રોજેરોજના રાસાયણિક પૃથક્કરણના રિપોર્ટો સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષક, ગુજરાત રાજ્ય, અમદાવાદને દર પખવાડિયે ચકાસણી માટે મોકલવા.

(૨) બોઈલરનું ચાલુ દબાણ, કાઢી આપેલા છેલ્લા કાર્ય-પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ દબાણ કરતાં વધુ હોવું જોઈએ નહિ.

(૩) આ મુદત દરમિયાન બોઈલરને અથવા બોઈલરના કોઈપણ ભાગને અકસ્માત થાય, તો બોઈલર બંધ કરવું જોઈએ અને સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષકની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદને તેની તરત જ જાણ કરવી જોઈશે.

(૪) ગુજરાત બોઈલર પરિચર નિયમો, ૧૯૬૬ અનુસાર લાયકાત ધરાવતા પરિચરોએ બોઈલર ઉપર દેખરેખ રાખવી જોઈશે.

(૫) કલમો ૬ (ગ) અને ૮ (૧)(ક) સિવાય, સદરહુ અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈનો ભંગ થયેથી મુકિત રદ કરવામાં આવશે.

અનુસૂચિ

બોઈલરનું વર્ણન ૧	મુકિતની મુદત ૨
૧. નોંધણી ક્રમાંક જીટી-૨૮૦૪ ધરાવતું એક વેસ્ટ હીટ બોઈલર.	૨૦મી જુલાઈ, ૧૯૯૧ થી ૧૯મી જુલાઈ, ૧૯૯૨.
૨. નોંધણી ક્રમાંક જીટી-૨૮૧૫ ધરાવતું એક વેસ્ટ હીટ બોઈલર.	૨૦મી જુલાઈ ૧૯૯૧ થી ૧૯મી જુલાઈ, ૧૯૯૨.
૩. નોંધણી ક્રમાંક જીટી-૨૮૧૬ ધરાવતું એક વેસ્ટ હીટ બોઈલર.	૨૦મી જુલાઈ, ૧૯૯૧ થી ૧૯મી જુલાઈ, ૧૯૯૨.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી **ઓગસ્ટ**, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી-બી-૯૧-૧૪૯-એમવીએ-૧૮૯૧-૨૭૩૬-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ધ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જુલાઈ, ૧૯૯૧.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક જી/બી/૯૧/૧૪૯/એમવીએ-૧૮૯૧-૨૭૩૬-ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૬૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, અને ગૃહ વિભાગનું તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક જી/બી/૯૦/૧૧૬/એમવીએ/૧૮૯૦/૪૧૮૧/ખ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડ (ક)ની જોગવાઈઓ લક્ષમાં લઈને તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૧ના રોજ અને તે તારીખથી અમલમાં આવે તેવી રીતે, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ડ્રાઈવર સિવાયના ત્રણ પુખ્ત વયના ઉતારૂઓ જેમાં બેસી શકે તેવા અને સામાન્ય રીતે ઓટોરિક્ષા તરીકે જાણીતા ગુજરાત રાજ્યમાં ચલાવતા કોન્ટ્રાકટ કેરેજ માટે ભાડાં અને નૂર નક્કી કરવા સંબંધી, રાજ્ય વાહન વ્યવહાર સત્તામંડળ અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને આદેશો આપે છે:—

ગુજરાત રાજ્યમાં ચલાવાતા આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧માં નિર્દિષ્ટ કરેલા કોન્ટ્રાકટ કેરેજો માટે ભાડાં અને નૂર, તે અનુસૂચિના અનુક્રમે કોલમો ૨ અને ૩માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના આવાં ન્યૂનતમ અને અધિકતમ ભાડાંને અધીન રહેશે.

INDEX

અનુસૂચિ

કોન્ટ્રેક્ટ કેરેજ	ભાડાં	નૂર
૧	૨	૩
સામાન્ય રીતે ઓટોરીક્ષાઓ તરીકે જાણીતી ડ્રાઈવર સિવાયના ત્રણ પુખ્તવયનાં ઉતારૂઓ બેસી શકે તેવી મોટર કેબો.	૧. મ્યુનિસિપલ અને લગોલગની કેન્ટોનમેન્ટની હદોની અંદરની મુસાફરી માટે, (ક) પ્રથમ ૧.૨ કિલોમીટર અથવા તેના ભાગ માટે રૂા. ૨.૮૫.	દરેક દાગીના દીઠ ૪૦ પૈસા. પરંતુ એકંદર ૧૫ કિલોગ્રામથી વધુ ન હોય તેવી ચીજવસ્તુ ઉપર ચાર્જ લેવામાં આવશે નહિ :
	(ખ) પછીના દરેક ૧/૫ કિલોમીટર અથવા તેના ભાગ માટે ૪૫ પૈસા ભાડું રહેશે.	વધુમાં લઈ જવાતા— દાગીનાનો કોઈપણ ભાગ વાહનની બહાર નીકળતો હોવો જોઈએ નહિ અને લઈ જવાનો દાગીનો વધુમાં વધુ ૬૦ કિલોગ્રામ હોવો જોઈશે.
	૨. મ્યુનિસિપલ અને લગોલગની કેન્ટોનમેન્ટની હદોની બહારની મુસાફરી માટે, મ્યુનિસિપલ અને કેન્ટોનમેન્ટ હદોની બહાર કરેલી મુસાફરીના તે ભાગ માટે, ઉપરના ખંડ (૧)માં જણાવેલ દરના ૧-૧/૨ ગણા દરે ભાડું લઈ શકાશે : પરંતુ મ્યુનિસિપલ અને લગોલગની કેન્ટોનમેન્ટની હદોની બહારની મુસાફરી માટે ઓટો-રિક્ષા ભાડે રાખવામાં આવી હોય અને ઉતારુઓ તે જ ઓટોરિક્ષામાં વળતી મુસાફરી કરે અને મૂળ મુસાફરી જયાંથી શરૂ કરી હોય તે સ્થળને ધ્યાનમાં લીધા સિવાય, મ્યુનિસિપલ અને લગોલગની કેન્ટોનમેન્ટની હદોની અંદર પાછા આવે ત્યારે સમગ્ર મુસાફરી માટે ઉપરના ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલા દરોએ ચાર્જ લેવામાં આવશે.	
	૩. વાહન થોભાવવાનો ચાર્જ પ્રથમ પાંચ મિનિટ પૂરી થયા પછી, દરેક પાંચ મિનિટ માટે ૩૦ પૈસા રહેશે.	

INDEX

૧	૨	૩
	૪. શહેર-હદ અને કેન્ટોનમેન્ટ વિસ્તારની અંદર વાહન રોકાણની વધુમાં વધુ સમય-મર્યાદા, એક કલાકની રહેશે અને શહેર વિસ્તારની બહાર ૨ કલાકની રહેશે.	
	૫. મુસાફરી રાત્રિના ૧૧-૦૦ અને સવારના ૫-૦૦ વચ્ચે શરૂ થાય તો, મુસાફરી પૂરી થયાના સમયને ધ્યાનમાં લીધા સિવાય, રાત્રિના ૧૧-૦૦ અને સરવારના ૫-૦૦ વચ્ચેની મુસાફરી માટે, ઉપરના ખંડો (૧) (૨) માં નિર્દિષ્ટ મૂળભૂત ભાડાનો ૫૦ ટકા સરચાર્જ લેવામાં આવશે.	

નોંધ:—(૧) આ જાહેરનામાના હેતુ માટે "દાગીનો" એ શબ્દનો અર્થ ઓટોરિક્ષામાં ઉતારું અથવા ઉતારૂઓ દ્વારા લઈ જવાતો કોઈપણ માલ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડયા,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-જી-૯૧-૧૪૫-એમટીએ-૧૭૯૧-૫૭૮-ખ અને (૨) જીએચ-જી-૯૧-૧૪૬-એમટીએ-૧૭૯૧-૫૭૮-ખ ના ગુજરાતી અનુવાદો આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યા છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઈ, ૧૯૯૧.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચ-જી-૯૧-૧૪૫-એમટીએ-૧૭૯૧-૫૭૮-કેએચ.—મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬-કના ખંડ (૧) સાથે વાંચતા મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, અને ગૃહ વિભાગનું તા. ૪થી જૂન, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ-જી-૯૦-૪૯-એમટીએ-૧૭૮૧-૭૦૪૩-કેએચ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૨માં નિર્દિષ્ટ કરેલા અને રાજયોગ શિક્ષણ અને સંશોધન સંસ્થા, પાંડવ ભવન, માઉન્ટ આબુ, રાજસ્થાનની માલિકીનાં જે મોટર વાહનો તે ધાર્મિક અને શૈક્ષણિક હેતુ સાધવા માટે ઉપયોગમાં લેવાતાં હોય અથવા ઉપયોગ કરવા માટે રાખેલાં હોય તે મોટર વાહનોને તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૧થી, ઉપર્યુક્ત હેતુ સાધવા માટે એવી રીતે ઉપયોગ કરવાનું અથવા ઉપયોગ કરવા માટે રાખવાનું ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી એવી શરતને આધીન રહીને વેરો ભરવામાંથી મુક્તિ આપે છે કે સદરહુ વાહનોના ગુજરાત રાજયમાં દાખલ થયાનો સમય અને તારીખ તેમજ સદરહુ હેતુ માટે ગુજરાતમાં તેના રોકાણની અને ઉપયોગની મુદત દર્શાવતું રેકર્ડ સંસ્થાએ રાખવું જોઈશે. સંસ્થાએ દરેક પ્રસંગ પછી, વ્યવહાર્ય હોય તેટલું જલદી વાહન વ્યવહાર નિયામકને આ વિગતો પૂરી પાડવી જોઈશે.

અનુસૂચિ

અનુક્રમાંક	મોટર વાહનોના વર્ગ અને નોંધણી ચિહ્ન
૧.	આર જેડ ડબલ્યુ—૬૩૮૨ ટી. એમ બી ટ્રક
૨.	આર જે ૨૪—૦૨૯૫ સ્વરાજ મઝદા પેસેન્જર બસ.
૩.	આર જે—૨૪—જી-૦૦૪૫ ટ્રક

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડયા,
સરકારના ઉપ-સચિવ.

INDEX

Notification

Under

... ...

THE GUJARAT CARRIAGE OF GOODS TAXATION ACT, 1962.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક : જીએચ-જી-૯૧-૧૪૬-એમટીએ-૧૭૯૧-૫૭૮-કેએચ.-ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૩મા)ની કલમ ૩૧ની પેટા કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, અને ગૃહ વિભાગનું તા. ૪થી જૂન, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીએચ-જી-૯૦-૫૦-એમટીએ-૧૭૮૫-૭૦૪૩-ટી રદ કરીને ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ રમાં નિર્દિષ્ટ કરેલા મોટર વાહનોમાં રાજયોગ શિક્ષણ અને સંશોધન સંસ્થા, પાંડવ ભવન, માઉન્ટ આબુ, રાજસ્થાન દ્વારા અથવા તેના વતી જે માલ ધાર્મિક અને શૈક્ષણિક હેતુ સાધવા માટે લઈ જવાતો હોય તે માલને તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૧થી ઉપર્યુક્ત હેતુ સાધવા માટે માલ લઈ જવાતો હોય ત્યાં સુધી, એવી શરતેને અધીન રહીને, વેરો ભરવામાંથી સંપૂર્ણત: મુક્તિ આપે છે કે સદરહુ વાહનોને ગુજરાત રાજ્યમાં દાખલ થવાનો સમય અને તારીખ, તેમજ સદરહુ હેતુ માટે ગુજરાતમાં તેના રોકાણની અને ઉપયોગની મુદત દર્શાવતું રેકર્ડ સંસ્થાએ રાખવું જોઈશે. સંસ્થાએ દરેક પ્રસંગ પછી વ્યવહાર્ય હોય તેટલું જલદી, વાહન વ્યવહાર નિયામકને આ વિગતો પૂરી પાડવી જોઈશે.

અનુસૂચિ

અનુક્રમાંક	નોંધણી ચિહ્ન સહિત માલ વાહનોનું વર્ણન
૧.	આર. જે. ડબલ્યુ—૬૩૮૨ ટીએમબી ટ્રક
૨.	આરજે—૨૪—જી—૦૦૪૫ ટ્રક.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડ્યા
સરકારના—ઉપ—સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૫૭-ડીવીપી-૧૪૮૮-૨૦૨૬(૯૧)એલ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન,૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૫૭-ડીવીપી-૧૪૮૯-૨૦૨૬(૯૧)એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૬નો ૪૬-ડીવીપી-૧૪૮૧-૩૮૪ (૮૬)એલ હેઠળ મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ, વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ, વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ, અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૩૮-ડીવીપી-૧૪૮૯-૪૪૫(૯૧)એલ હેઠળ તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪-બી ના પાના ક્રમાંક ૪૨ થી ૪૨-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે સદરહુ, ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

INDEX

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને ગુજરાત સરકારે, સુરત શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરેલો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એવી રીતે જણાવેલો ફેરફાર સન ૧૯૯૧ના જુલાઈ મહિનાની ૨૪મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૬ નો ૪૬-ડીવીપી-૧૪૮૧-૩૮૪(૮૬)એલ થી મંજૂર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"સુડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં" "સુડા" ઓફિસ સંકુલ માટે અનામત રાખેલી સુરતના સી. સ. નં. ૫૨૭-૧ થી ૫૨૭--૧૦ વાળી જમીનોમાંથી સી. સ. નં. ૫૨૭--૧ થી ૫૨૭--૮ વાળી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, A B C D A તરીકે નિશાની કરેલ અને આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી ૧૯૯૧નો ૧૪૬-ડીવીપી-૨૩૮૯-૧૯૨૮ (૯૧) એલ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જૂન, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૪૬-ડીવીપી-૨૩૮૯-૧૯૨૮-(૯૧) એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો ૬-ડીવીપી-૨૩૮૭-૧૪૩ (૯૦) એલ હેઠળ મંજૂર કરેલ ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના નગર માટે છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી;—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો-૬-ડીવીપી-૨૩૮૭-૧૪૩(૯૦)એલ થી મંજૂર કરેલી ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની મંજૂર કરેલી વિકાસ યોજનામાં ભાવનગર યુનિવર્સિટી માટે અનામત તરીકે દર્શાવેલ ભાવનગર જિલ્લાના વડવા ગામના મ. સ. નં. ૪૬૯-૧ (૭૬ એકર અને ૩૯ ગુંઠા)વાળી જમીન, સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી ૧૯૯૧નો ૧૫૯-ડીવીપી-૧૫૮૭-૧૮૪૨ (૯૧) એલ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૧

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૫૯-ડીવીપી-૧૫૮૭-૧૮૪૨ (૯૧) એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૭નો ૨૪૦-ડીવીપી-૧૫૮૩-૪૪૨૦ (૮૭) એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ, વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ, વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ, અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૫૫-ડીવીપી-૧૫૮૭-૩૨૭૪ (૯૦) એલ હેઠળ તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બી ના પાના ક્રમાંક ૫૨-૬ થી ૫૨-૭ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે સદરહુ, ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

INDEX

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે; અને ગુજરાત સરકારે, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ, વિકાસ યોજનામાં કરવાનો સદરહુ, ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એવી રીતે જણાવેલો ફેરફાર સન ૧૯૯૧ના જુલાઈ મહિનાની ૩૦મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૭નો ૨૪૦-ડીવીપી-૧૫૮૭-૪૪૨૦ (૮૭) એલ થી મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"ઔડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાનમાં ABCDA તરીકે નિશાની કરેલ મહંમદાવાદના મ. સ. નં. ૪૩૫, ૪૩૬, ૪૩૭-ભાગવાળી જમીનો સદરહુ ઉપયોગમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૯૧-૫૬-બીએસઈ-૧૦૮૯-૧૧૨૭-એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENT ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૧૯૯૧.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૬.

ક્રમાંક જીએચયુ-૯૧-૧૬-બીએસઈ-૧૦૮૬-૧૫૨૭-એમ(૩).—મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮નો મુંબઈનો ૭૯મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪ની પેટા-કલમ (૧)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમની અનુસૂચિ--૨માં નીચેની નોંધ ઉમેરે છે:—

૧	૨	૩
"૬ ફ.	ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા અધિનિયમ, ૧૯૬૪ (સન ૧૯૬૪નો અધિનિયમ ક્રમાંક ૧૮) હેઠળ સ્થપાયેલ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા, અમદાવાદ."	તમામ જોગવાઈઓ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૫૨-૧૯૯૧-અનએસી-૧૦૮૭-૧૮૭-(૯૧)-એમનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક કેવી-૫૨-૧૯૯૧ એનએસી-૧૦૮૭-૧૮૭-(૯૧)-એમ.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨૬૪-ખની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રૂએ, તારીખ ૧૯મી ઓક્ટોબર, ૧૯૮૮ના જાહેરનામા ક્રમાંક કેવી-૧૯૫-૧૯૮૮-એનએસી-૧૦૮૭-૪૧૪૯(૮૮)એમ મુજબ સદરહુ અધિનિયમની કલમ ૨૬૪-ખની પેટા-કલમ (૧)ના સદરહુ ખંડ (ગ)ના હેતુ માટે ગાંધીનગરના નોટિફાઈડ એરિયા માટે, ગુજરાત સરકારે, તારીખ ૨૫મી ઓક્ટોબર, ૧૯૮૮થી ૧૪ સભ્યોની બનેલી સમિતિ રચી હતી;

સદરહુ અધિનિયમની કલમ ૨૬૪-ઘની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧થી સદરહુ સમિતિને વિખેરી નાંખે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૨૬૪-ખની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૧થી સદરહુ હેતુ માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ ફરી રચે છે:—

૧.	કલેક્ટર જિલ્લો ગાંધીનગર, ગાંધીનગર.	અધ્યક્ષ
૨.	ગાંધીનગરના (લોકસભા)ના ચાલુ સંસદ સભ્ય.	સભ્ય
૩.	ગાંધીનગરના વિધાનસભાના ચાલુ સભ્ય	સભ્ય
૪.	શ્રી ત્રીભોવનદાસ આઈ. અમીન (સેક્ટર—૧૯).	સભ્ય
૫.	ડો. મહેન્દ્ર કે. જોષી (સેક્ટર—૨૩)	સભ્ય
૬.	શ્રી ઝીલુજી ફૂલાજી વાઘેલા (બાસણ, તા. ગાંધીનગર)	સભ્ય

INDEX

૭.	શ્રીમતિ લતાબેન કનુભાઈ ચોકસી (સેક્ટર—૨૩)	સભ્ય
૮.	શ્રી ચીમનભાઈ પરથાભાઈ પટેલ (સેક્ટર—૨૨)	સભ્ય
૯.	શ્રી વિક્રમસીંહ એલ. ખાચર (સેક્ટર—૨૧)	સભ્ય
૧૦.	શ્રી જશવંતભાઈ ઉગરચંદ ગાંધી (સેક્ટર—૨૯)	સભ્ય
૧૧.	શ્રી માનાજી રૂપાજી મારવાડી (સેક્ટર—૨૯)	સભ્ય
૧૨.	શ્રી અરૂણભાઈ બુચ (સેક્ટર—૧૬)	સભ્ય
૧૩.	શ્રી અબ્બાસ અબદુલ્લા કારભારી (સેક્ટર—૨૧)	સભ્ય
૧૪.	શ્રી મોહનભાઈ માધાભાઈ પટેલ (સેક્ટર—૨૮)	સભ્ય
૧૫.	શ્રી નાથુજી શિવાજી મકવાણા (ઈન્દ્રોડા)	સભ્ય
૧૬.	શ્રી જ્યોતિન્દ્ર બી. વ્યાસ (સેક્ટર—૨૧)	સભ્ય
૧૭.	શ્રી કે. જી. સોલંકી (સેક્ટર—૨૨)	સભ્ય
૧૮.	શ્રી નરેન્દ્ર એમ. શાહ (૮૩, જી. એચ. બી., સેક્ટર—૩૦)	સભ્ય
૧૯.	સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયર, કેપીટલ પ્રોજેક્ટ સર્કલ, ગાંધીનગર.	સભ્ય
૨૦.	મુખ્ય અધિકારી, ગાંધીનગર નોટિફાઈડ એરિયા, ગાંધીનગર.	સચિવ.

આ સમિતિ, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ અને તે તારીખથી શરૂ થતા અને તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના રોજ (એ બન્ને દિવસ સહિત) પૂરી થતી ત્રણ વર્ષથી વધુ ન હોય તેટલી મુદત અથવા સરકાર વધુ હુકમો કરે નહિ ત્યાં સુધી અને બેમાંથી જે વહેલો પ્રસંગ બને ત્યાં સુધી, કાર્ય કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમો અને તેમના નામે,

એલ. ટી. જોષી,
સરકારના ઉપ-સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી ૧૯૯૦ની ૨૨૩-ડીવીપી-૧૨૮૬-૩૨૭૮-(૯૦)-એલ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સાર, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી નવેમ્બર, ૧૯૯૦.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો ૨૨૩-ડીવીપી-૧૨૮૬-૩૨૭૮-(૯૦)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩નો ૨૭૮-ડીવીપી-૧૨૮૦-૧૩૮૪-(૮૩)-એલ, હેઠળ મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ, વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૦ના ૪-ડીવીપી-૧૨૮૯-૪૦૯૯-એલ હેઠળ તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૦ના ગુજરાત અસાધારણ રાજપત્ર ભાગ-૪-બી ના પાનાં ૯ થી ૯-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઇપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય

INDEX

તો તે સદરહુ, ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને સરકારે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ, વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) એવી રીતે જણાવેલો ફેરફાર સન ૧૯૯૦ના ડિસેમ્બર મહિનાની ૨૬મી તારીખથી અમલમાં આવશે એમ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩નો ૨૭૮-ડીવીપી-૧૨૮૦-૧૩૮૪-(૮૩)-એલ થી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર

૧. વૌડાના સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમના ઉપયોગી ઝોન ટેબલમાં અનુક્રમાંક ૧.૩(ક)માં, હળવા ઉદ્યોગો માટેના કોલમ ૩માંથી નીચેના શબ્દો કમી કરવા :—

"જેમની ઔદ્યોગિક જગાઓમાં ચોવીસ કલાક હાજરી આવશ્યક હોય તેવા ઔદ્યોગિક કામદારો / અન્ય જાહેર ઉપયોગી સેવા સ્ટાફ માટેના રહેણાંકના મકાનો".

૨. વૌડાના સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમના ઉપયોગ ઝોન કોષ્ટકમાં અનુક્રમાંક ૧.૩(ક)માં હળવા ઉદ્યોગો માટેના કોલમ ૪ "શો--મીલ" એ શબ્દ પછી, નીચેનો મજકૂર ઉમેરવો :—

"સંબંધિત ઔદ્યોગિક એકમની અંદર કામ કરતા ઔદ્યોગિક કામદારોના રહેણાંકના મકાનો."

૩. વૌડાના સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમના ઉપયોગી ઝોન ટેબલમાં અનુક્રમાંક ૧.૩ (ક) અને (ખ)માં, હળવા ઉદ્યોગો અને સામાન્ય ઉદ્યોગો માટેના કોલમ ૫માંથી "રહેણાંકના" એ શબ્દ કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

INDEX

તા. ૧–૮–૯૧ થી ૩૧–૮–૧૯૯૧ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુ નં.	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ		ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખ	વિભાગનું નામ
		ભાગ–૯			
૧.	૬૪	વટહુકમ ક્રમાંક-૨		૧–૮–૯૧	ભાષાન્તર એકમ.
૨.	૬૫	ગુજ. વિધેયક ક્રમાંક ૩૨ ૯૧		૧૪–૮–૯૧	”
૩.	૬૬	૧૯૯૧નું ગુજ. વિધેયક ક્રમાંક	૩૩	”	”
૪.	૬૭	” ” ” ” ” ”	૩૪	૧૭–૮–૯૧	”
૫.	૬૮	” ” ” ” ” ”	૩૫	૧૭–૮–૯૧	”
૬.	૬૯	” ” ” ” ” ”	૩૬	૧૯ ૮-૯૧	”
૭	૭૦	જીએચયુ/૨૬/જીએસટી–૧૦૯૧		૨૨–૮–૯૧	ના. વિ.
૮.	૭૧	૧૯૯૧નું ગુજ. વિધેયક ક્રમાંક ૩૭		૨૩–૮-૯૧	ભાષાન્તર એકમ.
૯.	૭૨	જીએચએન/૨૭/જીએસટી/૧૯૦૯૧/ ૧૦૯૧/૫૪૯/૨૪૩-ક.		૨૬–૮–૯૧	ના. વિ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, OCTOBER 3, 1991/ASVINA 11, 1913 [No. 40

Separate paging is given to this Pare in order that it may be filed as a separate compilation.

PART — IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી ઓગસ્ટ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૯૬-ડીવીપી-૧૧૮૮-૨૨૭૬(૯૧)એલ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૯૬-ડીવીપી-૧૧૮૮-૨૨૭૬(૯૧)એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩નો ૨૦૩-ડીવીપી-૧૧૭૬-૨૭૭૯ (૮૩) એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ, વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ, વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ, અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી જૂન, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૦નો ૧૧૮-ડીવીપી-૧૧૮૮-૧૮૩૨(૯૦)-એલ, હેઠળ તારીખ ૨૦-૬-૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪-બી ના પાના ક્રમાંક ૧૧૦-૪ અને ૧૧૦-ગ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે સદરહુ, ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને ગુજરાત સરકારે, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ, વિકાસ યોજનામાં કરવાનો જરૂરી ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એવી રીતે જણાવેલો ફેરફાર સન ૧૯૯૧ના સપ્ટેમ્બર મહિનાની ૪થી તારીખથી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩નો ૨૦૩-ડીવીપી-૧૧૭૬-૨૨૭૬(૮૩)એલ થી મંજૂર કરેલી અમદાવાદ નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

આ સાથે જોડેલા પ્લાનમાં "AECDEA" તરીકે નિશાની કરેલી અમદાવાદની મંજૂર કરેલ સુધારેલી વિકાસ યોજનામાં વાહનવ્યવહાર માટે અનામત રાખેલી નવા વાડજ નગરરચના યોજના ક્રમાંક ૨૮ના મહેસૂલી સરવે નંબર ૫૧૮, ફા. પ્લોટ નંબર ૮૨૧—ભાગવાળી (૪૦૦૦ ચોરસ મિટર માપની) જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એવી રીતે મુક્ત કરેલી જમીનો ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૯મા સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૧/૮/૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક :જી/બી/૯૧/૧૫૬/એમવીડી/૧૧૮૯/ગ૦૨૩/ટી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

FURTHER TO AMEND THE GUJARAT MOTOR VEHICLES DEPARTMENT (CONDITIONS OF SERVICE RELATING TO ASSISTANT INSPECTORS, INSPECTORS AND SUPERVISOR'S DEPARTMENTAL EXAMINATION) RULES, 1973.

ગુજરાત મોટર વાહન ખાતા (મદદનીશ ઈન્સ્પેક્ટર, ઈન્સ્પેક્ટર અને સુપરવાઈઝરોની ખાતાકીય પરીક્ષાને લગતી નોકરીની શરતો) નિયમો, ૧૯૭૩ વધુ સુધારવા સંબંધી જાહેરનામું

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૧.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જી/બી/૯૧/૧૫૬/એમવીડી/૧૧૮૯/ગ૦૨૩/ટી.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન ખાતા (મદદનીશ

INDEX

ઈન્સ્પેકટર, ઈન્સ્પેકટર અને સુપરવાઈઝરોની ખાતાકીય પરીક્ષાને લગતી નોકરીની શરતો) નિયમો, ૧૯૭૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, ગુજરાત મોટર વાહન ખાતા (મદદનીશ ઈન્સ્પેકટર, ઈન્સ્પેકટર અને સુપરવાઈઝરોની ખાતાકીય પરીક્ષાને લગતી નોકરીની શરતો) (પ્રથમ સુધારા) નિયમો, ૧૯૯૧, કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન ખાતા (મદદનીશ ઈન્સ્પેકટર, ઈન્સ્પેકટર અને સુપરવાઈઝરની ખાતાકીય પરીક્ષાને લગતી નોકરીની શરતો) નિયમો, ૧૯૭૩માં પરિશિષ્ટ ખમાં, પેપર ક્રમાંક ૨ હેઠળ અનુક્રમાંક નોંધ (૧) ને બદલે નીચેનો મજકૂર મૂકવો.

"(૧) મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ અને ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ટી. આર. અગનાણી,
સરકારના સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મીજાન્યુઆરી ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક-જીએચ/વી/૧૯૧ના ૧૭/ટીપીએસ/૨૪૯૦/૫/(૯૧)એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય ગાંધીનગર, ૨૨મી જાન્યુઆરી ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક/જીએચવી/૧૯૯૧નો૧૭/ટીપીએસ/૨૪૯૦/૫/૯૧/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬(સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે, તેની કલમ ૪૧ હેઠળ ગોંડલ નગરપાલિકાએ (ગોંડલ વિસ્તાર વિકાસ સત્તામંડળ) નગર રચના યોજના, ગોંડલ નં.૧ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો.

INDEX

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા કલમ (૧) હેઠળ ગોંડલ વિસ્તાર વિકાસ સત્તા મંડળ (જેને આમાં હવે પછી વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે કહ્યું છે, તેણે) નગરરચના યોજના, નં.૧માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજના (જેને આમાં હવે પછી "સદરહુ યોજના" કહી છે તે) નો મુસદ્દો ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિદ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી સદરહુ ગોંડલ વિસ્તાર વિકાસ સત્તામંડળે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના રજૂ કરી હતી;

તેથી, હવે સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના તમામ કામકાજના દિવસોએ, કચેરીના સમય દરમિયાન ગોંડલ વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજપરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૧ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી હુકમ ક્રમાંક : જીટી/૯૧/૨૭/એસએસએ/૧૦૯૧/૪૮૮/ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Order

Under

THE GUJARAT TAX ON LUXURIES (HOTELS AND LODGING HOUSES) ACT, 1977.

ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ હુકમ.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીટી/૯૧/૨૭/એસએસએ/૧૦૯૧/૪૮૮/ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે

તેથી, હવે ગુજરાત(હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતનો ૨૪મા)ની કલમ ૩ની પેટા--કલમ (૧)ના બીજા પરંતુકથી

INDEX

મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી આંતરરાષ્ટ્રીય ક્રેડીટ કાર્ડ ધરાવતી વ્યક્તિઓને કર ભરવામાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ડી. દેસાઈ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૧/ટીપીએસ/૨૪૯૦/૪૯/૯૧/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૧/ટીપીએસ/૨૪૯૦/૪૯ (૯૧)/એલ.— ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૧ હેઠળ ગોંડલ નગરપાલિકાએ, નગરરચના યોજના, ગોંડલ નં. ૨ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો ;

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ ગોંડલ નગરપાલિકાએ (જેનો આમાં હવે પછી, "સદરહુ નગરપાલિકા" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) નગર રચના યોજના ગોંડલ નં. ૨—માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજના (જેને આમાં હવે પછી "સદરહુ યોજના" કહી છે તે)નો મુસદ્દો ઠરાવેલી રીતે તૈયાર કરીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો ;

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ નગરપાલિકાએ સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના રજૂ કરી હતી ;

INDEX

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, તમામ કામકાજના દિવસોએ, કચેરીના સમય દરમિયાન, ગોંડલ નગરપાલિકાની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા જી.એચ.એમ-૯૧-૮-એમ-એન.પી.જે-૨૩૮૩-૪૮૬૨-એ-૧નો ગુજરાતી અનુવાદ આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, REVENUE DEPARTMENT, NO. GHM-84/2/M/NPJ/2383/4862/G1, DATED THE 10TH MAY, 1984.

મહેસૂલ વિભાગના તારીખ ૧૦-૫-૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૮૪/૨/એમ/એનપીજે/૨૩૮૩/૪૮૬૨/જી-૧ સુધારવા સંબંધી જાહેરનામું

મહેસૂલ વિભાગ,

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

વંચાણમાં લીધું:—સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચએમ-૮૪/૨/એમ-એનપીજે-૨૩૮૩/૪૮૬૨/જી-૧ તારીખ ૧૦-૫-૧૯૮૪.

જાહેરનામું

ક્રમાંક : જીએચએમ-૯૧-૮-એમ-એનપીજે-૨૩૮૩/૪૮૬૨-એ-૧.—મહેસૂલ વિભાગના તારીખ ૧૦-૫-૧૯૮૪નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચએમ-૮૪-૨-એમ/એનપીજે/૨૩૮૩/૪૮૬૨/જી-૧-ને જોડેલી અનુસૂચિ ૨માં નીચેની વિગતવાળી નોંધ ક્રમાંક ૪૫ કમી કરવી.

INDEX

અનું. ક્રમાંક	નગરપાલિકનું નામ અને જીલ્લો/તાલુકો.	મહેસૂલી સર્વે ક્રમાંક	ક્ષેત્રફળ ચો.મી.માં.	અનામત રાખવાનો હેતુ	શેરો
૧	૨	૩	૪	૫	૬
૪૫	કલોલ નાગરપાલિકા, તાલુકો: મહેસાણા	૧૧૭૧	૧૨૬૪૬--૦૦	આર્થિકરીતે પછાત વર્ગ ના લોકોના ગૃહનિર્માણ માટે.	કમી કરી

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. કે. ધોળકીયા,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના ઉદ્યોગ, ખાણ અને ઊર્જા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૯૦/૮૫/એમ-સીઆર/૨૧૯૦/(૭૩)/૩૫૭૪/છ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE GUJARAT MINOR MINERAL RULES, 1966.

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ, ખાણ અને ઊર્જા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૦.

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬.

ક્રમાંક : જીયુ/૯૦/૮૫/એમસીઆર/૨૧૯૦/(૭૩)/૩૫૭૪/છ.—ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના નિયમ--૨ના ખંડ (૨) અનુસાર અને તારીખ ૨૬મી ઓકટોબર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૮૩/૮૦/એમસીઆર/૨૧૮૩/(૧૮૧)/૨૨૭૦/ છમાં અંશતઃ સુધારો કરીને,

INDEX

ગુજરાત સરકાર, આથી, જીઓલોજી અને માઈનીંગની જિલ્લા કચેરીનો હવાલો ધરાવતા ભૂસ્તરશાત્ર અને ખનીજ નિયામકની કચેરી હેઠળ ભૂસ્તરવિજ્ઞાની/મદદનીશ નિયામક/મદદનીશ ભૂસ્તરવિજ્ઞાનીને જિલ્લા કલેક્ટર ઉપરાંત સક્ષમ અધિકારી તરીકે પોતાની હકૂમતના વિસ્તારમાં પ્રકરણ ૪ની જોગવાઈઓ 'નમૂનો' જે હેઠળ સક્ષમ અધિકારીના કાર્યો બજાવવા માટે તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૧ થી નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. કે. ધોળકીયા,
સરકારના સંયુક્ત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૧ ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ--૮૪-૧૧૨--એમ-એનપીજે--૨૩૮૩ ૧૪૩૪૧૯-જી-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, REVENUE DEPARTMENT NO. GHM-84-112-M-NPJ/2383/143419/G-1, DATED THE 30TH APRIL, 1984.

મહેસૂલ વિભાગનું તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૮૪ નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચએમ-૮૪ ૧૧૨--એમ-એનપીજે/૨૩૮૩/૧૪૩૪૧૯/જી--૧ સુધારવા સંબંધી જાહેરનામું.

મહેસૂલ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૦.

વંચાણમાં લીધું:—તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૮૪નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચએમ--૮૪ ૧૧૨/એમ-એનપીજે--૨૩૮૩/૧૪૩૪૧૯/જી/૧.

જાહેરનામું

મહેસૂલ વિભાગના તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૮૪નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચએમ-૮૪-૧૧૨-એમ-એનપીજે--૨૩૮૩/૧૪૩૪૧૯/જી/૧ને જોડેલી અનુસૂચિમાં નીચેની વિગતોવાળી નોંધ ક્રમાંક ૧૦ કમી કરવી.

અનુક્રમાંક	નગરપાલિકાનું અને જિલ્લા/ તાલુકાનું નામ	ટી. ક્રમાંક	સી. એસ. ક્રમાંક
૧૦	પાટણ નગરપાલિકા તાલુકા મહેસાણા	૧૫૮	૨૨૨

મહેસૂલી સરવે	ક્ષેત્રફળ ચો.મી.માં	અનામતનો હેતુ	શેરો
૧૦૩૭	૨૦૪૫૪--૦૦	સિંચાઈ વિભાગ માટે.	કમી કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ. એલ. કુરેશી,
ગુજરાત સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩જી ઓગસ્ટ, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૯૧-૬૩-એસટીપી-૧૪૮૮-૩૧૦૧-બી-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓગસ્ટ, ૧૯૯૧.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જીએચએમ-૯૧/૬૩/એસટીપી-૧૪૮૮-૩૧૦૧-બી-૧.—મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી પુરવણીમાં દર્શાવ્યા પ્રમાણે નાયબ કલેક્ટરને મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩૨-કના હેતુ માટે

સદરહુ પુરવણીના કોલમ ૩માં દર્શાવ્યા પ્રમાણે તેમને ફાળવેલા વિસ્તારોના સંબંધમાં, કોલમ--૪માં દર્શાવ્યા મુજબની તારીખથી કલેક્ટર તરીકે નીમે છે :--

પુરવણી

જિલ્લો	નાયબ કલેક્ટર કચેરીના મુખ્ય મથક સાથે	હકૂમતના વિસ્તારનું નામ	નિમણૂંકની તારીખ
૧	૨	૩	૪
૧. ખેડા.	૧. નાયબ કલેક્ટર, જમીન સુધારણા ખેડા.	ખેડા જિલ્લાનો વિસ્તાર.	૨૯--૭--૯૧
	૨. નાયબ કલેક્ટર, ટેનન્સી અપીલ, ખેડા.	--એજન--	--એજન--
	૩. ખાસ જમીન સંપાદન અધિકારી, નર્મદા નિગમ, યુનિટ--૯, નડિયાદ, જિલ્લો : ખેડા.	--એજન--	--એજન--
	૪. ખાસ જમીન સંપાદન અધિકારી, મહી કેનાલ નડિયાદ, જિલ્લો : ખેડા.	--એજન--	--એજન--
	૫. ખાસ જમીન સંપાદન અધિકારી, નર્મદા નિગમ, યુનિટ--૮, નડિયાદ. જિલ્લો : ખેડા.	--એજન--	--એજન--

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. સી. શાહ,
સરકારના નાયબ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો ૨૨૫-ડીવીપી-૨૯૮૮-૩૨૫૩-૯૦-એલ નો ગુજરાતી અનુવાદ આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી નવેમ્બર, ૧૯૯૦.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો ૨૨૫-ડીવીપી-૨૯૮૮-૩૨૫૩-૯૦-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૮ નો ૧૫૪-ડીવીપી-૨૯૮૬-૨૬૯૭(૮૮)એલ, હેઠળ મંજૂર કરેલી, અંજાર નગર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ, વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ, વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ, અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૦ સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો ૫૦-ડીવીપી-૨૯૮૮-૧૦૨૬-(૯૦)એલ, હેઠળ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૦ના ગુજરાત રાજ્યપત્ર ભાગ-૪-બી ના પાના ૫૮–૧૫ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈ વ્યક્તિને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય, તો તે સદરહુ, ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા ઉપર વિચારણા કરી છે;

અને સરકારે વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ના (રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ, વિકાસ યોજનામાં કરવાની સદરહુ, ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) એવી રીતે જણાવેલો ફેરફાર સન ૧૯૯૦ના ડિસેમ્બર મહિનાની ૨૬મી તારીખથી અમલમાં આવશે એમ નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૮નો ૧૫૪-ડીવીપી-૨૯૮૬-૨૬૯૭(૮૮) એલ, થી મંજૂર કર્યા પ્રમાણેના અંજાર નગર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

અંજાર વિકાસ યોજનામાં મંજૂર થયેલા ખેતીવિષયક ઉપયોગ માટે મુકરર કરેલા અંજારની સરવે નંબર ૬૮૧, ૬૮૨ અને ૬૭૬વાળી જમીનો સદરહુ મુકરરમાંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીનો ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ રહેઠાણના ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૩મી ઓગસ્ટ, ૧૯૯૧ના ગુજરાતના સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૯૧નો ૨૦૨-ટીપીએસ-૨૮૯૧-૨૫૪૪(૯૧)એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૯૧નો ૨૦૨/ટીપીએસ-૧૮૯૧/૨૫૪૪(૯૧)એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના તારીખ ૨૬મી જૂન, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૪નો ૬૦/ટીપીએસ-૧૮૭૯/૧૭૮૧/(૮૪)એલ, હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭) (જેનો આમાં હવે

INDEX

પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, આણંદ નગરપાલિકાએ પોતાને સાદર કરેલી નગરરચના યોજના, આણંદ નંબર ૭નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાનો મુસદ્દો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો; અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી;

અને નગર રચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના આણંદ નંબર ૭ પ્રારંભિક યોજના તરીકે ઉલ્લેખ કર્યો છે તે ગુજરાત સરકારને સાદર કરી હતી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા સુધારાને અધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે "સદરહુ પ્રારંભિક યોજના" આણંદ નગરપાલિકા આણંદ શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન—૧૯૯૧ના સપ્ટેમ્બર મહિનાની ૨૦મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

૧. વિકાસ નિયંત્રણ વિનિયમોને પ્રારંભિક યોજના દસ્તાવેજોમાંથી બાકાત કર્યા હોય તેમ ગણવા,

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ફરજ પરના ખાસ અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ [illegible], [illegible]ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ[illegible] સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/[illegible]-નો ૬૫/ટીપીએસ/૧૧૮૭/૧૦૩૫/૯૦/એન.—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૦.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી ૧૯૯૦ નો ૬૫/ટીપીએસ/૧૫૮૭/૧૦૩૫/(૯૦)/એલ.— શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાતારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૮૯નો ૬૩/ટીપીએસ-૧૫૮૩/-૨૬૭(૮૯)એલ હેઠળ, નગરરચના યોજના, રાણીપ ક્રમાંક ૧. છેવટની (જેનો આમાં હવે પછી "સદરહુ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૮૯ થી અમલમાં આવી.

અને ગુજરાત સરકારે સદરહુ યોજનામાં ભૂલ હોવાને કારણે ખામી ભરેલી હોવાનું જાહેર કરી છે ;

અને ગુજરાત સરકારને એવી ખાતરી થઈ હતી કે સદરહુ યોજનામાંનો જરૂરી ફેરફાર મહત્ત્વનો નથી ;

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૮૮ નો ૯૪/ટીપીએસ/૧૫૮૭/-૧૧૭ (૮૮) એલમાંનો મુસદ્દાનો ફેરફાર તારીખ ૫મી મે, ૧૯૮૮ ના ગુજરાત રાજપત્ર, ભાગ--૪--બી ના પાના ૨૯૧ ઉપર યોગ્ય રીતે પ્રસિધ્ધ કરેલો;

અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૮૮નો ૯૪/ટીપીએસ-૧૫૮૭--૧૧૭(૮૮) એલમાંના મુસદ્દાનો ફેરફાર, તારીખ ૫મી મે, ૧૯૮૮ના ગુજરાત રાજપત્ર, ભાગ--૪--બી ના પાના ૨૦૧ ઉપર યોગ્ય રીતે પ્રસિધ્ધ કરેલો ;અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૮નો ૯૪/ટીપીએસ--૧૫૮૭--૫૧૭ (૮૮) એલ ની નકલો રાખવા અને ચોંટાડવા માટે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદ--એ જરુરી પગલાં લીધા છે;

અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭)ની કલમ ૭૦ ની પેટા--કલમ (૫) હેઠળ કલેક્ટર મારફત રાજ્ય સરકારને મુસદ્દાના ફેરફાર અંગે કોઈ વાંધા મળ્યા નથી;

અને રાજ્ય સરકારે, [illegible] આયોજક, અમદાવાદ અને કલેક્ટર, અમદાવાદ સાથે [illegible] વિચાર વિનિમય કર્યો છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ--૭૦ ની પેટા કલમ ૬ (ખ) થી મળેલી સત્તાની એ, ગુજરાત સરકાર, આથી,

INDEX

"ઉપરોક્ત નગર રચના યોજના રાણીપ, ક્રમાંક--૧ છેવટમાંનો ફેરફાર આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે મંજૂર કરે છે."

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૮૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૬નો --૬૩/ટીપીએસ/૧૫૮૩/૨૬૭(૮૬)/એલ મુજબ મંજૂર કરેલી નગરરચના યોજના, રાણીપ ક્રમાંક—૧ છેવટનીમાં ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૭૦ (૧) હેઠળ પુનવહેંચણી અને આકારણીના પત્રક (નમૂના એફ)ના પાના નંબર ૬૧ ઉપર અનુક્રમાંક ૭૦માં નીચેના સુધારો કરવો :—

કોલમ નંબર

૭	૮	૯(ક)	૯(ખ)	૧૦(ક)	૧૦(ખ)
૧૦૦	૬૭૯૨	૨૦૦૩૬૪	૨૦૦૩૬૪	૨૨૫૮૩૪	૨૨૫૮૩૪
૬૮	૪૯૧	૧૨૨૭૫	૧૨૨૭૫	૧૪૩૬૧.૭૫	૧૪૩૬૧.૭૫
	૧૯૭૧૪	૫૭૩૧૮૮	૫૭૩૧૮૮ +×	૬૬૯૦૬૫.૭૫	૬૬૯૦૬૫.૭૫ +×

ને બદલે.

કોલમ નંબર

૭	૮	૯(ક)	૯(ખ)	૧૦(ક)	૧૦ (ખ)
૧૦૧	૧૨૪૩૧	૩૬૦૪૯૯	૩૬૦૪૯૯	૪૨૮૮૬૯.૫૦	૪૨૮૮૬૯.૫૦
૧૦૦	૬૭૯૨	૨૦૦૩૬૪	૨૦૦૩૬૪	૨૨૫૮૩૪	૨૨૫૮૩૪
૬૮	૪૯૧	૧૨૨૭૫	૧૨૨૭૫	૧૪૩૬૧.૭૫	૧૪૩૬૧.૭૫
	૧૯૭૧૪	૫૭૩૧૩૮	૫૭૩૧૩૮ +×	૬૬૯૦૬૫.૨૫	૬૬૯૦૬૫.૨૫

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૧ના ગુજરાત સરકારના માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીટી/૯૧/૨૮/એસએસએ-૧૦૯૧-૪૮૮-ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TAX ON LUXURIES (HOTELS AND LODGING HOUSES) ACT, 1977.

ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક જીટી/૯૧/૨૮/એસએસએ-૧૦૯૧-૪૮૮-ઈ.—ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૨૪મા)ની કલમ ૨૧ હેઠળ કાઢવા ધારેલ જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૨૧ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારૂ, પ્રસિધ્ધ કર્યો છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો, વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યક્તિ તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય, ગાંધીનગર--ને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો.

ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૨૪મા)ની કલમ ૨૧થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો, ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) નિયમો, ૧૯૯૧ કહેવાશે.

૨. ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮માં નિયમ ૩માં, "પાંચ દિવસ" એ શબ્દોને બદલે, "પાંચ અઠવાડિયા" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. ડી. દેસાઈ,
સરકારના નાયબ-સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૧/૧૫૭/એમવીડી/૧૧૮૯/૫૦૨૩/ખ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES DEPARTMENT (CONDITIONS OF SERVICE RELATING TO REGIONAL TRANSPORT OFFICERS AND ASSISTANT REGIONAL TRANSPORT OFFICER'S DEPARTMENTAL EXAMINATION) RULES, 1974.

ગુજરાત મોટર વાહન ખાતા (પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અને મદદનીશ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની ખાતાકીય પરીક્ષાને લગતી નોકરીની શરતો), નિયમો, ૧૯૭૪, સુધારવા સંબંધી જાહેરનામું.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૧.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જી/જી/૯૧/૧૫૭/એમવીડી/૧૧૮૯/૫૦૨૩/ખ.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત મોટર વાહન ખાતા (પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અને મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની ખાતાકીય પરીક્ષાને લગતી નોકરીની શરતો) નિયમો, ૧૯૭૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, 'ગુજરાત મોટર વાહન ખાતા (પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અને મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીની ખાતાકીય પરીક્ષાને લગતી નોકરીની શરતો) (પ્રથમ સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન ખાતા (પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અને મદદનીશ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની ખાતાકીય પરીક્ષાને લગતી નોકરીની શરતો) નિયમો, ૧૯૭૪માં પરિશિષ્ટ "ખ" માં "પ્રશ્નપત્ર ૫" હેઠળની નોંધો :

૧ અને ૨ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"૧. મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.
૨. કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯.
૩. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ટી. આર. અગનાણી,
સરકારના સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી-૧૯૯૧ નો ૨૦૪-એમએફબી-૧૧૭૯-૨૭૧૪-આર નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MUNICIPAL FINANCE BOARD (TERMS OF OFFICE AND CONDITIONS OF SERVICE OF CHAIRMAN AND MEMBERS) RULES, 1979.

ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના) નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ, અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક કેપી-૧૯૯૧ નો ૨૦૪-એમએફબી-૧૧૭૯-૨૭૧૪-આર.—ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના) નિયમો, ૧૯૭૯ એ નામના અમુક નિયમો, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૨માં)ની કલમ ૨૮ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી-૧૯૯૧ નો ૬૦-એમએફબી-૧૧૭૯-૨૭૧૪-આર હેઠળ, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૧-એ સેન્ટ્રલ સેકશન (અસાધારણ)નાં પાના ૨૩-૧ અને ૨૩-૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ તરફથી રાજપત્રમાં તે પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી;

INDEX

તેથી, હવે, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૨માં)ની કલમ ૬ વાંચતા, કલમ ૨૮ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના) નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના) (દ્વિતીય સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડ (અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત અને સેવાની શરતો બાબતના) નિયમો, ૧૯૭૯માં નિયમ ૪માં (૧) ખંડ (ક)માં, "૧૦૦૦" એ આંકડાને બદલે, "૨૫૦૦" એ આંકડા મૂકવા.

(૨) ખંડ (છ) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(છ) દરેક એક વર્ષની નોકરી પૂરી કર્યા પછી તે માનવેતન સહીત ૩૦ દિવસની રજા મેળવવાને અને પોતાની મુદતના છેલ્લા વર્ષની રજા તે વર્ષ દરમિયાન તેણે ભોગવી ન હોય તો તેનું રોકડમાં રૂપાંતર કરવાનો હકદાર રહેશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. ટી. જોષી,
સરકારના ઉપસચિવ.

તા. ૧/૯/૯૧ થી તા. ૩૦/૯/૯૧ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુ. નં.	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર તથા તારીખ	પ્રસિધ્ધ થયા તારીખ	વિભાગનું નામ,
		ભાગ—૯		
૧	૭૩	ગુજ. વિ. ક્રમાંક ૩૮/૧૯૯૧	૪/૯/૯૧	ભા. એ. કાયદા વિ.
૨	૭૪	ગુજ. ,, ,, ૩૯/ ,,	૫/૯/૯૧	ગુ. વિધાનસભા
૩	૭૫	ગુજ. ,, ,, ૪૦/ ,,	૬/૯/૯૧	,,
૪	૭૬	ગુજ. અધિનિયમ ક્રમાંક ૧૪/૧૯૯૧	૧૧/૯/૯૧	કા. વિ. ભા. એકમ
૫	૭૭	ગુજ. ,, ,, ૧૫/ ,,	૨૫/૯/૯૧	,,
૬	૭૮	ગુજ. ,, ,, ૧૬/ ,,	,,	,,

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, OCTOBER 10, 1991/ASVINA 18, 1913 [No. 41

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૯૧-૬૬-એમ-એસટીપી-૧૪૭૯-ગુઓ-૧૧૩-એસ-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE GOVERNMENT ORDER REVENUE DEPARTMENT NO. GHM-88-151-M-STP-1479-UO-113-H, 1 DATED 18TH APRIL, 1988.

મહેસૂલ વિભાગના તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી હુકમ ક્રમાંક જીએચએમ--૮૮--૧૫૧-એમ-એસટીપી--૧૪૭૯-યુઓ-૧૧૩-- એચ--૧ સુધારવા સંબંધી જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૧.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮

ક્રમાંક જીએચએમ--૯૧-૬૬-એમ-એસટીપી-- ૧૪૭૯ -યુઓ-૧૧૩-એચ--૧.-- મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦માં) ની કલમ ૯ના ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૮૮નો હુકમ ક્રમાંક જીએચએમ--૮૮- ૧૫૧--એમ-એસટીપી--૧૪૭૯- યુઓ-૧૧૩-એચ--૧, સુધારે છે.--

સદરહુ હુકમમાં, કૌંસમાં શબ્દો, અને આંકડા "રૂા. ૩૫,૦૦૦/- (ફક્ત રૂપિયા પાંત્રિસ હજાર)" એ શબ્દો, આંકડા અને કૌંસને બદલે "રૂા. ૬૦,૦૦૦/-- (ફક્ત રૂપિયા સાઈઠ હજાર)" એ શબ્દો, આંકડા અને કૌંસ વાંચવા.

૨. સદરહુ હુકમમાં, ચોથી લાઈનમાં તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૭૯ના સરકારી ઠરાવ ક્રમાંક એસએઆઈ/૧૦૭૮/૫૨૮૫/કેએચ એ શબ્દો આંકડા વગેરે પછી અને ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગના તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૦ના સરકારી ઠરાવ ક્રમાંક એસએઆઈ-૧૦૯૦--૩૫૮૦-કેએચ એ શબ્દો આંકડા વગેરે દાખલ કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. સી. શાહ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૯૧-૨૦૩--એસએઆઈએ--૧૦૮૮-૩૫૦૨-એમ(૩)ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, LABOUR AND EMPLOYMENT DEPARTMENT NO. KH-R-91-148-SIA-1088-3502-M (3) DATED THE 10TH JULY, 1991.

શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક કેએચ-આર--૯૧-૧૪૮-એસઆઈએ--૧૦૮૮-૩૫૦૨--એમ (૩) સુધારવા સંબંધી જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી, ઓગષ્ટ, ૧૯૯૧.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક કેએચ--આર-૯૧--૨૦૩-- એસઆઈએ--૧૦૮૮/ ૩૫૦૨/ એમ (૩).-- કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમ, ૧૯૫૦ના વિનિયમ ૭૬ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક કેએચ--આર-૯૧-૧૪૮--એસઆઈએ-૧૦૮૮-૩૫૦૨-- એમ (૩) સુધારે છે :—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, કોલમ ૩ અનુક્રમાંક (૧) સામે ન્યાયાધીશ "ડી. વી. જોષી" એ નામને બદલે "શ્રી પી. એમ. તડવી" એ નામ મૂકવું.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય. ગાંધીનગર. ૨૩મી સપ્ટેમ્બર. ૧૯૯૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી ઓગષ્ટ. ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૯૧-૨૦૨--એસઆઈએ-૧૦૮૮ ૩૫૦૨-એમ--૩ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત.
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, LABOUR AND EMPLOYMENT DEPARTMENT NO. KHR-91-72-SIA-1088-3502-M-(3), DATED 9TH APRIL, 1991.

શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૯મી એપ્રિલ. ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક કેએચ આર-૯૧-૭૨-એસઆઈએ-૧૦૮૮-૩૫૦૨-એમ (૩) સુધારવા સંબંધી જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ. ૧૯૪૮

ક્રમાંક કેએચ-આર-૯૧-૨૦૨-એસઆઈએ /૧૦૮૮/૩૫૦૨ / એમ (૩) .- કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમ. ૧૯૫૦ના વિનિયમ ૭૬થી મળેલી સત્તાની રૂએ. ગુજરાત સરકાર, આથી શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૯મી એપ્રિલ. ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક કેએચ-આર-૯૧-૭૨-એસઆઈએ-૧૦૮૮-૩૫૦૨-એમ (૩) સુધારે છે:-

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, કોલમ ૩ અનુક્રમાંક (૧) સામે ન્યાયાધીશ "શ્રી પી. વાય. ત્રિવેદી" એ નામને બદલે "શ્રી વી. આર. વ્યાસ" એ નામ મૂકવું.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિશ્રા.
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૭૦-૯૧-એમડી-ઈવીપી-૧૦૬૪-૬૩-આર-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE EVACUEE INTEREST (SEPERATION) ACT, 1951.

હિજરતી હિત ((વિયોજન) અધિનિયમ, ૧૯૫૧ હેઠળ જાહેરનામું

મહેસૂલ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૧મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

હિજરતી હિત (વિયોજન) અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક જીએચએમ--૯૧-૭૦-એમ-એમડી- ઈવીપી--૧૦૮૪-૮૩-- આર--૧.-- હિજરતી હિત (વિયોજન) અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના ૬૪ માં)ની કલમ ૧૩ની પેટા -કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને મહેસૂલ વિભાગનું તારીખ ૧૬મી મે, ૧૯૮૪નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચએમ--૮૪-૧૨૭-- એમ-ઈવીપી-સીઓ--૧૦૮૪--૮૩-આર, રદ કરીને ગુજરાત સરકાર, આથી,

(૧) કેન્દ્ર સરકારની અનુમતિથી, શ્રી આર. આર. જૈન, જજ સીટી સીવીલ કોર્ટ, અમદાવાદ-ને સદરહુ પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા હેતુ માટે અપીલ અધિકારી તરીકે નીમે છે; અને (૨) આદેશ કરે છે કે સદરહુ અપીલ અધિકારીને સમગ્ર ગુજરાત રાજ્ય ઉપર હકૂમત રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૧ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/ટી/૯૧/૩૨/ઈપીટી-૧૦૯૧/૨૭(૩)-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT ENTERTAINMENT TAX ACT, 1977

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીએચટી/૯૧/૩૨/ઈપીટી/૧૦૯૧-૨૭(૩)-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે, તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬માં)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અનુસૂચિ ૧માં જણાવેલી ફિલ્મ પ્રદર્શિત કરવાને, અનુસૂચિ-૨માં નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ લેવાપાત્ર કર ભરવામાંથી સંપૂર્ણત: મુકિત આપે છે.

અનુસૂચિ-૧

અનુક્રમાંક	ફિલ્મનું નામ	વિગતો
૧	૨	૩
૧.	દૃષ્ટિ	શ્રી ગોવિંદ નીહાલાણી, મુંબઈએ નિર્માણ કરેલ હિન્દી રજત કમલ નેશનલ એવોર્ડ વિજેતા, ઉત્તમ ફિચર ફિલ્મ.

અનુસૂચિ—૨.

શરતો

૧. કરની રકમ વિનાના મનોરંજનના વિદ્યમાન પ્રવેશ-દરો વધારવા નહિ અને વિદ્યમાન પ્રવેશદરો, આપેલ મુકિતની રકમ જેટલા ઘટાડવા.

૨. કર ભરવામાંથી આ મુકિતનો લાભ માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૧લી નવેમ્બર, ૧૯૮૮ના સરકારી ઠરાવ ક્રમાંક: ઈપીટી/મકમ/૧૦૮૩/૧૩૨૪-ઈની જોગવાઈઓ અનુસાર મળશે.

૩. કર ભરવામાંથી આ મુકિતનો લાભ આ ફિલ્મની ૯ પ્રિન્ટો માટે તેર અઠવાડિયા સુધી મળશે.

૪. કર ભરવામાંથી આ મુકિતનો લાભ આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી, બે વર્ષની મુદતની અંદર મળશે.

INDEX

૫. મુકિતની શરતો પૈકીની કોઈ શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે બાબતમાં, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ ની કલમ ૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. ડી. દેસાઈ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૧ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી/૯૧/૩૧/ઈપીટી-૧૦૯૧/૧૫૫૯-(૩)-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT ENTERTAINMENT TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : (જીએચટી/૯૧/૩૧) ઈપીટી-૧૦૯૧-૧૫૫૯(૩)-ઈ—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શ્રી અમોલ પાલેકર, ૩૦, કે. એન. માર્ગ, ગામદેવી, મુંબઈ-૪૦૦૦૦૭-એ નિર્માણ કરેલી હિન્દી ફિલ્મ "થોડાસા રૂમાની હો જાયે" પ્રદર્શિત કરવાને, આ સાથેની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલો મનોરંજન કર ભરવામાંથી મુકિત આપે છે.

INDEX

અનુસૂચિ

(૧) કરની રકમ બાદ કર્યા પછી મનોરંજનમાં વિદ્યમાન પ્રવેશ દરો વધારવા નહિ અને વિદ્યમાન પ્રવેશ—દરો લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલા ઘટાડવા અને ૩૦ ટકા કર વસૂલ કરવો અને તે સરકારને ભરવો.

(૨) કર ભરવામાંથી આપેલી મુક્તિનો લાભ દરેક પ્રિન્ટ દીઠ છ અઠવાડિયાની મુદત રહેશે અને ગુજરાત રાજ્યમાં ૯ પ્રિન્ટ પ્રદર્શિત કરવામાં આવે તેટલા પૂરતી મર્યાદિત રહેશે. જેમાંથી અઢાર અઠવાડિયા સુધી ફિલ્મ ૧૯૮૧ની વસ્તીગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦થી વધુ ન હોય તેવા સ્થાનિક વિસ્તારની હદની અંદર પ્રદર્શિત કરવી.

(૩) કર ભરવામાંથી આ મુક્તિનો લાભ, આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર મળી શકશે.

(૪) મુક્તિની શરતો પૈકીની કોઈ શરતનો અથવા અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭-ની કલમ ૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. ડી. દેસાઈ,
સરકારના નાયબ સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, OCTOBER 31, 1991/KARTIKA 9, 1913 [No. 44

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલયય, ગાંધીનગર, ૧લી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાંગના સરકારી જાહેરનામાં ક્રમાંક જી/જી/૯૧-૧૬૯-એમવીએ-૧૮૯૧-૩૫૯-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૧/૧૬૯/એમવીએ/૧૮૯૧/૩૫૫૯/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના અધિનિયમ ક્રમાંક ૫૯મા)ની કલમ ૬૭ની પેટા-કલમ (૧)માં ખંડ (૧)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કાઢેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડો (ક) થી (ઘ)ની જોગવાઈઓ લક્ષમાં લઈને ગુજરાત સરકારી રાજ્યપત્રમાં આ જાહેરનામું બહાર પાડયાની તારીખે અને તે તારીખથી આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિસ્તારોમાં ચલાવાતા સિંધુ પુનર્વસવાટ કોર્પોરેશન લીમીટેડ, આદીપુર (કચ્છ) દ્વારા સંચાલિત સ્ટેજ કેરેજ માટે ભાડાં નક્કી કરવા સંબંધી રાજ્ય વાહનવ્યવહાર સત્તા-મંડળ અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, રાજકોટ પ્રદેશને આદેશો આપે છે.

આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧ અને ૨માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં અને રૂટો પર ચલાવાતા સ્ટેજ કેરેજ માટે (તત્સમયે અમલમાં હોય તેવા મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા)હેઠળ લીધેલ અથવા લેવાપાત્ર ઉતારૂવેરો, હોય તો, તેની રકમ સહિત) ભાડું સદરહુ અનુસૂચિના કોલમ ૩માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના આવા વધુમાં વધુ ભાડાને અધીન રહેશે :

પરંતુ વિદ્યાર્થીએ કરેલી કોઈ મુસાફરીની બાબતમાં, ઉપર જણાવ્યા પ્રમાણે કોઈ વેરો લેવામાં આવ્યો ન હોય તો, આવી મુસાફરી માટેનું ભાડું એવી રીતે નક્કી કરવું જોઈશે કે જેથી તેમાંથી એવા વેરાની રકમ બાદ કરી શકાય.

અનુસૂચિ

વિસ્તારો ૧	રૂટો ૨	ઉતારૂ વેરા સહિત વધારેમાં વધારે ભાડું ૩
મ્યુનિસિપલ અથવા કેન્ટોનમેન્ટ વિસ્તારો અને માન્ય રૂટોવાળા અન્ય લગોલગના વિસ્તારો જ્યાં સ્ટેજ કેરેજ (શહેરી ઉતારૂ બસ સેવા) સિંધુ પુનર્વસાટ કોર્પોરેશન લીમીટેડ, આદીપુર દ્વારા ચલાવાતા હોય.	તમામ રૂટો	(૧) પ્રથમ બે કિલોમીટર અથવા તેના ભાગ માટે ઉતારૂદીઠ પંચોતેર પૈસા અને (૨) પ્રથમ બે કિલોમીટર કરતાં વધુ અંતર માટે દરેક બે કિલોમીટરના સ્ટેજ અથવા તેના ભાગ માટે ઉતારૂ દીઠ પચ્ચીસ પૈસા.

નોંધ :—આ જાહેરનામામાં "ઉતારૂ" એ શબ્દનો અર્થ ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧ના ખંડ (ઝ) અને નિયમ ૧૧૯ના પેટા-નિયમ (૧)માં તેનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડયા,
સરકારના ઉપ-સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૨૩૩-ટીપીએસ-૧૮૮૮-૨૪૭૧ (૯૧)-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સાર, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧ નો ૨૩૩-ટીપીએસ-૧૮૮૮-૨૪૭૧ (૯૧)-એલ.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭ મા) (જેનો આમાં હવે પછી "સદરહુ, અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ પેટલાદ નગરપાલિકાએ પેટલાદ વિસ્તાર વિકાસ સત્તામંડળ પેટલાદ એ નગર રચના યોજના પેટલાદ ક્રમાંક : ૧ (ફેરફાર કરેલી) કરવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે.

અને સદરહુ, અધિનિયમની કલમ-૪૨ ની પેટા-કલમ (૧) હેઠળ પેટલાદ નગરપાલિકાએ પેટલાદ વિસ્તાર વિકાસ સત્તામંડળે (જેનો આમાં હવે પછી "સદરહુ, નગરપાલિકા" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે)નગર રચના યોજના ક્રમાંક :૧ (ફેરફાર કરેલી)માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં, યોજના (જેને આમાં હવે પછી "સદરહુ, યોજના" કહી છે તે)નો મુસદો, ઠરાવેલી રીતે તૈયાર કરીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો છે.

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ, નગરપાલિકાએ સદરહુ, અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઇ કરેલી રીતે મંજૂરી માટે, રાજ્ય સરકારને સદરહુ, યોજનાનો મુસદો રજૂ કર્યો છે.

અને યોગ્ય રીતે ચકાસણી / તપાસ કર્યા પછી, સરકારે નકકી કર્યું છે કે યોજનાની નાણાકીય ગણતરી, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઇ પ્રમાણે કરવામાં આવી નથી;

તેથી, હવે, સદરહુ, અધિનિયમની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

"સદરહુ, ફેરફાર કરેલી યોજનાનો મુસદો મંજૂર કરતી નથી."

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧ નો ૨૩૪-ટીપીએસ-૧૮૮૮-૨૩૮૫ (૯૧) એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧ નો ૨૩૪-ટીપીએસ-૧૮૮૮-૨૩૮૫-(૯૧)-એલ. — ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ પેટલાદ નગરપાલિકાએ / પેટલાદ વિસ્તાર વિકાસ સત્તામંડળ પેટલાદ એ નગર રચના યોજના ક્રમાંક : ૨ (ફેરફાર કરેલી) કરવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે.

અને સદરહુ અધિનિયમની કલમ-૪૨ ની પેટા-કલમ (૧) હેઠળ, પેટલાદ નગરપાલિકાએ / પેટલાદ વિસ્તાર વિકાસ સત્તામંડળે (જેનો આમાં હવે પછી "સદરહુ નગરપાલિકા" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે)નગર રચના યોજના ક્રમાંક :૨ (ફેરફાર કરેલી)માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં, યોજના (જેને આમાં હવે પછી "સદરહુ યોજના" કહી છે તે)નો મુસદ્દો, ઠરાવેલી રીતે તૈયાર કરીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો છે;

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ નગરપાલિકાએ સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઇ કરેલી રીતે મંજૂરી માટે, રાજ્ય સરકારને સદરહુ યોજનાનો મુસદ્દો રજૂ કર્યો છે.

અને યોગ્ય રીતે ચકાસણી / તપાસ કર્યા પછી, સરકારે નક્કી કર્યું છે કે યોજનાની નાણાકીય ગણતરી, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઇ પ્રમાણે કરવામાં આવી નથી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

"સદરહુ ફેરફાર કરેલી યોજનાનો મુસદ્દો મંજૂર કરતી નથી."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ઓક્ટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીવાય/૪૫/પીએફએ/૧૦૯૧/-૮૪૩/જેએચ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હે. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, HEALTH AND FAMILY WELFARE DEPARTMENT, NO. GY-23-DLB-1082-2362(88)-JH, DATED 12TH MAY, 1988.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું તારીખ ૧૨મી મે, ૧૯૮૮નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીવાય-૨૩-ડીએલબી-૧૦૮૨-૨૩૬૨-(૮૮)-જેએચ સુધારવા સંબંધી જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ખોરાક ભેળસેળ નિવારણ અધિનિયમ, ૧૯૫૪.

ક્રમાંક : જીવાય/૪૫/પીએફએ/૧૦૯૧/૮૪૩/જેએચ.—ખોરાક ભેળસેળ નિવારણ અધિનિયમ, ૧૯૫૪ (સન ૧૯૫૪ના ૩૭મા)ની કલમ ૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૨ મે, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીવાય-૨૩-ડીએલબી-૧૦૮૨-૨૩૮૨(૮૮)જેએચ નીચે પ્રમાણે સુધારે છે:—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં અનુક્રમાંક ૭ આગળની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :—

અનુ-ક્રમાંક	વ્યક્તિનું નામ અને હોદ્દો	સ્થાનિક વિસ્તાર
૭.	શ્રી બી. આર. દેસાઈ, સિનિયર સાયન્ટિફિક, આસિસ્ટન્ટ ખોરાક અને ઔષધ પ્રયોગ શાળા, વડોદરા.	સમગ્ર ગુજરાત રાજ્ય.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પંકજ કુમાર,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી-જી-૯૧-૧૭૫-એસબી ૩-એનએસએ-૧૯૯૧-૫૫૫૬ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સાર, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE NATIONAL SECURITY ACT, 1980.

રાષ્ટ્રીય સલામતી અધિનિયમ, ૧૯૮૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

રાષ્ટ્રીય સલામતી અધિનિયમ, ૧૯૮૦.

ક્રમાંક જી-જી-૯૧-૧૭૫-એસબી ૩-એનએસએ-૧૯૯૧-૫૫૫૬.—રાષ્ટ્રીય સલામતી અધિનિયમ, ૧૯૮૦ (સન ૧૯૮૦નો ક્રમાંક ૬૫)ની કલમ ૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(૧) તારીખ ૧૬મી સપ્ટેમ્બર થી ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ની મુદત માટે સદરહુ, અધિનિયમના હેતુ માટે નીચેના સભ્યોનું બનેલું સલાહકાર બોર્ડ, રચે છે—

(૧) માનદ્ ન્યાયમૂર્તિ શ્રી જે. યુ. મહેતા,

(૨) માનદ્ ન્યાયમૂર્તિ (નિવૃત્ત) શ્રી એમ. સી. ત્રિવેદી,

(૩) માનદ્ ન્યાયમૂર્તિ (નિવૃત્ત) શ્રી એન. એચ. ભટ.

અને સદરહુ, બોર્ડના અધ્યક્ષ તરીકે માનદ્ ન્યાયમૂર્તિ શ્રી જે. યુ. મહેતાને નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
સરકારના ઉપ-સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય ગાંધીનગર, ૯મી ઓક્ટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી સપ્ટેમ્બર ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચઆર-૯૧-૨૨૧-બીએસઈ-૧૦૯૧-૨૯૭૪-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

સહી/-(અવાચ્ય)
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENT ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચઆર-૯૧-૨૨૧-બીએસઈ-૧૦૯૧-૨૯૭૪-એમ-(૩). -મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈ અધિનિયમ ક્રમાંક : ૭૯મા)ની કલમ ૬થી મળેલી સત્તાની રુએ ગુજરાત સરકાર આથી રાવડી મેળા (સાંસ્કૃતિક મેળા)ના પ્રસંગે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ના અધિનિયમ ક્રમાંક : ૬ઠ્ઠો) હેઠળ રચાયેલ સંતરામપુર નગર પંચાયત, જિલ્લો પંચમહાલની હદોની અંદરની દુકાનો- નિવાસી હોટેલો, રેસ્ટોરાં અને ભોજન ગૃહોના સંબંધમાં આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ--(૧)માં નિર્દિષ્ટ કરી હોય તેવી સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ સદરહુ અનુસૂચિના કોલમ--(૨)માં તે દરેકની સામે નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૧થી તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ (બન્ને દિવસો સહિત)ની મુદત દરમિયાન મોકુફ રાખે છે.

અનુસૂચિ

	જે જોગવાઈનો અમલ કામચલાઉ મોકૂફ રાખેલ હોય તે જોગવાઈ	જેને અધીન રહીને, જોગવાઈઓનો અમલ મોકૂફ રાખેલ હોય તે શરતો
	૧	૨
૧.	કલમ—૧૧	કોઈપણ દુકાન, કોઈપણ દિવસે રાતના બાર કરતાં મોડી ખુલ્લી રાખવી નહિ.
૨.	કલમ –૧૨	માલની ફેરી, રાતના બાર સુધી કરી શકાશે.

INDEX

૧		૨
૩.	કલમ—૧૪	(ક) આ જોગવાઈનો અમલ ફક્ત દુકાનોના સંબંધમાં મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) કોઈ નોકરને નિર્દિષ્ટ કરેલા કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે, તો તે, અધિનિયમની કલમ-૬૩ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા દરે વેતન મેળવવા હકદાર રહેશે.
૪.	કલમ—૧૬	કામનો કુલ સમય, ચૌદ કલાક કરતાં વધુ હોવો જોઈએ નહિ.
૫.	કલમ—૧૮	(ક) આ જોગવાઈનો અમલ ફક્ત દુકાનોના સંબંધમાં મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) ઠરાવેલ રજાનો દિવસ ન મળવાને કારણે, દરેક નોકર,— (૧) તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ પછી, તેના બદલામાં રજા મેળવવા હક્કદાર રહેશે; અથવા વળી; (૨) એવી રજામાં થયેલ કામ માટે અધિનિયમની કલમ ૬૩ની પેટા-કલમ (૧) મુજબ ઓવર ટાઈમ કામ માટે નિર્દિષ્ટ દરે વેતન મેળવવા હકદાર રહેશે.
૬.	કલમ—૧૯	કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજનગૃહ, કોઈપણ દિવસે રાતના બાર કરતાં મોડી ખુલ્લી રાખવી નહિ.
૭.	કલમ—૨૦	——
૮.	કલમ—૨૧	કોઈપણ નોકરને નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે, તો તે, અધિનિયમની કલમ-૬૩ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા દરે, વેતન મેળવવા હકદાર રહેશે.
૯.	કલમ—૨૪	ઠરાવેલી અઠવાડિક રજા ન મળવાને કારણે, દરેક નોકર— (૧) તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ પછી, તેના બદલામાં, રજા મેળવવા હકદાર રહેશે; અથવા વળી; (૨) રજામાં કરેલ કામ માટે, અધિનિયમની કલમ-૬૩ની પેટા-કલમ (૨) મુજબ ઓવર-ટાઈમ કામ માટે, નિર્દિષ્ટ દરે વેતન મેળવવા હકદાર રહેશે.

આ વિભાગની ફાઈલ નંબર : બીએસઈ-૧૦૯૧-૨૯૭૪-એમ-(૩) ઉપર તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧ની ગૃહ વિભાગની સંમતિથી આ બહાર પાડવામાં આવ્યું છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેક્શન અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે-૯૧-૩૧-સીસીએ-૧૦૮૦-૬૦૬૦-ડી નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY CIVIL COURTS ACT, 1869.

મુંબઇ દીવાની કોર્ટ, અધિનિયમ, ૧૮૬૯ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

મુંબઇ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯.

ક્રમાંક જીકે-૯૧-૩૧-સીસીએ-૧૦૮૦-૬૦૬૦-ડી.—મુંબઇ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ (સન ૧૮૬૯ના ૧૪મા)ની કલમ ૨૩થી મળેલી સત્તાની રૂએ અને ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના સંબંધમાં, આ અર્થે કાઢેલા અગાઉના તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૧ના ઓકટોબર મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ ભરૂચ જિલ્લાના આમોદ મહેસૂલી તાલુકામાંથી ઉપસ્થિત થતા દીવાની પ્રકારના દાવા અને કાર્યવાહીઓના કામકાજ માટે ભરૂચ જિલ્લાના જંબુસર ખાતેના સિવિલ જજ (જુનિયર ડિવીઝન) જે સ્થળે પોતાની કોર્ટ રાખી શકે તે સ્થળ તરીકે ભરૂચ જિલ્લાના આમોદને પણ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુકત સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી-૧૮૬-એસબીઆઈ-પીઓએ-૨૪૯૦-૮૧૨૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDIAN OFFICIAL SECRETS ACT, 1923.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ (વિશેષ)

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ભારત સરકારી ગુપ્ત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક જીજી/૧૮૬/એસબીઆઈ/પીઓએ/૨૪૯૦/૮૧૨૬.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની અથવા તેના વિનાશ અથવા અવરોધ અથવા તેમાં દખલ કરવા અંગેની માહિતી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક : ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ--૨ના ખંડ (૮)ના પેટા-ખંડો (ગ) અને (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખે અને તે તારીખથી સદરહુ અધિનિયમના હેતુ માટે સદરહુ સ્થળને "પ્રતિબંધિત સ્થળ" તરીકે જાહેર કરે છે અને આદેશ કરે છે કે આ જાહેરનામાની અંગ્રેજી અને ગુજરાતીમાં નકલો સદરહુ સ્થળે ચોંટાડવી.

આ જાહેરનામાનો કોઈ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ:--

૧. આ રાજ્યના પોલીસ દળના સભ્યોને,
૨. સંઘના નૌકા, લશ્કરી અથવા હવાઈદળના સભ્યોને,
૩. ઉપર્યુકત સ્થળોમાં નોકરીએ રાખેલી વ્યકિતઓને, અને
૪. પગારદાર મેજિસ્ટ્રેટોને.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	સ્થળનું નામ	સ્થાન	સરવે નંબર, વિસ્તાર અને હદો.
૧	૨	૩	૪
૧.	ઈફ્કો ફર્ટિલાઈઝર ફેક્ટરી, કલોલ એકમ. પીન--૩૮૨૪૨૩.	પો. ઓ. કસ્તુરીનગર, જિલ્લા : ગાંધીનગર. (ગુજરાત)	૧. કલોલ તાલુકાના સૈજ ગામના સરવે નં. ૭૧૨, ૮૪૬-૮૫૫, ૮૫૬-૮૬૫, ૮૬૮-૯૧૩, ૯૧૭-૯૨૦, ૯૩૪, ૯૩૬-૯૫૬ (૯૫૨ અને ૯૫૩ સિવાય) અને કલોલ તાલુકાના ધાનજ ગામના સરવે નં. ૧૭-૩૭.

INDEX

૧	૨	૩	૪
			૨. વિસ્તાર:—૯,૫૪,૮૯૬ ચો.મીટર. ૩. હદો:— ઉત્તરે : રાષ્ટ્રિય ધોરી માર્ગ અને ઓ. એન.જી.સી. સ.નં. ૭૧૨/એ. દક્ષિણે : ધાનજ અને સૈજ ગામની હદો. પૂર્વે : રાષ્ટ્રિય ધોરી માર્ગ. પશ્ચિમે : રેલ્વે લાઈન

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જે. પાંડિયન,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
ગૃહ વિભાગ (વિશેષ).

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૯૧-૨૨૯-સીએલએ-૧૦૮૩-સી-૨૦ (બી)-એમ (૩) નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વ લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE CONTRACT LABOUR (REGULATION AND ABOLITION) ACT, 1970.

કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦.

ક્રમાંક જીયુ-૯૧-૨૨૯-સીએલએ-૧૦૮૩-સી-૨૦-(બી) એમ (૩).—સરકારે, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૯૦-૨૨૩-સીએલએ-૧૦૮૩-સી-૨૦ (બી)-એમ (૩) થી ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ કાં. લીમીટેડ ભરૂચમાં અમુક પ્રક્રિયાઓ કામકાજોમાં કન્ટ્રાકટ મજૂરને કામે રાખવા ઉપર પ્રતિબંધ મૂકયો છે.

અને સરકારને ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ કાં. લીમીટેડ, ભરૂચ, તરફથી ઉપર્યુક્ત સરકારી જાહેરનામાના અમલ માટે સમયમર્યાદા લંબાવવાની રજૂઆતો મળી છે;

તેથી, સરકાર તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૧ થી ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૨ સુધીના ચાર મહિના માટે સદરહુ, જાહેરનામાના અમલ માટેની સમયમર્યાદા લંબાવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. વી. સોલંકી,
સરકારના ઉપ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૯૧-૭૬-એસટીપી-૧૪૮૮-૩૧૦૧-એચ-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જીએચએમ-૯૧-૭૬-એસટીપી-૧૪૮૮-૩૧૦૧-એચ-૧.—મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ–૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી પૂરવણીમાં

INDEX

દર્શાવ્યા પ્રમાણેના નાયબ કલેકટરને, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ-૩૨-કના હેતુ માટે સદરહુ પૂરવણીના કોલમ-૩માં દર્શાવ્યા પ્રમાણે તેમને ફાળવેલા વિસ્તારના સંબંધમાં, કોલમ-૪માં જણાવેલી તારીખથી કલેક્ટર તરીકે નીમે છે.

પૂરવણી

જિલ્લો	નાયબ કલેકટર-તેમના કચેરીના મુખ્ય મથક સહિત	હકૂમતના વિસ્તારોનું નામ	નિમણૂકની તારીખ
૧	૨	૩	૪
(૧) ગાંધીનગર	ખાસ સંપાદન અધિકારી, ગાંધીનગર. જિલ્લો : ગાંધીનગર.	ગાંધીનગર જિલ્લાનો કુલ વિસ્તાર.	૬/૯/૯૧

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. સી. શાહ,
સરકારના નાયબ સચિવ.

IX-82

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, NOVEMBER 7, 1991/KARTIKA 16, 1913 [No. 45

Separate paging is given to this Pare in order that it may be filed as a separate compilation.

PART — IX

Gujarati translation of Bills, Acts and Notifications other than these published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૨મી ઓક્ટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૯મી ઓક્ટોબર, ૧૯૯૧ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચપી ૧૯૯૧ નો ૨૪૫/ડીવીપી/૧૨૮૯/૧૩૩૬/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૯મી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ નો ૨૪૫/ડીવીપી/૧૨૮૯/૧૩૩૬/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૪૩૮૪/૮૩/એલ હેઠળ મંજૂર કરેલ વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરુરી છે;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ ની પેટા--કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૯મી ડિસેમ્બર, ૧૯૯૧ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦ નો ૧૯૯/ડીવીપી–૧૨૮૯/૨૫૪૭/(૯૦)/એલ હેઠળ તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ–૪ બી ના પાના ક્રમાંક ૧૮૫--૧૮ થી ૧૮૫--૧૯ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો તે, કોઈપણ વ્યકિતને, સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

અને સરકારે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે આ રીતે કરવાનો ફેરફાર તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૧ થી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૩ નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૪૩૮૪/(૮૩) એલ થી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. છાણી, દુમાડ, સમા, વેમાલી, સયાજીપુરા, કોટાલી, હરણી, કપુરાઈ, ખટુંબા, બાપોડ, તરસાલી, મકરપુરા, અને જાંબુવા ગામોમાંથી પસાર થતી વડોદરા શહેરી વિકાસ વિસ્તારની મંજૂર કરેલી વિકાસ યોજનામાં સૂચિત કરેલ ૧૨.૦ મિટર પહોળો સર્વિસ રોડ સહિત લાઈન દોરીવાળા ૭૫.૦૦ મિટર પહોળો રાષ્ટ્રીય ધોરી માર્ગની બાજુમાંથી પસાર થતા રસ્તામાં ગુજરાત નગર-રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨) (ઘ) હેઠળ આ સાથેના પ્લાન નં. ૧ થી ૫ ઉપર દર્શાવ્યા પ્રમાણે ફેરફાર કરવા.

૨. ઉપર અનુક્રમાંક ૧ માં ઉલ્લેખેલ વડોદરા શહેરી વિકાસ વિસ્તારની મંજૂર કરેલ વિકાસ યોજનાની લાઈન દોરીવાળા ૧૨.૦ મિટર પહોળા સર્વિસ રોડ સહિત ૭૫.૦ મિટરના રસ્તામાંથી એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથેના પ્લાન નં. ૧ થી ૫ ઉપર દર્શાવ્યા પ્રમાણે મંજૂર કરેલી વિકાસ યોજનાના સંબંધિત આસપાસના ઝોન, નિયંત્રિત વિસ્તાર અથવા અનામતો માટે મુકરર કરવી.

૩. વડોદરા શહેરી વિકાસ વિસ્તારમાં મંજૂર કરેલી વિકાસ યોજનામાં ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ માટે અનામત રાખેલી કપુરાઈ ગામ મહેસૂલી સરવે નં. ૬૧૯/ભાગ, ૬૨૦/ભાગ, ૬૨૨/૧/ભાગ, ૭૦૮/ભાગ, ૭૨૮/ભાગ, ૭૨૯/ભાગવાળી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨) (ક) હેઠળ આ સાથેના પ્લાન નં. ૩ ઉપર દર્શાવ્યા પ્રમાણે ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. પંચાલ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી ઓકટોબર ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીઆર-૯૧-૨૩૫-આઈ-બીએ-૧૦૯૧-૩૧૦૨-એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE INDIAN BOILERS ACT, 1923.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓક્ટોબર, ૧૯૯૧.

ક્રમાંક જીઆર-૯૧-૨૩ગ-આઈબીએ-૧૦૯૧-૩૧૦૨-એમ (૩):-- ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૫મા) ની કલમ ૩૪ની પેટા-કલમ (૩) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અનુસૂચિના કોલમ ૨માં દર્શાવ્યા પ્રમાણે, ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ, પો. ઓ. પેટ્રોકેમિકલ્સ, જિલ્લો વડોદરા ખાતે ગોઠવેલ બોઈલરોને, સદરહુ અધિનિયમની કલમ ૬ના ખંડ (ગ) અને કલમ ૮ ની પેટા--કલમ (૧)ના ખંડ (ક)ની જોગવાઈઓ-માંથી નીચેની શરતોને આધીન રહીને, મુક્તિ આપે છે.

૧. ફીડ વોટર અને બ્લોડાઉન અંગેના રોજેરોજના રાસાયણિક પૃથ્થકરણના રિપોર્ટ, સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષકની કચેરી, ગુજરાત રાજ્ય અમદાવાદ-ને દર પખવાડિયે ચકાસણી માટે મોકલવા.

૨. બોઈલરનું ચાલુ દબાણ, કાઢી આપેલા છેલ્લા કાર્યપ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેના કરતાં વધવું જોઈએ નહિ.

૩. આ મુદત દરમિયાન બોઈલરને અથવા બોઈલરના કોઈપણ ભાગને કોઈ અકસ્માત થાય, તો બોઈલર બંધ કરવું અને સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષકની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદને તેની તરત જ જાણ કરવી જોઈશે.

૪. ગુજરાત બોઈલર પરિચર નિયમો, ૧૯૬૬ અનુસાર લાયકાત ધરાવતા બોઈલર પરિચરે બોઈલર ઉપર દેખરેખ રાખવી જોઈશે.

૫. કલમો ૬ (ગ) અને ૮ (૧) (ક) સિવાય, સદરહુ અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈપણનો ભંગ થયેથી, મુક્તિ રદ કરવામાં આવશે.

અનુસૂચિ

બોઈલરનું વર્ણન (૧)	મુક્તિની મુદત (૨)
(૧) નોંધણી ક્રમાંક જીટી/૧૮૨૬ વાળું અને ૩૨૪ ચોરસ મિટર તાપમાન સપાટી ધરાવતું વેસ્ટ હિટ બોઈલર	૬ઠ્ઠી ઓક્ટોબર, ૧૯૯૧ થી ૫મી જાન્યુઆરી, ૧૯૯૨.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી,

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ઓક્ટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીકે-૩૩-૯૧-સીઓઆઈ-૧૯૮૯ ૬૬૫-કે નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE COMMISSIONS OF INQUIRY ACT, 1952.

તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨.

ક્રમાંક : જીકે/૩૩/૯૧/સીઓઆઈ-૧૯૮૯/૬૬૫-કે.—કાયદા વિભાગના તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીકે/૮૯/૩૯/૧૯૮૯/૬૬૫/ડી. (જેનો આમાં હવે પછી "સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની રૂએ, ગુજરાત સરકારે નર્મદા વિકાસ વિભાગ અને જળ-સંપત્તિ વિભાગમાં કોન્ટ્રાક્ટ જયપ્રકાશ એસોસિએટસ પ્રાઈવેટ લિમિટેડને સોંપેલી, સરકારી કામના કોન્ટ્રાક્ટર સંબંધી બાબતો અને તેના ટેન્ડરો સ્વીકારીને ટેન્ડરની કબૂલાતની જોગવાઈઓનું પાલન નહિ કરીને ટેન્ડરમાં દર્શાવેલ જથ્થા કરતાં વધુ જથ્થાની ચુકવણી કરીને અને ટેન્ડરમાં દર્શાવેલ હોય તેના કરતાં વધુ કામ કરવાને લીધે સદરહુ કોન્ટ્રાક્ટરને કહેવાતી અનધિકૃત નાણાંકીય સહાય આપીને કોન્ટ્રાક્ટર પ્રત્યે દર્શાવેલ કહેવાતા પક્ષપાત અંગે તપાસ કરવા માટે અને જળસંપત્તિ વિભાગ હેઠળના અમુક પ્રોજેક્ટો કે જેના સંબંધમાં કાર્યપાલનમાં વિલંબ, ટેન્ડરમાં જોગવાઈ કરી હોય તેનાથી વધુ પ્રમાણમાં કાર્યપાલન અને અન્ય સિંચાઈ પ્રોજેક્ટ સંબંધી વધારાની ચુકવણી સંબંધી અનેકવિધ ફરિયાદો મળી છે તે માટે માનનીય ન્યાયમૂર્તિ શ્રી આઈ. સી. ભટ્ટ, નિવૃત જજ, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદના બનેલા તપાસ કમિશનની નિમણૂક કરી છે.

અને, ગુજરાત સરકારે, સદરહુ જાહેરનામું ૧લી નવેમ્બર, ૧૯૮૯ના રોજ છેલ્લે સુધાર્યું છે.

અને કમિશને તપાસ પૂરી કરીને તેનો રીપોર્ટ સદરહુ જાહેરનામાની તારીખથી ૨૪ મહિનાની મુદતની અંદર સરકારને રજૂ કરવાનો હતો.

અને કમિશને સદરહુ બાબતો અંગે તપાસ પૂરી કરી પોતાનો રીપોર્ટ રજૂ કર્યો નથી.

અને ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે કમિશને, સન ૧૯૯૨ના માર્ચ માહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં તપાસ પૂરી કરી રાજ્ય સરકારને તેનો રીપોર્ટ રજૂ કરવો.

INDEX

તેથી હવે, તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૨ના ૬૦મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી સદરહુ જાહેરનામું નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામામાં, ૩જા પરિચ્છેદમાં, "આ જાહેરનામાની તારીખથી ૨૪ મહિનાની અંદર" એ શબ્દો અને આંકડાને બદલે, "સન ૧૯૯૨ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં" એ શબ્દો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુક્ત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૩મી ઓક્ટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૧ ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચએમ--૯૧/૭૮--એમ-એસટીપી-૧૦૮૬-૩૮૧--એચ--૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોનીજાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE GUJARAT STAMPS SUPPLY AND SALES RULES, 1987.

ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો, ૧૯૮૭ સુધારવા સંબંધી જાહેરનામું.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧લી ઓક્ટોબર, ૧૯૯૧.

કોર્ટ ફી અધિનિયમ, ૧૮૭૦,
મુંબઈ કોર્ટ ફી અધિનિયમ, ૧૯૫૯;
ભારત સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ અને મુંબઈસ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ--૯૧/૭૮/એમ/એસટીપી/૧૦૮૬/૩૮૧ એચ-૧.—કોર્ટ ફી અધિનિયમ, ૧૮૭૦ (સન ૧૮૭૦ના ૭મા)ની કલમ ૩૪, મુંબઈ કોર્ટ ફી અધિનિયમ, ૧૯૫૯ (સન ૧૯૫૯

INDEX

ના ૪૬ મા) ની કલમ ૪૫, ભારત સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ (સન ૧૮૯૯ ના ૨ જા)ની કલમ ૭૪ અને મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮(સન ૧૯૫૮ ના મુંબઈના ૬૦ મા) ની કલમો ૬૯ અને ૭૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો,૧૯૮૭, વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ (સુધારા) નિયમો, ૧૯૯૧ કહેવાશે.

૨. ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો, ૧૯૮૭ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૪૩માં, રૂા. ૧૦૦૦/- ની કિંમત સુધી ત્રણ ટકા અને રૂા.૧૦૦૦/- થી વધુ કિંમતના સ્ટેમ્પ ઉપર અડધાટકાના દરે" એ શબ્દો અને આંકડાને બદલે "રૂા. ૧૦ ની કિંમત સુધી ત્રણ ટકા અને રૂા. ૧૦/- થી વધુ કિંમતના સ્ટેમ્પ ઉપર એક ટકાના દરે" એ શબ્દો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, પરિશિષ્ટ ૩માં,—

(૧) નોંધ ૨ ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"૨. છાપ મારેલા સ્ટેમ્પ

"હુંડી" એ શબ્દ લખેલો હોય એવા સ્ટેમ્પો સહિતના સ્ટેમ્પ પેપર ઉપર ઉપસાવી કાઢેલા અથવા કોતરેલા સ્ટેમ્પ ઉપર,

(ક) રૂા. ૧૦/- થી વધુ નહોય તેટલી કિંમતના સ્ટેમ્પ ઉપર	૩--૦૦	૩--૦૦	૩--૦૦
(ખ) રૂા. ૧૦/- કરતાં વધુ હોય તેટલી કિંમતના સ્ટેમ્પ ઉપર,	૧--૦	૧--૦૦	૧--૦૦"

(૨) નોંધ ૩ કમી કરવી;

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. સી. શાહ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ઓક્ટોબર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/ ૧૯૯૧નો ૨૨૮/યુએફએ-૧૦૭૭-૨૩૭૭-૩ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT OWNERSHIP FLAT ACT, 1973.

ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૨૮/યુએફએ-૧૦૮૮-૨૩૭૭-ઠ.--ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૩)ની કલમ ૧ ના પેટા-કલમ (૩) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિમાં દર્શાવેલા શહેરી વિસ્તારોમાં અમલમાં આવે તે રીતે તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧ નક્કી કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	વિસ્તાર
૧.	ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૫ હેઠળ રચાયા પ્રમાણેના જૂનાગઢ નગરપાલિકાની હદોમાંના વિસ્તારો.
૨.	ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૫ હેઠળ રચાયા પ્રમાણેના નવસારી નગરપાલિકાની હદોમાંના વિસ્તારો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. જી. કાજરેકર,
સરકારના નાયબ સચિવ.

તા. ૧/૧૦/૯૧ થી તા. ૩૧/૧૦/૯૧ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર તથા તારીખ	ગેઝેટમાંપ્રસિધ્ધ થયા તારીખ	વિભાગનું નામ
		ભાગ--૯		
૧	૭૯	નં. જીએચએન--૩૧--એમબીએ--૧૦૯૧--એસ-૩૫-ઠ	૫/૧૦/૯૧	ભા. એકમ કાયદા વિભાગ.
૨	૮૦	નં. જીએસએચ--૪૬--જેજેએ--૧૦૮૭--૪૦૫૪--છ ૧૪/૧૨/૯૧.	૮/૧૦/૯૧	,, ,,
૩	૮૧	ગુજરાત અધિ. ક્રમાંક:-૧૭/૯૧		,, ,,
૪	૮૨	નં. જીએચએન--૩૫--જીએસટી--૧૦૯૧--૨૪૪-ઠ.	૨૪/૧૦/૯૧	,, ,,

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, NOVEMBER 14, 1991/KARTIKA 23, 1913 [No. 46

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫—૧૦—૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ--૯૧-૭૭-એમ—એસટીપી--૧૦૮૬-૩૭૬૮-એચ--૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ક્રમાંક : જીએચએમ--૯૧--૭૭-એમ-એસટીપી-૧૦૮૬-૩૭૬૮-એચ-૧.—મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૮ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૮૯ને શુક્રવારના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-બી ના વોલ્યુમ ૩૦ના પાના ૨૦--૩, ૨૦--૪ અને ૨૦--૫ ઉપર પ્રસિધ્ધ કરેલ, તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજેએમ--૮૯ /૧૪/એમ/એસ--ટીપી/૧૦૮૬/૩૭૬૮/એચ માં ફેરફાર કરીને, આથી આ સાથે જોડેલી પુરવણીમાં દર્શાવ્યા પ્રમાણે મહેસૂલ વિભાગના તારીખ ૨૮મી સપ્ટેમ્બર. ૧૯૮૮ના સરકારી ઠરાવ ક્રમાંક : એમકેએમ--૧૦૮૮--૧૯૫-એચ મુજબ ઉભી કરેલી જગાઓ ઉપર નીમાયેલ નાયબ-કલેકટરને, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ના પ્રકરણ ૪ના હેતુ માટે સદરહુ પુરવણીના કોલમ ક્રમાંક ૪માં દર્શાવ્યા પ્રમાણે તેમને ફાળવેલ વિસ્તારોના સંબંધમાં, કલેકટર તરીકે નીમે છે.

પુરવણી

અનુ-ક્રમાંક	નાયબ કલેકટર	કચેરીનું મુખ્ય મથક	નકકી કરેલ વિસ્તારો/ અધિકાર ક્ષેત્રનું નામ
૧	૨	૩	૪
૧.	નાયબ કલેકટર અમદાવાદ ડીવિઝન--૧	અમદાવાદ	અમદાવાદ શહેર અને અમદાવાદ શહેરી સમન્વિત વિસ્તાર અને શહેર તાલુકો.
૨.	નાયબ કલેકટર અમદાવાદ ડિવીઝન--૨	અમદાવાદ	અમદાવાદ શહેર વિસ્તાર, અમદાવાદ શહેરી સમન્વિત વિસ્તાર અને દસક્રોઈ તાલુકો.
૩.	નાયબ કલેકટર, સુરેન્દ્રનગર	સુરેન્દ્રનગર	સુરેન્દ્રનગર જિલ્લો અને વિરમગામ પ્રાંતનો વિસ્તાર.
૪.	નાયબ કલેકટર, ભાવનગર	ભાવનગર	ભાવનગર જિલ્લો અને અમરેલી જિલ્લો.
૫.	નાયબ કલેકટર રાજકોટ રાજકોટ ડિવિઝન--૧	રાજકોટ	રાજકોટ શહેર અને રાજકોટ જિલ્લાનો તમામ વિસ્તાર.

INDEX

૧	૨	૩	૪
૬.	નાયબ કલેકટર, રાજકોટ, રાજકોટ ડિવિઝન--૨.	રાજકોટ	(૧) રાજકોટ શહેર અને રાજકોટ જિલ્લાનો તમામ વિસ્તાર.
૭.	નાયબ કલેકટર.	ગાંધીનગર	અમદાવાદ શહેર અને અમદાવાદ શહેરી સમન્વિત વિસ્તાર, ધોળકા પ્રાંત અને ગાંધીનગર જિલ્લો.
૮.	નાયબ કલેકટર જામનગર	જામનગર	(૧) જામનગર જિલ્લો.
૯.	નાયબ કલેકટર મહેસાણા	મહેસાણા	(૧) મહેસાણા જિલ્લો.
૧૦.	નાયબ કલેકટર નડિયાદ (ખેડા)	નડિયાદ	(૧) ખેડા જિલ્લો (૨) પંચમહાલ.
૧૧.	નાયબ કલેકટર સાબરકાંઠા (હિંમતનગર)	હિંમતનગર	(૧) સાબરકાંઠા અને (૨) બનાસકાંઠા જિલ્લો
૧૨.	નાયબ કલેકટર, વડોદરા, વડોદરા ડિવિઝન--૧	વડોદરા	(૧) વડોદરા શહેરના વિસ્તારો, વડોદરાના શહેરી સમન્વિત વિસ્તાર અને વડોદરા તાલુકો.
૧૩.	નાયબ કલેકટર વડોદરા, વડોદરા ડિવિઝન--૨	વડોદરા	(૧) વડોદરા શહેરના વિસ્તારો, વડોદરા શહેરી સમન્વિત વિસ્તાર, જિલ્લો (વડોદરા તાલુકો અને ભરૂચ જિલ્લા સિવાય)
૧૪.	નાયબ કલેકટર સુરત, સુરત ડિવિઝન-૧	સુરત	(૧) સુરત શહેર, સુરત શહેરી સમન્વિત વિસ્તારો અને ચોર્યાસી તાલુકો.
૧૫.	નાયબ કલેકટર સુરત, સુરત ડિવિઝન-૨	સુરત	(૧) સુરત શહેર, શહેરી સમન્વિત વિસ્તારો અને ચોર્યાસી તાલુકો.
૧૬.	નાયબ કલેકટર વલસાડ	વલસાડ	સુરત શહેર, સુરત સમન્વિત વિસ્તારોના વિસ્તારો, સુરત જિલ્લો (ચોર્યાસી તાલુકાના વિસ્તારો સિવાય) અને વલસાડ જિલ્લો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
સરકારના ઉપ-સચિવ,
મહેસૂલ વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, NOVEMBER 21, 1991/KARTIKA 30, 1913 [No. 47

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી ઓકટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચઆર-૨૪૭-બીઆરયુ-૧૦૯૧-૩૫૦(૧)એમ(૩) નો ગુજરાતી અનુવાદ આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓકટોબર, ૧૯૯૧.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જીએચઆર-૨૪૭-બીઆરયુ-૧૦૯૧-૩૫૦(૧)એમ(૩).—મુંબઈ રાહત અન્ડરટેકિંગ
(ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા)ની કલમ ૩થી મળેલી
સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે, ગુજરાત ઔદ્યોગિક રોકાણ કોર્પોરેશન
લિમિટેડ-એ પૂરી પાડેલી લોનનાં સંબંધમાં, ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે કે "મેસર્સ એલ. એમ.
પી. પ્રીસીસન એન્જીનીયરીંગ કંપની લિમિટેડ, મહાદેવનગર, બીલીમોરા (ગુજરાત)" ને સન
૧૯૯૧ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખથી અમલમાં આવે તેમ બેકારી નિવારણના પગલાં તરીકે
ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ, અન્ડરટેકિંગ સન ૧૯૯૧ના
ઓકટોબર મહિનાની ૧૧મી તારીખથી છ મહિનાની મુદત માટે સદરહુ, અધિનિયમના હેતુ માટે
રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, NOV. 28, 1991/AGRAHAYANA 7, 1913 [No. 48

Separate paging is given to this Pare in order that it may be filed as a separate compilation.

PART — IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારના ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૯૧-૬૧-જીઆઈડી-૧૦૮૭-૧૭૪૨-જી-૧ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સાર, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT INDUSTRIAL DEVELOPMENT ACT, 1962.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું

ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓકટોબર, ૧૯૯૧.

ક્રમાંક જીએચયુ-૯૧-૬૧-જીઆઇડી-૧૦૮૭-૧૧૪૨-જી-૧.—તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બીના પાના નં. ૧ થી ૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગની તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૧ની સરકારી ઉદ્ઘોષણા ક્રમાંક જીએચયુ-૯૧-(૧૭) જીઆઇડી-૧૦૮૭-૧૧૪૨-જી-૧ની રૂએ, તેની સાથે જોડેલ પરિશિષ્ટ "ક"માં નિર્દિષ્ટ કરેલ નોટિફાઇડ એરીયા એકત્રિત વેરા નિયમો (જેનો આમાં હવે પછી "સદરહુ, નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૨૩મા)ની કલમ ૧૬થી મળેલી સત્તાની રૂએ, રચાયેલ વલસાડ (વિસ્તૃત) નોટિફાઇડ એરીયાને, ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગના તારીખ ૮-૧-૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૯૦-(૬) જીઆઇડી-૧૦૮૪-૧૧૪૨-જી-૧ અને તારીખ ૧૮-૩-૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૯૧-(૧૬) જીઆઇડી-૧૦૮૭-૧૧૪૨-જી-૧ અને સદરહુ, ઉદ્ઘોષણા સંબંધમાં કલેકટર વલસાડને કોઇ વાંધા મળ્યા નથી.

ગુજરાત સરકાર, કલેકટર વલસાડ અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન સાથે વિચાર-વિનિમય કરીને, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૬૪-ખની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, આથી, સદરહું, નોટિફાઇડ એરીયા એટલે કે વલસાડને (વિસ્તૃત) આ સાથે જોડેલ પરિશિષ્ટ "ક"માં નિર્દિષ્ટ કરેલ સદરહુ, નિયમોની જોગવાઇઓ લાગુ પડે છે.

પરિશિષ્ટ "ક"

વલસાડ (વિસ્તૃત) નોટિફાઇડ એરીયા એકત્રિત વેરા નિયમો

૧. **સંજ્ઞા.**—આ નિયમો "જીઆઇડીસી, વલસાડ (વિસ્તૃત) નોટિફાઇડ એરીયા એકત્રિત વેરા નિયમો" કહેવાશે.

૨. **વ્યાખ્યા.**—આ નિયમોમાં, વિષય વસ્તુના સંદર્ભથી કંઇ વિરૂધ્ધ ન હોય તો,—

(ક) "જમીન" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨ની પેટા-કલમ (૨)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની જમીન.

(ખ) "મકાન" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨ની પેટા-કલમ (૨)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું મકાન.

(ગ) "રહેણાંકના હેતુઓ માટે વપરાતું મકાન" એટલે માનવ વસવાટ તરીકે અથવા પશુઓ સહિત મિલકતની કસ્ટડીના સ્થળ તરીકે તેનો તેજ ભોગવટેદાર વાપરતો હોય તેવું

INDEX

કોઈપણ મકાન અથવા એક જ વાડમાંના સંખ્યાબંધ મકાનો, જે વ્યાપારના સામાન્ય ક્રમમાં વેચાણ માટે ન હોય.

(ઘ) "ધંધાના હેતુઓ માટે વપરાતું મકાન" એટલે કોઈપણ પ્રકારનો માલ અને સર્વિસ તૈયાર કરવા અથવા બનાવવા માટે અથવા વ્યાપાર માટે અથવા હેરફેરના ધંધા માટે અથવા રહેણાંક સિવાયના બીજા કોઈપણ હેતુ માટે તેનો તેજ ભોગવટેદાર વાપરતો હોય તેવું કોઈપણ મકાન અથવા એક જ વાડમાંના સંખ્યાબંધ મકાનો.

(ચ) "માલિક" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨ની પેટા-કલમ (૧૮)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો માલિક.

(છ) "કોર્પોરેશન" એટલે ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ રચાયેલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન.

(જ) "સિનિયર અધિકારી જીઆઈડીસી" એટલે સરકારી, રાજપત્રમાં જાહેરનામા દ્વારા ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ ૧૬ હેઠળ નોટિફાઈડ એરીયા માટે નીમેલા કોર્પોરેશનના અધિકારી.

(ઝ) "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

(ટ) "વર્ષ" એટલે દર વર્ષે એપ્રિલ મહિનાની ૧લી તારીખથી શરૂ થતું સરકારી વર્ષ.

(ઠ) "ભોગવટેદાર" એટલે, યથાપ્રસંગ, માલિકીફેર ખતની રૂએ, લાઈસન્સદાર, પટેદાર અથવા મિલકતના માલિક તરીકે કોર્પોરેશનનો ભાડૂત અથવા જે વ્યકિત ભાડાપટાની રૂએ અથવા રખેવાળ, ટ્રસ્ટી તરીકે અથવા અન્યથા મિલકતનો કબજો ધરાવતી હોય તે વ્યકિત અથવા તે સમયે નોટિફાઈડ એરીયામાં આવેલ મિલકતના બીજા જે માલિકો કોઈપણ જમીન અથવા મકાનનું ભાડુ પોતે જાતે અથવા બીજી કોઈ વ્યકિતના એજન્ટ અથવા ટ્રસ્ટી તરીકે અથવા કોઈ મંડળી માટે અથવા કોઈ ધર્માદા અથવા સખાવતી હેતુઓ માટે સ્વીકારતા હોય અથવા જો એવી જમીન અથવા મકાન ભાડૂઆતને ભાડે આપ્યું હોય, તો, એ રીતે ભાડુ સ્વીકારે તે.

સ્પષ્ટીકરણ.—પટે લેનાર,માલિકીફેર ખતની રૂએ મિલકતનો કબજો ધરાવતી વ્યકિત, ભાડુ, પટો એ શબ્દોનો અર્થ, યથાપ્રસંગ, કોર્પોરેશનના મિલકત નિકાલ અંગેના વિનિયમો અથવા કોર્પોરેશનના જમીન નિકાલ અંગેના વિનિયમો અથવા ભાડા વિનિયમમાં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

૨. (૧) "નોટિફાઈડ એરીયા" એટલે રાજપત્રમાં જાહેરનામાથી ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમની કલમ ૧૬ હેઠળનો તે તરીકેનો જાહેર કરેલ એરીયા.

૩. **વેરાનો પ્રકાર અને દર.**—નોટિફાઈડ એરીયાની હદમાં આવેલ તમામ મકાનો અને જમીનો ઉપરનો એકત્રિત વેરો, નીચેના વેરાના બદલામાં, પુરવણી "ખ" મુજબ લેવામાં આવશે :

(ક) મકાનો અને જમીનો ઉપરનો વેરો.

(ખ) સામાન્ય સફાઈ ઉપકર.

(ગ) દીવાબત્તી વેરો.

INDEX

૪. **મુકિત.**—નીચેનાને એકત્રિત વેરામાંથી મુકિત આપવામાં આવશે :—

(ક) કેન્દ્ર અને રાજય સરકાર, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અથવા ગ્રામ અને નગર પંચાયત, જિલ્લા સ્કૂલ બોર્ડ અને મ્યુનિસિપલ સ્કૂલ બિલ્ડીંગ.

(ખ) પ્રાચીન સ્મારક જાળવણી અધિનિયમ, ૧૯૦૪ના અર્થ મુજબ સંરક્ષિત સ્મારકો હોય અને જેમાંથી કોઇ મહેસૂલ કે ભાડું મળતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો.

(ગ) જેમનો માત્ર જાહેર પૂજા માટે અથવા સખાવતી અને શૈક્ષણિક હેતુઓ માટે ઉપયોગ અથવા ભોગવટો કરવામાં આવતો હોય અને જેમાંથી કોઇ મહેસૂલ અથવા ભાડું ઉપજતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો અથવા તેના ભાગો.

૫. આ નિયમોના હેતુ માટે, માલ ઉત્પાદન કરવામાં અને સેવામાંજ રોકાયેલ કોઇ ભોગવટેદારને, ફાળવણીની તારીખથી શરૂ થતા પ્રથમ વર્ષ માટે આ નિયમો હેઠળ નાંખેલા વેરા ભરવામાંથી મુકિત આપવામાં આવશે. બીજા વર્ષના આરંભથી અને ૫ વર્ષના અંતે પૂરેપૂરા દરના ૫૦% લેખે વેરો લેવામાં આવશે અને ત્યારબાદ પૂરેપૂરા દરે વેરો લેવામાં આવશે અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનના ફાળવણીદાર ન હોય તેવા નોટિફાઇડ એરીયામાંના ભોગવટેદારની બાબતમાં, આવી મુકિતની મુદતની ગણતરી, તે આવી જમીનનો પ્રથમ માલિક કે ભોગવટેદાર થાય અથવા આવી જમીનો પ્રથમ મેળવી હોય તે તારીખથી કરવામાં આવશે.

૬. કોઇ મકાનના બાંધકામનો માલિક, જે જમીન ઉપર મકાન હોય તે જમીનના માલિક સિવાયની અન્ય વ્યકિત હોવાનું કહેવાતું હોય, ત્યારે, બાંધકામના માલિકો, પ્રારંભિક રીતે વેરા માટે સિનિયર અધિકારી અને નોટિફાઇડ એરીયા અધિકારી પ્રત્યે જવાબદાર રહેશે.

એકત્રિત વેરાની આકારણી અને જવાબદારી.—(ક) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જણાવેલ હેતુ માટેની જોગવાઇઓ મુજબ વેરો આકારવામાં આવશે.

(ખ) કોઇ ભોગવટેદાર, આ નિયમો હેઠળ વેરો ભરવા માટે પ્રથમતઃ જવાબદાર રહેશે.

૭. **વેરાભરવાની રીત.**—વેરો દર વર્ષે એપ્રિલ મહિનાની પહેલી તારીખે અથવા તે પહેલાં એક જ હપ્તામાં અગાઉથી ભરવો પડશે અને તદનુસાર તે વસૂલ કરવામાં આવશે.

૮. **માફી અને રિફંડ.**—નોટિફાઇડ એરીયા અધિકારી, નીચે પ્રમાણે માફી અને રિફંડ આપી શકશે :—

(૧) જો કોઇ મકાન અથવા જમીન આખા વર્ષ દરમિયાન ખાલી રહયા હોય અને તેનો ઉપયોગ થયો ન હોય, તો વેરાની રકમના અર્ધાથી વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે:

પરંતુ નોટિફાઇડ એરીયા અધિકારીને, મકાન ખાલી હોવાની અને જમીન બિન-ઉત્પાદક હોવાની હકીકતની લેખિત નોટિસ આપી ન હોય, તો આવી કોઇ માફી કે રિફંડ આપવામાં આવશે નહિ અને આવી નોટિસ આપ્યાની તારીખ અગાઉની કોઇપણ મુદત માટે, કોઇપણ માફી કે રિફંડ અમલમાં આવશે નહિ.

(૨) જો કોઇ મકાન સંપૂર્ણતઃ અથવા તેનો મોટો ભાગ તોડી પાડવામાં આવ્યો હોય અથવા આગથી નાશ પામ્યો હોય અથવા અન્યથા તેની કિંમતમાં ઘટાડો થયો હોય તો વેરાની રકમના એક ચતુર્થાંશ કરતાં વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે.

INDEX

૯. નોટિસ.—ક્યારે લેખિત નોટિસ આપવી તે.—

નીચેની બાબતમાં નોટિફાઇડ એરીયા અધિકારીને એક મહિનાની અંદર લેખિત નોટિસ આપવાની કોઇ મકાન કે જમીન કે જમીન માલિકની ફરજ રહેશે.—

(ક) મકાન નવું ઉભું કરવામાં અથવા બાંધવામાં આવ્યું હોય, તે બાબતમાં,

(ખ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવું કોઇ મકાન વધારવામાં આવ્યું હોય અથવા ફરી બાંધવામાં આવ્યું હોય અથવા ફરી બાંધકામ કરવામાં આવ્યું હોય અથવા તેમાં સુધારા વધારા કરવામાં આવ્યા હોય અથવા અન્યથા એવી રીતે સુધારો કરવામાં આવ્યો હોય, કે જેથી કરીને તેની મૂડીરૂપી કિંમત વધી જાય, તે બાબતમાં,

(ગ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવા કોઇ મકાન અથવા જમીનના ભાગલા પાડવામાં આવ્યા હોય, તે બાબતમાં,

(ઘ) જો કોઇ મકાન સંપૂર્ણત: અથવા અંશત: તોડી પાડવામાં આવ્યું હોય અથવા આગથી નાશ પામ્યું હોય અથવા પડી ગયું હોય અથવા અન્યથા તેની ભાડાની કિંમત ઘટી ગઇ હોય, તે બાબતમાં,

નોંધ.—સદરહુ એક મહિનાની મુદત, (ક), (ખ), (ગ)ની બાબતમાં મકાન પૂરું થયાની તારીખ અથવા તેના ભોગવટાની તારીખ એ બેમાંથી જે વહેલું હોય તે તારીખથી અને (ઘ)ની બાબતમાં બનાવ બન્યાની તારીખથી ગણવામાં આવશે.

૧૦. નિયમ ૯(ક) થી (ઘ) હેઠળ આવી લેખિત નોટિસ મળે ત્યારે નોટિફાઇડ એરીયા અધિકારીએ, જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, મકાનની આકારણી કરાવવી જોઇશે. નોટિફાઇડ એરીયા અધિકારીએ મૂલ્યાંકન મંજૂર કર્યે, તે માટે અલગ રીતે રાખેલી યાદીમાં તે નોંધવી જોઇશે અને વર્ષની સમાપ્તિ પછી પ્રમાણિત આકારણીની યાદીમાં તત્સમાન ફેરફારો કરવા જોઇશે.

૧૧. ઉત્તરાધિકાર બાબતે તકરાર હોય, ત્યારે આકારણીની યાદીમાં માલિક તરીકે કોનું નામ દાખલ કરવું જોઇશે તે બાબત.—

આકારણી યાદીમાં કોઇ મિલકતના માલિક તરીકે જેનું નામ દાખલ કર્યું હોય તે કોઇપણ વ્યકિતના ઉત્તરાધિકાર સંબંધી કોઇ તકરાર હોય ત્યારે, ઉત્તરાધિકારના દાવેદારોમાંથી જે દાવેદાર ખરેખરા ભોગવટાથી અથવા અન્યથા મિલકતનો કબજો ધરાવતો હોય તેનું નામ આકારણી યાદીમાં માલિક તરીકે દાખલ કરવું જોઇશે અને તકરારની પતાવટ અથવા સત્તા ધરાવતી કોર્ટનો હુકમ રજૂ કર્યે, અન્ય દાવેદાર નોટિફાઇડ એરીયા અધિકારીને ખાતરી ન કરાવે કે તે પહેલા દાવેદાર સાથે સંયુકત રીતે અથવા તેના વિના મિલકતના માલિક તરીકે હકદાર થાય છે ત્યાં સુધી, વેરો તેની પાસેથી વસૂલ કરવામાં આવશે.

૧૨. તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે લેખિત નોટિસ આપવા બાબત.—કોઇ મકાન અથવા જમીનના સંબંધમાં, વેરા ભરવા માટે પ્રથમત: જવાબદાર કોઇ વ્યકિતનો હક લેખિત લેખ દ્વારા અથવા અન્યથા તબદીલ થયો હોય, ત્યારે તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે, તબદીલી કરવામાં આવી હોય તે પછી ત્રણ મહિનાની અંદર, નોટિફાઇડ એરીયા અધિકારીને લેખિત નોટિસ આપવી જોઇશે, અને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, આકારણી યાદીમાં તબદીલી

કરનારને સ્થાને તબદીલીથી લેનારનું નામ દાખલ કરવાનો હુકમ કરશે. ત્યાર પછી તબદીલીથી લેનાર, તબદીલ થયેલી મિલકતના સંબંધમાં બાકી રકમ, હોય તો તે સહિત સમગ્ર વર્ષના લેણા વેરા માટે જવાબદાર રહેશે.

૧૩. વારસદારે લેખિત નોટિસ આપવા બાબત.—વેરો ભરવા માટે પ્રથમતઃ જવાબદાર વ્યકિતનું મૃત્યુ થાય તે પ્રસંગે, જેને મરહૂમના હક વારસ તરીકે અથવા બીજી રીતે તબદીલ થાય તે વ્યકિતએ, મરહૂમની મૃત્યુની તારીખથી ત્રણ મહિનાની અંદર નોટિફાઇડ એરીયા અધિકારીને આવી તબદીલીની નોટિસ આપવી જોઇશે. નોટિફાઇડ એરીયા અધિકારીએ, જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી આકારણી યાદીમાં નામ દાખલ કરવાનો હુકમ કરવો જોઇશે અને એ રીતે જેનું નામ દાખલ કરવામાં આવ્યું હોય તેમના વારસો, મરહૂમ પાસે નીકળતા લેણા વેરાની બાકી રકમ ભરવા માટે અને તેનું નામ જે વર્ષમાં એ રીતે દાખલ કરવામાં આવ્યું હોય તે વર્ષ માટે જવાબદાર થશે.

૧૪. નોટિફાઇડ એરીયા અધિકારી એકત્રિત વેરાસંબંધી વહીવટી કામ કરશે અને તે અંગેના દરેક પ્રશ્નનો નિર્ણય પણ કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

INDEX

પૂરવણી—ખ

નોટિફાઈડ એરયા માટે સૂચિત એકત્રિત વેરાના દરો દર્શાવતું પત્રક.

અનુ—ક્રમાંક	નોટીફાઈડ એરીયાનું નામ	એકત્રિત વેરાનો દર		
૧	૨	૩		
૧.	વલસાડ (વિસ્તૃત)	(ક) રૂા. ૨૧૫૯૯/- સુધી વેરાપાત્ર કિંમત એટલે કે રૂા. ૩ લાખ સુધીની આકારેલી મિલકત માટે ૭ ટકા.	(ખ) રૂા. ૨૧,૬૦૦ થી રૂા. ૩૬૦૦૦ વચ્ચે વેરાપાત્ર કિંમત એટલે કે રૂા. ૩ લાખ ઉપરની અને રૂા. ૫ લાખ સુધીની આકારેલી મિલકત ઉપર ૭.૫ ટકા.	(ગ) રૂા. ૩૬,૦૦૦થી ઉપરની વેરાપાત્ર કિંમત એટલે કે રૂા. ૫ લાખથી ઉપરની આકારેલી મિલકત માટે ૮ ટકા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. સી. પરમાર,
સરકારના ઉપ-સચિવ,
ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૧ મી સપ્ટેમ્બર, ૧૯૯૦ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦ નો ૧૮૧/ડીવીપી-૨૨૮૮-૨૪૭૧ (૯૦)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૦.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૦ નો ૧૮૧/ડીવીપી-૨૨૮૮-૨૪૭૧ (૯૦) એલ.—જામજોધપુર વિસ્તાર વિકાસ સત્તામંડળે (જામજોધપુર નગર પંચાયતે) તેની નગર પંચાયતની હદમાં સમાવિષ્ટ જમીનોના સંબંધમાં ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની જોગવાઈઓ હેઠળ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની જોગવાઈઓ હેઠળ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે અને સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિદ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર તારીખ ૧૮ મી ફેબ્રુઆરી, ૧૯૮૮ ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૨ ના પાના નંબર ૬૬ ઉપર પ્રસિદ્ધ કરી હતી;

અને જામજોધપુર વિસ્તાર વિકાસ સત્તામંડળે (જામજોધપુર નગર પંચાયતે) રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરેલી જામજોધપુરની સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવાનું સરકારને જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૭ ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) ના પેટા ખંડ (૨) ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિ પ્રમાણે, ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફારો સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો, તે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના

INDEX

અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે; નીચે જણાવેલા ફેરફારો દર્શાવતો પ્લાન, જામજોધપુર નગર પંચાયતની કચેરીએ ઉપર્યુકત બે મહિનાની મુદત દરમિયાન કામકાજના તમામ દિવસોએ કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

જામજોધપુરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંનાં સૂચિત ફેરફારો

(૧) જામજોધપુરની (સુધારેલી) વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઉપયોગ માટે સૂચિત કરેલી જામજોધપુરના મહેસૂલી સરવે નંબરો ૪૦૪ અને ૪૦૫ ની જમીનો, સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાન પર દર્શાવ્યા પ્રમાણે, ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

(૨) વિનિયમોમાં "ગામતળ વિસ્તાર તરીકે ગણાશે" એ રીતે વપરાયેલા શબ્દો કમી કરવા.

(૩) વિકાસ યોજનાના વિનિયમોના મુસદ્દાના પાનાં નંબર ૨૦ પરના વિનિયમ ક્રમાંક ૧૩.૨ ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

INDEX

(ખ) મકાન પ્લોટનું ક્ષેત્રફળ અને ભોંયતળિયા ઉપરનો વધુમાં વધુ પરવાનગીપાત્ર બાંધકામ વિસ્તાર નીચે પ્રમાણે રહેશે :—

અનુ.	મકાનના પ્લોટનું ક્ષેત્રફળ	ભોંયતળિયા ઉપરનો પરવાનગીપાત્ર વધુમાં વધુ બાંધકામ વિસ્તાર ટકામાં	મકાના પ્લોટની ઓછામાં ઓછી પહોળાઈ	ખુલ્લા માર્જિનો			વિશેષ નોંધ
				આગળ	પાછળ	બાજુઓએ	
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	૫૦ ચો.મી. થી ૯૦ ચો.મી. સુધી	૬૦ ટકા	૫ મિ.	૨.૫ મિ.	૧.૫ મિ.		મકાનના પ્લોટનું ઓછામાં ઓછું માપ ૫૦ ચો.મી. થી ઓછું હોવું જોઈશે નહિ, તેમ છતાં કેન્દ્રે, રાજ્યે, સ્થાનિક સત્તા મંડળે, આર્થિક રીતે નબળા વર્ગે, ઓછી આવકવાળા જુથે, સહકારી ગૃહનિર્માણ મંડળીઓ અથવા જે તે સમયે અમલમાં હોય તેવા કાયદા થી અથવા તે હેઠળ સ્થપાયેલ અન્ય કોઈ સત્તા મંડળ અથવા મંડળે હાથ ધરેલ ગૃહનિર્માણ યોજનાની બાબતમાં ઓછામાં ઓછી ૪૦ ચો.મી. ના મકાનના પ્લોટની પરવાનગી આપવામાં આવશે.
૨.	૯૧ ચો.મી. થી ૨૦૦ ચો.મી. સુધી	૫૦ ,,	*૮ ,,	૩ ,,	૨.૦ ,,	૨.૫ મિ.(કોઈ પણ એક બાજુ)	
૩.	૨૦૧ ચો.મી. થી ૫૦૦ ચો.મી. સુધી	૪૦ ,,	૧૦ ,,	૪.૫ ,,	૩.૦ ,,	૩.૦ ,,	
૪.	૫૦૧ ચો.મી. થી ૧૦૦૦ ચો.મી. સુધી	૪૦ ,,	૧૨ ,,	૪.૫ ,,	૩.૦ ,,	૩.૦ ,,	
૫.	૧૦૦૧ ચો.મી. થી ઉપર	૪૦ ,,	૧૫ ,,	૪.૫ ,,	૩.૦ ,,	૩.૦ ,,	

INDEX

(૪) વધુમાં વધુ પરવાનગીપાત્ર બાંધકામ વિસ્તાર અને વધુમાં વધુ પરવાનગીપાત્ર ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ સંબંધી નવો વિનિયમ ૧૩.૩.૧ (૧) નીચે પ્રમાણે ઉમેરવો.—

પરવાનગીપાત્ર વધુમાં વધુ બાંધકામ વિસ્તાર	પરવાનગીપાત્ર વધુમાં વધુ ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ
મકાન એકમના ૪૦ ટકા	૧.૨
મકાન એકમના ૩૦ ટકા	૧.૩
મકાન એકમના ૨૫ ટકા	૧.૭
મકાન એકમના ૨૦ ટકા	૧.૯

૧.૨. અને ૧.૯ ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ વચ્ચે કોઈ પ્રક્ષેપ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ અને કોઈપણ સંજોગોમાં કોઈપણ મકાનની કુલ ઊંચાઈ ૩૦.૦ મિટરથી વધવી જોઈશે નહિ.

(૫) ઝોન અંગેના વિનિયમોમાં, પાના ક્રમાંક ૬૧ ઉપર જામજોધપુરની વિકાસ યોજનાના રિપોર્ટના પરિશિષ્ટ-૧ માં અનુક્રમાંક ૧ (ખ) ઉપર ગામઠાણના ઝોન અંગેના વિનિયમના કોલમ ક્રમાંક ૩ અને કોલમ ૪ને બદલે નીચેનો મજકૂર મૂકવો.—

કોલમ ક્રમાંક—૩	કોલમ ક્રમાંક—૪
કોલમ ક્રમાંક ૪ માં જણાવેલા હોય તે સિવાયના અનુક્રમાંક ૧ (ક) માં રહેણાંક ઝોન અને અનુક્રમાંક ૨ માં વાણિજ્યિક ઝોનમાં પરવાનગીપાત્ર તમામ ઉપયોગો	હળવા ઉદ્યોગો, હળવા ગૃહવર્કશોપ, જથ્થાબંધ વખારો, ગોદામો, સો-મિલ, ઢોરબજાર, સિનેમા.

(૬) વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ક્રમાંક ૪૨ અને ૪૩ ઉપર વિનિમય ક્રમાંક ૩૧ (ખ) નીચે પ્રમાણે સૂકવો.—

"છૂટછાટ.—

૧. (૧) સ્થાનિક સત્તામંડળ (૨) સરકાર (૩) ગૃહનિર્માણ બોર્ડ અને (૪) સ્ટેચ્યુટ હેઠળ રચાયેલ કોઈ સંસ્થાપિત મંડળની માલિકીના પ્લોટોની બાબતમાં, યોગ્ય સત્તાધિકારી, કારણોની લેખિત નોંધ કરીને, જાહેર હિતમાં વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં, યથાપ્રસંગ, છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે. પરંતુ બાંધકામ વિસ્તાર, એકત્રિત, ખુલ્લી જગા, માર્જિનની ખુલ્લી જગા, વધુ ઊંચાઈવાળા મકાનોની જોગવાઈઓ અને ફ્લોર સ્પેઈસ ઈન્ડેક્ષ સંબંધીના વિકાસ વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં છૂટછાટ આપી શકાશે નહિ અથવા તેનો અમલ જતો કરી શકાશે નહિ.

INDEX

૨. વિકાસ યોજનાના પૂર્વવર્તી વિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આ વિનિયમો અમલમાં આવે પહેલાં તે ઊભા કરવામાં આવેલ ચાલુ બાંધકામમાં વધારો કરતા ન હોય તેવા ફેરફારોને તે લાગુ પાડવાને કારણે, માલિકીને, આ વિનિયમોથી હાડમારી થતી હોય તે કિસ્સાઓમાં, યોગ્ય સત્તાધિકારી, દરેક વ્યકિતગત કેસની ગુણવત્તા ધ્યાનમાં લઈને અને કારણોની લેખિત નોંધ કરીને, વિકાસ યોજનાના કોઈ વિનિયમમાં, યથાપ્રસંગ, છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે : પરંતુ વધુ ઊંચાઈવાળા મકાન માટેના કોઈપણ વિનિયમમાં આ છૂટછાટો આપી શકાશે નહિ.

૩. યોગ્ય સત્તાધિકારીએ જેના સંબંધમાં લે-આઉટ અને પેટા-વિભાજન મંજૂર કર્યા હોય તે વિદ્યમાન મકાન એકમોની બાબતમાં અથવા માર્ગ પહોળો કરવાથી અને વિકાસ યોજના માટે વિકાસ યોજનામાં કરેલી દરખાસ્તોથી જેને અસર થઈ હોય તેવાં મકાન એકમોની બાબતમાં, યોગ્ય સત્તા-ધિકારીનો એવો અભિપ્રાય હોય કે વિનિયમો ક્રમાંક ૧૧ અને ૧૨ની તમામ જરૂરિયાતોમાં અથવા તે પૈકીની કોઈપણ જરૂરિયાતમાં યોગ્ય રીતે છૂટછાટ મૂકવામાં આવી હોય અથવા તે જતી કરવામાં આવી હોય તે સિવાય, આવાં મકાન એકમોનો યથાપ્રસંગ, વાજબી વિકાસ થઈ શકે એમ છે અથવા કરવાનું શકય બન્યું છે તેને, કારણોની લેખિત નોંધ કરીને, ઉપર જણાવેલ વિનિયમોની જરૂરિયાતોમાં છૂટછાટ મૂકી શકશે :

પરંતુ આવા મકાન એકમોના વધુ ઊંચાઈવાળા મકાનો માટેના વિનિયમો પૈકીના કોઈપણ વિનિ-યમમાં છૂટછાટ મૂકી શકાશે નહિ.

(૭) વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નંબર ૪૨ ઉપર વિનિમય ક્રમાંક ૩૧ (ક) નીચે પ્રમાણે મૂકવો:-

"ઉપર્યુકત વિનિયમો પૈકીના કોઈ વિનિયમનું અથવા વિકાસ યોજનાની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરતી કોઈ વ્યકિત, આવાં ઉલ્લંઘન બદલ દોષિત ઠર્યેથી, ઓછામાં ઓછા રૂા. ૧૦૦/-ને અધીન રહીને, રૂા. ૫૦૦૦/- સુધીના દંડને પાત્ર થશે અને ઉપર્યુકત જોગવાઈનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રહે તો તે કિસ્સામાં, પ્રથમ ગુના બદલ દોષિત ઠર્યા પછી તે ગુનો કરવાનું ચાલુ રહે તે દરમિયાન દરેક દિવસ માટે રૂા. ૧૦૦/- સુધીના વધારાના દંડને પાત્ર થશે."

(૮) અનુક્રમાંક ૧ ઉપર વિનિયમ ક્રમાંક ૧૨.૧ નીચેના કોષ્ટકમાં, કોલમ ક્રમાંક ૩માં, "૮૦ ચો.મિ. (૧૦૦.૦૦ ચો.વાર), એ આંકડાને બદલે "૫૦ ચો.મિ. (૬૦ ચોરસવાર)" એ આંકડા મૂકવા.

(૯) પાના નંબર ૪૩ પરનો વિકાસ નિયંત્રણ વિનિયમ ક્રમાંક ૩૧(ગ) કમી કરવો. વિનિયમ ક્રમાંક ૧૨ (વિકાસ નિયંત્રણ વિનિયમના પાના નંબર ૧૩ થી ૧૫માં" "ગામતળ વિસ્તાર તરીકે ગણાશે" એ શબ્દો જયાં જયાં આવતા હોય ત્યાં ત્યાંથી તે કમી કરેલા છે એમ ગણાશે. વિકાસ નિયંત્રણ વિનિયમ ક્રમાંક ૧૨.૩(ખ) રદ કરવાનો તેમાં સમાવેશ થશે.

(૧૦) જામજોધપુરની વિકાસ યોજનાના ઝોન અંગેના વિનિયમો (પુરવણી-૧)માં અનુક્રમાંક ૩ એટલે કે, ઔદ્યોગિક ઝોન હેઠળ અને અનુક્રમાંક ૪ એટલે કૃષિ ઝોન પહેલાં, નીચેની નોંધ ઉમેરવી:—

નોંધ-૧:— ઔદ્યોગિક ઝોનમાં જેને માટે પરવાનગી આપવાની હોય તેવા ઔદ્યોગિક કામદારો માટેના રહેણાંકના કવાર્ટર્સ માટે આસપાસના ઉદ્યોગોનો વિસ્તાર, સ્વાસ્થ્યને નુકશાનકારક અને જોખમકારક ન હોય તેવો હોવો જોઈશે. નોંધ ૨—ઔદ્યોગિક ઝોનમાં ઔદ્યોગિક કામદારો માટે રહેણાંકના કવાર્ટર્સના વિકાસ માટે, ગુજરાત પાણી અને હવા પ્રદુષણ નિયંત્રણ બોર્ડ જેવા યોગ્ય સત્તાધિકારીનું "ના-વાંધા પ્રમાણપત્ર" અને વગેરે મેળવવું."

INDEX

(૧૧) જાહેર રસ્તા/માર્ગની પહોળાઈ સંબંધી પરવાનગીપાત્ર વધુમાં વધુ ઊંચાઈ અંગેનો નવો વિનિયમ, વિકાસ નિયંત્રણ વિનિયમોમાં નીચે પ્રમાણે ઉમેરવો:—

(ક) જો રસ્તાની પહોળાઈ ૭.૫ મિટર (૨૫'.૦") થી ઓછી હોય તો વધુમાં વધુ ૧૦-૦ મિટર (૩૩'-૩")ને અધીન જે રસ્તા પર તે આવેલ હોય તે રસ્તાની પહોળાઈથી બમણી પરંતુ મકાનને, આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઊંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઊંચાઈ ૧૩.૦૦ મિ. (૪૩.'—૩") સુધી વધારી શકાશે.

(ખ) જો રસ્તાની પહોળાઈ ૭.૫ (૨૫'-૦") અથવા વધુ હોય, પણ ૧૦.૫ મિટર (૩૫'-૦")થી ઓછી હોય તો ૧૨'-૦ મિટર (૪૦'-૦") પરંતુ મકાનને આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઊંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઊંચાઈ ૧૫.૦ મિટર (૫૦'-૦") સુધી વધારી શકાશે.

(ગ) જો રસ્તાની પહોળાઈ ૧૦.૫ મિટર (૩૫'-૦") અથવા વધુ હોય, પણ ૧૩.૫ મિટર (૪૫'-૦") થી ઓછી હોય તો, ૧૫.૦ મિટર (૫૦'-૦") પરંતુ મકાનને આગળની તથા પાછળની બાજુએ, વધારાના માળની ઊંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે તો ઊંચાઈ ૧૮.૦ મિટર (૬૦'-૦") સુધી વધારી શકાશે.

(ઘ) જો રસ્તાની પહોળાઈ ૧૩.૫ મિટર (૪૫'-૦") અથવા વધુ હોય પણ ૧૮.૦ મિટર (૬૦'-૦") થી ઓછી હોય તો ૧૮ મિટર (૬૦'-૦") પરંતુ મકાનને આગળના તથા પાછળની બાજુએ વધારાના માળની ઊંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે તો ઊંચાઈ ૨૧.૦ મિટર (૭૦'-૦") સુધી વધારી શકાશે.

(ચ) (૧) જો રસ્તાની પહોળાઈ ૧૮.૦ મિટર અથવા વધુ હોય, પણ ૨૪.૦ મિટરથી ઓછી હોય, તો ૨૧.૦ મિટર.

(૨) જો રસ્તાની પહોળાઈ ૨૧.૦ મિટર અથવા વધું હોય, પણ ૨૪.૦ મિટરથી ઓછી હોય, તો ૨૪.૦ મિટર.

(૩) જો રસ્તાની પહોળાઈ ૨૪.૦ મિટર અથવા વધુ હોય પણ ૩૦.૦ મિટરથી ઓછી હોય, તો ૨૭.૦ મિટર.

(૪) જો રસ્તાની પહોળાઈ ૩૦.૦ મિટરથી વધુ હોય, તો ૩૦.૦ મિટર.

(છ) જો રસ્તાની એટલે કે જાહેર માર્ગની હદ ઉપર મકાન આવેલ ન હોય, પણ અંદરના ભાગે, ખાનગી માર્ગની અથવા ખુલ્લી જગામાં હોય, તો જે ખાનગી માર્ગની અથવા ખુલ્લી જગાની હદ પર તે આવેલ હોય તે ખાનગી માર્ગ અથવા ખુલ્લી જગાની ચોખ્ખી પહોળાઈ (એટલે કે ખુલ્લામાં હોય તે પહોળાઈ) ગણતરીમાં લઈને, ઉપર પ્રમાણે ઊંચાઈ અંગે નિયમન કરવું જોઈશે.

નોંધ-૧— મકાનની કુલ ઊંચાઈ નક્કી કરતી વખતે, જેનું ક્ષેત્રફળ ૯.૫ ચો. મિટર (૧૦૦ ચો. ફુટ) થી વધુ ન હોય તેવી દરેક દાદરવાળી કેબીન અથવા પાણીની ટાંકીની ઊંચાઈ ગણતરીમાં લેવી નહિ, પરંતુ તે દરેકની ઊંચાઈ ૨.૪ મિટર (૮'-૦") થી વધુ હોવી જોઈશે નહિ.

નોંધ ૨.— મકાનની ઊંચાઈ નક્કી કરતી વખતે, જેનું ક્ષેત્રફળ ૧૫.૦ ચો. મિટર (૧૫૦ ચો. ફુટ)થી વધુ ન હોય તેવી માળિયાની કેબીનની ઊંચાઈ ગણતરીમાં લેવી નહિ. પરંતુ મકાનના સૌથી ઉપલા માળ ઉપરનું બાંધકામ, આગળની તથા પાછળની બાજુએ પૈકીની દરેક બાજુએ ૨.૪ મિટર (૮'-૦') પાછળ હઠાવ્યા પછી) તેનું બાંધકામ કરેલું હોવું જોઈશે.

INDEX

નોંધ ૩.—બે રસ્તાની હદ ઉપર મકાન આવેલ હોય, તો મકાનની ઊંચાઈ નક્કી કરવાના હેતુ માટે બે રસ્તા પૈકીનો જે રસ્તો પહોળો હોય તે ગણતરીમાં લેવામાં આવશે.

નોંધ ૪.—આ ઉપ-નિયમના હેતુ માટે ઊંચાઈ, ત્રિકોણ આકારના માળિયાના છાપરાની બાબતમાં નજીકમાં નજીકના માર્ગની સપાટીથી રસ્તાની હદ પર આવેલ ભીંતના ઊંચામાં ઉંચા ભાગ સુધી અને અગાસીવાળા માળના સૌથી ઉંચા ભાગ સુધી એટલે ,કે છાપરાની કોર પરની નીચી ભીંત-વંડીની ઊંચાઈ બાકાત રાખીને, માપવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. [illegible]

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, DEC. 5, 1991/AGRAHAYANA 14, 1913 [No. 49

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી નવેમ્બર, ૧૯૯૧.

ગુ ર. ંમાં ંગ્રે સ પ્રસિધ્ધ થયેલ તારીખ ૧૧મી ઓકટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૧-૨૪૮-બીઆરયુ-૧૦૯૧-૩૫૦ (૨) એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ક. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓક્ટોબર, ૧૯૯૧.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીઓઆર-૯૧-૨૪૮-બીઆરયુ-૧૦૯૧- ૩૫૦ (૨) એમ (૩) .-- મુંબઈ રાહત અન્ડર--ટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ના (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા)ની કલમ ૪ની પેટા--કલમ (૧) ના ખંડ (ક) ના પેટા--ખંડ (૪) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી આદેશ કરે છે કે ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે કે

સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ, જેને શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચયુ/૯૧/૭૯/ બીઆરયુ/૧૦૯૧/૩૫૦ (૧) એમ (૩) હેઠળ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું હોય તેવા "મેસર્સ એલ. એમ. પી. પ્રીસીસન એન્જીનીયરીંગ કંપની લિમિટેડ, બીલીમોરા (ગુજરાત) ના સંબંધમાં, સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હક્કો, વિશેષા--ધિકારો, ફરજો અથવા બેન્કો અથવા અન્ય જાહેર નાણાંકીય સંસ્થાઓના સંબંધમાં જવાબદારીઓ સિવાયની જવાબદારીઓ, અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, અધિકારી અથવા સત્તામંડળ, સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્ય-વાહી, જે મુદત સુધી સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ તરીકે ચાલુ રહેશે તે મુદત એટલે કે સન ૧૯૯૧ના ઓક્ટોબર મહિનાની ૧૧મી તારીખથી શરૂ થતી છ મહિનાની મુદત દરમિયાન સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી,

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી ઓકટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજી/૯૧/૧૯૩/એમવીડી/૧૧૮૯/૪૪૪૧/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES DEPARTMENT (CONDITIONS OF SERVICE RELATING TO JUNIOR CLERK'S EXAMINATION) RULES, 1967.

ગુજરાત મોટર વાહન ખાતું (જુનિયર કારકુનની પરીક્ષાને લગતી નોકરીની શરતો) નિયમો, ૧૯૬૭ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓકટોબર, ૧૯૯૧.

ભારતનું સંવિધાન

ક્રમાંક : જીજી/૯૧/૧૯૩/એમવીડી/૧૧૮૯/૪૪૪૧ ખ:-- ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજયપાલ, આથી, ગુજરાત મોટર વાહન ખાતું (જુનિયર કારકુનની પરીક્ષાને લગતી નોકરીની શરતો) નિયમો, ૧૯૬૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.--

૧. આ નિયમો 'ગુજરાત મોટર વાહન ખાતું (જુનિયર કારકુનની પરીક્ષાને લગતી નોકરીની શરતો) (પ્રથમ સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. સદરહુ નિયમોમાં, પરિશિષ્ટ "ક" માં, પ્રશ્નપત્ર--૪ અને તે હેઠળની નોંધો ૧ અને ૨ ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"પ્રશ્નપત્ર--૪ ખાતાકીય બાબતો (પુસ્તકો સાથે) ગુણ ૧૦૦ (સમય ૩ કલાક)

૧. મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮નો અધિનિયમ ક્રમાંક ૫૯) (પ્રકરણ ૬, ૭, ૮ અને ૧૪ સિવાય)

૨. કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ (પ્રકરણ ૫ અને ૬ સિવાય)

૩. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (પ્રકરણ ૬ અને ૭ સિવાય).".

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડયા,
સરકારના ઉપસચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૧નો ૧૯૦/ડીવીપી/૨૫૯૦/૨૩૪૦(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત.
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૧નો ૧૯૦/ડીવીપી/૨૫૯૦/૨૩૪૦/(૯૧)--એલ:— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી જૂન,૧૯૮૪ ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૮૪નો ૭૦/ડીવીપી--૨૫૮૦--૧૬૩૦/(૮૪)--એલ હેઠળ મંજૂર કરેલ વલસાડ શહેર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક-૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી,

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદ્દતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી જૂન, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૮૪નો ૭૦/ડીવીપી--૨૫૮૦--૧૬૩૦ (૮૪)--એલથી મંજૂર કરેલી વલસાડની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

INDEX

વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "નગરપાલિકા ગૃહનિર્માણ (૧૮) માટે અનામત" માટે અનામત રાખેલ વલસાડના મહેસુલી સરવે નંબરો ૧૮૪/૧–૨, ૧૮૫/૧–૨ અને ૧૮૬/ક-વિગેરે વાળી જમીનો, કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨)-(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ
વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૮મી જુન ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચઆર-૧૪૦-આઈડીએ-૧૧૯૧-આઈ-૨૩ એમ(૪)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDUSTRIAL DISPUTES ACT, 1947.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુન, ૧૯૯૧.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક-કેએચઆર-૧૪૦-આઈડીએ-૧૧૯૧-આઈ-૨૩-એમ(૪) – ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે કે જાહેર હિતમાં તેમ કરવું જરૂરી છે;

તેથી, હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના ૧૪મા) ની કલમ ૪૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમની પહેલી અનુસૂચિ નીચે પ્રમાણે સુધારે છે:—

INDEX

સદરહુ પહેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૩૨ની નોંધ પછી નીચેની નોંધ દાખલ કરવી:—

"૩૩. નેશનલ અરપોર્ટ ઓથોરીટી".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેક્શન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી જુન, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૧૪૮/ડીવીપી-૧૮૯૦/૧૮૧૩ (૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૪મી જૂન, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૪૮/ડીવીપી-૧૮૯૦/૧૮૧૩ (૯૧)-એલ,—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી એપ્રિલ, ૧૯૭૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/ટી/૧૯૮૮નો ૭૮/ડીવીપી/૧૮૮૫/૮૩૮(૮૮)/અલ હેઠળ મંજૂર કરેલી ડાકોર નગર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭માં)ની કલમ ૧૯ની પેટા કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

INDEX

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી, બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૮નો ૭૮/ડીવીપી-૧૮૮૫/૮૩૮(૮૮)-એલ થી મંજુર કરેલી ડાકોરની છેવટની વિકાસ યોજનાનો ફેરફાર ડાકોરની મંજુર થયેલી વિકાસ યોજનામાં "ખેતીના ઉપયોગ" માટે મુકરર કરેલી મહેસૂલી સર્વે નંબર ૨૨, ૨૩, ૨૮ થી ૩૧, ૪૪, ૧૯૦/ભાગ, ૧૯૧થી ૧૯૮ વાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી રદ કરવી અને તેવી રીતે મુકત કરાયેલી જમીન, આ સાથેની યોજનામાં દર્શાવ્યા મુજબ, અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૫૭/ડીવીપી-૨૫૮૯-૬૦૮(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૫૭/ડીવીપી-૨૫૮૯-૬૦૮-(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી જુન, ૧૯૮૪ના સરકારી

INDEX

જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૪નો ૭૦/ડીવીપી-૨૫૮૦-૧૬૩૦/(૮૪)-એલ હેઠળ મંજૂર કરેલ વલસાડ શહેર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક-૨૭મા) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી;

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચના અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી જૂન, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૪નો ૭૦/ડીવીપી-૨૫૮૦-૧૬૩૦-(૮૪)-એલથી મંજૂર કરેલી વલસાડની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "પાર્કીંગ અને પોલીસ ચોકી" માટે અનામત રાખેલ આ સાથેના પ્લાનમાં "A B C D A" તરીકે નિશાની કરેલી વલસાડના મહેસૂલી સર્વે નંબર ૩૦૪૨/બી અને ૩૦૪૨/સી વાળી જમીનો, કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી ઓક્ટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/જે/૧૫/૯૧/જીઓમબી/૧૨૯૧/૧૫૮૩-(૫)ઘનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT MERITIME BOARD ACT, 1981.

ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ ૧૯૮૧ હેઠળ જાહેરનામું

માર્ગ અને મકાન વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૧

ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧.

ક્રમાંક:જીએચ/જે/૧૫/૯૧/જીએમબી-૧૨૯૧-૧૫૮૩(૫)ઘ—તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/બી/૫/૧૯૯૦/જીએમબી/૧૨૯૦/ઘ, તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/બી/૨/૧૯૯૧/જીએમબી-૧૨૯૦/ઘ ના અનુસંધાનમાં અને તારીખ ૨૬મી જુન, ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક/જીએચ/બી/૮/૯૧/જીએમબી/૧૨૯૮(૫)ઘ રદ કરીને ગુજરાત મેરીટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ (સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા) ની કલમ ૩નો પેટા-કલમો (૪) અને (૬) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી :—

(૧) તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૧થી નીચેનાને ગુજરાત મેરીટાઈમ બોર્ડના સભ્ય તરીકે નીમે છે.

(ક) શ્રી ડી. સી. શાહ.

(૨) શ્રી ડી. સી. શાહને બોર્ડના અધ્યક્ષ તરીકે નીમે છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ટી. એચ. શાહ,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જૂન, ૧૯૯૧નાં ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ--૯૧-૧૧૫-એસઆઈએ--૧૦૮૯--૩૦૭૬-એમ--૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE EMPLOYEES STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧લી જૂન, ૧૯૯૧.

ક્રમાંક : જીયુ-(૯૧)-૧૧૫-એસઆઈએ-૧૦૮૯-૩૦૭૬-એમ-૩ કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૪મા)ની કલમ ૯૦ થી મળેલી સત્તાની રૂએ, કામદાર રાજ્ય વીમા કોર્પોરેશને કરેલા આવેદનપત્ર ઉપર વિચારણા કર્યા પછી ગુજરાત સરકાર, આથી મેસર્સ મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ; મહેસાણાને તારીખ ૨જી ઓક્ટોબર, ૧૯૯૦થી તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૧ના રોજ પૂરી થતી (બન્ને દિવસો સહિતની) એક વર્ષની વધુ મુદત માટે, સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપે છે :—

(૨) આ મુકિત આપવામાં આવી હોય તે છતાં, કામદારો, આ જાહેરનામાની રૂએ, જે તારીખથી અપાયેલ મુકિત અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂકવેલા ફાળાના ધોરણે, સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને મળવાનું ચાલુ રહેશે;

(૩) મુકિત અપાયેલ મુદત માટેના ફાળા ચુકવાઈ ગયા હોય, તો તે પાછા આપવા નહિ;

(૪) સદરહુ કારખાનાના માલિકે, જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમના અમલને અધીન હોય તે મુદત (જેનો આમાં હવે પછી, "સદરહુ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સબંધમાં કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તે પત્રકો તે નમુનામાં અને તે વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવા જોઈશે.

૩. સદરહું અધિનિયમની કલમ ૪૫ની પેટા-કલમ(૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઈ ઈન્સ્પેકટરને અથવા આ અર્થે અધિકૃત કરેલ કોર્પોરેશનના અન્ય કોઈ અધિકારીને--

(૧) કલમ ૪૪ની પેટા-કલમ (૧) હેઠળ સદરહુ મુદત માટે રજુ કરેલ કોઈ પત્રકમાંની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે ; અથવા

(૨) સદરહુ મુદત માટે કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦થી ઠરાવ્યા પ્રમાણે, રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવ્યાં હતાં કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા.

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુકિત આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસરૂપે માલિકે આપેલા લાભો મેળવવાને કામદારો હકદાર હોતા ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે;

(ક) પોતાને જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય માલિકને અથવા પ્રત્યક્ષ માલિકને ફરમાવવાની સત્તા રહેશે, અથવા

INDEX

(ખ) આવા મુખ્ય માલિકના અથવા પ્રત્યક્ષ માલિકના કબજામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા ઓફિસ અથવા અન્ય જગામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાયેલ કોઈપણ વ્યકિતને વ્યકિતઓના રોજગાર અને વેતન ચુકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજો, ચોપડા અને અન્ય દસ્તાવેજો આવા ઈન્સ્પેકટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવાનું અને તેને તપાસવા દેવા અથવા પોતાને જરૂરી લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા.

(ગ) આવા કારખાના, સંસ્થા, ઓફિસ અથવા અન્ય જગામાં જણાયેલ મુખ્ય માલિકને અથવા પ્રત્યક્ષ માલિકને, તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઈ વ્યકિતને અથવા સદરહુ ઈન્સ્પેકટરને અથવા અન્ય અધિકારીને, જે કોઈ વ્યકિત કામદાર હોવાનું માનવાને વાજબી કારણ હોય તેવા કોઈ વ્યકિતને તપાસવાની સત્તા રહેશે; અથવા.

(ઘ) આવા કારખાના, સંસ્થા, ઓફિસ અથવા અન્ય જગામાં રાખવામાં આવતા કોઈ; રજિસ્ટર હિસાબનાં ચોપડાં અથવા અન્ય દસ્તાવેજની નકલો કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે.

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી નવેમ્બર, ૧૯૯૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો ૨૨૦-ડીવીપી-૧૮૮૯-૩૨૬૪-(૯૦) એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૦મી નવેમ્બર, ૧૯૯૦

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો ૨૨૦-ડીવીપી-૧૮૮૯-૩૨૬૪ (૯૦)એલ.—ખેડા નગર પંચાયતો (જેનો આમાં હવે પછી, "સદરહુ નગરપંચાયત" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે(તેની નગર પંચાયતની હદોમાં સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી,

INDEX

"સદરહુ, અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેની) જોગવાઈઓ હેઠળ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ, સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો છે. અને સદરહુ, સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર, સન ૧૯૮૯ના જાન્યુઆરી મહિનાની ૨૬મી તારીખના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૨ ના પાના ૫૬-૫૭ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી;

અને સદરહુ, નગરપંચાયતે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ મંજૂરી માટે રાજ્ય સરકારને રજૂ કરેલ, સદરહુ, સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો (જેનો આમાં હવે પછી, "સદરહુ, ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું;

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો ૧૩૫-ડીવીપી-૧૦૮૯-૨૦૯૪ (૯૦) એલ હેઠળ, સદરહુ, ફેરફારો, તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪ બી માં પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારો સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, ૯મી જુલાઈ, ૧૯૯૦ના સદરહુ, સરકારી જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવ્યું હતું;

અને ગુજરાત સરકારે, સદરહુ, ફેરફારો સંબંધી પોતાને મળેલાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) સદરહુ, ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એ રીતે આખરી સ્વરૂપ આપેલ અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને અધીન રહીને, સદરહુ, વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

(ગ) છેવટની સુધારેલી વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે ૨૬-૧૨-૧૯૯૦ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેના ખેડા (જિલ્લો ખેડા)ની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો.

૧. "ખેડા"ની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દાના વિકાસ નિયંત્રણ વિનિયમમાં "સ્થાનિક સત્તામંડળ" એ શબ્દ જ્યાં જ્યાં વપરાયો છે ત્યાં તેને બદલે, "યોગ્ય સત્તામંડળ" એ શબ્દ મૂકવો.

INDEX

૨. પાનાં ક્રમાક ૧૪--૧૫ ઉપર, વિકાસ નિયંત્રણ વિનિયમ ક્રમાંક ૪.૨-૧ અને ૪.૨-૧ નીચે પ્રમાણે મૂકવા.—

૪.૨ સામાન્ય પ્લોટ.

૪.૨--૧. રહેણાંકના અને ઔદ્યોગિક વિકાસની બાબતમાં, ટેનામેન્ટ, ફ્લેટ, જમીનના પેટા-વિભાજનો, જૂથ ગૃહનિર્માણના વિકાસ માટે સહિયારા પ્લોટ. આવા કેસોમાં સહિયારા પ્લોટની નીચે પ્રમાણે જોગવાઇ કરવી જોઇશે.—

(૧) ૧૫૦૦ ચોરસ મિટર અથવા વધુ ક્ષેત્રફળવાળા રહેણાંક મકાન એકમમાં, સહિયારા પ્લોટની જોગવાઇ કરવી જોઇશે.

(૨) ક્ષેત્રફળને ધ્યાનમાં લીધા સિવાય, ભોંયતળિયાના માળ સહિતના માળો પૈકીના કોઇપણ માળ ઉપર ચાર કરતાં વધારે રહેઠાણના એકમો સહિતના વિકાસ કરવાના તમામ રહેણાંક મકાન એકમોમાં, સહિયારા પ્લોટની જોગવાઇ કરવી જોઇશે.

(૩) સહિયારા પ્લોટનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ, મકાન એકમના ૧૦ ટકા રહેશે અને તેને મધ્યમમાં રાખવો જોઇશે. આવા સહિયારા પ્લોટનું સ્થાન એક સ્થળે હોઇ શકશે અથવા જુદાં જુદાં સ્થળોએ યોગ્ય રીતે તે વહેંચી શકશે; પરંતુ આવી બાબતમાં, દરેક સહિયારા પ્લોટનું ક્ષેત્રફળ ૩૩૩ ચોરસ મિટરથી ઓછું હોવું જોઇએ નહિ.

(૪) ૫૦૦૦ ચોરસ મિટરથી વધુ અને ૨૦૦૦૦ ચોરસ મિટર સુધીના ક્ષેત્રફળવાળા ઔદ્યોગિક મકાન એકમમાં, મકાન એકમના ક્ષેત્રફળના ૮ ટકાના દરે, સહિયારા પ્લોટ માટે જોગવાઇ કરવી જોઇશે. ૫૦૦૦ ચોરસ મિટર સુધીના ક્ષેત્રફળવાળા ઔદ્યોગિક મકાન એકમની બાબતમાં, સહિયારા પ્લોટની જરૂરિયાત રહેશે નહિ.

(૫) ૨૦,૦૦૦ ચોરસ મિટરથી વધુ ક્ષેત્રફળવાળા ઔદ્યોગિક મકાન એકમમાં ૧૬૦૦ ચોરસ મિટર વત્તા ૨૦,૦૦૦ ચોરસ મિટરથી વધુ ક્ષેત્રફળવાળા મકાન એકમના પાંચ ટકાના દરે સહિયારા પ્લોટની જોગવાઇ કરવી જોઇશે.

(૬) સહિયારા પ્લોટની બાજુ, ઓછામાં ઓછી ૧૨ મિટર હોવી જોઇશે.

(૭) સહિયારા પ્લોટના ક્ષેત્રફળમાંથી રસ્તો, માર્જિનો અને પ્રવેશમાર્ગો બાકાત રહેશે.

(૮) ફ્લોર સ્પેસ ઇન્ડેક્ષ અને મકાન ક્ષેત્રફળની ગણતરી કરવા માટે, સહિયારા પ્લોટનું ક્ષેત્રફળ ગણતરીમાં લેવું જોઇશે નહિ.

(૯) ભોંયતળિયાના માળ ઉપરના જે રહેવાસીઓના સહિયારા વપરાશ માટે, જરૂરી માર્જિનો સાથેના સમૂહ વિકાસ માટેના મકાનના બાંધકામ માટે, સહિયારા પ્લોટનો ૧/૪ વિસ્તારનો ઉપયોગ કરી શકાશે. બાકીનો સહિયારો પ્લોટ ખુલ્લો રાખવો જોઇશે.

૩. પાનાં ક્રમાંક ૧૯ ઉપર વિકાસ નિયંત્રણ વિનિયમના ફ્લોર સ્પેસ ઇન્ડેક્ષ નીચે, નીચેના નવા ઉપનિયમો ૪.૫(૧) અને ૪.૫(૨) તરીકે ઉમેરવા.

INDEX

(૧) "ગામતળ" માટે ફ્લોર સ્પેસ ઇન્ડેક્ષ; ૩.૦ રહેશે અને ૧૨૫-૦૦ ચોરસ મિટર કરતાં વધારે ક્ષેત્રફળવાળા પ્લોટમાં મકાન પ્લોટનો પરવાનગીપાત્ર વધુમાં વધુ બાંધકામ વિસ્તાર ૮૦% રહેશે.

(૨) પરવાનગીપાત્ર વધુમાં વધુ કુલ ઊંચાઇ ૩૦ મિટર કરતાં વધારે હોવી જોઇશે નહિ.

૪. વિકાસ નિયંત્રણ વિનિયમના પાના ક્રમાંક ૩૬ ઉપર ક્રમાંક ૭.૫માં, "ચોથો માળ" એ શબ્દોને બદલે, "ત્રીજો માળ" એ શબ્દો મૂકવા.

૫. વિકાસ નિયંત્રણ વિનિયમના પાના નંબર ૩૨-૩૩ ઉપર વિનિયમ ક્રમાંક ૮.૦માં ઓછામાં ઓછી ઓફ સ્ટ્રીટ પાર્કિંગ જગા દર્શાવતા કોષ્ટકમાં, જે તે અનુક્રમાંકો અને કોલમ ક્રમાંકો સામે નીચેના આંકડા મૂકવા :—

કોલમ ક્રમાંક ૧	કોલમ ક્રમાંક ૨	કોલમ ક્રમાંક ૩	કોલમ ક્રમાંક ૪
૧	૧૦૦	૨૦	૧૦
૨	૫૦	૨૦	૧૦
૩	૨૫૦	૧૦૦	૧૦

૬. હારબંધ પ્રકારના મકાનો માટેનો નવો વિનિયમ, વિકાસ નિયંત્રણ વિનિયમ ૧૧ પછી, (ઉપ-નિયમ ક્રમાંક ૧૧-ક તરીકે) પાના નંબર ૩૯ ઉપર નીચે પ્રમાણે ઉમેરવો :—

(૧) જે પ્લોટ ઉપર હારબંધ મકાનો બાંધવાનાં હોય તે પ્લોટનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ ૧૦૦૦ ચોરસ મિટર હોવું જોઈશે.

(૨) વધુમાં વધુ પરવાનગીપત્ર બાંધકામ વિસ્તાર, વ્યક્તિગત પ્લોટના ૬૦ ટકા રહેશે.

(૩) હારબંધ મકાનોના વ્યક્તિગત પ્લોટનું ઓછામાં ઓછું માપ ૪૦ ચોરસ મિટરનું રહેશે અને આવાં હારબંધ મકાનો માટેના વ્યક્તિગત પ્લોટનું વધુમાં વધુ માપ, ૧૩૫.૦૦ ચોરસ મિટર રહેશે.

પરંતુ પ્લોટની ઊંડાઈનો વિસ્તાર પ્લોટની પહોળાઈના વિસ્તારથી ઓછામાં ઓછો બે ગણો હોવો જોઈશે અને પ્લોટની ઓછામાં ઓછી પહોળાઈ ૩.૦ મિટર ઓછી હોવી જોઈએ નહિ.

(૪) આગળનો ઓછામાં ઓછો માર્જિન ૨.૦ મિટર રહેશે અને પાછળનો ઓછામાં ઓછો માર્જિન ૨.૫ મિટર રહેશે. હારબંધ મકાનોના છેલ્લા પ્લોટમાં, રસ્તા પર પડતી બાજુઓ ઉપર ઓછામાં ઓછો ૨.૦ મિટરનો બાજુ પરનો માર્જિન પણ હોવો જોઈશે.

(૫) હેક્ટર દીઠ કેટલાં હારબંધ મકાનો હોવાં જોઈએ તેની સંખ્યા બાબત કોઈ મર્યાદા રહેશે નહિ.

(૬) હારબંધ મકાનોમાં, ભોંયતળિયા પરના માળનું બાંધકામ અથવા ભોંયતળિયા પરના પહેલા માળનું બાંધકામ હોવું જોઈશે. અંદરના પ્રાંગણના આવરણ, વોટર ટેન્ક માટે, આના કરતાં વધુ બહાર આવતાં બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવશે.

INDEX

(૭) આ વિનિયમોની જોગવાઈ પ્રમાણે ૧૨ થી વધુ હારબંધ મકાનો માટે, મકાન એકમના ૮ ટકાના દરે સહિયારા પ્લોટની જોગવાઈ કરવી જોઈશે.

.વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નં. ૪૭-૪૮ ઉપર, વિનિયમ ક્રમાંક ૨૬ ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

છૂટછાટ

(૧) (૧) સક્ષમ સત્તામંડળ, (૨) સરકાર, (૩) ગૃહનિર્માણ બોર્ડ અને (૪) સ્ટેચ્યુટ હેઠળ રચાયેલ કોઈ સંસ્થાપિત મંડળની માલિકીનાં પ્લોટોની બાબતમાં યોગ્ય સત્તાધિકારી, કારણોની લેખિત નોંધ કરીને, જાહેર હિતમાં વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં, યથાપ્રસંગ, છૂટછાટ મૂકી શકશે, અથવા તેનો અમલ જતો કરી શકશે :

પરંતુ બાંધકામ વિસ્તાર, એકત્રિત ખુલ્લી જગ્યા માર્જિનની ખુલ્લી જગા, વધુ ઊંચાઈવાળા મકાનોની જોગવાઈઓની અને ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ સંબંધીના વિકાસ વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં છૂટછાટ આપવી જોઈશે નહિ અથવા તેનો અમલ જતો કરવો જોઈશે નહિ.

(૨) વિકાસ યોજનાના પૂર્વવર્તી વિનિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ વિનિયમો અમલમાં આવે તે પહેલાં ઊભા કરવામાં આવેલ ચાલુ બાંધકામમાં વધારો કરતા ન હોય તેવા ફેરફારોને તે લાગુ પાડવાને કારણે, માલિકોને, આ વિનિયમોથી હાડમારી થતી હોય તે કિસ્સાઓમાં, યોગ્ય સત્તાધિકારી, દરેક વ્યક્તિગત કેસના ગુણદોષ ધ્યાનમાં લઈ અને કારણોની લેખિત નોંધ કરીને, વિકાસ યોજનાના કોઈ વિનિયમોમાં, યથાપ્રસંગ છૂટછાટ મૂકી શકશે અથવા જતો કરી શકશે :

પરંતુ આવા મકાન એકમમાં વધુ ઊંચાઈવાળા મકાન માટેના કોઈપણ વિનિયમોમાં કોઈપણ છૂટછાટ આપી શકાશે નહિ.

(૩) યોગ્ય સત્તાધિકારીએ જેના સંબંધમાં લે-આઉટ અને પેટા-વિભાજન મંજૂર કર્યા હોય તે વિદ્યમાન મકાન એકમોની બાબતમાં અથવા માર્ગ પહોળા કરવાથી અને વિકાસ યોજના માટે વિકાસ યોજનામાં કરેલી દરખાસ્તોથી જેને અસર થઈ હોય તેવાં મકાન એકમોની બાબતમાં, યોગ્ય સત્તાધિકારીનો એવો અભિપ્રાય હોય કે વિનિમય ક્રમાંક ૧૧ અને ૧૨ની તમામ જરૂરિયાતોમાં અથવા તે પૈકીની કોઈપણ જરૂરિયાતમાં યોગ્ય રીતે છૂટછાટ મૂકવામાં આવી હોય અથવા તે જતી કરવામાં આવી હોય તે સિવાય, આવા મકાન એકમોના યથાપ્રસંગ, વાજબી વિકાસ થઈ શકે એમ છે અથવા કરવાનું શક્ય બન્યુ છે, તો કારણોની લેખિત નોંધ કરીને, ઉપર જણાવેલા વિનિયમોની જરૂરિયાતોમાં છૂટછાટ મૂકી શકાશે.

પરંતુ આવા મકાન એકમોમાંના વધુ ઉંચાઈવાળા મકાનો માટેના વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં છૂટછાટ મૂકી શકાશે નહિ.

૮. વિનિયમના પાના નં. ૪૯ ઉપર, નવા વિકાસ નિયંત્રણ વિનિયમ ક્રમાંક ૨૯ તરીકે નીચેનો નવો ઉપ-નિયમ ઉમેરવો :—

"સીનેમાના બાંધકામ માટેની પરવાનગી, 'મુંબઈ સીનેમા અધિનિયમ' અને 'મુંબઈ સીનેમા નિયમો' ની જોગવાઈ અનુસાર આપવામાં આવશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

INDEX

તા. ૧લી નવેમ્બર ૧૯૯૧ થી તા. ૩૦મી નવેમ્બર, ૧૯૯૧ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુ. નં.	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર તથા તારીખ	ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ	વિભાગનું નામ
		ભાગ-૯		
૧	૮૩	ગુજ. વટહુકમ, ક્રમાંક ૩/૯૧	૨/૧૧/૯૧	ભા.એ. કા.વિ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, DEC. 19, 1991/AGRAHAYANA 28, 1913 [No. 51

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૯૧ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ--વી-૧૯૯૧ નો ૧૯૯-ડીવીપી--૨૪૮૯--૨૩૭૯(૯૧)-એલ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧ નો ૧૯૯-ડીવીપી--૨૪૮૯/૨૩૭૯/(૯૧) એલ.—ધોરાજી નગરપાલિકાએ (વિસ્તાર વિકાસ સત્તામંડળે) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) પોતાની નગરપાલિકા હદમાં સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની જોગવાઈઓ હેઠળ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો છે અને સદરહુ સુધારેલી વિકાસ યોજનનો મુસદ્દો પ્રસિદ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરાત તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૮૭ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ--૨ ના પાના ક્રમાંક ૫૩૫ ઉપર પ્રસિદ્ધ કરી હતી.

અને, સદરહુ નગરપાલિકાએ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ મંજૂરી માટે રાજ્ય સરકારને રજુ કરેલ સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર (જેનો આમાં હવે પછી "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરુરી જણાયું હતું ;

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા--કલમ (૧) ના ખંડ (ક) ના પેટા--ખંડ (૨) ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૦ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦ના ૨૧૮/ડીવીપી/૨૪૮૯-- ૩૦૮૩--(૯૦)/એલ હેઠળ સદરહ ફેરફારો તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૦ ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ--૪ બી માં પ્રસિદ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારો અંગે કોઇ સૂચનો અથવા વાંધા હોય તો તે તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૦ના સદરહુ સરકારી જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે;

અને, ગુજરાત સરકારે, સદરહુ ફેરફારો સંબંધી પોતાને મળેલા સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા--કલમ (૧) ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી:—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

INDEX

(ખ) એ રીતે આખરી સ્વરૂપ આપેલ અને આ સાથે જોડેલ અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને અધીન રહીને સદરહુ વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે, અને

(ગ) છેવટની વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૧ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેની ધોરાજીની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો.

૧. ધોરાજીની (સુ) વિકાસ યોજનાના મુસદ્દામાં વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરેલી ધોરાજી મ. સ. નં. ૫૪૭/૭/ભાગ, ૫૪૭/૧૦/ભાગ, ૫૪૭/૧૧/ભાગ, ૫૪૭/૧૨, ૫૪૭/૧૩, ૫૪૭/૧૪, ૫૪૭/૧૫, ૫૪૭/૧૬, ૫૪૭/૧૭, ૫૪૭/૧૮, વાળી જમીનો, સદરહુ મુકરર કરેલી વ્યવસ્થામાંથી કમી કરવી અને એ રીતે, મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ" માટે સૂચિત કરવી.

૨. ધોરાજીની (સુ) વિકાસ યોજનાના મુસદ્દામાં ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી 'ABCDA દ્વારા નિશાની કરેલી મ. સ. નં. ૨૩૦/(૧) ભાગ, ૨૩૦/૨/ભાગ, ૨૩૩/ભાગ, અને ૨૨૬/ભાગ વાળી જમીનો, સદરહુ મુકરર કરેલી વ્યવસ્થામાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે સૂચિત કરવી.

૩. ધોરાજીની (સુ) વિકાસ યોજનાના મુસદ્દામાં "વાણિજ્યિક ઉપયોગ" માટે મુકરર કરેલી ધોરાજીની મ. સ. નં. ૨૪૫/૩વાળી જમીનો, સદરહુ મુકરર કરેલી વ્યવસ્થામાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ" ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "ઔદ્યોગિક ઉપયોગ" માટે સૂચિત કરવી.

૪. ધોરાજીની (સુ) વિકાસ યોજનાના મુસદ્દામાં "PQ" તરીકે નિશાની કરેલ મુસાફીર બંગલાથી એસ. ટી. સ્ટેન્ડ થઈને જતો ૨૧ મી. પહોળો સૂચિત રસ્તો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ (૧૨) (૨) (ઘ)હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે નદી તરફ, પહોળાઈમાં ૩૦ મી. જેટલો પહોળો કરવો.

૫. ધોરાજીની (સુ) વિકાસ યોજનાના મુસદ્દામાં બગીચા અને રમતગમતના મેદાન માટે મુકરર કરેલી RSTUR 'તરીકે નિશાની કરેલ મેળાના મેદાન અને બહુચરાજીના મંદિરની દક્ષિણ બાજુની જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૬. ધોરાજીની (સુ) વિકાસ યોજનાના મુસદ્દામાં બગીચા અને રમતગમતના મેદાન માટે મુકરર કરેલી મેળાંના મેદાન અને બહુચરાજીના મંદિરની દક્ષિણે આવેલી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (દ) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, "ખુલ્લી જગા" માટે સૂચિત કરવી.

INDEX

૭. ધોરાજીની (સુ) વિકાસ યોજનાના મુસદ્દામાં બગીચા અને રમતગમતના મેદાન માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન ઉપર 'RS' તરીકે નિશાની કરેલ વિદ્યમાન રસ્તાની જમીન, કમી કરીને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨)(ઘ) હેઠળ વિદ્યમાન રસ્તા તરીકે દર્શાવી છે.

૮. ધોરાજીની (સુ) વિકાસ યોજનાના મુસદ્દામાં કબ્રસ્તાન માટે મુકરર કરેલી ધોરાજીની મ.સ. નં. ૫૬૫/ભાગવાળી જમીન સદરહુ મુકરર કરેલી વ્યવસ્થામાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (દ) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, જાહેર હેતુ માટે સૂચિત કરવી.

૯. વિકાસ યોજના વિનિયમોના મુસદ્દાના પાના ક્રમાંક ૨૦ ઉપરના વિનિયમ ક્રમાંક ૧૩.૨ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો.

"મકાન પ્લોટનું ક્ષેત્રફળ અને ભોંયતળીયા ઉપર વધુમાં વધુ પરવાનગી પાત્ર બાંધકામ વિસ્તાર નીચે પ્રમાણે રહેશે:—

INDEX

અનુ.	મકાન પ્લોટનું ક્ષેત્રફળ	ભોંયતળીયા ઉપર વધુમાં વધુ પરવા-નગીપાત્ર બાંધકામ વિસ્તાર	મકાનનું પ્લોટની ઓછામાં ઓછી પહોળાઈ	ખુલ્લી જગા (માર્જિનો)			વિશેષ નોંધ
				આગળ	પાછળ	બાજુની	
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	૫૦ ચો.મી. થી ૯૦ ચો. મી. સુધી	૬૦ ટકા	૫ મિ.	૨.૫ મિ.	૧.૫ મિ.	...	મકાન પ્લોટનું ઓછામાં ઓછું માપ ૫૦ ચો.મિ. થી ઓછું હોવું જોઈશે નહીં. તેમ છતાં કેન્દ્ર સરકારે, રાજ્ય સરકારે, સ્થાનિક સત્તામંડળ, અને સહકારી ગૃહનિર્માણ મંડળી અથવા ઓછી આવકવાળા જૂથે અને આર્થિક રીતે નબળા વર્ગો માટે જે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલા અન્ય કોઈ મંડળે હાથ ધરેલ ગૃહનિર્માણ યોજનાની બાબતમાં (ઓછામાં ઓછા) ૪૦ ચો. મિ. ના મકાનના પ્લોટની પરવાનગી આપવામાં આવશે.
૨.	૯૦ ચો. મી. થી વધુ ૨૦૦ ચો.મી.સુધી	૫૦ ટકા	૮ મિ.	૩.૦ મિ.	૨.૦મિ.	૨.૫ મિ. (કોઈ એક બાજુમાં)	
૩.	૨૦૦ ચો.મિ. થી વધુ ૫૦૦ ચો.મિ.સુધી	૪૦ ટકા	૧૦ મિ.	૪.૫ મિ.	૩.૦ મિ.	૩.૦ મિ.	
૪.	૫૦૦ ચો.મિ. વધુ ૧૦૦૦ ચો.મિ સુધી	૪૦ ટકા	૧૨ મિ.	૪.૫ મિ.	૩.૦ મિ.	૩.૦ મિ.	
૫.	૧૦૦૦ ચો. મિ. થી વધુ	૪૦ ટકા	૧૫ મિ.	૪.૫ મિ.	૩.૦ મિ.	૩.૦મિ.	

INDEX

૧૦. વધુમાં વધુ પરવાનગીપાત્ર બાંધકામ વિસ્તાર અને વધુમાં વધુ પરવાનગીપાત્ર ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ સબંધી નવો વિનિયમ ૧૩.૩.૧ (૧) નીચે પ્રમાણે ઉમેરવો :—

વધુમાં વધુ પરવાનગીપાત્ર બાંધકામ વિસ્તાર.	વધુમાં વધુ પરવાનગીપાત્ર ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ.
મકાન એકમના ૪૦ ટકા	૧.૨
મકાન એકમના ૩૦ ટકા	૧.૩
મકાન એકમના ૨૫ ટકા	૧.૭
મકાન એકમના ૨૦ ટકા	૧.૯

ફ્લોર સ્પેઈસ ઈન્ડેક્ષ ૧.૨ અને ૧.૯ વચ્ચે કોઈ પ્રક્ષેપ કરવાની છૂટ રહેશે નહિ અને કોઈપણ સંજોગોમાં કોઈપણ મકાનની કુલ ઉંચાઈ ૩૦.૦ મિટરથી વધુ હોવી જોઈશે નહિ.

૧૧. જાહેર રસ્તા/માર્ગની પહોળાઈ સંબંધી પરવાનગીપાત્ર વધુમાં વધુ ઉંચાઈ અંગેનો નવો વિનિયમ, વિકાસ નિયંત્રણ વિનિયમોમાં નીચે પ્રમાણે ઉમેરવો :—

(ક) જો રસ્તાની પહોળાઈ ૭.૫ મિટર (૨૫.'.૦૦") થી ઓછી હોય, તો વધુમાં વધુ ૧૦.૦૦ મિટર (૩૩'.૭")ને અધીન જે રસ્તા પર તે આવેલ હોય તે રસ્તાની પહોળાઈથી બમણી :

પરંતુ મકાનને આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઉંચાઈ ૧૩.૦ મિટર (૪૩.'.૩") સુધી વધારી શકાશે.

(ખ) જો રસ્તાની પહોળાઈ ૭.૫ મિટર (૨૫'.૦૦") અથવા તેથી વધુ હોય પણ ૧૦.૦૫ મિટર (૩૫'.૦૦") થી ઓછી હોય તો ૧૨.૦ મિટર (૪૦'.૦૦") પરંતુ મકાનનને આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઉંચાઈ ૧૫.૦ મિટર (૫૦'. ૦") સુધી વધારી શકાશે.

(ગ) જો રસ્તાની પહોળાઈ ૧૦.૫ મિટર (૩૫'.૦") અથવા તેથી વધુ હોય, પણ ૧૩.૫ મિટર (૪૫'.૦૦") થી ઓછી હોય, તો ૧૫ મિટર (૫૦'.૦") પરંતુ મકાનને આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઉંચાઈ ૧૮.૦ મિટર (૬૦'.૦") સુધી વધારી શકાશે.

(ઘ) જો રસ્તાની પહોળાઈ ૧૩.૫ મિટર (૪૫.૨") અથવા તેથી વધુ હોય પણ ૧૮.૦ મિટર (૬૦'.૦")થી ઓછી હોય તો ૧૮.૦૦ મિટર (૬૦'.૦) :

પરંતુ મકાનને આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઉંચાઈ ૨૧.૦ મિટર (૭૦'.૦") સુધી વધારી શકાશે.

(ચ) (૧) જો રસ્તાની પહોળાઈ ૧૮.૦૦ મિટર અથવા તેથી વધુ હોય, પણ ૨૧.૦ મિટરથી ઓછી હોય, તો ૨૧.૦૦ મિટર.

INDEX

(૨) જો રસ્તાની પહોળાઈ ૨૧.૦ મિટર અથવા તેથી વધુ હોય, પણ ૨૪.૦ મિટરથી ઓછી હોય, તો ૨૪.૦ મિટર.

(૩) જો રસ્તાની પહોળાઈ ૨૪.૦ મિટર અથવા વધુ હોય, પણ ૩૦.૦૦ મિટરથી ઓછી હોય તો ૨૭.૦ મિટર.

(૪) જો રસ્તાની પહોળાઈ ૩૦.૦ મિટરથી વધુ હોય તો, ૩૦.૦ મિટર.

(છ) જો રસ્તાની એટલે કે જાહેર માર્ગની હદ ઉપર મકાન આવેલ ન હોય, પણ અંદરના ભાગે, ખાનગી માર્ગની અથવા ખુલ્લી જગાની હદ પર આવેલ હોય તો જે ખાનગી માર્ગની અથવા ખુલ્લી જગાની હદ પર તે આવેલ હોય તે ખાનગી માર્ગ અથવા ખુલ્લી જગાની પહોળાઈ (એટલે કે ખુલ્લામાં હોય તે પહોળાઈ) ગણતરીમાં લઈને, ઉપર પ્રમાણે ઉંચાઈ અંગે નિયમન કરવું જોઈશે.

નોંધ :—(૧) મકાનની કુલ ઉંચાઈ નક્કી કરતી વખતે, જેનું ક્ષેત્રફળ ૯.૫ ચો. મિટર (૧૦૦ ચોરસ ફૂટ)થી વધુ ન હોય તેવી દરેક દાદરવાળી કેબીન અથવા પાણીની ટાંકીની ઉંચાઈ ગણતરીમાં લેવી નહિ. પરંતુ તે દરેકની ઉંચાઈ ૨.૪ મિટર (૮'.૦૦") થી વધુ હોવી જોઈએ નહિ.

નોંધ :—(૨) મકાનની ઉંચાઈ નક્કી કરતી વખતે જેનું ક્ષેત્રફળ ૧૫ ચો. મિટર (૧૫૦ ચોરસ ફૂટ)થી વધુ ન હોય તેવા માળીયાની કેબીનની ઉંચાઈ ગણતરીમાં લેવી નહિ પરંતુ મકાનની સૌથી ઉપલા માળ ઉપરનું બાંધકામ આગળની તથા પાછળની બાજુઓ પૈકીની દરેક બાજુઓથી ૨.૪ મિટર (૮'.૦") પાછળ હઠાવ્યા પછી તેનું બાંધકામ કરેલું હોવું જોઈએ.

નોંધ :—(૩) જો બે રસ્તાની હદ ઉપર મકાન આવેલ હોય, તો મકાનની ઉંચાઈ નક્કી કરવાના હેતુ માટે બે રસ્તા પૈકીનો જે રસ્તો પહોળો હોય તે ગણતરીમાં લેવામાં આવશે.

નોંધ :—(૪) આ ઉપ-નિયમના હેતુ માટે ઉંચાઈ, ત્રિકોણ આકારના માળીયાવાળા છાપરાની બાબતમાં નજીકમાં માર્ગની સપાટીથી હદ પર આવેલ ભીંતના ઉંચામાં ઉંચા ભાગ સુધી અને અગાસીવાળાના માળના સૌથી ઉંચા ભાગ સુધી, એટલે કે છાપરાની કોર પરની નીચી ભીંત વંડીની ઉંચાઈ બાકાત રાખીને, માપવી જોઈશે.

૧૨. ઉપલેટાની વિકાસ યોજનાના રિપોર્ટની પુરવણી--૧ પાના ક્રમાંક ૬૧ ઉપર ઝોન અંગેના વિનિયમોમાં અનુક્રમાંક ૧(ખ)માં ગોઠાણના ઝોન અંગેના વિનિયમોના અનુક્રમાંક ૪ના કોલમ ક્રમાંક ૩ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

કોલમ ક્રમાંક ૩	કોલમ ક્રમાંક ૪
કોલમ ક્રમાંક ૪માં જણાવેલ ઉપયોગ સિવાયના રહેણાંકના ઝોનમાં અને વાણિજ્યિક ઝોનમાં પરવાનગીપાત્ર તમામ ઉપયોગો.	હળવા ઉદ્યોગો, લાઈટ હોમ, વર્કશોપ, જથ્થાબંધ વખારો, ગોદામો, સો મીલ્સ, ઢોરબજાર, સિનેમા.

૧૩. ઉપલેટાની વિકાસ યોજનાના રિપોર્ટના પાના નં. ૬૧ ઉપર ઉપયોગ ઝોન કોષ્ટક પુરવણી-૧માં અનુક્રમાંક ૩ નીચે એટલે ઔદ્યોગિક ઝોન નીચે અને અનુક્રમાંક ૪ પહેલા એટલે કે ખેતી પહેલાં નીચેની નોંધ ઉમેરવી :—

નોંધ :—(૧) ઔદ્યોગિક કામદારો માટે ઔદ્યોગિક ઝોનમાં પરવાનગી આપવાના રહેણાંક ક્વાર્ટસ માટે આસપાસના ઉદ્યોગોનો વિસ્તાર, સ્વાસ્થ્યને નુકશાનકારક અને જોખમકારક હોય તેવા હોવા જોઈએ નહિ.

INDEX

નોંધ :—(૨) ઔદ્યોગિક કામદારો માટે ઔદ્યોગિક ઝોનમાં રહેણાંક ક્વાર્ટર્સમાં વિકાસ માટે, ગુજરાત પાણી અને હવા પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, જેવા યોગ્ય સત્તામંડળનું ના વાંધા પ્રમાણપત્ર અને વગેરે મેળવવું.

૧૪. વિકાસ નિયંત્રણ વિનિયમના પાનાં નંબર ૪૨ અને ૪૩ ઉપર વિનિયમ ક્રમાંક ૩૧ (ખ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

છૂટછાટ :—૧. (૧) સ્થાનિક સત્તામંડળ (૨) સરકાર (૩) ગૃહનિર્માણ બોર્ડ અને (૪) સ્ટેચ્યુટ હેઠળ રચાયેલ કોઈ સંસ્થાપિત મંડળની માલિકીના પ્લોટોની બાબતમાં, યોગ્ય સત્તાધિકારી, કારણોની લેખિત નોંધ કરીને, જાહેર હિતમાં, વિનિયમો પૈકીના કોઈ વિનિયમોમાં, યથાપ્રસંગ છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી ન શકાશે ।

પરંતુ બાંધકામ વિસ્તાર, સહિયારી ખુલ્લી જગા, માર્જિનની ખુલ્લી જગા, વધુ ઉંચાઈવાળા મકાનોની જોગવાઈઓ અને ફ્લોરસ્પેસ ઈન્ડેક્ષ સંબંધીના વિકાસ વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમોમાં કોઈ છૂટછાટ આપી શકાશે નહિ અથવા તેનો અમલ જતો કરી શકાશે નહિ.

૨. વિકાસ યોજનાના પૂર્વવર્તી વિનિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ વિનિયમો અમલમાં આવ્યા પહેલાં ઉભા કરવામાં આવેલા ચાલુ બાંધકામમાં વધારો કરતા ન હોય તેવા ફેરફારોને લાગુ પાડવાના કારણે, માલિકોને, આ વિનિયમોથી હાડમારી થતી હોય તે કિસ્સાઓમાં, યોગ્ય સત્તાધારી, કારણોની લેખિત નોંધ કરીને, વિકાસ યોજનાના કોઈ વિનિયમોમાં, યથાપ્રસંગ, છૂટછાટ મૂકી શકાશે અથવા તેનો અમલ જતો કરી શકશે :

પરંતુ વધુ ઉંચાઈવાળા મકાન માટેના કોઈપણ વિનિયમમાં આ છૂટછાટ આપી શકાશે નહિ.

૩. યોગ્ય સત્તાધિકારીને, જેના સંબંધમાં રેખાકૃતિ અને પેટા-વિભાજન મંજૂર કર્યા હોય તે વિદ્યમાન મકાન એકમોની બાબતમાં અથવા રસ્તા પહોળા કરવાથી અને વિકાસ યોજનામાં કરેલી દરખાસ્તોથી જેને અસર થઈ હોય તેવા મકાન એકમોની બાબતમાં યોગ્ય સત્તાધિકારીનો એવો અભિપ્રાય હોય કે વિનિયમો ક્રમાંક ૧૧ અને ૧૨ની તમામ જરૂરિયાતોમાં અથવા તે પૈકીની કોઈ જરૂરિયાતોમાં યોગ્ય રીતે છૂટછાટ મૂકવામાં આવી હોય અથવા જતી કરવામાં આવી હોય તે સિવાય, આવા મકાન એકમોનો યથાપ્રસંગ વાજબી વિકાસ થઈ શકે એમ છે અથવા કરવાનું શક્ય બન્યું છે, તો તે કારણોની લેખિત નોંધ કરીને, ઉપર જણાવેલ વિનિયમોની જરૂરિયાતોમાં છૂટછાટ મૂકી શકાશે :

પરંતુ આવા મકાન એકમોમાંના વધુ ઉંચાઈવાળા મકાનો માટેના વિનિયમો પૈકીના કોઈ વિનિયમમાં છૂટછાટ મૂકી શકાશે નહિ.

૧૫. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નંબર ૪૨ પરના વિનિયમ ક્રમાંક (૩૧) (ક)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"ઉપર્યુક્ત વિનિયમો પૈકીના કોઈ વિનિયમનું અથવા વિકાસ યોજનાની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરતી કોઈ વ્યક્તિ, આવા ઉલ્લંઘન બદલ દોષિત ઠર્યે, ઓછામાં ઓછા રૂા. ૧૦૦-૦૦ને અધીન રહીને, રૂા. ૫,૦૦૦-૦૦ સુધીના દંડને પાત્ર થશે અને ઉપર્યુક્ત જોગવાઈઓનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રહે તે કિસ્સામાં, આવા ઉલ્લંઘન બદલ પ્રથમ દોષિત ઠર્યા પછી, આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાન, દિવસ દીઠ રૂા. ૧૦૦.૦૦ સુધીના વધારાના દંડને પાત્ર થશે.

INDEX

૧૬. વિનિયમ ક્રમાંક ૧૨.૧ નીચેના કોષ્ટકમાં અનું, ક્રમાંક ૧માં, કોલમ ક્રમાંક ૩માં "૮૦ ચો. મિ. (૧૦૦-૦૦ ચો. વાર) એ આંકડાને બદલે, "૫૦ ચો. મિ. (૬૦ ચો. વાર)" એ આંકડો મૂકવો.

૧૭. પાના નંબર ૪૩ પરનો વિકાસ નિયંત્રણ વિનિયમ ક્રમાંક ૩૧ (ગ) કમી કરવો.

૧૮. (વિકાસ નિયંત્રણ વિનિયમના પાના નંબર ૧૩ થી ૧૫ ઉપર) વિનિયમ ક્રમાંક ૧૨માં "ગામતળ" વિસ્તાર તરીકે ગણાશે. એ શબ્દો જ્યાં જ્યાં આવતા હોય ત્યાં ત્યાંથી કમી કરેલા છે એમ ગણવું. આમાં, વિકાસ નિયંત્રણ વિનિયમ ક્રમાંક ૧૨.૩ (ખ) કમી કર્યાનો સમાવેશ થશે.

૧૯. ધોરાજી વિકાસ વિસ્તારની મર્યાદા બહારની દરખાસ્તો, વિકાસ યોજનાની દરખાસ્ત તરીકે ગણાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચયુ/૬૧/(૩૨) એએચડી/-૧૦૫૧-૬૦૩/ગ- ૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT INDUSTRIAL DEVELOPMENT ACT, 1962.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું.

ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી મે, ૧૯૯૧.

ક્રમાંક : જીએચયુ/૬૧/(૩૨) એએચડી/૧૦૫૧-૬૦૩/ગ—૧.—ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨૩મા)ની કલમ ૨ના ખંડ (ક) હેઠળ મળેલી સત્તાની રૂએ—

INDEX

ગુજરાત સરકાર આથી સચીન ઔદ્યોગિક વિસ્તાર તરીકે, આ સાથે જોડેલી અનુસૂચિ–૧માં નિર્દિષ્ટ કરેલા વિસ્તાર, જેનું હદ–વર્ણન અનુસૂચિ–૨માં આપેલ છે તે જાહેર કરે છે.

સચીન ઔદ્યોગિક વિસ્તાર

ગામ	ગામ અને જિલ્લાનું નામ	બ્લોક નંબર	વિસ્તાર		
૧	૨	૩	૪		
			હેક્ટર	આર.	ચો. મી.
ઉંબેર	ઉંબેર	૪૬૯	૦	૪૮	૫૬
ચોર્યાસી	ચોર્યાસી	૪૭૧	૨	૭૩	૫૨
સુરત	સુરત				
૩		૪૭૯	૦	૫૫	૬૪
૪		૪૭૮	૦	૩૪	૪૦
૫		૪૭૨	૦	૫૬	૬૬
૬		૪૭૩	૧	૪૪	૫૪
૭		૪૭૫	૦	૪[illegible]	૫૫
૮		૪૭૬	૦	૬૫	૭૬
૯		૪૯૨	૦	૨૩	૨૭
૧૦		૪૯૧	૦	૨૨	૨૬
૧૧		૪૯૩	૦	૮૮	૦૨
૧૨		૪૯૦	૦	૧૧	૧૩
૧૩		૫૪૮	૦	૦૫	૦૬
૧૪		૪૮૯	૦	૦૮	૦૯
૧૫		૪૮૮	૦	૦૩	૦૪
૧૬		૪૮૭	૦	૦૩	૦૪
૧૭		૪૮૬	૦	૦૭	૦૮
૧૮		૪૮૫	૨	૨૯	૬૬
૧૯		૪૯૪	૦	૮૪	૯૮
૨૦		૪૯૫	૦	૭૫	૮૮
			૦	૭૨	૮૨
૨૧		૪૯૬	૦	૯૦	૦૪
૨૨		૪૯૮	૦	૩૨	૩૭
૨૩		૪૯૭	૦	૯૫	૧૦
૨૪		૪૯૯	૦	૬૬	૭૮
૨૫		૫૦૦	૦	૫૫	૬૪
૨૬		૫૦૧	૧	૦૮	૨૫
૨૭		૫૦૩	૦	૮૦	૦૮
૨૮		૫૦૪	૧	૧૪	૩૨
૨૯		૫૦૨	૧	૧૫	૩૪
૩૦		૪૮૪	૦	૩૯	૪૬
૩૧		૪૮૭	૦	૫૯	૬૯
૩૨		૪૭૭	૦	૪૪	૫૨

INDEX

૧	૨	૩	૪		
			હેક્ટર	આર.	ચો. મી.
૩૩		૪૮૨	૩	૬૦	૧૭
૩૪		૪૮૧	૦	૯૦	૦૪
૩૫		૪૮૦	૦	૯૨	૦૭
૩૬	ઉન ગામ તા. ચોર્યાસી, જિ. સુરત.	૧૭૪	૦	૧૨	૧૪
૩૭		૧૮૩/ભાગ	૦	૧૬	૧૯
૩૮		૧૮૪/ભાગ	૨	૨૮	૬૪
			૦	૦૫	૦૬ખ
૩૯		૧૮૫	૦	૮૭	૦૧
૪૦		૧૮૬	૦	૩૧	૩૬
૪૧		૧૮૭	૦	૨૧	૨૪
૪૨		૧૮૮	૦	૩૭	૪૩
૪૩		૧૮૯	૦	૫૫	૬૪
૪૪		૧૯૦	૦	૮૯	૦૩
૪૫		૧૯૧	૧	૨૮	૪૯
૪૬		૧૯૨	૩	૧૩	૬૪
			૦	૦૪	૦૫ખ
૪૭		૧૯૩	૦	૮૯	૦૩
૪૮		૨૦૨	૧	૧૪	૩૨
૪૯		૨૦૩	૨	૧૭	૫૨
			૦	૦૨	૦૩ખ
૫૧		૨૦૪	૦	૭૭	૯૧
૫૨		૨૦૫	૦	૯૧	૦૫
૫૩		૨૦૬	૦	૦૬	૩૯
૫૪		૨૦૭	૨	૧૯	૫૫
૫૫		૨૦૮	૧	૭૫	૦૩
૫૬		૨૦૯	૩	૩૩	૮૭
૫૭		૨૧૦	૨	૫૭	૯૯
૫૮		૨૧૧	૧	૨૮	૪૯
૫૯		૨૧૨	૧	૨૮	૪૯
			૦	૦૪	૦૫ખ
૬૦		૨૧૩	૦	૮૧	૯૫
૬૧		૨૧૪	૧	૪૮	૭૨
૬૨		૨૧૬	૧	૮૧	૧૦
૬૩		૨૧૭	૧	૩૩	૫૫
			૦	૦૨	૦૨ખ
૬૪		૨૧૮	૨	૧૫	૫૦
૬૫		૧૯૪	૨	૫૫	૯૭
૬૬		૧૯૫	૨	૩૦	૬૮
			૦	૦૨	૦૨ખ

INDEX

૧	૨	૩	૪		
			હેક્ટર	આરે.	ચો. મી.
૬૭		૧૯૬/ભાગ	૦	૬૨	૭૨
૬૮		૧૯૭/ભાગ	૦	૭૧	૩૪
			૦	૦૩	૦૩ખ
૬૯		૧૯૮/ભાગ	૦	૪૧	૮૭
૭૦		૨૦૦/ભાગ	૦	૭૭	૬૫
૭૧		૨૦૧	૧	૦૦	૧૬
૭૨	તેલંગપોર તા. ચોર્યાસી, જિલ્લો : સુરત	૫૬૩	૨	૪૮	૮૯
૭૩		૫૬૫	૧	૧૭	૬૩
૭૪		૫૬૭	૦	૫૧	૬૦
૭૫		૫૬૯	૧	૨૩	૪૩
૭૬		૫૭૧	૧	૦૬	૨૩
૭૭		૫૭૩	૧	૧૧	૨૯
૭૮		૫૭૫	૧	૨૦	૩૯
૭૯		૫૭૭	૦	૪૭	૫૫
૮૦		૫૭૯	૧	૧૫	૩૪
૮૧		૫૮૧	૦	૧૫	૧૮
૮૨		૫૮૩	૦	૭૦	૮૨
૮૩		૫૮૫	૦	૫૪	૬૩
૮૪		૫૯૭	૧	૦૫	૨૨
૮૫		૫૯૯	૧	૨૭	૪૮
૮૬		૬૦૧	૦	૧૨	૧૪
૮૭		૬૦૭	૦	૯૨	૦૭
૮૮		૬૦૯	૦	૭૮	૯૧
૮૯		૬૧૧	૦	૪૫	૫૩
૯૦		૬૧૩	૧	૧૭	૩૬
૯૧		૬૧૭	૦	૬૭	૭૯
૯૨		૫૬૪	૨	૪૦	૮૯
૯૩		૫૬૬	૧	૧૬	૩૫
૯૪		૫૬૭	૧	૦૧	૧૭
૯૫		૫૭૦	૧	૧૩	૩૧
૯૬		૫૭૨	૦	૧૭	૨૦
૯૭		૫૭૪	૦	૯૦	૦૪
૯૮		૫૭૬	૦	૯૫	૧૦
૯૯		૫૭૮/ભાગ	૦	૯૯	૧૫
૧૦૦		૫૮૦	૦	૭૯	૯૩
૧૦૧		૫૮૨	૨	૩૯	૭૮
૧૦૨		૫૮૪	૧	૫૨	૭૭
૧૦૩		૫૯૬/ભાગ	૧	૩૯	૬૨
૧૦૪		૫૯૮	૧	૦૭	૨૪

INDEX

૧	૨	૩	૪		
			હેક્ટર	આર.	ચો. મી.
૧૦૫		૬૦૦	૦	૨૪	૨૮
૧૦૬		૬૦૨	૧	૧૬	૩૫
૧૦૭		૬૦૪	૦	૯૬	૧૨
૧૦૮		૬૦૬	૧	૫૪	૭૯
૧૦૯		૬૦૮	૦	૫૯	૬૯
૧૧૦		૬૧૦	૦	૭૩	૮૬
૧૧૧		૬૧૨	૦	૪૬	૫૪
૧૧૨		૬૧૪	૧	૨૫	૪૫
૧૧૩		૬૧૮	૦	૮૧	૯૫
			૦	૨૧	૨૫–ખ
૧૧૪		૬૨૦	૦	૮૮	૨૨
૧૧૫		૬૨૬	૧	૩૧	૫૨
૧૧૬		૬૨૮	૦	૬૯	૮૧
૧૧૭		૬૩૦	૧	૨૨	૪૨
૧૧૮		૬૪૭	૧	૩૪	૫૫
૧૧૯		૬૪૯	૦	૨૯	૩૪
૧૨૦		૬૫૧	૧	૪૧	૧૪
૧૨૧		૬૫૩	૦	૨૮	૩૩
૧૨૨		૬૨૨	૦	૯૦	૦૪
			૦	૦૭	૦૮–ખ
૧૨૩		૬૨૫	૧	૪૨	૬૬
૧૨૪		૬૨૭	૦	૫૫	૬૪
૧૨૫		૬૨૯	૧	૩૪	૫૬
૧૨૬		૬૩૧	૧	૦૯	૨૭
૧૨૭		૬૫૦	૦	૮૨	૯૬
૧૨૮		૬૫૨	૦	૬૬	૭૭
૧૨૯	તેલંગપોર, તા. ચોર્યાસી, જિ. સુરત, ફેઈઝ ૧	૩૪૭	૦	૫૭	૬૭
૧૩૦		૩૯૨	૦	૬૦	૭૦
			૦	૧૦	૧૨–ખ
૧૩૧		૩૯૩	૦	૫૯	૬૯
૧૩૨		૩૯૪	૦	૫૬	૬૬
			૦	૦૨	૦૨–ખ
૧૩૩		૩૯૬	૧	૨૫	૪૫
			૦	૦૬	૦૭–ખ
૧૩૪		૪૨૬/ભાગ	૧	૩૨	૮૦
૧૩૫		૪૨૮	૦	૦૯	૬૦
૧૩૬		૪૨૯	૦	૩૩	૩૯
૧૩૭		૪૩૧	૦	૮૬	૬૦
૧૩૮		૪૩૨	૦	૮૧	૯૫
૧૩૯		૪૩૩	૧	૧૯	૩૯
૧૪૦		૪૩૪	૧	૮૨	૮૫

INDEX

૧	૨	૩	૪		
			હેક્ટર	આર.	ચો. મી.
૧૪૧		૪૩૫	૦	૨૯	૩૪
૧૪૨		૪૩૬	૦	૮૩	૯૭
૧૪૩		૪૩૭	૧	૩૫	૫૭
			૦	૧૩	૧૫
૧૪૪		૪૪૦	૦	૫૩	૦૦
૧૪૫		૪૪૧	૧	૨૦	૩૯
૧૪૬		૪૪૨	૧	૨૦	૩૯
૧૪૭		૪૪૩	૦	૯૯	૦૨
૧૪૮		૪૪૪	૧	૧૭	૬૦
૧૪૯		૪૪૫	૧	૧૭	૬૦
૧૫૦		૪૪૬/ભાગ	૨	૪૦	૬૦
૧૫૧		૪૪૭	૦	૫૭	૬૭
૧૫૨		૪૪૮	૦	૪૬	૫૪
૧૫૩		૪૪૯	૦	૪૯	૫૭
૧૫૪		૪૫૦	૧	૦૪	૨૧
૧૫૫		૪૫૧	૧	૨૧	૪૦
૧૫૬		૪૫૨	૦	૩૬	૪૨
૧૫૭		૪૫૩	૦	૩૪	૪૦
૧૫૮		૪૫૪	૦	૫૮	૬૮
			૦	૦૨	૦૨—ખ
			૦	૮૨	૯૬
			૦	૦૨	૦૨- ખ
૧૫૯		૪૫૬	૦	૭૧	૮૯
૧૬૦		૪૫૭	૦	૭૩	૮૬
૧૬૧		૪૫૮	૦	૭૭	૯૦
૧૬૨		૪૫૯	૧	૯૯	૩૧
૧૬૩		૪૬૦	૨	૦૩	૩૪
૧૬૪		૪૬૧	૦	૫૪	૬૩
૧૬૫		૪૬૨	૦	૫૬	૬૬
૧૬૬		૪૬૩	૦	૭૨	૮૪
૧૬૭		૪૬૪	૨	૦૪	૩૭
૧૬૮		૪૬૫	૦	૬૫	૭૬
૧૬૯		૪૬૬	૧	૩૧	૫૨
૧૭૦		૪૬૭	૦	૫૯	૬૯
૧૭૧		૪૬૮	૦	૫૭	૬૭
૧૭૨		૪૬૯	૦	૨૪	૨૮
૧૭૩		૪૭૦	૧	૪૯	૭૩
૧૭૪		૪૭૧	૧	૨૮	૪૯
૧૭૫		૪૭૨	૨	૭૭	૨૧
૧૭૬		૪૭૪	૩	૬૪	૨૨
૧૭૭		૪૭૫	૧	૫૪	૭૯
૧૭૮		૪૭૬	૦	૯૧	૦૫

INDEX

૧	૨	૩	૪		
			હેક્ટર	આર.	ચો. મી.
૧૭૯		૪૭૭	૨	૨૭	૬૪
૧૮૦		૪૭૮	૦	૬૬	૭૮
૧૮૧		૪૭૯	૦	૬૦	૭૦
૧૮૨		૪૮૦	૧	૦૯	૨૭
૧૮૩		૪૮૨	૦	૬૩	૭૪
૧૮૪		૪૮૩	૨	૨૯	૬૬
૧૮૫		૪૮૪	૧	૭૫	૦૩
૧૮૬		૪૮૫	૦	૮૦	૯૪
૧૮૭		૪૮૬	૧	૭૯	૦૭
૧૮૮		૪૮૭	૧	૫૬	૮૨
૧૮૯		૪૮૮	૨	૦૯	૪૩
૧૯૦		૪૮૯	૧	૫૯	૮૫
૧૯૧		૪૯૦	૧	૫૬	૮૫
૧૯૨		૪૯૧	૧	૭૫	૦૩
૧૯૩		૪૯૨	૧	૩૦	૫૧
૧૯૪		૪૯૩	૧	૦૭	૨૪
૧૯૫		૪૯૪	૧	૧૮	૩૭
૧૯૬		૪૯૫	૦	૭૩	૮૬
૧૯૭		૪૯૬	૧	૦૮	૨૫
૧૯૮		૪૯૭	૧	૧૧	૨૯
૧૯૯		૪૯૮	૦	૮૭	૦૧
૨૦૦		૪૯૯	૧	૫૧	૭૬
૨૦૧		૫૦૦	૦	૫૭	૬૭
૨૦૨		૫૦૧	૧	૧૯	૩૮
૨૦૩		૫૦૨	૦	૮૪	૯૮
૨૦૪		૫૦૩	૧	૫૦	૭૫
૨૦૫		૫૦૪	૦	૨૭	૩૧
૨૦૬		૫૦૫	૦	૮૦	૯૪
૨૦૭		૫૦૬	૦	૭૮	૯૧
૨૦૮		૫૦૭	૦	૪૬	૫૪
૨૦૯		૫૦૮	૧	૧૨	૩૦
૨૧૦		૫૦૯	૦	૪૨	૪૯
૨૧૧		૫૧૦	૧	૭૫	૦૩
૨૧૨		૫૧૧	૧	૭૫	૦૩
૨૧૩		૫૧૨	૧	૩૨	૫૪
૨૧૪		૫૧૩	૧	૫૨	૭૭
૨૧૫		૫૧૪	૦	૮૩	૯૭
૨૧૬		૫૧૫	૦	૬૯	૮૧
૨૧૭		૫૧૬	૧	૬૪	૯૧
૨૧૮		૫૧૭	૧	૬૫	૯૨
૨૧૯		૫૧૮	૦	૪૮	૫૬
૨૨૦		૫૧૯	૦	૩૦	૩૫

INDEX

૧	૨	૩	૪		
			હેક્ટર	આર.	ચો. મી.
૨૨૧		૫૨૦	૫	૫૫	૪૪
૨૨૨		૫૨૧	૦	૬૫	૭૬
૨૨૩		૫૨૨	૦	૬૪	૭૫
૨૨૪		૫૨૩	૨	૧૧	૪૫
૨૨૫		૫૨૪	૧	૮૭	૧૭
૨૨૬		૫૨૫	૦	૯૬	૧૧
૨૨૭		૫૨૬	૧	૧૧	૨૯
૨૨૮		૫૨૭	૦	૪૦	૪૭
૨૨૯		૫૨૮	૧	૦૨	૧૮
૨૩૦		૫૨૯	૧	૧૧	૨૯
૨૩૧		૫૩૦	૦	૪૩	૫૦
૨૩૨		૫૩૧	૧	૩૨	૫૪
૨૩૩		૫૩૨	૧	૦૫	૨૨
૨૩૪		૫૩૩	૧	૨૫	૪૫
૨૩૫		૫૩૪	૦	૦૭	૦૮
૨૩૬		૫૩૫	૦	૩૪	૪૦
૨૩૭		૫૩૬	૧	૨૬	૪૭
૨૩૮		૫૩૭	૧	૨૪	૪૪
૨૩૯		૫૩૮	૧	૧૪	૩૨
૨૪૦		૫૩૯	૧	૧૮	૩૭
૨૪૧		૫૪૦	૨	૩૩	૭૧
૨૪૨		૫૪૧	૧	૧૪	૩૨
૨૪૩		૫૪૨	૦	૧૪	૧૬
૨૪૪		૫૪૩	૦	૬૩	૩૪
૨૪૫		૫૪૪	૧	૦૬	૯૨
૨૪૬		૫૪૫	૧	૭૮	૦૬
૨૪૭		૫૪૬	૦	૯૧	૦૫
૨૪૮		૫૪૭	૧	૪૬	૭૦
૨૪૯		૫૪૮/ભાગ	૨	૮૫	૭૧
૨૫૦		૫૪૮/ભાગ	૦	૪૮	૫૬
૨૫૧		૫૪૯	૨	૯૮	૪૬
૨૫૨		૫૫૦	૦	૬૫	૭૬
૨૫૩		૫૫૧	૧	૭૫	૦૩
૨૫૪		૫૫૨	૦	૬૨	૭૩
૨૫૫		૫૫૩	૧	૬૩	૯૦
૨૫૬		૫૫૪	૧	૬૨	૮૯
૨૫૭		૫૫૫	૧	૦૦	૧૬
૨૫૮		૫૫૬	૧	૯૭	૨૯
૨૫૯		૫૫૭	૧	૧૨	૩૦
૨૬૦		૫૫૮	૦	૯૯	૧૫
૨૬૧		૫૫૯	૧	૧૧	૨૯
૨૬૨		૫૬૦	૦	૫૪	૬૩

INDEX

૧	૨	૩	૪		
			હેક્ટર.	આર.	ચો.મી.
૨૬૩		૫૬૧	૧	૬૫	૯૨
૨૬૪		૫૬૨	૨	૪૨	૮૭
૨૬૫		૫૭૮	૦	૮૭	૦૧
૨૬૬		૫૮૬	૦	૪૩	૫૧
૨૬૭		૫૮૭	૦	૪૩	૫૦
૨૬૮		૫૮૮	૦	૪૨	૪૯
૨૬૯		૫૮૯	૦	૭૬	૮૯
૨૭૦		૫૯૦	૦	૭૩	૮૬
૨૭૧		૫૯૧	૧	૫૨	૭૭
૨૭૨		૫૯૨	૦	૬૬	૭૭
૨૭૩		૫૯૩	૦	૭૭	૯૦
૨૭૪		૫૯૪	૧	૧૯	૩૮
૨૭૫		૫૯૫	૧	૧૧	૨૯
૨૭૬		૫૯૬/ભાગ	૧	૯૮	૩૦
૨૭૭		૬૧૫	૧	૧૫	૩૧
૨૭૮		૬૧૬	૧	૫૦	૭૫
			૦	૦૨	૦૩–ખ
૨૭૯		૬૧૯	૧	૧૩	૩૧
			૦	૦૩	૦૪–ખ
૨૮૦	સચીન, તા. ચોર્યાસી, જિ. સુરત.	૨૫૬	૦	૦૪	૦૫
૨૮૧		૨૫૭/એ	૦	૨૨	૨૬
૨૮૨		૨૫૭/બી	૦	૨૨	૨૬
૨૮૩		૨૯૫/ભાગ	૨	૯૬	૮૮
૨૮૪		૨૯૬/એ	૨	૨૮	૬૫
૨૮૫		૨૯૬/બી	૦	૨૮	૩૩
૨૮૬		૨૯૭	૧	૦૭	૨૪
૨૮૭		૨૯૮	૦	૫૫	૬૪
૨૮૮		૨૯૯	૦	૩૨	૩૭
૨૮૯		૩૦૦	૧	૨૯	૫૦
૨૯૦		૩૦૧	૧	૨૦	૩૯
૨૯૧		૩૦૨/એ	૦	૬૧	૭૧
૨૯૨		૩૦૨/બી	૦	૫૪	૬૪
૨૯૩		૩૦૩	૨	૫૭	૯૮
૨૯૪		૩૦૪	૦	૭૯	૯૩
૨૯૫		૩૦૫	૦	૮૪	૯૮
૨૯૬		૩૦૬	૧	૭૫	૦૩
૨૯૭		૩૦૭	૦	૯૬	૧૨
૨૯૮		૩૦૮	૦	૮૭	૦૧
૨૯૯		૩૦૯	૧	૮૧	૧૦
૩૦૦		૩૧૦	૧	૯૧	૨૧
૩૦૧		૩૧૨	૦	૮૭	૦૧

INDEX

૧	૨	૩	૪		
			હેક્ટર.	આર.	ચો.મી.
૩૦૨		૩૧૩	૧	૭૫	૦૩
૩૦૩		૩૧૪	૦	૭૨	૮૪
૩૦૪		૩૧૫	૦	૮૨	૯૬
૩૦૫		૩૧૬	૦	૯૨	૦૭
૩૦૬		૩૧૭	૦	૮૦	૯૩
૩૦૭		૩૧૮	૧	૮૦	૦૯
૩૦૮		૩૧૯	૦	૫૩	૬૨
૩૦૯		૩૨૦/ભાગ	૧	૧૯	૩૮
૩૧૦		૩૩૯	૦	૪૫	૫૩
૩૧૧		૩૪૦/ભાગ	૦	૩૯	૫૨
૩૧૨		૩૪૫/ભાગ	૦	૩૬	૭૬
૩૧૩		૩૪૯	૦	૩૧	૩૬
૩૧૪		૩૫૦	૦	૪૪	૫૨
૩૧૫		૩૫૧	૧	૫૧	૭૬
૩૧૬		૩૫૨	૦	૫૯	૬૯
૩૧૭		૩૫૩	૦	૮૨	૯૬
૩૧૮		૩૫૪	૩	૪૬	૦૧
૩૧૯		૩૫૫	૦	૮૨	૯૬
૩૨૦		૩૫૬	૨	૦૨	૩૪
૩૨૧		૩૫૭	૦	૯૬	૧૧
૩૨૨		૩૫૮	૦	૮૨	૯૬
૩૨૩		૩૫૯	૦	૩૯	૪૬
૩૨૪		૩૬૦	૦	૪૦	૪૭
૩૨૫		૩૬૧	૩	૪૬	૦૧
૩૨૬		૩૬૨	૩	૮૮	૫૦
૩૨૭		૩૬૩	૩	૩૨	૮૫
૩૨૮		૩૬૪	૦	૭૯	૯૩
૩૨૯		૩૬૫	૨	૨૩	૫૯
૩૩૦		૩૬૬	૩	૪૦	૯૫
૩૩૧		૩૬૭	૬	૯૬	૦૬
૩૩૨		૩૬૮	૩	૨૧	૭૩
૩૩૩		૩૬૯	૦	૮૨	૯૭
૩૩૪		૩૭૦	૦	૨૬	૩૦
૩૩૫		૩૭૧	૦	૯૭	૧૩
૩૩૬		૩૭૨	૩	૭૨	૩૧
૩૩૭		૩૭૩	૦	૪૫	૫૩
૩૩૮		૩૭૪	૧	૭૮	૦૮
૩૩૯		૩૭૫	૧	૦૮	૨૫
૩૪૦		૩૭૬	૧	૨૬	૫૦
૩૪૧		૩૭૭	૨	૫૧	૯૨
૩૪૨		૩૭૮	૨	૭૬	૧૯
૩૪૩		૩૭૯/ભાગ	૦	૬૫	૭૭

INDEX

૧	૨	૩	૪		
			હેક્ટર.	આર.	ચો.મી.
૩૪૪		૩૮૬	૧	૧૫	૩૪
૩૪૫		૩૯૦	૪	૦૦	૬૪
૩૪૬		૨૮૭	૧	૪૦	૬૩
૩૪૭		૩૮૮/ભાગ	૦	૭૮	૪૫
૩૪૮		૩૮૯	૦	૩૪	૪૦
૩૪૯	સચિન,	૨૨૨	૧	૧૩	૩૨
૩૫૦	ચોર્યાસી, જિ. સુરત,	૨૨૩	૧	૦૭	૨૪
	ફેઈઝ–૩		૦	૨૫	૨૯—ખ
૩૫૧		૨૫૦	૦	૮૭	૦૧
૩૫૨		૨૬૦	૧	૭૧	૯૯
			૦	૧૩	૧૫ખ
૩૫૩		૨૬૧	૩	૩૬	૯૦
			૦	૧૦	૧૨—ખ
૩૫૪		૨૬૬	૦	૮૮	૦૧
			૦	૦૩	૦૪—ખં
૩૫૫		૨૬૭	૧	૨૪	૪૩
			૦	૦૩	૦૪—ખ
૩૫૬		૨૬૯	૦	૪૯	૫૮
			૦	૦૨	૦૨—ખ
૩૫૭		૨૭૦	૨	૬૪	૦૬
			૦	૧૮	૨૧—ખ
૩૫૮		૨૭૧	૦	૫૩	૬૨
			૦	૦૩	૦૪—ખ
૩૫૯		૨૭૨	૦	૨૪	૨૮
			૦	૦૨	૦૩—ખ
૩૬૦		૨૭૪	૧	૧૩	૩૧
૩૬૧		૨૭૫	૦	૭૮	૯૧
૩૬૨		૨૭૬ (જેએમ)	૦	૭૫	૮૮
			૦	૦૧	૦૧—ખ
૩૬૩		૨૭૭	૦	૫૭	૬૭
૩૬૪		૨૭૮	૧	૧૧	૨૯
૩૬૫		૨૭૯	૦	૭૨	૮૪
૩૬૬		૨૮૦	૦	૭૭	૯૦
૩૬૭		૨૮૧	૧	૫૦	૭૪
૩૬૮		૨૮૨	૧	૩૭	૫૯
૩૬૯		૨૮૩	૨	૦૯	૪૩
૩૭૦		૨૮૫	૧	૮૬	૯૬
૩૭૧		૨૮૬	૦	૭૪	૮૭
૩૭૨		૨૮૭	૦	૬૦	૭૦
૩૭૩		૨૮૮	૧	૨૦	૪૦
૩૭૪		૨૮૯	૧	૩૮	૬૧

૧	૨	૩	૪		
			હેક્ટર.	આર.	ચો.મી.
૩૭૫		૨૯૦	૧	૨૦	૩૯
૩૭૬		૨૯૧	૧	૨૩	૪૩
૩૭૭		૨૯૨	૧	૦૪	૨૧
૩૭૮		૨૯૩	૦	૬૩	૬૪
૩૭૯		૨૯૪	૦	૯૫	૧૦
૩૮૦		૨૯૫/ભાગ	૦	૦૬	૮૮
૩૮૧		૩૨૦/ભાગ	૦	૦૫	૦૬
૩૮૨		૩૨૧	૦	૪૯	૫૭
૩૮૩		૩૨૨	૦	૬૧	७१
૩૮૪		૩૨૩	૦	૮૦	૯૪
૩૮૫		૩૨૪	૧	૯૮	૩૦
૩૮૬		૩૨૫	૧	૮૭	૦૦
૩૮૭		૩૨૬	૦	૧૮	૨૧
૩૮૮		૩૨૮	૦	૧૯	૨૨
૩૮૯		૩૨૯	૦	૭૨	૮૪
૩૯૦		૩૩૦	૧	૦૫	૨૧
૩૯૧		૩૩૧	૦	૭૩	૮૬
૩૯૨		૩૩૨	૦	૭૦	૮૨
૩૯૩		૩૩૩ (જેએમ)	૧	૭૩	૦૦
૩૯૪		૩૩૪	૦	૫૦	૫૯
૩૯૫		૩૩૬	૧	૪૧	૬૪
૩૯૬		૩૩૭	૨	૧૫	૫૦
૩૯૭		૩૩૮	૨	૪૫	૮૫
૩૯૮		૩૩૯	૦	૪૫	૫૩
૩૯૯		૩૪૦/ભાગ	૦	૮૧	૯૫
૪૦૦		૩૪૧	૦	૩૦	૦૦
			૦	૫૨	૯૬
૪૦૧		૩૪૩/એ	૦	૯૨	૦૭
૪૦૨		૩૪૩/બી	૦	૯૦	૦૪
૪૦૩		૩૪૪	૦	૦૬	૨૭
૪૦૪		૩૪૫/ભાગ	૦	૧૫	૧૮
૪૦૫		૩૪૬	૦	૩૬	૪૨
૪૦૬		૩૪૭	૦	૩૩	૩૯
૪૦૭		૩૪૮	૦	૪૨	૪૯
૪૦૮		૩૮૫	૨	૨૪	૬૦
૪૦૯		૩૮૮/ભાગ	૧	૦૯	૩૭
૪૧૦		૩૯૧	૧	૬૯	૯૭
૪૧૧		૩૯૨	૦	૭૫	૮૮
૪૧૨		૩૯૩	૦	૬૬	૭૭
૪૧૩		૩૯૪	૧	૦૬	૨૩
૪૧૪		૩૯૫	૧	૯૦	૨૦
૪૧૫		૩૯૬	૨	૨૮	૬૫

૧	૨	૩	૪		
			હેક્ટર.	આર.	ચો.મી.
૪૧૬		૨૯૭/ભાગ	૦	૮૦	૬૬
૪૧૭		૩૯૮	૧	૨૪	૬૬
૪૧૮		૩૯૯/એ	૦	૫૨	૧૧
૪૧૯		૩૯૯/એ	૦	૪૦	૪૭
૪૨૦		૪૦૦	૨	૦૮	૪૧
૪૨૧		૪૨૮	૦	૧૭	૨૦
૪૨૨	સચીન, તા. ચોર્યાસી, જિ. સુરત. ફેઈઝ ૧	૨૫૮/ભાગ	૦	૦૯	૨૮
૪૨૩		૩૪૨	૦	૨૫	૨૮
૪૨૪		૨૩૩/ભાગ	૦	૫૦	૬૦
૪૨૫		૨૩૪/ભાગ	૦	૩૯	૪૦
૪૨૬		૨૪૧/ભાગ	૦	૭૨	૩૩
૪૨૭		૨૪૨/ભાગ	૦	૭૮	૩૬
૪૨૮		૨૪૪/ભાગ	૦	૫૯	૬૨
૪૨૯		૨૪૫	૧	૯૯	૩૧
૪૩૦		૨૪૬	૦	૭૯	૯૩
૪૩૧		૨૪૭	૨	૪૯	૯૦
૪૩૨		૨૪૮	૧	૧૪	૩૨
૪૩૩		૨૪૯	૨	૯૭	૪૪
૪૩૪		૨૫૦	૧	૨૯	૫૦
૪૩૫		૨૬૨	૦	૩૯	૪૬
૪૩૬		૨૫૧	૧	૧૦	૨૮
૪૩૭		૨૫૨/એ	૧	૩૯	૬૨
૪૩૮		૨૫૨/બી	૦	૭૨	૮૪
૪૩૯		૨૫૩/ભાગ	૧	૫૮	૦૩
૪૪૦		૨૫૪	૦	૩૧	૩૬
૪૪૧		૨૬૩	૦	૧૬	૧૯
૪૪૨		૨૬૪	૦	૨૧	૨૫
૪૪૩		૨૬૫	૦	૨૯	૩૪
૪૪૪	ગાભેણી	૩૧૧	૩	૮૭	૬૭
૪૪૫	તા. ચોર્યાસી,	૩૧૨	૪	૧૮	૫૮
૪૪૬	જિ. સુરત.	૩૧૪	૧	૯૫	૦૨
૪૪૭	ફેઈઝ : ૧	૩૧૫	૨	૩૪	૨૬
૪૪૮		૩૧૩	૨	૫૮	૦૫
૪૪૯		૩૧૬	૧	૮૯	૦૮
૪૫૦		૩૧૭	૧	૮૯	૦૭
૪૫૧		૩૧૮	૨	૦૪	૫૪
૪૫૨		૩૨૦	૦	૯૦	૫૧
૪૫૩		૩૧૯	૦	૯૩	૯૪

૧	૨	૩	૪		
			હેક્ટર.	આર.	ચો.મી.
૪૫૪		૩૨૧	૧	૫૫	૭૮
૪૫૫		૩૨૨	૧	૮૦	૭૫
૪૫૬		૩૨૩	૦	૮૯	૧૯
૪૫૭		૩૨૪	૧	૦૯	૪૦
૪૫૮		૩૨૫	૬	૧૮	૩૬
૪૫૯		૩૨૬	૨	૭૩	૫૦
			૦	૦૫	૯૫—ખ
૪૬૦		૩૨૭	૨	૨૭	૧૩
૪૬૧		૩૨૮	૨	૦૪	૫૪
			૦	૧૪	૨૭—ખ
૪૬૨		૩૨૯	૨	૪૦	૨૧
			૦	૦૮	૩૩—ખ
૪૬૩		૩૩૦	૧	૮૫	૫૧
૪૬૪		૩૩૬/૨	૩	૩૦	૭૨
૪૬૫		૩૩૪	૦	૪૦	૪૩
૪૬૬		૩૩૫	૧	૩૦	૩૭
૪૬૭		૩૩૬/૧	૦	૯૩	૯૪
૪૬૮		૩૩૦	૨	૪૨	૧૬
૪૬૯		૩૩૧	૧	૬૭	૬૭
૪૭૦		૩૩૭	૧	૩૪	૩૮
૪૭૧		૩૩૯	૨	૧૮	૮૧
૪૭૨		૩૩૮	૦	૩૯	૪૯
૪૭૩		૩૪૦	૨	૨૦	૧૩
૪૭૪		૩૪૧	૨	૧૭	૬૨
૪૭૫		૩૪૨	૧	૩૯	૧૩
૪૭૬		૩૪૩	૧	૧૬	૭૫
૪૭૭		૩૪૪	૧	૦૭	૦૨
૪૭૮		૩૪૫	૧	૦૫	૮૪
૪૭૯		૩૪૬	૧	૫૯	૨૬
૪૮૦		૨૪૭	૨	૯૪	૯૧
૪૮૧		૩૪૯	૧	૮૦	૭૫
૪૮૨		૩૪૮	૧	૩૯	૧૩
૪૮૩		૩૫૦	૦	૭૦	૧૬
૪૮૪		૩૫૧	૧	૪૧	૫૧
૪૮૫		૨૯૨	૦	૪૯	૯૪
૪૮૬		૨૯૧	૧	૫૩	૪૦
૪૮૭		૨૯૩	૧	૨૭	૨૪
૪૮૮		૩૬૭	૨	૩૦	૭૦
૪૮૯		૩૬૮	૧	૩૩	૧૯
૪૯૦		૩૬૯	૪	૩૫	૨૪
૪૯૧		૩૭૦	૩	૪૭	૨૩

INDEX

૧	૨	૩	૪		
			હેક્ટર.	આર.	ચો.મી.
૪૯૨		૩૭૧	૧	૯૩	૮૩
૪૯૩		૩૭૯	૧	૭૭	૬૨
૪૯૪		૩૮૦	૭	૪૨	૦૩
૪૯૫		૩૮૧	૨	૭૭	૦૭
૪૯૬		૩૮૨	૦	૪૯	૯૪
૪૯૭		૩૮૩	૧	૧૧	૭૮
૪૯૮		૩૮૪	૧	૧૨	૯૭
૪૯૯		૩૮૫	૧	૨૦	૬૭
			૦	૦૩	૫૭—ખ
૫૦૦		૩૮૬	૨	૬૩	૯૯
			૦	૦૫	૦૫—ખ
૫૦૧		૩૯૨	૨	૦૦	૯૭
			૦	૦૭	૧૩—ખ
૫૦૨	ગાભેણી	૨૮૦	૦	૮૦	૮૬
૫૦૩	તા. ચોર્યાસી, જિ. સુરત	૩૫૩	૦	૯૮	૯૦
૫૦૪	ફેઈઝ : ૨	૩૬૨	૨	૪૭	૩૫
૫૦૫		૩૫૫	૧	૧૦	૫૯
૫૦૬		૩૧૭	૧	૭૯	૫૭
૫૦૭		૩૫૯	૧	૧૫	૩૫
૫૦૮		૩૬૧	૧	૩૫	૫૬
૫૦૯		૩૬૪	૧	૦૩	૪૬
૫૧૦		૩૬૫	૨	૩૯	૦૨
૫૧૧		૩૭૩	૧	૦૩	૪૬
૫૧૨		૩૭૫	૧	૪૭	૪૬
૫૧૩		૩૭૮	૧	૩૯	૧૩
૫૧૪		૩૮૦	૧	૩૬	૭૬
૫૧૫		૩૯૦	૨	૬૦	૪૩
૫૧૬		૩૯૧	૦	૮૬	૮૧
૫૧૭		૩૯૪	૧	૦૯	૪૦
૫૧૮		૩૯૮	૧	૦૫	૮૪
૫૧૯		૩૯૭	૧	૬૧	૭૩
૫૨૦		૨૯૦	૨	૪૯	૭૨
૫૨૧		૩૫૨	૨	૧૩	૧૫
૫૨૩		૩૫૪	૧	૧૦	૫૯
૫૨૪		૩૫૬	૧	૮૦	૭૫
૫૨૫		૩૫૮	૧	૧૦	૧૬
૫૨૬		૩૬૦	૧	૩૨	૦૦
૫૨૭		૩૬૩	૦	૫૩	૫૧
૫૨૮		૩૭૨	૧	૫૪	૫૯
૫૨૯		૩૬૬	૨	૩૬	૬૪
૫૩૦		૩૭૪	૧	૮૩	૧૭
૫૩૧		૩૭૬	૪	૧૦	૨૬

INDEX

૧	૨	૩	૪	૫	૬
			હેકટર.	આર.	ચો.મી.
૫૩૨		૩૭૭	૨	૦૯	૯૧
૫૩૩		૩૮૮	૨	૬૧	૬૧
૫૩૪		૩૮૯	૦	૬૮	૦૩
૫૩૫		૩૯૩	૩	૦૫	૬૧
૫૩૬		૩૯૫	૧	૦૭	૦૨
૫૩૭		૩૯૬	૨	૦૪	૫૪

અનુસૂચિ--૨

ઉત્તર હદ :

વાયવ્ય ખૂણેથી શરૂ થઈને બ્લોક નંબર ૩૫૦ની ઉત્તર હદ સુધી જાય છે અને ઉત્તર તરફ વળે છે અને બ્લોક નંબર ૨૮૯ની પશ્ચિમ હદ સુધી જાય છે અને પૂર્વ તરફ વળે છે અને ગાભેણી ગામના બ્લોક નંબર ૨૮૯, ૨૯૦, ૨૯૧, ૨૯૩, ૩૧૧, ૩૦૬, ૩૧૪ની ઉત્તર હદ સુધી જાય છે અને દક્ષિણ તરફ વળે છે અને ઉન ગામના બ્લોક નંબર ૨૪૯/ભાગ, ૨૪૮ અને ૨૪૭ ની પશ્ચિમ હદ સુધી જાય છે અને પૂર્વ તરફ વળે છે અને બ્લોક નંબર ૨૧૪, ૨૧૫ ની ઉત્તર હદ સુધી જાય છે અને દક્ષિણ તરફ વળે છે અને બ્લોક નંબર ૧૪૨ની દક્ષિણ હદ સુધી જાય છે અને બ્લોક નંબર ૨૦૦ ની ઉત્તર હદ સુધી જાય છે અને ઉન—મગદલ્લા માર્ગને ઓળંગે છે અને ઉન ગામના બ્લોક નંબર ૧૯૯ અને ૧૮૧ ની ઉત્તર હદ સુધી આગળ જાય છે અને ઉન ગામના બ્લોક નંબર ૧૮૧ના ઈશાન ખૂણે પૂરી થાય છે.

પૂર્વ હદ :

ઉન ગામના બ્લોક નંબર ૧૮૧ના વાયવ્ય ખૂણેથી શરૂ થઈને બ્લોક નંબર ૧૮૧, ૧૮૨, ૧૮૩ની પૂર્વ હદ સુધી જાય છે. નાલ જમીન અને બ્લોક નંબર ૧૮૪ અને ૧૮૬ ને ઓળંગે છે અને દક્ષિણ તરફ વળે છે અને ઉન ગામના બ્લોક નંબર ૧૮૭ની પૂર્વ હદ અને સચીન ગામના બ્લોક નંબર ૨૭૯/ભાગ સુધી જાય છે અને નહેરને ઓળંગે છે અને સચીન ગામના બ્લોક નંબર ૩૮૫, ૪૦૦, ૩૯૫, ૩૯૬, ૩૩૫, ૩૩૦ ૩૨૮, ૩૨૭, ૨૭૭, ૨૭૬, ૨૭૪, ૨૭૨, ૨૭૧, ૨૭૦, ૨૨૨ સુધી આગળ જાય છે. અને સચીન ગામના બ્લોક નંબર ૨૨૨ના અગ્નિ ખૂણે પૂરી થાય છે.

દક્ષિણ હદ :

સચીન ગામના બ્લોક નંબર ૨૨૨ અગ્નિ ખૂણેથી શરૂ થઈને, બ્લોક નંબર ૨૨૨, ૨૨૪, ૨૬૬, ૨૬૫, ૨૬૩, ૨૬૨ની દક્ષિણ હદ સુધી જાય છે અને દક્ષિણ તરફ વળે છે અને બ્લોક નંબર ૨૪૬, ૨૪૫ અને ૨૬૩ ની પૂર્વ હદ સુધી જાય છે અને પશ્ચિમ તરફ વળે છે અને બ્લોક નંબર ૨૩૩, ૨૩૪, ૨૪૪, ૨૪૩, ૨૪૨/ભાગ, ૨૪૧/ભાગની દક્ષિણ હદ સુધી જાય છે. સચીન ગામના બ્લોક નંબર ૨૫૭ની નાલ જમીનને ઓળંગે છે અને બ્લોક નંબર ૨૧૮, ૨૧૭, ૨૧૬, ૨૧૫/ભાગની દક્ષિણ હદ સુધી આગળ જાય છે. અને ઉન ગામની નહેરને અને બ્લોક નંબર ૨૧૪, ૨૧૩ અને ૨૧૨ને ઓળંગે છે અને બ્લોક નંબર ૪૪૦/ભાગ, ૪૪૧, ૪૩૬, ૪૩૪, ૪૨૬, ૪૨૮, ૪૩૦ ની દક્ષિણ હદ સુધી આગળ જાય છે અને બ્લોક નંબર ૩૯૩,

૩૮૨ની પશ્ચિમ હદ સુધી જાય છે. નાલ જમીન ૬૨૦, ૬૨૧, ૬૨૨ અને ૬૨૩ને ઓળંગે છે અને ઉત્તર તરફ વળે છે. બ્લોક નંબર ૬૨૩ની પશ્ચિમ હદ સુધી જાય છે અને પશ્ચિમ તરફ વળે છે અને તેલંગપોર ગામના બ્લોક નંબર ૬૨૫, ૬૫૨, ૬૫૩, ૬૪૭/૧ અને ૬૪૭ ની દક્ષિણ હદ સુધી જાય છે અને તેલંગપોર ગામના બ્લોક નંબર ૬૪૭ના નૈઋત્ય ખૂણે પૂરી થાય છે.

પશ્ચિમ હદ :

તેલંગપોર ગામના બ્લોક નંબર ૬૪૭ના નૈઋત્ય ખૂણેથી શરૂ થઈને અને બ્લોક નંબર ૬૪૭, ૬૪૯ની પશ્ચિમ હદ સુધી જાય છે અને પશ્ચિમ તરફ વળે છે અને બ્લોક નંબર ૬૩૧ની દક્ષિણ હદ સુધી જાય છે અને ઉત્તર તરફ વળે છે અને બ્લોક નંબર ૬૩૧ ની પશ્ચિમ અને ઉત્તર હદ સુધી જાય છે અને ઉત્તર તરફ વળે છે અને બ્લોક નંબર ૬૦૬, ૬૦૫, ૬૦૨, ૬૦૧ની પૂર્વ હદ સુધી જાય છે તેલંગપોર ગામની નાલ જમીન બ્લોક નંબર ૫૮૨, ૫૮૧, ૫૭૫, ૫૭૪, ૫૭૩, ૫૬૬ અને ૫૬૫ ઓળંગે છે અને ગાભેણી ગામના બ્લોક નંબર ૩૯૦, ૩૯૫, ૩૯૮, ૩૭૬, ૩૭૫, ૩૭૪, ૩૭૩, ૩૬૦, ૩૫૯, ૩૫૮, ૩૫૭ અને ૩૫૬ની પશ્ચિમ હદ સુધી આગળ જાય છે અને ગાભેણી ગામના વાયવ્ય ખૂણે પૂરી થાય છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. સી. પરમાર,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી હુકમ ક્રમાંક : જીઓએમ-૯૧/૫૩/એમ-એસટીપી/૧૦૯૦/૨૮૯૨/એચ-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Order

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ હુકમ

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૧૯૯૧.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીઓએમ-૯૧/૫૩/એમ-એસટીપી/૧૦૯૦/૨૮૯૨/એચ-૧.—મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ-૯ના ખંડ (ક)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી 'ટાટા એગ્રી કલ્ચરલ એન્ડ રુરલ ટ્રેનિંગ સેન્ટર ફોર ધી બ્લાઈન્ડ' ફાનસા, જિલ્લો

INDEX

વલસાડ દ્વારા પ્રયોજિત અંધજનોના પોતાની આત્મનિર્ભરતા માટે જમીન ખરીદીના હેતુ માટે તેમની તરફેણમાં કરેલા માલિકી—ફેર ખતો ઉપર લેવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટી સમગ્ર ગુજરાત રાજ્યમાંથી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
સરકારના ઉપ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૯૧-એમ-૮૭-એલએનડી-૩૯૮૬ એમ-૧૫-ગ નો ગુજરાતી અનુવાદ આથી, સર્વે લોકોની જાણ સાર, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT LAND REVENUE RULES, 1972.

ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ સુધારવા સંબંધી જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯.

ક્રમાંક : જીએચએમ-૯૧-એમ-૮૭-એલએનડી-૩૯૮૬-એમ-૧૫-ગ.— મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઈના ૫માં)ની કલમ ૨૧૪ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૨૧૪ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સાર, પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી, ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થયાની તારીખે અથવા તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ, બ્લોક નંબર

INDEX

૧૧, પમો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર-ને જે કાંઇ વાંધા અથવા સૂચનો મળશે તેના ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચએમ-૯૧-એમ-૮૭-એલએનડી-૩૯૮૬-એમ-૧૫-ગ.—મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઇના ૫મા)ની કલમ ૨૧૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની અને આ અર્થે તેને અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) નિયમો, ૧૯૯૧' કહેવાશે.

૨. ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨માં, નિયમ ૩૨ (ક)માં "પંદર વર્ષ કરતાં વધારે ન હોય તેવી" એ શબ્દોને બદલે "ત્રીસ વર્ષ કરતાં વધારે ન હોય તેવી" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. કે. ધોળકિયા,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી ઓકટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૨૪૪-ડીવીપી-૧૨૯૦-૯૨૧-એલનો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓકટોબર, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૨૪૪-ડીવીપી-૧૨૯૦-૯૨૧-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના, તારીખ ૨૨મી ડિસેમ્બર,

INDEX

૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩નો ૨૭૮-ડીવીપી-૧૨૮૦-૪૩૮૪-(૮૩)-એલ, હેઠળ મંજૂર કરેલી, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા--કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી મે, ૧૯૯૧નાં સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૩૪-ડીવીપી-૧૨૯૦-૧૫૬૭-(૯૧)-એલ હેઠળ તારીખ ૨૩મી મે, ૧૯૯૧ના ગુજરાત રાજપત્ર અસાધારણ ભાગ-૪-બી ના પાનાં ક્રમાંક ૧૩૫--૧ થી ૧૩૫--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારનાં સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય, તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા ઉપર વિચારણા કરી છે;

અને, સરકારે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) એવી રીતે જણાવેલો ફેરફાર સન ૧૯૯૧ના નવેમ્બર મહિનાની ૧૫મી તારીખથી અમલમાં આવશે એમ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-પી-૧૯૮૩નો ૨૭૮-૧૨૮૦-૪૩૮૪(૮૩) થી મંજૂર કર્યા પ્રમાણેના વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદો અને રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર ૮ની પશ્ચિમની બાજુ વચ્ચે જોડેલા વિસ્તારમાં જ માત્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી અને તેણે જણાવેલી શરતોને અને અધિનિયમની કલમ ૧૨(૨)(ત) હેઠળ વિકાસ યોજનામાં દર્શાવેલ નીમ્ન પ્રદૂષણ લાઈનને અધીન રહીને, સોલિડ--ઈન્ડસ્ટ્રીયલ--વેસ્ટને એકત્ર કરવાના ઉપયોગ સિવાય, વિકાસ યોજનામાં ખુલ્લી જગા તરીકે મુકરર કરેલ વિસ્તારોમાં કોઈ વિકાસ પ્રવૃત્તિઓ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૨. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદો અને રાષ્ટ્રીય ધોરી માર્ગ ક્રમાંક ૮ની પશ્ચિમની બાજુની વચ્ચે જોડાયેલા વિસ્તારોમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરીને અને તેણે જણાવેલી

INDEX

શરતોને અને અધિનિયમની કલમ ૧૨(૨)(ન) હેઠળ વિકાસ યોજનામાં દર્શાવેલ નીમ્ન હવાઈ પ્રદૂષણ લાઈનને અધીન રહીને, સોલિડ-ઇન્ડસ્ટ્રીયલ-વેસ્ટને એકત્ર કરવો.

૩. વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદો અને રાષ્ટ્રીય ધોરી માર્ગ ક્રમાંક ૮ની પશ્ચિમની બાજુની વચ્ચે જોડાયેલા વિસ્તારોમાં જ માત્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી અને તેઓ જણાવેલી શરતોને અને અધિનિયમની કલમ ૧૨(૨)(ન) હેઠળ વિકાસ યોજનામાં દર્શાવેલ નીમ્ન હવાઈ પ્રદૂષણ લાઈનને અધીન રહીને સોલિડ-ઇન્ડસ્ટ્રીયલ-વેસ્ટને એકત્ર કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. પંચાલ,

સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXII] THURSDAY, DECEMBER 26, 1991/PAUSA 5, 1913 [No. 52

Separate paging is given to this Pare in order that it may be filed as a separate compilation.

PART — IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડીસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૬૨/ડીવીપી-૧૪૮૯/૮૨૨ (૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૬૨/ ડીવીપી--૧૪૮૯/૮૨૨ (૯૧) એલ.-- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી-૧૪૮૧/૩૮૪ (૮૬) એલ હેઠળ મંજૂર કરેલ, સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.--

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકાર જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ ડીવીપી--૧૪૮૧/ ૩૮૪ (૮૬) એલ થી મંજુર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

સુડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "સુડા દ્વારા ગૃહનિર્માણ" માટે અનામત રાખેલી આ સાથે જોડેલા પ્લાન ઉપર (XYZ) તરીકે નિશાની કરેલી, વેસુ ગામનાં મહેસૂલી સરવે નંબર ૩૯૧/પૈકી, ૩૯૨/પૈકી અને ૪૦૫/પૈકી, ૪૦૪/પૈકી, ૬૦૨/પૈકી વગેરે જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમનાં નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૧૧૪/ડીવીપી-૧૨૯૦/૧૫૩૨(૯૧)એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી મે, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૧૧૪/ડીવીપી-૧૨૯૦/૧૫૩૨(૯૧)એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો-૨૭૮/ડીવીપી/૧૨૮૦/૧૩૮૪(૮૩)-એલ હેઠળ, મંજૂર કરેલ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ, વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામાં ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૨૯/ડીવીપી-૧૨૯૦/૩૧૧(૯૧)-એલ હેઠળ, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૯૧ના, ગુજરાત સરકારી રાજપત્ર ભાગ—૪-બીના પાનાં નંબર ૩૦—૬ ઉપર પ્રસિદ્ધ કર્યાં હતાં અને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફારો પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર—ને લેખિત રજૂ કરવા કોઈ વ્યક્તિને, ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે; અને, ગુજરાત સરકારે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ, વિકાસ યોજનામાં કરવાના ફેરફારો મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફારો તારીખ ૬ઠ્ઠી જૂન, ૧૯૯૦થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી-૧૨૮૦-૧૩૮૪(૮૩)-એલ થી, મંજૂર કરેલ વડોદરા શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"વુડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ખેતીવિષયક ઝોન" તરીકે મુકરર કરેલી ધાનેરા ગામના મહેસૂલી સરવે નંબર ૧૦૩/ભાગ, ૧૦૬/ભાગ, ૧૦૭, ૧૦૮, ૧૦૯/ભાગ, ૧૧૦/ભાગ અને ૧૧૧ વાળી જમીન, તેવા ઉપયોગમાંથી મુકત કરવી અને તેવી રીતે મુકત કરેલી જમીન, આ સાથેનાં પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ, "ત્રાસદાયક ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૧-૨૮૧-બીએસઈ-૧૦૯૦-૩૧૮૬-એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENTS ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૧.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચઆર-૯૧-૨૮૧-બીએસઈ-૧૦૯૦-૩૧૮૬-એમ-(૩).—મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈ અધિનિયમ ક્રમાંક ૭૯મા)ની કલમ ૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી કાર્તિકીપૂનમ મેળા (સાંસ્કૃતિક મેળા)ના પ્રસંગે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના અધિનિયમ ક્રમાંક ૩૪મા) હેઠળ રચાયેલ સિધ્ધપુર નગરપાલિકા, જિલ્લો મહેસાણાની હદોની અંદર દુકાનો, નિવાસી હોટેલો, રેસ્ટોરંટ અને ભોજનગૃહોના સંબંધમાં આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરી હોય તેવી સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ, સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં તે દરેક સામે નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૧થી ૨૨મી નવેમ્બર, ૧૯૯૧ (બંન્ને દિવસો સહિત) ની મુદત દરમિયાન મોકુફ રાખે છે.

અનુસૂચિ

જે જોગવાઈઓનો અમલ કામચલાઉ મોકુફ રાખેલ હોય તે જોગવાઈઓ	જેને આધીન રહીને, જોગવાઈઓનો અમલ મોકુફ રાખેલ હોય તે શરતો.
૧	૨
૧. કલમ ૧૧	કોઈપણ દુકાન, કોઈપણ દિવસે રાતના બાર કરતાં મોડી ખુલ્લી રાખવી નહિ.
૨. કલમ ૧૨	માલની ફેરી, રાતના બાર સુધી કરી શકાશે.

INDEX

૧	૨
૩. કલમ ૧૪	(ક) આ જોગવાઈઓનો અમલ ફક્ત દુકાનોના સંબંધમાં જ મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) કોઈ નોકરને નિર્દિષ્ટ કરેલા કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે તો તે, અધિનિયમની કલમ ૬૩ની પેટા--કલમ (૧)માં, નિર્દિષ્ટ કરેલા દરે વેતન મેળવવા હકદાર રહેશે.
૪. કલમ ૧૬	કામનો કુલ સમય, ચૌદ કલાક કરતાં વધુ હોવો જોઈએ નહિ.
૫. કલમ ૧૮	(ક) આ જોગવાઈઓનો અમલ ફક્ત દુકાનોના સંબંધમાં જ મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) ઠરાવેલ રજાનો દિવસ ન મળવાને કારણે, દરેક નોકર,— (૧) તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૧ પછી તેના બદલામાં રજા મેળવવા હકદાર રહેશે; અથવા (૨) એવી રજામાં થયેલ કામ માટે અધિનિયમની કલમ ૬૩ ની પેટા--કલમ (૧)માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ દરે વેતન મેળવવાને હકદાર રહેશે.
૬. કલમ ૧૯	કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજનગૃહ, કોઈપણ દિવસે રાતના બાર કરતાં મોડા ખુલ્લા રાખવા નહિ.
૭. કલમ ૨૦	... ...
૮. કલમ ૨૧	કોઈપણ નોકરને નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે, તો તે, અધિનિયમની કલમ ૬૩ ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ દરે, વેતન મેળવવા હકદાર રહેશે.
૯. કલમ ૨૪	ઠરાવેલી અઠવાડિક રજા ન મળવાને કારણે, દરેક નોકર— (૧) તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૧ પછી તેના બદલામાં રજા મેળવવા હકદાર રહેશે; અથવા વળી (૨) રજામાં કરેલ કામ માટે, અધિનિયમની કલમ ૬૩ ની પેટા-કલમ (૨)માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ દરે વેતન મેળવવા હકદાર રહેશે.

આ વિભાગની ફાઈલ નંબર બી.એસ.ઈ.-૧૦૯૦-૩૧૮૬-એમ-(૩)- ઉપર તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૧ની ગૃહ વિભાગની સંમતિથી આ બહાર પાડવામાં આવ્યું છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. બી. વડાજીઆ,
સેકશન આધકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૫મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી ઓક્ટોબર, ૧૯૯૧ ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર--૯૧--૨૪૨--બીએસઈ-૧૦૯૧--૨૭૮૧--એમ(૩)—નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENTS ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓક્ટોબર, ૧૯૯૧.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચઆર--૯૧--૨૪૨--બીએસઈ--૧૦૯૦--૨૭૮૧--(એન)-૩.—ગુજરાત દુકાન અને સંસ્થા નિયમો, ૧૯૬૨ ના નિયમ ૪ સાથે વાંચતાં, મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ ના મુંબઈ ના અધિનિયમ ક્રમાંક : ૭૯મા) ની કલમ ૬ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી નવરાત્રિ અને દિવાળીના તહેવારોને કારણે નીચેની અનુસૂચિના કોલમ (૧) માં નિર્દિષ્ટ કરેલ વર્ગોની સંસ્થાઓના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ (૩) માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલ શરતોને અધીન રહીને, તારીખ ૮મી ઓક્ટોબર, ૧૯૯૧થી ૮મી નવેમ્બર, ૧૯૯૧ (બન્ને દિવસો સહિત) ની મુદત સુધી, ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોમાં, અનુસૂચિના કોલમ (૨) માં નિર્દિષ્ટ કરેલી, સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ મોકૂફ રાખે છે.

અનુસૂચિ

સંસ્થાઓ	સદરહુ અધિનિયમની જોગવાઈઓ	શરતો
૧	૨	૩
૧. દુકાનો.		
૧. હિસાબના ચોપડા વેચતી દુકાનો	કલમ--૧૧ ની પેટા--કલમ (૧) નો ખંડ (ક)	(૧) કોઈપણ દુકાન કોઈપણ દિવસે રાતના ૧૧--૦૦ કરતાં મોડી બંધ કરવી નહિ.

૧	૨	૩
૨. દારૂખાનું વેચતી દુકાનો	કલમ ૧૪ કલમ--૧૬ કલમ--૧૮	(૨) કોઈ નોકરને, કલમ ૧૪માં નિર્દિષ્ટ કામના કલાકો કરતાં વધુ કામ કરવું પડે તો તે, ઓવરટાઈમ કામના સંબંધમાં, કલમ ૬૩ (૧) માં નિર્દિષ્ટ કરેલ દરે વેતન માટે હકદાર થશે. જે ઠરાવેલા વેતન રજિસ્ટરમાં નોંધવાનું રહેશે.
૩. આટાની દુકાનો અને આટાની મિલો.	--એજન--	(૩) કામનો એકંદર સમય, કોઈપણ દિવસે ચૌદ કલાક કરતા વધુ હોવો જોઈશે નહિ.
૪. દરજીની દુકાનો, તૈયાર કપડાં વેચતી દુકાનો સહિત કાપડની —દુકાનો અને હોઝીયરીની દુકાનો	--એજન--	(૪) અઠવાડિક રજા નહિ મળવાને કારણે, દરેક નોકરને, (૧) તેનાં બદલામાં તારીખ ૮મી નવેમ્બર, ૧૯૯૧ પછી, તેટલી સંખ્યામાં રજા આપવી જોઈશે.
		(૨) અથવા એવી રજાઓમાં કરેલા કામ માટે કલમ ૬૩(૧) માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ કરેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.
૬. અત્તર વેચતી દુકાનો.	--એજન--	
૨. તમામ રેસ્ટોરાં અને ભોજનગૃહો	કલમ ૧૯ કલમ ૨૦ કલમ ૨૧ કલમ ૨૪	(૧) કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજનગૃહ કોઈપણ દિવસે, રાતના ૧૨ કરતાં મોડા બંધ કરવા નહિ.
		(૨) કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજન ગૃહમાંના કોઈ નોકરને, કલમ ૨૧માં નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે તો તે, ઓવરટાઈમ કામના સંબંધમાં કલમ ૬૩ (૨) માં ઠરાવેલા દરે વેતન માટે હકદાર થશે ; જે ઠરાવેલા વેતન રજિસ્ટરમાં નોંધવાનું રહેશે.

INDEX

૧	૨	૩
		(૩) ઠરાવેલી અઠવાડિક રજા નહિ મળવાને કારણે, કોઈ રેસ્ટોરન્ટ અથવા ભોજન ગૃહમાંના દરેક નોકરને, (૧) તેના બદલામાં તારીખ ૮મી નવેમ્બર, ૧૯૯૧ પછી તેટલી જ સંખ્યામાં રજા આપવી જોઈશે, અથવા (૨) એવી રજાઓમાં કરેલા કામ માટે, કલમ ૬૩ (૨) માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ કરેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.

ફાઈલ નં. બીએસઈ/૧૦૯૦/૨૭૮૧/(એમ)૩ ઉપર તારીખ ૩જી ઓક્ટોબર, ૧૯૯૧ ના રોજ ગૃહ વિભાગની સંમતિ સાથે આ બહાર પાડયું છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,

સેક્શન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ડીસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૪૭/ડીવીપી-૧૪૯૧-૧૭૦૪ (૯૧) એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,

સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો૧૪૭/ડીવીપી/૧૪૯૧-૧૭૦૪ (૯૧) એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના

INDEX

સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૧૯૮૬નો૪૬/ડીવીપી/૧૪૮૧/૩૮૪(૮૬) એલ હેઠળ, મંજુર કરેલ, સુરત શહેરી વિકાસ વિસ્તાર માટે, છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧/૩૮૪ (૮૬) એલ થી મંજૂર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

સુડાના જી. ડી. સી. આર.ની વ્યાખ્યા ક્રમાંક ૨.૨૦ને બદલે નીચે પ્રમાણે મજકૂર મૂકવો :—

"ગામતળ અથવા ગોટણ જમીન" એટલે વિકાસ યોજનાના મુસદ્દાની પ્રસિધ્ધિની તારીખે અથવા તે પહેલાં, કલેકટરે ગામ, નગર અથવા શહેરની હદમાં સમાવિષ્ટ કરી હોય તેવી તમામ મહેસૂલી મુકત જમીન, પણ ત્યારપછી તેમાં મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમની જોગવાઈઓ હેઠળ, તેવા કોઈ ગામ, નગર અથવા શહેરમાં સમાવિષ્ટ કરી હોય તેવી કોઈપણ જમીનનો સમાવેશ થશે નહિ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૧૫૪/ડીવીપી-૧૨૯૦/૧૮૧૫(૯૧)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૧નો ૧૧૪/ડીવીપી-૧૨૯૦/૧૮૧૫(૯૧)એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડીસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૧૩૮૪(૮૩)એલ, હેઠળ મંજુર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેર-નામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૪૮/ડીવીપી-૧૨૯૦/૧૮૮(૯૧)-એલ હેઠળ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૧નાં ગુજરાત અસાધારણ રાજપત્ર ભાગ-૪-બીના, પાનાં ૫૦ થી ૫૦-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ; અને, સરકારે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે : અને

(ખ) એવી રીતે જણાવેલો ફેરફાર, સને ૧૯૯૧ના જુલાઈ મહિનાની ૨૪મી તારીખથી અમલમાં આવશે, એમ નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડીસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦-૧૩૮૪(૮૩)-એલ થી મંજુર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"વુડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "ત્રાસદાયક ઔદ્યોગિક ઉપયોગ" માટે મુકરર કરેલી નંદેસરીના મહેસૂલી સરવે નંબર ૧૨૭/ભાગ, ૧૨૬/ભાગ, ૧૨૫/ભાગ, ૧૨૪/ભાગ, ૬૪૪/ભાગ, ૬૪૫/ભાગ, ૬૪૬, ૬૪૭/ભાગ, ૬૪૯/ભાગ, ૬૫૦, ૬૩૮/ભાગ, ૬૫૧/૧, ૬૫૧/૨, ૬૫૨/ભાગ, ૬૫૩, ૬૫૪, ૬૫૬, ૬૬૨, ૬૬૧/ભાગ, ૬૬૧/૧, ૬૫૫/ભાગ, ૬૫૭/ભાગ, ૬૫૮/ભાગ, ૬૩૫/ભાગ, ૬૩૪/ભાગ, ૬૬૦/૧, ૬૬૦/૨/ભાગ, ૬૬૦/૩, ૬૫૯/ભાગ, ૬૬૩/ભાગવાળી જમીન, તેમાંથી મુક્ત કરવી અને તે રીતે મુક્ત કરાયેલી જમીન, આ સાથેનાં પ્લાનમાં અનુક્રમાંક ૧ આગળ—જણાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

૨. "વુડા"ની મંજૂરી કરેલી વિકાસ યોજનામાં, "ત્રાસદાયક ઔદ્યોગિક ઉપયોગ" માટે મુકરર કરેલી નંદેસરીના મહેસૂલી સરવે નંબર ૧૨૭/ભાગ, ૧૨૮/ભાગ, ૧૨૯/ભાગ, ૧૩૦/ભાગ, ૧૩૨, ૧૩૧/ભાગ, ૧૩૩, ૧૩૪/ભાગ, ૧૩૫/ભાગ, ૧૩૭/ભાગ, ૧૫૧/ભાગવાળી જમીન, તેમાંથી મુક્ત કરવી અને તે રીતે મુક્ત કરેલી જમીન, આ સાથેનાં પ્લાનમાં અનુક્રમાંક ૨ આગળ જણાવ્યા પ્રમાણે, સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨)(ક) હેઠળ, "સામાન્ય વાણિજ્યિક ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ડીસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૯મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૫૩/ડીવીપી/૧૨૯૦-૧૮૧૬ (૯૧) એલ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જૂન, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૫૩/ડીવીપી-૧૨૯૦-૧૮૧૬-(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો **અભિપ્રાય** હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડીસેમ્બર, ૧૯૮૩ ના

INDEX

સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૧૩૮૪/(૮૩) એલ હેઠળ મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેબખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક-જીએચ/વી/૧૯૯૧નો ૪૩/ડીવીપી/૧૨૯૦/૨૭૮/(૯૧) એલ હેઠળ તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત અસાધારણ રાજપત્ર ભાગ-૪બીના પાનાં ૪૫ થી ૪૫-૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;
અને સરકારે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચારયનિમય કર્યો છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) એવી રીતે જણાવેલો ફેરફાર, સન ૧૯૯૧ના જુલાઈ મહિનાની ૨૪મી તારીખથી અમલમાં આવશે, એમ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડીસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૧૩૮૪ (૮૩) એલ થી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"વુડા"ની મંજૂર કરેલ વિકાસ યોજનામાં તરસાળી ગામના મહેસૂલી સરવે નંબર ૨૧૭/ભાગ, ૨૪૧/ભાગ, ૨૪૨/ભાગમાંથી પસાર થતી ૩૬ મીટર પહોળા રસ્તાની લાઈનદોરી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ-૧૨ (૨) (ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ડીસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી--બી-૯૧-૧૪૩-એમવીડી/ ૧૧૮૯--૫૩૧૫--ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ઉ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE RULES FOR THE DEPARTMENTAL EXAMINATION FOR THE CLERK AND SENIOR CLERKS IN THE MOTOR VEHICLES DEPARTMENT, 1964.

મોટર વાહન ખાતાના કારકુન અને સિનિયર કારકુન માટેની ખાતાકીય પરીક્ષા માટેના નિયમો, ૧૯૬૪ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૧૯૯૧.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જી-બી-૯૧-૧૪૩-એમવીડી / ૧૧૮૯-- ૫૩૧૫--ખ.-- ભારતના સંવિધાનની કલમ ૩૦૯નાં પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મોટર વાહન ખાતાના કારકુન અને સિનિયર કારકુન માટેની ખાતાકીય પરીક્ષા માટેના નિયમો, ૧૯૬૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.--

૧. આ નિયમો "મોટર વાહન ખાતાના કારકુન અને સિનિયર કારકુન માટેની ખાતાકીય પરીક્ષા માટેના (સુધારા) નિયમો, ૧૯૯૧" કહેવાશે.

૨. મોટર વાહન ખાતાનાં કારકુન અને સિનિયર કારકુન માટેની ખાતાકીય પરીક્ષા માટેના નિયમો, ૧૯૬૪ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૧ને બદલે નીચેનો નિયમ મૂકવો:--

"૧. આ નિયમો 'ગુજરાત મોટર વાહન ખાતા (કારકુન અને સિનિયર કારકુનની પરીક્ષાને લગતી નોકરીની શરતો) નિયમો, ૧૯૬૪' કહેવાશે.

૩. સદરહુ નિયમોમાં પરિશિષ્ટમાં (ક) "પ્રશ્નપત્ર--૧ અને તે હેઠળની નોંધો ૧, ૨ અને ૩ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:--

"પ્રશ્નપત્ર--૧ :-- ખાતાકીય બાબતો (પુસ્તકો સાથે)

INDEX

ગુણ : ૧૦૦ (સમય ૩ કલાક)

(૧) મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮નો અધિનિયમ ક્રમાંક ૫૯મો) (પ્રકરણ ૬, ૭, ૮ અને ૧૪ સિવાય).

(૨) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ (પ્રકરણ ૫ અને ૬ સિવાય)

(૩) ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯. (પ્રકરણ ૬ અને ૭ સિવાય)"

(ખ) પ્રશ્નપત્ર ૩ અને તે હેઠળની નોંધો ૧, ૨, ૩ અને ૪ને બદલે નીચેનો મજકૂર મૂકવો :--

"પ્રશ્નપત્ર--૩--સેવા અને નાણાંકીય બાબતો (પુસ્તકો સાથે)
ગુણ ૧૦૦ (સમય ૩ કલાક)

(૧) મુંબઈ મુલકી સેવા નિયમો, ૧૯૫૯ નિયમ--સંગ્રહ--૧ પ્રકરણ ૧ થી ૧૦ પ્રકરણ ૧૨, (મુસાફરી ભથ્થાં) ને લગતા પરિચ્છેદ ૩ થી ૭.

(૨) મુંબઈ મુલકી સેવા નિયમો, ૧૯૫૯ નિયમ--સંગ્રહ--૨ પરિશિષ્ટો ૭, ૪૨--ક અને ૪૪-ક.

(૩) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯, નિયમ ૨૩, ૩૫, ૩૬, ૩૮, ૩૯, ૪૬ થી ૫૧, ૭૦, ૮૦, ૧૦૬, ૧૧૧થી ૧૩૯, ૧૪૨, ૧૫૨ થી ૧૬૯.

(૪) ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧ નિયમ ૧ થી ૪, ૯ થી ૧૪, ૩૨ થી ૩૬, ૩૯ થી ૪૫, ૫૧ થી ૫૫, ૫૭ થી ૬૧, ૭૦ થી ૭૪, ૭૯, ૮૦, ૮૧, ૯૧, ૧૧૫, ૧૩૨ થી ૧૩૭, ૧૩૯, ૧૪૨, ૧૪૩, ૧૪૬, ૧૫૭,

(૫) મુંબઈ સામાન્ય પ્રોવિડન્ટ ફંડ નિયમો."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડયા,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૫મી ડીસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૯૧-૬૪-આઈબીએ-૧૦૯૧-૮૧૨-ઓમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE INDIAN BOILERS ACT, 1923.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી માર્ચ, ૧૯૯૧.

ક્રમાંક જીયુ-૯૧-૬૪-આઈબીએ-૧૦૯૧--૮૧૨- એમ (૩).-- ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૫મા) ની કલમ ૩૪ની પેટા-કલમ (૩) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ ક્રીષક ભારતી સહકારી લિમિટેડ, પો.ઓ. ક્રીભકોનગર જિલ્લો સુરત ખાતે ગોઠવેલ બોઈલરને, સદરહુ અધિનિયમની કલમ ૬ના ખંડ (ગ) અને કલમ ૮ ની પેટા--કલમ (૧)ના ખંડ (ક) ની જોગવાઈઓમાંથી નીચેની શરતોને અધીન રહીને, સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી મુદત સુધી, મુક્તિ આપે છે.--

(૧) ફીડ વોટર અને બ્લો-ડાઉન અંગેના રોજેરોજના રાસાયણિક પૃથક્કરણના રિપોર્ટો, સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવનાં મુખ્ય નિરીક્ષક, ગુજરાત રાજ્ય, અમદાવાદને દર પખવાડિયે ચકાસણી માટે મોકલવા.

(૨) બોઈલરનું ચાલુ દબાણ, કાઢી આપેલા કાર્યપ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ દબાણ કરતાં વધુ હોવું જોઈએ નહિ.

(૩) આ મુદત દરમિયાન બોઈલરને અથવા બોઈલરનાં કોઈપણ ભાગને અકસ્માત થાય, તો બોઈલર બંધ કરવું જોઈએ અને સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષકની કચેરી ગુજરાત રાજ્ય, અમદાવાદને તેની તરત જ જાણ કરવી જોઈશે.

૪. ગુજરાત બોઈલર પરિચર નિયમો, ૧૯૬૬ અનુસાર લાયકાત ધરાવતા પરિચરોએ બોઈલર ઉપર દેખરેખ રાખવી જોઈશે.

(૫) કલમો ૬ (ગ) અને ૮ (૧) (ક) સિવાય, સદરહુ અધિનિમની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈનો ભંગ થયેથી મુક્તિ રદ કરવામાં આવશે.

અનુસૂચિ

બોઈલરનું વર્ણન (૧)	મુક્તિની મુદત (૨)
નોંધણી ક્રમાંક જીટી/૨૩૫૫ ધરાવતું અને ૨૩૬૦ ચોરસ મિટર તાપમાન સપાટી ધરાવતું એક વેસ્ટ હીટ બોઈલર	૨૭મી માર્ચ, ૧૯૯૧ થી ૨૬મી એપ્રિલ, ૧૯૯૧

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૯૧-૧૨૫-સીએલએ-૧૦૮૬-૮૧૮૨-એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, LABOUR AND EMPLOYMENT DEPARTMENT NO. GU-89-56-CLA-1086-8112-M (3), DATED THE 27TH FEBRUARY, 1989.

શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીયુ-૮૯-૫૬-સીએલએ-૧૦૮૬-૮૧૮૨-એમ(૩) સુધારવા સંબંધી જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૧૯૯૧.

કન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦.

ક્રમાંક જીયુ-૯૧-૧૨૫-સીએલએ-૧૦૮૬-૮૧૮૨-એમ(૩).—રાજ્ય સરકારે શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૮૯-૫૬-સીએલએ-૧૦૮૬-૮૧૮૨-એમ(૩) અનુસાર તારીખ ૧લી માર્ચ, ૧૯૯૦થી, જેમાં ૧૦૦ કે તેથી વધુ કામદારો કામે રાખ્યા હોય અને જે દૂધની પ્રક્રિયામાં અથવા દૂધની બનાવટોનાં ઉત્પાદનમાં અથવા ઢોર ખાણ ઉત્પાદનમાં રોકાયેલ હોય તેવી સંસ્થા (જેનો આમાં હવે પછી "સદરહુ સંસ્થા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં કન્ટ્રાક્ટ મજૂરને કામે રાખવાનો પ્રતિબંધ મૂકયો હતો;

અને, સદરહુ જાહેરનામા સામે સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ—એ ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નંબર ૧૦૨૫/૯૦ ફાઈલ કરી હતી. જેમાં સદરહુ જાહેર-નામાનો અમલ ન કરવા માટેની કામગીરી સામે હાઈકોર્ટે વચગાળાનો મનાઈ હુકમ આપ્યો હતો. જ્યારે સાબરડેરી કામદાર મંડળે ગુજરાત હાઈકોર્ટમાં બીજી સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નંબર ૧૩૦૧/૯૦ ફાઈલ કરી હતી. જેમાં અરજદારોની નોકરી સમાપ્ત કરવા સામે, હાઈકોર્ટે મનાઈ હુકમ આપ્યો છે. ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (અમુલ) આણંદ અને સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ—એ પણ આ બાબતમાં રજૂઆત કરેલી, ત્યારબાદ આ બાબતની ચર્ચા, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૦ના રોજ સચિવ, સહકાર વિભાગ, મેનેજીંગ ડીરેક્ટર ડેરી વિકાસ કોર્પોરેશન અને સચિવ, શ્રમ અને રોજગાર વિભાગની બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઉદ્યોગ સાથે સંકળાયેલ સંસ્થાઓને પણ સાંભળવામાં આવી હતી અને તેમને સંબંધિત વિગતો પૂરી પાડવાનું કહેવામાં આવ્યું હતું અને તેઓએ આ સંબંધિત વિગતો પૂરી પાડી હતી.

INDEX

અને, આ વિગતોની ઝીણવટપૂર્વક ચકાસણી કરતાં સરકારને એવી ખાતરી થઈ છે કે સદરહુ જાહેરનામામાં જણાવેલી પ્રક્રિયાઓ ક્રમાંક ૧, ૩, ૪ અને ૭માં કન્ટ્રાકટ મજૂર પદ્ધતિ ચાલુ રાખવી જરૂરી છે, નહિતર તેના ઉત્પાદનને વિપરીત અસર થશે.

તેથી, હવે, કન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ની કલમ ૧૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯નું સરકારી જાહેરનામું ક્રમાંક જીયુ-૮૯-૫૬-સીએલએ-૧૦૮૬-૮૧૮૨-એમ(૩) નીચે પ્રમાણે સુધારે છે:—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં કોલમ ૩માં, અનુક્રમાંક ૧, ૩, ૪ અને ૭ સામે નિર્દિષ્ટ કરેલી પ્રક્રિયાઓના અમલ કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૯મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૯૬-ડીવીપી-૨૭૮૯-૧૦૭૩-(૯૧) એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ, પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૯૬/ડીવીપી-૨૭૮૯/૧૦૭૩-(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૨૨૩/ડીવીપી-૨૭૮૪-૩૯૨૩-(૮૭)-એલ હેઠળ મંજૂર કરેલ, ઉંઝા નગર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

INDEX

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૦ના સરકારી—જાહેરનામા ક્રમાંક જીએચ-વી/૧૯૯૦નો ૨૪૮/ડીવીપી-૨૭૮૯-૩૭૫૨(૯૦)-એલ થી ગુજરાત સરકારી રાજપત્ર ભાગ—૪-બીનાં પાના નંબર ૨૪૦—૧ થી ૨૪૦—૩ ઉપર પ્રસિદ્ધ કર્યો હતાં અને સૂચિત ફેરફારનાં સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ, ફેરફારો પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર—ને લેખિત રજૂ કરવા કોઈ વ્યકિતને ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને, ગુજરાત સરકારે, ઉંઝા, વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનાં ફેરફારો મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનાં ફેરફારો, તારીખ ૧૩મી મે, ૧૯૯૧થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૮૭ના સરકારી જાહેરનામાં ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૨૨૩/ડીવીપી-૨૭૮૪-૩૯૨૩(૮૭)-એલ થી, મંજૂર કરેલ ઉંઝા નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

ઉંઝાની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં, ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી, આ સાથેનાં પ્લાનમાં, ABCDA તરીકે નિશાની કરેલી ઉંઝાનાં મહેસૂલી સરવે નંબર ૧૦૭૦/ભાગવાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી ૯૧-૪૦ ઈપીટી-૧૦૯૧-જીઓઆઈ-૧-(૩)-ઈ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, FINANCE DEPARTMENT NO. (GHN-45) MNR-1078-1571 (S-29) (2) TX, DATED THE 13TH JULY, 1979.

નાણાં વિભાગનું તારીખ ૧૩મી જૂલાઈ, ૧૯૭૯નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન ૪૫)--એમએનઆર--૧૦૭૮--૧૫૭૧-(એસ-૨૯)-(૨)-ટીએક્સ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : (જીએચટી-૯૧-૪૦)-ઈપીટી-૧૦૯૧-જીઓઆઈ-૧-(૩)-ઈ.—ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૨૯ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૧ના નવેમ્બર મહિનાની ૧૪મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે નાણાં વિભાગનું તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૭૯નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૪૫)-એમએનઆર-- ૧૦૭૮-૧૫૭૧-(એસ--૨૯)-(૨) ટીએક્સ નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં અનુક્રમાંક ૧૫ આગળની નોંધને બદલે, નીચેની નોંધ મુકવી :—

૧	૨	૩	૪
"૧૫.	બાળકોના લાભ માટે, ચીલ્ડ્રન ફીલ્મ સોસાયટી ઓફ ઈન્ડિયા, મુંબઈ--એ નિર્માણ કરેલી અથવા સંપાદિત કરેલી બાળકોની ફિલ્મોના પ્રદર્શનને.	પૂરેપૂરી	પૂરેપૂરી".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ડી. દેસાઈ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો-૨૬/ડીવીપી/૧૫૮૮/૩૬૮/(૯૧)-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૬/ડીવીપી/૧૫૮૮-૩૬૮-(૯૧)એલ,—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૩નો ૨૦૩/ડીવીપી-૧૧૭૬/૨૭૭૯-(૮૩) એલ હેઠળ મંજૂર કરેલ અગાઉની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું, સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખીતમાં રજુ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામાં ક્રમાંક : જીએચ/પી-૧૯૮૩ના ૨૦૩/ડીવીપી-૧૧૭૬-૨૭૭૯ (૮૩) એલ થી મંજૂર કરેલી અગાઉની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના વિસ્તાર માંટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

અમદાવાદની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં, "એએમ.સી. ગૃહનિર્માણ" માટે, નગરરચના યોજના અમદાવાદ નંબર ૨૯ (નારણપુરા) માંના ફાઈનલ પ્લોટ નંબર ૨૨૫, ૨૫૬, ૨૬૩, ૨૬૪, અને ૨૭૨ (૧૪,૭૪૬ ચો. મી.) વાળી જમીન અનામતમાંથી કમી કરવી અને તે રીતે મુકત કરેલી જમીન આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી,

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી ડિસેમ્બર, ૧૯૯૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૧૦૩-ડીવીપી-૧૨૯૦-૧૨૫૬(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮મી એપ્રિલ, ૧૯૯૧

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૧૦૩/ડીવીપી-૧૨૯૦-૧૨૫૬(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના, તારીખ ૨૨મી ડીસેમ્બર,

INDEX

૧૯૮૩નાં સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૧૩૮૪(૮૩)એલ હેઠળ મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર સત્તામંડળ માટેની, છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું :

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી, ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૦નાં સરકારી જાહેર-નામાં ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૨૪૯/ડીવીપી-૧૨૯૦-૩૮૯૮-એલ હેઠળ, તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૦નાં ગુજરાત, અસાધારણ, રાજપત્ર ભાગ-૪-બીનાં પાનાં ૨૪૦-૪થી ૨૪૦-૫ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈ પણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ, વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

અને, સરકારે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો; છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો, સદરહુ ફેરફાર મંજૂર કરે છે ; અને

(ખ) એવી રીતે જણાવેલો ફેરફાર સન ૧૯૯૧ના મે મહિનાની ૨૧મી તારીખથી અમલમાં આવશે, એમ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડીસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩ના ૨૭૮/ડીવીપી-૧૨૮૦-૧૩૮૪(૮૩)-એલ થી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. વડોદરા શહેરમાંથી પસાર થતો જૂના રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ તરીકે ઓળખાતા ૩૬ મીટર પહોળા મુખ્ય રસ્તાની પહોળાઈ, અધિનિયમની કલમ ૧૨ (૨) (ઘ) હેઠળ, પછીની પહોળાઈ જેટલી, ઘટાડવી અને આ રીતે મુકત કરેલી જમીન, નીચે જણાવ્યા પ્રમાણે વડોદરા શહેરી વિકાસ વિસ્તારની મંજૂર કરેલી વિકાસ યોજનાનાં અનુક્રમે આજુબાજુનાં ઝોન, જાહેર હેતુઓ, અને ખુલ્લી જગા તરીકે મુકરર કરવી :—

(૧) વડોદરા નગરરચના યોજના નં. ૧૨ (નિઝામપુરા)થી ફતેગંજ પમ્પીંગ સ્ટેશન સુધીની દક્ષિણ હદથી ૩૬ મી. પહોળા રસ્તાનો ભાગ ફરીથી લાઈનદોરી આપવી અને આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે AB નિશાની કરેલા ૩૦ મિટરની પહોળાઈ સુધી ઘટાડવો.

INDEX

(૨) ફતેગંજ પમ્પીંગ સ્ટેશનથી સયાજી સર્કલ, વાયા એમ. એસ. યુનિવર્સીટી સુધીનો ૩૬ મી. પહોળા રસ્તાનો ભાગ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે CD નિશાની કરેલા ૩૦ મી. ની પહોળાઈ સુધી ઘટાડવો.

(૩) સયાજી સર્કલથી લાલબાગ રેલવે ક્રોસીંગ વાયા નર્મદા ભવન અને લક્ષ્મી વિલાસ પેલેસ સુધીનાં ૩૬ મીટર પહોળા રસ્તાનો ભાગ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે DE નિશાની કરેલા ૨૪ મી. ની પહોળાઈ સુધી ઘટાડવો.

(૪) લાલબાગ રેલવે ક્રોસિંગથી મકરપુરા ત્રણ રસ્તાના જંક્શન સુધીના ૩૬ મીટર પહોળા રસ્તાનો ભાગ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે FG નિશાની કરેલા ૨૪ મીટરની પહોળાઈ સુધી ઘટાડવો."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૮૮ના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ–એસએચ–૨૮-ટીસીઓમ–૧૪૮૮–૭૭૦–ન નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વ લોકોની જાણ સાર, પ્રસિધ્ધ કર્યો છે.

ક. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT EDUCATIONAL INSTITUTIONS (PRE-PRIMARY AND PRIMARY TEACHERS TRAINING COLLEGE) RULES, 1984.

ગુજરાત શૈક્ષણિક સંસ્થા (પૂર્વ--પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષક તાલીમ કોલેજ) નિયમો, ૧૯૮૪ સુધારવા સંબંધી જાહેરનામું.

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ડિસેમ્બર, ૧૯૮૮.

ગુજરાત શૈક્ષણિક સંસ્થા (નિયમન) અધિનિયમ, ૧૯૮૪.

ક્રમાંક જીએચ-એસએચ-૨૮-ટીસીએમ-૧૪૮૮-૭૭૦-ન.—ગુજરાત શૈક્ષણિક સંસ્થા (પૂર્વ--પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષક તાલીમ કોલેજ) નિયમો, ૧૯૮૪ સુધારવા માટેના નિયમોનો અમુક મુસદ્દો ગુજરાત શૈક્ષણિક સંસ્થા (નિયમન) અધિનિયમ, ૧૯૮૪ (સન ૧૯૮૪ના ગુજરાતના ૭મા)ની કલમ ૧૩ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શિક્ષણ વિભાગના તારીખ ૨જી મે, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-એસએચ-૧૦-ટીસીએમ-૧૪૮૮-૭૭૦-અન હેઠળ, તારીખ ૫મી મે, ૧૯૮૮ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪--બી ના પાનાં ૮૧--૧ થી ૮૧--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે, તમામ વ્યક્તિઓ તરફથી ઉપર્યુક્ત જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થાય ત્યાં સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં;

અને સદરહુ, મુસદ્દા અંગે લોકો તરફથી કોઇ વાંધા અને સૂચનો મળ્યાં નથી;

તેથી, હવે, ગુજરાત શૈક્ષણિક સંસ્થા (નિયમન) અધિનિયમ, ૧૯૮૪ (સન ૧૯૮૪ના ગુજરાતના ૭મા)ની કલમ ૧૩ની પેટા--કલમ (૨)ના ખંડ (ઘ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત શૈક્ષણિક સંસ્થા (પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષક તાલીમ કોલેજ) નિયમો, ૧૯૮૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો "ગુજરાત શૈક્ષણિક સંસ્થા (પૂર્વ--પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષક તાલીમ કોલેજ) (૧લા સુધારા) નિયમો, ૧૯૮૮" કહેવાશે.

૨. ગુજરાત શૈક્ષણિક સંસ્થા (પૂર્વ--પ્રાથમિક અને પ્રાથમકિ શિક્ષક તાલીમ કોલેજ) નિયમો, ૧૯૮૪માં, પરિશિષ્ટ ૪માં :—

(૧) શરત ૨માં, ખંડ (૧)માં, "વેકેશનના પગાર" એ શબ્દોને બદલે "વેકેશનના વેતન" એ શબ્દો મૂકવાં.

INDEX

(૨) શરત ૧૧માં, ખંડ (૩)માં, પેટા ખંડ (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(૧) કાયમી કર્મચારી ૧૦ વર્ષથી કોઇ શૈક્ષણિક સંસ્થાની નોકરીમાં હોય, તો તેની નોકરી, એક વર્ષનો પગાર અને ભથ્થાં આપીને સમાપ્ત કરી શકાશે. કોઇ કર્મચારીએ ૧૦ વર્ષ કરતાં વધુ નોકરી કરી હોય, ત્યારે તેને, એક વર્ષના પગાર અને ભથ્થાં ઉપરાંત, ૧૦ વર્ષ પછી નોકરીનાં પૂરાં કરેલાં દરેક વર્ષ માટે અડધા મહિનાનો પગાર અને ભથ્થાં આપવા જોઇશે:

પરંતુ ઉપર્યુક્ત પ્રમાણે આપવાનાં પગાર અને ભથ્થાંની વધુમાં વધુ રકમ, ૧૮ મહિનાના પગાર અને ભથ્થાં કરતાં વધવી જોઇશે નહિ;

વધુમાં, દસ અથવા વધુ વર્ષ પૂરાં કરતાં કર્મચારીની નોકરી, કોઇપણ કિસ્સામાં, નિયામકની પૂર્વ લેખિત પરવાનગી વિના સમાપ્ત કરી શકાશે નહિ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમનાં નામે,

કૈલાસ ગોસ્વામી,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-જી/૯૧/૨૦૪/એમટીએ-૧૭૮૫-૧૫૪૪-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી નવેમ્બર, ૧૯૯૧.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ--૧૯૫૮.

ક્રમાંક : જીએચ-જી-૯૧/૨૦૪/એમટીએ-૧૭૮૫-૧૫૪૪-ખ.—મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬-કના ખંડ (૧) સાથે વાંચતા, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત

સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ--૨માં નિર્દિષ્ટ કરેલા અને શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટની માલિકીના જે વર્ગના મોટર વાહનો તે સખાવતી હેતુ સાધવા માટે ઉપયોગમાં લેવાતા હોય અથવા ઉપયોગ કરવા માટે રાખેલા હોય તે વર્ગના મોટર વાહનોને રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ઉપર્યુક્ત હેતુ સાધવા માટે એવી રીતે ઉપયોગ કરવાનું અથવા ઉપયોગ કરવા માટે રાખવાનું ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી વેરો ભરવામાંથી સંપૂર્ણ મુક્તિ આપે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	મોટર વાહનોના વર્ગ અને નોંધણી ચિહ્ન	
૧	૨	
૧.	જીટીક્યુ—૭૨૯૨	એમ્બેસેડર કાર
૨.	જીજે-૩-એ—૧૧૩૦	જીપ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. એ. પંડ્યા,
ગુજરાત સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૨૩-ડીવીપી-૧૪૯૦-૨૮૦-(૯૧)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૧નો ૨૩-ડીવીપી-૧૪૯૦-૨૮૦-(૯૧)-એલ.--ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી,

૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૬નો ૪૬-ડીવીપી-૧૪૮૧-૩૮૪-(૮૬)-એલ, હેઠળ મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા--કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું, સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૬નો ૪૬-ડીવીપી-૧૪૮૧-૩૮૪-(૮૬)-એલ થી મંજૂર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"સુડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "સુડા દ્વારા ગૃહનિર્માણ" માટે અનામત રાખેલી આ સાથે જોડેલા પ્લાન ઉપર ABCDA તરીકે નિશાની કરેલી, મગદલ્લા ગામના મહેસૂલી સરવે નંબર ૧૯--પૈકી (૩૩૫૬ ચો. મી.) જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને તે રીતે મુક્ત કરેલી જમીન, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨)(૬) હેઠળ, "પેટ્રોલપંપ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૩૧/ડીવીપી/૧૪૮૯/૪૪૧-(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેર વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૩૧/ડીવીપી/૧૪૮૯/૪૪૧/(૯૧)/એલ :—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેર ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧/૩૮૪-(૮૬)/એલ હેઠળ મંજુર કરેલી, સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું."

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા--કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી નવેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૯નો ૧૮૨/ડવાપા/૧૪૮૯/૨૧૩૯/એલ હેઠળ, તારીખ ૭મા નવેમ્બર, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજ્યપત્ર, અસાધારણ ભાગ--૪--બીના પાના નંબર ૨૨૩ થી ૨૨૩--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે; અને, ગુજરાત સરકારે, સુરત શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે આથી,

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો ફેરફાર મંજુર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૮મી માર્ચ, ૧૯૯૧થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧--૩૮૪-(૮૬)-એલ- થી મંજર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

INDEX

સુરત શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "પોસ્ટ અને ટેલીગ્રાફ વિભાગ દ્વારા ગૃહનિર્માણ" માટે અનામત રાખેલી, આ સાથે જોડેલા પ્લાનમાં, એ બી સી ડી ઈ એફ જી એચ એ તરીકે નિશાની કરેલી, રૂંઢ ગામના મહેસૂલી સરવે નંબર ૩/૧ પૈકી અને મહેસૂલ સરવે નંબર ૫ વાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા મુજબ, અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ડીસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૯૧ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧ નો ૩૨/ડીવીપી/૧૪૮૯/૧૦૧૮ (૯૦) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/ ૧૯૯૧નો ૩૨ /ડીવીપી /૧૪૮૯/૧૦૧૮/ (૯૦) એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬ના ૪૬/ડીવીપી/૧૪૮૧/૩૬૪ (૮૬) એલ હેઠળ મંજૂર કરેલી, સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

INDEX

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી નવેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/ વી/ ૧૯૮૯નો ૧૮૩/ ટીપીવી/૧૪૮૯/૨૨૯૬/એલ હેઠળ, તારીખ ૭મી નવેમ્બર, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બીનાં પાના નંબર ૨૨૩-૩ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારનાં સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

અને, ગુજરાત સરકારે, સુરત શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી,--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો ફેરફાર મંજૂર કરે છે ; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૮મી માર્ચ, ૧૯૯૧થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬ નો ૪૬/ટીવીપી-૧૪૮૧--૩૮૪ (૮૬) એલ થી મંજૂર કરેલી, સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર "સુડા" ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "સુડા દ્વારા વાણિજ્યિક" માટે અનામત રાખેલી આ સાથેના પ્લાનમાં (ABCDA) તરીકે નિશાની કરેલી વેસુ ગામની મહેસૂલી સરવે નંબર ૧૯૬/પૈકી વાળી જમીન સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા મુજબ, અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૩૩/ ડીવીપી/૧૪૮૯/૪૪૪ (૯૧) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૩૩/ડીવીપી/૧૪૮૯/૪૪૪(૯૧) એલ .—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧/૩૮૪/૮૬/એલ હેઠળ મંજૂર કરેલી, સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી નવેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી એચ/વી ૧૯૮૯નો ૧૮૪/ડીવીપી-૧૪૮૯-૩૫૦૧-એલ હેઠળ, તારીખ ૭મી નવેમ્બર, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ—૪—બીના પાના નંબર : ૨૨૩—૪ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધાં છે; અને, ગુજરાત સરકારે, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે.

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૮મી માર્ચ, ૧૯૯૧થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ટીવીપી/૧૪૮૧/૩૮૪/(૮૬)/એલ થી મંજૂર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"સુડા" ની મંજૂર થયેલી વિકાસ યોજનામાં, "સુડા" દ્વારા ગૃહનિર્માણ" માટે અનામત રાખેલી, આ સાથેના પ્લાનમાં ABCDA તરીકે નિશાની કરેલી, મગદલ્લા ગામના મહેસૂલી સરવે નંબર ૧૪/પૈકી વાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા મુજબ, અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧ નો ૩૪-ડીવીપી-૧૪૮૯-૪૩૯ (૯૧)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સાર, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧ નો ૩૪-ડીવીપી-૧૪૮૯-૪૩૯(૯૧)એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામાં ક્રમાંક જીએચ-વી-૧૯૮૬નો ૪૬-ડીવીપી-૧૪૮૧-૩૮૪(૮૬)એલ, હેઠળ મંજૂર કરેલી, સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૯નો ૧૯૧-ડીવીપી-૧૪૮૯-૩૪૬૭-એલ, હેઠળ તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-બી નાં પાનાં નંબર ૨૩૨ થી ૨૩૨-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધાં છે;

અને, ગુજરાત સરકારે, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ સાથે વિચારવિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૮મી માર્ચ, ૧૯૯૧થી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૬નો ૪૬-ડીવીપી-૧૪૮૧-૩૮૪(૮૬)એલ થી મંજૂર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"સુડા"ની મંજૂર થયેલી વિકાસ યોજનામાં, "ખેતી વિષયક ઝોન" તરીકે મુકરર કરેલી, ડુમસ ગામના મહેસૂલી સરવે નંબર ૪૦૬, ૪૦૭, ૪૦૮, ૪૨૫, ૪૨૮, ૪૨૯, ૬૭૬, ૬૭૯, ૬૮૦, ૬૮૨, ૬૮૩ અને ગાવીર ગામની મહેસૂલી સરવે નંબર ૨૬૭, ૨૬૮ વાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેનાં પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ડીસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧ નો ૩૫/ડીવીપી-૧૪૮૯/૪૪૦ (૯૧) એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ,—૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૩૫/ ડીવીપી/૧૪૮૯/૪૪૦ (૯૧) એલ.-- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧/ ૩૮૪ (૮૬) એલ

હેઠળ મંજુર કરેલી, સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના. (જેનો આમાં હવે પછી, સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા--કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૯નો ૧૯૨/ ડીવીપી-૧૪૮૭/૩૩૭૩ (૮૯) એલ હેઠળ તારીખ, ૧૮મી નવેમ્બર, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ--૪--બીના પાના નંબર ૨૩૨-૨ થી ૨૩૨--૩ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

અને, ગુજરાત સરકારે સુરત શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી,

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો ફેરફાર મંજૂર કરે છે ; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૮મી માર્ચ, ૧૯૯૧થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ ડીવીપી/ ૧૪૮૧--૩૮૪ (૮૬) એલ થી મંજૂર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

સુડાની મંજૂર થયેલી વિકાસ યોજનામાં "ગુજરાત ગંદા વસવાટ નાબૂદી બોર્ડ" માટે અનામત રાખેલી, કતારગામ ગામના મહેસૂલી સરવે નંબર ૪૯૯--૫૦૦ વાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા મુજબ અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,

સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૯મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી જૂન, ૧૯૯૧ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૧૬૧/ડીવીપી--૧૫૯૦--૨૧૦૧ (૯૧) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૮મી જૂન, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૬૧/ડીવીપી--૧૫૯૦/૨૧૦૧(૯૧)--એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી--૧૫૮૩/૪૪૨૦(૮૭)/એલ હેઠળ મંજુર કરેલી, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેની કલમ ૧૯ ની પેટા--કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૧ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ નો ૭૮/ડીવીપી/૧૫૯૦/૧૦૦૨ (૯૧) એલ હેઠળ, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૧ ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ--૪--બી નાં પાનાં નંબર ૭૫--૭ થી ૭૫--૮ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

અને, ગુજરાત સરકારે, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે ;

INDEX

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો અધિકાર તારીખ ૧લી ઓગસ્ટ, ૧૯૯૧થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ નો ૨૪૦/ડીવીપી/૧૫૮૩--૪૪૨૦(૮૭)--એલ થી મંજૂર કરેલી, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

(૧) "અમદાવાદ બી એન્ડ સી" માટે અનામત રાખેલી, આ સાથેના પ્લાનમાં ABCDEFGA તરીકે નિશાની કરેલ, દસક્રોઇ તાલુકાના સોલા ગામના મહેસૂલી સરવે નંબર ૧૯૬/ભાગ (પૂર્વ વિસ્તાર બાજુ ૭૧૩૨ ચો. મીટરનો ભાગ)વાળી જમીન ;અને અમદાવાદ કલેકટર માટેની સરકારી કચેરી અને સ્ટાફ કવાટર્સ"ના હેતુ માટે અનામત રાખેલી, આ સાથેના પ્લાનમાં GHIJKAG તરીકે નિશાની કરેલ, દશક્રોઈ તાલુકાના સોલા ગામના મહેસૂલી સરવે નંબર ૧૯૮, ૧૯૭/ભાગ,૨૦૧/ભાગવાળી જમીન, સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી અધિનિયમ,૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ, "આર. સી. ટેકનિકલ ગવર્નમેન્ટ ઈન્સ્ટીટયુટ માટે અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ
વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૭૫/ટીપીએસ-૧૩૮૮/૨૧૫૭-(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૭૫/ટીપીએસ-૧૩૮૮/૨૧૫૭/(૯૧)/એલ : પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૭૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૯નો ૨૦૯/ટીપીએ-૧૩૭૯-૪૮-કયુ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન રાજકોટ-એ પોતાને સાદર કરેલી નગરરચના યોજના, રાજકોટ નંબર ૫નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજના ના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો ;

અને, સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ; ગુજરાત સરકારે, સદરહુ યોજના ના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી ;

અને, નીમેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) ની કલમ ૫૨ની પેટા--કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના રાજકોટ નંબર--૫ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી હતી ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા સુધારાને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે "સદરહુ પ્રારંભિક યોજના" રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસો એ લોકોને જોવા માટે ખુલ્લા રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા--કલમ (૨)ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૧ના ઓગસ્ટ મહિનાની ૧૬મી તારીખ નક્કી કરે છે.

INDEX

અનુસૂચિ

૧. વિકાસ નિયંત્રણ વિનિયમોને પ્રારંભિક યોજના દસ્તાવેજોમાંથી બાકાત કર્યો હોય તેમ ગણવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી ઓક્ટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ડીવીઆર-૧૫૯૧-૩૩૭૩(૯૧)-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ
જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓક્ટોબર, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૨૫૮-ડીવી-આર-૧૫૯૧-૩૩૭૩-(૯૧)એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૭નો ૨૪૦-ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલ, હેઠળ મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના

INDEX

અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૭ના ૨૪૦-ડીવીપી-૧૫૮૩-૪૪૨૦(૮૭)એલ, થી મંજૂર કરેલી ઔડાની વિકાસ યોજનામાંના સૂચિત ફેરફાર

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર કરેલ વિકાસ યોજનામાંના ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ માટે અનામત રાખેલી વેજલપુર ગામના મહેસૂલી સરવે નંબર ૮૦૦-૧, ૮૦૦-૨ વાળી અને મકરબા ગામના મહેસૂલી સરવે નંબર ૮૩૧ વાળી જમીનો, સદરહુ અનામતમાંથી મુક્ત કરવી અને આ રીતે મુક્ત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (દ) હેઠળ જાહેર દેણગી ટ્રસ્ટ અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલી YMCAની સાંસ્કૃતિક-સહ-પ્રવાસન વગેરેની પ્રવૃત્તિઓ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ
વિભાગ.

કાયદા વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧/ના ૨૬૬/ડીવીપી/૧૫૯૧--૩૪૧૮--એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે

હ. ન. પંડિત
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૧નો ૨૬૬/ડીવીપી--૧૫૯૧--૩૪૧૮--એલ :- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના

INDEX

સરકારી જાહેરનામા ક્રમાંકઃ-જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/-ડીવીપી--૧૫૮૩--૪૪૨૦ (૮૭) એલ હેઠળ મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથીઃ-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે., અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર ૧૯૮૭ના સરકારી–જાહેરનામા ક્રમાંકઃ-જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૭--૪૪૨૦--(૮૭)--એલથી મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

"ઔડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં શાહવાડી ગામના મહેસૂલી સરવે નંબરો ૫૨૦, ૫૨૧, ૫૭૮, ૫૭૯, ૫૮૦, ૫૮૧માંથી પસાર થતો, ૪૦ મીટર (૧૩૨ફૂટ) પહોળાઈવાળો પહોળો રસ્તો ૧૮.૨૮ મીટર (૬૦ફૂટ) સુધી ઘટાડવો અને અધિનિયમની કલમ ૧૨(૨) (ઘ)હેઠળ, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અને B,C, તરીકે નિશાની કર્યા મુજબ નવેસરથી લાઈનદોરી, કરવી. એ રીતે મુક્ત કરેલી જમીનના ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "ઔડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનાના સંબંધિત આસપાસના ઝોનમાં મુકરર થયેલી ગણવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ.
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૧મી ડીસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી ઓક્ટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૬૦/ડીવીપી/૧૯૯૨-૩૩૦૧-(૯૧) એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત.
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર તા. ૩૦મી ઓક્ટોબર, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૬૦/ડીવીપી-૧૯૯૧-૩૩૦૧-(૯૧)-એલ.—માણાવદર વિસ્તાર વિકાસ સત્તામંડળે (નગર પંચાયતે) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ પોતાની નગર પંચાયતની હદમાં સમાવિષ્ટ કરેલી જમીનના સંબંધમાં વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે અને વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરાત તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૨ના પાના નંબર ૩૪૧ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી.

અને માણાવદર વિસ્તાર વિકાસ સત્તામંડળે (માણાવદર નગર પંચાયતે) રાજ્ય સરકારને મંજૂરી માટે રજુ કરેલા માણાવદરના સદરહુ વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો કરવાનું સરકારને જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી,—

૧. આ સાથે જોડેલી અનુસૂચિ પ્રમાણે ઉપર્યુક્ત વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફારો સંબંધી સૂચનો અથવા વાંધા હોય, તો તે આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવે છે. નીચે જણાવેલ ફેરફારો દર્શાવતો નકશો, માણાવદર નગર પંચાયતની કચેરીમાં ઉપર્યુક્ત બે મહિનાની મુદત દરમિયાન તમામ કામકાજના દિવસોએ, કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

માણાવદર વિકાસ યોજનાના મુસદ્દામાંના સૂચિત ફેરફારો.

૧. માણાવદર વિકાસ યોજનાના મુસદ્દામાં ખેતીના ઉપયોગ માટે સૂચિત કરેલી મહેસૂલી સરવે નંબર ૯૨૯/૨, ૯૩૨, ૯૩૩ વાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે

INDEX

મુક્ત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં APCDEA તરીકે વાદળી લીટીથી દર્શાવ્યા, પ્રમાણેના માણાવદર ખેત ઉત્પન્ન બજાર સમિતિને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (૬) હેઠળ "માર્કેટ યાર્ડ" તરીકે મુકરર કરવી.

૨. વિકાસ યોજનાના મુસદ્દાના રિપોર્ટના પત્રક 'એ' માં નીચેનો ફેરફાર કરેલ છે. અનુક્રમાંક ૧ આગળ, ૧૧,૨૦૦ (સંભવિત વિસ્તાર ચોરસ મિટરમાં) ને બદલે, ૧૧૨૦૦.૦૦ એ આંકડો વાંચવો.

કોલમ નંબર ૬ આગળ ૧૧૨૦૦.૦૦ (સંભવિત કુલ કિંમત)ને બદલે કોલમ નંબર ૪ આગળ, ૧૧૨૦૦.૦૦એ આંકડો વાંચવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/જી/૯૧/૧૬૭/એમટીએ/૧૦૯૦/૨૮૯૨/કિએચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT CARRIAGE OF GOODS TAXATION ACT, 1962.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક : જીએચ/જી/૯૧/૧૬૭/એમટીએ/૧૦૯૦/૨૮૯૨/કિએચ.—ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૩માં) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો. છે તે) ની કલમ ૨ ના ખંડ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમના હેતુ માટે આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧માં જણાવેલ અધિકારીઓને

INDEX

કરવેરા અધિકારીઓ તરીકે નીમે છે અને તે હેતુ માટે ગૃહ વિભાગનું તારીખ ૨૭ ફેબ્રુઆરી, ૧૯૮૨નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચ/જી/૮૨/૫૭/એમટીઓ/૩૩૮૧/૬૧૦૯/૨/ઈ/૨ નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિના નોંધ ૪ પછી, નીચેના નોંધ દાખલ કરવી.

અધિકારીઓ ૧	વિસ્તાર ૨
"૪-ક. વાહન વ્યવહાર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ સાથે જોડાયેલ મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીઓ અને મોટર વાહન ઈન્સ્પેકટરો.	સમગ્ર ગુજરાત રાજ્ય

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ભાસ્કર પંડ્યા,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/જી/૯૧/૧૬૮/એમટીઓ/૧૦૯૦/૨૮૯૨/ખ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮,

ક્રમાંક : જીએચ/જી/૯૧/૧૬૮/એમટીઓ/૧૦૯૦/૨૮૯૨/ખ—મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૫૫માં) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨ના ખંડ (૭) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, સદરહુ અધિનિયમના હેતુ માટે આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧માં જણાવેલ અધિકારીઓને કોલમ ૨માં

INDEX

તેમની સામે નિર્દિષ્ટ કરેલા વિસ્તાર માટે કરવેરા અધિકારીઓ તરીકે નીમે છે અને તે હેતુ માટે ગૃહ વિભાગનું તારીખ ૨ જી ફેબ્રુઆરી, ૧૯૮૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/જી/૮૨/૫૭/એમટીઓ-૩૩૮૧/૬૫૦૭/૩/ઈ/૨ નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, નોંધ ૪ પછી, નીચેની નોંધ મુકવી.

અધિકારીઓ	વિસ્તાર
૧	૨
"૪--ક. વાહનવ્યવહાર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ સાથે જોડાયેલ મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીઓ અને મોટર વાહન ઈન્સ્પેક્ટરો.	સમગ્ર ગુજરાત રાજ્ય ".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ભાસ્કર પંડયા,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯/૮/૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમ ક : જીએચયુ-૯૧-૧૯૨-બીએસઈ-૧૦૯૧-૨૬૬૯-એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Order

THE BOMBAY SHOPS AND ESTABLISHMENTS ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૧.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચયુ-૯૧-૧૯૨-બીએસઈ-૧૦૯૦-૨૬૬૯-એમ-(૩)—મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈ અધિનિયમ ક્રમાંક : ૭૯મા) ની કલમ ૬ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જન્માષ્ટમી તહેવારના પ્રસંગે, ગુજરાત રાજ્યમાંની દુકાનો

INDEX

નિવાસી હોટેલો, રેસ્ટોરાં અને ભોજનગૃહોના સંબંધમાં, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરી હોય તેવી સદરહુ અધિનિયમની જોગવાઈઓના અમલ સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં તે દરેક સામે નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૧ ૧૯૯૧ થી ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧ (બંને દિવસો સહિત) ની મુદત દરમિયાન મોકુફ રાખે છે.

અનુસૂચિ

જે જોગવાઈઓનો અમલ કામચલાઉ મોકૂફ રાખેલ હોય તે જોગવાઈઓ. ૧	જેને આધીન રહીને, જોગવાઈઓના અમલ મોકૂફ રાખેલ હોય તે શરતો. ૨
૧. કલમ ૧૧	કોઈપણ દુકાન, કોઈપણ દિવસે રાતના બાર કરતાં મોડી ખુલ્લી રાખવી નહિ.
૨. કલમ ૧૨	માલની ફેરી, રાતના બાર સુધી કરી શકાશે.
૩. કલમ ૧૪	(ક) આ જોગવાઈઓનો અમલ ફક્ત દુકાનોના સંબંધમાં જ મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) કોઈ નોકરને નિર્દિષ્ટ કરેલા કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે તો તે, અધિનિયમની કલમ ૬૩ની પેટા--કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા દરે વેતન મેળવવા હકદાર રહેશે.
૪. કલમ ૧૬	કામનો કુલ સમય, ચૌદ કલાક કરતાં વધુ હોવો જોઈએ નહિ.
૫. કલમ ૧૮	(ક) આ જોગવાઈઓનો અમલ ફક્ત દુકાનોના સંબંધમાં જ મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) ઠરાવેલ રજાના દિવસ ન મળવાને કારણે, દરેક નોકર,— (૧) તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧ પછી તેના બદલામાં રજા મેળવવા હકદાર રહેશે; અથવા (૨) એવી રજામાં થયેલ કામ માટે અધિનિયમની કલમ ૬૩ ની પેટા--કલમ (૧)માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ દરે વેતન મેળવવાને હકદાર રહેશે.
૬. કલમ ૧૯	કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજનગૃહ, કોઈપણ દિવસે રાતના બાર કરતાં મોડા ખુલ્લા રાખવા નહિ.
૭. કલમ ૨૦	... ...
૮. કલમ ૨૧	કોઈપણ નોકરને નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે, તો તે, અધિનિયમની કલમ ૬૩ ની પેટા--કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ દરે, વેતન મેળવવા હકદાર રહેશે.

INDEX

૧	૨
કલમ ૨૪	કરારોની અઠવાડિક રજા ન મળવાને કારણે, દરેક નોકર –
	(૧) તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧ પછી તેના બદલામાં રજા મેળવવા હકદાર રહેશે; અથવા વળી
	(૨) રજામાં કરેલ કામ માટે, અધિનિયમની કલમ ૬૩ ની પેટા-કલમ (૨)માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ દરે વેતન મેળવવા હકદાર રહેશે.

આ વિભાગની ફાઈલ નંબર બી એસઈ.--૧૦૯૦--૨૬૧૯--એમ (૩) ઉપર તારીખ ૨૬મી ઓગસ્ટ, ૧૯૯૧ની ગૃહ વિભાગની સંમતિથી આ બહાર પાડવામાં આવ્યું છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી-સપ્ટેમ્બર-૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચયુ-૯૧-૨૧૦-બીએસઈ-૧૦૯૧-૨૮૦૩/એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENTS ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચયુ-૯૧-૨૧૦-બીએસઈ-૧૦૯૧-૨૮૦૩-એમ-(૩) : મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈ અધિનિયમ ક્રમાંક ૭૯મા) ની કલમ ૬ થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી તરણેતર લોક (સાંસ્કૃતિક મેળા)ના પ્રસંગે, ગુજરાત

INDEX

પંચાયત અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૪ના અધિનિયમ ક્રમાંક ૬૪મા) હેઠળ રચાયેલા થાનગઢ નગર પંચાયત, જિલ્લો સુરેન્દ્રનગરની હદોની અંદર દુકાનો નિવાસી, હોટલો, રેસ્ટોરાં, અને ભોજનગૃહોના સંબંધમાં આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરી હોય તેવી સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ, સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં તે દરેક સામે નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, તારીખ ૧૨મી ૧૩મી અને ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૧ (બંને દિવસો સહિત)ની મુદત દરમિયાન મોકૂફ રાખે છે.

અનુસૂચિ

જે જોગવાઈઓનો અમલ કામચલાઉ મોકૂફ રાખેલ હોય તે જોગવાઈઓ	જેને અધીન રહીને, જોગવાઈઓનો અમલ મોકૂફ રાખેલ હોય તે શરતો.
૧	૨
૧. કલમ ૧૧	કોઈપણ દુકાન, કોઈપણ દિવસે રાતના બાર કરતાં મોડી ખુલ્લી રાખવી નહિ.
૨. કલમ ૧૨	માલની ફેરી, રાતના બાર સુધી કરી શકાશે.
૩. કલમ ૧૪	(ક) આ જોગવાઈઓનો અમલ ફક્ત દુકાનોના સંબંધમાં જ મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) કોઈ નોકરને નિર્દિષ્ટ કરેલા કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે તો તે, અધિનિયમની કલમ ૬૩ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા દરે વેતન મેળવવા હકદાર રહેશે.
૪. કલમ ૧૬	કામનો કુલ સમય, ચૌદ કલાક કરતાં વધુ હોવો જોઈએ નહિ.
૫. કલમ ૧૮	(ક) આ જોગવાઈઓનો અમલ ફક્ત દુકાનોના સંબંધમાં જ મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) ઠરાવેલ રજાનો દિવસ ન મળવાને કારણે, દરેક નોકર,— (૧) તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૧ પછી તેના બદલામાં રજા મેળવવા હકદાર રહેશે; અથવા (૨) એવી રજામાં થયેલ કામ માટે અધિનિયમની કલમ ૬૩ ની પેટા-કલમ (૧)માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ દરે વેતન મેળવવાને હકદાર રહેશે.
૬. કલમ ૧૯	કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજનગૃહ, કોઈપણ દિવસે રાતના બાર કરતાં મોડા ખુલ્લા રાખવા નહિ.
૭. કલમ ૨૦	... ...

INDEX

૧	૨
૮. કલમ ૨૧	કોઈપણ નોકરને નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે, તો તે, અધિનિયમની કલમ ૬૩ ની પેટા--કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ દરે, વેતન મેળવવા હકદાર રહેશે.
કલમ ૨૪	ઠરાવેલી અઠવાડિક રજા ન મળવાને કારણે, દરેક નોકર— (૧) તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૧ પછી તેના બદલામાં રજા મેળવવા હકદાર રહેશે; અથવા વળી (૨) રજામાં કરેલ કામ માટે, અધિનિયમની કલમ ૬૩ ની પેટા-કલમ (૨)માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ દરે વેતન મેળવવા હકદાર રહેશે.

આ વિભાગની ફાઈલ નંબર બી એસઈ.--૧૦૯૧--૨૮૦-૩-એમ (૩) ઉપર તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ની ગૃહ વિભાગની સંમતિથી આ બહાર પાડવામાં આવ્યું છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. નવેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/આર/૯૧/૨૩૦/બીઆરયુ-૧૦૮૭--એમ-૪૧૫(૧)એમ(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKING (SPECIAL PROVISIONS) ACT, 1958

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈઓ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈઓ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર-૯૧-૨૩૦-બીઆરયુ-૧૦૮૭-એમ-૪૧૫(૧)એમ(૩).— ગુજરાત સરકાર, ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ લિમિટેડ, પાલજ જિલ્લા ખેડાની માલિકીની કંપનીમાં રૂા. ૧,૯૫,૦૦૦/- (ફકત રૂપિયા એક કરોડ પંચાણું લાખ)ની અંકિત કિંમતના પ્રેફરન્સ શેર ધરાવે છે.

INDEX

અને ગુજરાત સરકારને તેમ કરવું જરૂરી લાગે છે. તેથી, હવે, મુંબઇ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૯૬મા)ની કલમ ૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે ચરોત્તર સહકારી ખાંડ ઉદ્યોગ લિમિટેડ પાલજ, જિલ્લા ખેડાને સન ૧૯૯૧ના ઓક્ટોબર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, બેકારી નિવારણ ના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અન્ડરટેકિંગ સદરહુ અધિનિયમના હેતુઓ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે.

આ જાહેરનામું અહીં ઉપર નિર્દિષ્ટ કરેલી તારીખથી બાર મહિનાની મુદત સુધી અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેક્શન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી ઓક્ટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઆર-૯૧-૨૬૪-આઈબીએ-૧૦૯૧-૨૧૨૪-એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત.
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDIAN BOILER ACT, 1923

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય ગાંધીનગર, ૨૩મી ઓક્ટોબર, ૧૯૯૧.

ક્રમાંક : જીઆર-૯૧-૨૬૪-આઈબીએ-૧૦૯૧-૨૧૨૪-એમ (૩).—ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ક્રમાંક-૫)ની કલમ ૩૪ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ની જોગવાઈઓના અમલમાંથી સ્ટીમ જનરેટર્સ અને સંબંધિત ઓક્ઝીલીયરીઝ અને ૨ × ૨૩૫ એમ ડબલ્યુ પાઈપીંગ ન્યુકલીઅર પાવર સ્ટેશન કાકરાપાર, જિલ્લો સુરતના ન્યુકલીઅર પાવર કોર્પોરેશન (ભારત સરકારનું અંડરટેકીંગ)ને મુકિત આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. વી. સોલંકી,
સરકારના ઉપ સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચ-આર-૨૫૨-બીઆઈઆર-૧૦૯૦-૪૦૫૦-એમ (૪)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY INDUSTRIAL RELATIONS ACT, 1946

મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓકટોબર, ૧૯૯૧.

ક્રમાંક : કેએચ-આર-૨૫૨-બીઆઈઆર-૧૦૯૦-૪૦૫૦-એમ (૪).—મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬ (સન ૧૯૪૭નાં મુંબઈના ૧૧મા)ની કલમ ૪ અને કલમ ૬ની પેટા કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા અગાઉના તમામ જાહેરનામાઓ રદ કરીને ગુજરાત સરકાર, આથી.—

(૧) શ્રી એન. એ. વૌરા, આઈ. એ. એસ. ને મજૂર કમિશ્નર;

(૨) શ્રી એ. એફ. પટેલ, ઈન્ચાર્જ વધારાના મજૂર કમિશ્નરને મુખ્ય કાઉન્સિલીએટર તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી
શ્રમ અને રોજગાર વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો ૨૨૭-ડીવીપી-૨૨૮૮-૩૨૫૪ (૯૦) એલ નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી નવેમ્બર, ૧૯૯૦.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૦નો ૨૨૭-ડીવીપી-૨૨૮૮-૩૨૫૪ (૯૦) એલ.—તલોદ નગર પંચાયતને (જેનો આમાં હવે પછી, "સદરહુ, નગર પંચાયત" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે), ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ, અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ તેની નગર પંચાયતની હદોની અંદર સમાવિષ્ટ કરેલી જમીનોના સંબંધમાં વિકાસ યોજનાનો મુસદો (જેનો આમાં હવે પછી, "સદરહુ, વિકાસ યોજનાના મુસદા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો છે અને સદરહુ, વિકાસ યોજનાનો મુસદો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત વિકાસ યોજનાના મુસદા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર, તારીખ ૧૪મી મે, ૧૯૮૭ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ--૨માં, પાના નં. ૨૪૪ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી;

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ સદરહુ, નગર પંચાયતે રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરેલી સદરહુ, વિકાસ યોજનાના મુસદામાં ફેરફારો (જેનો આમાં હવે પછી, "સદરહુ, ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું;

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા--ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ, ફેરફારો, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૯નો ૨૧૧-ડીવીપી-૨૨૮૮-૩૪૫૮ (૮૯)-એલ હેઠળ, તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૪-બીમાં પ્રસિધ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારોના સંબંધમાં કોઈ વ્યકિતને વાંધા અથવા સૂચનો કોઈ હોય તો તે, તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૮૯નું સદરહુ, સરકારી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવ્યું હતું;

અને ગુજરાત સરકારે, સદરહુ, ફેરફારોના સંબંધમાં મળેલાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધાં છે;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) સદરહુ, ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એવી રીતે આખરી સ્વરૂપ આપેલા અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેના ફેરફારોને અધીન રહીને, સદરહુ, વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

(ગ) છેવટની વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૦ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેના તલોદની વિકાસ યોજનાના મુસદામાંના ફેરફાર.

૧. તલોદની વિકાસ યોજનાના મુસદામાં "ખેતીના ઝોન" તરીકે મુકરર કરેલ તલોદના સરવે નંબર ૪૪૭, ૪૪૮, ૪૫૫ થી ૪૬૦, ૪૬૪ અને ૪૬૫-વાળી જમીનો, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો આ સાથેના પ્લાન--એમાં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરવી.

૨. તલોદની વિકાસ યોજનાના મુસદામાં "ઔદ્યોગિક ઝોન" તરીકે મુકરર કરેલ તલોદના સરવે નં. ૨૧૫-ભાગ અને ૨૧૩-ભાગવાળી જમીનો કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો આ સાથેના પ્લાન--એમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરવી.

૩. તલોદની વિકાસ યોજનાના મુસદામાં "ખેતીની જમીન" તરીકે મુકરર કરેલ તલોદના સરવે નં. ૫૧૭-ભાગવાળી જમીન, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના પ્લાન--બીમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૨(૨)(ડ) હેઠળ જી. આઇ. ડી. સી. ઔદ્યોગિક ઉપયોગ માટે અનામત રાખવી.

૪. તલોદની વિકાસ યોજનાના મુસદામાં "વાણિજ્યિક ઝોન" તરીકે મુકરર કરેલી તલોદના સરવે નં. ૧૭૪-ભાગ, ૧૭૫-ભાગ, ૧૭૬, ૧૬૧, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૨૨, ૧૨૩, ૧૧૦ ૧૨૪, ૧૬૨-એ વાળી જમીનો, કમી કરવી, અને એ રીતે મુકત કરેલી જમીનો આ સાથેના પ્લાન-એમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧(૨) (ક) હેઠળ "ખેતીના ઝોન" તરીકે મુકરર કરવી.

૫. તલોદની વિકાસ યોજનાના મુસદામાં ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ માટે અનામત રાખેલી તલોદના સરવે નં. ૧૭૭ અને ૧૬૯-ભાગવાળી જમીનો, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથેના પ્લાન--એમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "ખેતીના ઝોન" તરીકે મુકરર કરવી.

૬. તલોદની વિકાસ યોજનાના મુસદામાં તલોદની સરવે નં. ૨૧૫માંથી પસાર થતો ૯.૦ મી. પહોળો રસ્તો, આ સાથેના પ્લાન--એમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૨(૨)(ઘ) હેઠળ ૧૨-૦ મી.ની પહોળાઇ જેટલો પહોળો કરવો.

૭. આ સાથેના પ્લાન--એમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ઘ) હેઠળ સરવે નં. ૪૫૧માંથી પસાર થતો નવો ૨૪.૦ મી. પહોળો રસ્તો સૂચિત કર્યો છે.

INDEX

૮. તલોદની વિકાસ યોજનાના મુસદામાં તલોદનો સરવે નં. ૪૭૮, ૫૮૩, ૫૮૧, ૬૬, ૭૮, ૮૩ વગેરેમાંથી પસાર થતો ૧૮.૦ મી. પહોળો સૂચિત રસ્તો અને સરવે નં. ૬૪, ૧૫૪, ૧૬૭ વગેરેમાંથી પસાર થતો ૯.૦ મી. પહોળો સૂચિત રસ્તો અને સરવે નં. ૧૮૩, ૧૯૩ વગેરેમાંથી પસાર થતો બીજો ૯.૦ મી. પહોળો રસ્તો અને સરવે નં. ૧૮૬, ૧૮૨, ૧૭૪માંથી પસાર થતો બીજો ૧૮.૦ મી. પહોળો રસ્તો, કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથેના પ્લાન-એમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "ખેતીના ઝોન" તરીકે મુકરર કરવી.

૯. તલોદની વિકાસ યોજનાના મુસદામાં "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી તલોદના સરવે નં. ૧૬૮-ભાગવાળી જમીન, આ સાથેના પ્લાન-બીમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૨(૨)(ડ) હેઠળ "ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ" માટે અનામત રાખવી.

૧૦. તલોદની વિકાસ યોજનાના મુસદામાં એન. સી. માટે અનામત રાખેલ તલોદની સરવે નં. ૨૬૩-૨ (સીટીએસ-૨૬) અને સરવે નં. ૨૬૩-૩ (સીટીએલ-૯૨૭)વાળી જમીનો કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો આ સાથેના પ્લાન-બી માં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરવી.

૧૧. પાના ક્રમાંક ૧૦ ઉપર વિનિમય ક્રમાંક ૪(ક)ને બદલે, નીચે પ્રમાણેનો મજકૂર મૂકવો :—

દરેક મકાન એકમનો ઓછામાં ઓછા વિસ્તાર નીચે ઠરાવ્યા પ્રમાણેનો રહેશે.

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	૫૦ચો.મી.થી ૯૦ચો.મિ.	૬૦ટકા	૫ મીટર	૨.૫ મિટર	૧.૫મિટર	...	મકાન પ્લોટનું ઓછામાં ઓછું માપ ૫૦ ચો.મિ. થી ઓછું હોવું જોઈશે નહિ.
૨.	૯૧ચો.મી.થી ૨૦૦ ચો.મી.	૫૦ ટકા	૩ મિટર	૨ મિ.		૨.૫ મિટર (કોઈપણ એક બાજુએ)	તેમ છતાં કેન્દ્રે પણ રાજ્યે, સ્થાનિક સત્તા મંડળે, આર્થિક રીતે નબળા વર્ગોએ, ઓછી આવક-વાળા જુથે સહકારી ગૃહનિર્માણ મંડળીએ અથવા જે તે સમયે
૩	૨૦૧ ચો.મિ. થી ૫૦૦ ચો.મિ.	૪૦ ટકા	૧૦મિ.	૪.૫ મિ.	૩ મિ.	૨ મિ. (બંને બાજુએ)	અમલમાં હોય તેવા કાયદાથી અથવા તે હેઠળ સ્થાપાયે અન્ય કોઈ સત્તા-મંડળે અથવા મંડળે હાથ ધરેલ ગૃહ-નિર્માણ યોજનાની બાબ-તમાં ઓછામાં ઓછા) ૪૦ ચો.મી.ના મકાનના પ્લોટની પરવાનગી આપ-વામાં આવશે.

INDEX

૧૨. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ક્રમાંક ૩૩ ઉપર વિનિયમ ક્રમાંક ૧૫.૫ (ચાલીઓમાં) લીટી ક્રમાંક જમાં આવતા "૧ / ૫" એ આંકડાને બદલે "૧ / ૬" એ આંકડા મૂકવા.

૧૩. વિનિયમોના પાના ક્રમાંક ૨૬.૨૮ ઉપરના વિનિયમ ક્રમાંક ૧૩માં ઓછામાં ઓછી ઓફસ્ટ્રીટ પાર્કિંગ જગા દર્શાવતા કોષ્ટકમાં અનુક્રમે અનુક્રમાંક અને કોલમ ક્રમાંક સામે નીચેના આંકડા મૂકવા :—

૧	૨	૩	૪
૧.	૩૩	૧૦	૧૦
૨.	૧૦૦	૨૦	૧૦
૩.	૧૦	૫	૧૫
૪.	૧૦૦	૨૦	૧૦
૫.	૨૫૦	૧૦૦	૧૦
૬.	૧૦૦	૫૦	૨
૭.	૨૫૦	૧૦૦	૫૦
૮. (ક)	૨૦૦૦	૪૦૦	૧૦૦
(ખ)	૩૦૦૦	૫૦૦	૧૫૦
(ગ)	૨૫	૧૫૦	૬૦૦

૧૪. વિકાસ નિયંત્રણ વિનિયમોમાં નવો વિનિયમ ક્રમાંક ૫-ક નીચે પ્રમાણે ઉમેરવો :—

"૫-ક. સિનેમા મકાનના બાંધકામ અંગેની પરવાનગી મુંબઈ સિનેમા અધિનિયમ અને મુંબઈ સિનેમા નિયમો અનુસાર હોવી જોઈશે."

૧૫. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ક્રમાંક ૧૨ ઉપર વિનિયમ ક્રમાંક ૬ ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ અને પરવાનગી પાત્ર વધુમાં વધુ બાંધકામ નીચે પ્રમાણે મૂકવું :—

મકાન એકમોના ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ નીચેના કરતાં વધવી જોઈશે નહિ :—

(૧) રહેણાંકના ઉપયોગ માટે (મહેસૂલ વિસ્તારમાં) ૧.૨;

(૨) વાણિજ્યક ઉપયોગ માટે (મહેસૂલ વિસ્તારમાં) ૧.૩;

(૩) ઔદ્યોગિક ઉપયોગ માટે (મહેસૂલ વિસ્તારમાં) ૧.૦ અને વધુમાં મકાનની ઉંચાઈ ૩૦.૦ મિટર કરતાં વધવી જોઈશે નહિ.

૧૬. સહિયારા પ્લોટનો વિનિયમ ક્રમાંક ૨૭ કમી કરવો.

૧૭. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ૧૧-ગ ઉપર અનુક્રમાંક ૫(૨) આગળ આવતો "હારબંધ મકાન" એ શબ્દો કમી કરવા અને (૩) નીચે પ્રમાણે ઉમેરવો :—

"૫(૩) હારબંધ મકાનો માટે ૧૦૦૦ ચો. મી."

INDEX

૧૮. પાના ક્રમાંક ૪૩ ઉપર "આયોજન" એ શીર્ષકની નીચે "ઓછી કિંમતના ગૃહનિર્માણ"ને બદલે નીચેનો મજકૂર ઉમેરવો :—

"(૫) રહેઠાણ માટે પરવાનગીપાત્ર વધુમાં વધુ વસતિ ગીચતા, હેકટર દીઠ ૨૨૫ રહેઠાણો રહેશે."

૧૯. ઝોન અંગેના વિનિયમોમાં, અનુક્રમાંક ૩ એટલે કે ઔદ્યોગિક ઝોન નીચે અને અનુક્રમાંક ૪ એટલે કે ખેતીના ઝોન પહેલાં નીચેની 'નોંધ' ઉમેરવી.

"નોંધ :— ૧. ઔદ્યોગિક કામદારો માટે ઔદ્યોગિક ઝોનમાં જેને માટે પરવાનગી આપવાની હોય તેવાં રહેઠાણનાં કવાટર્સ માટે, આસપાસના ઉદ્યોગોનો વિસ્તાર સ્વાસ્થ્યને હાનિકારક અને જોખમકારક ન હોય તેવો હોવો જોઇશે;

નોંધ :—૨. ઔદ્યોગિક કામદારો માટે ઔદ્યોગિક ઝોનમાં રહેઠાણના કવાટર્સના વિકાસ માટે ગુજરાત પાણી અને હવા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ જેવા યોગ્ય સત્તાધિકારીનું "ના--વાંધા પ્રમાણપત્ર" અને વગેરે મેળવવું."

૨૦. જાહેર રસ્તા માર્ગોની પહોળાઇ સંબંધી પરવાનગીપાત્ર વધુમાં વધુ ઊંચાઇ અંગેનો નવો વિનિયમ, વિકાસ નિયંત્રણ વિનિયમોમાં નીચે પ્રમાણે ઉમેરવો :—

(ક) જો રસ્તાની પહોળાઇ ૭.૫ મીટર (૨૫')થી ઓછી હોય તો વધુમાં વધુ ૧૦.૦ મીટર (૩૩'--૩")ને અધીન જે રસ્તા પર તે બહાર નીકળતું હોય તે રસ્તાની પહોળાઈથી બમણી, પરંતુ મકાનને આગળની તથા પાછળની બાજુએ વધારવાના માળની ઊંચાઇના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઊંચાઇ ૧૩.૦ મીટર (૪૩'--૩") સુધી વધારી શકાશે.

(ખ) જો રસ્તાની પહોળાઇ ૭.૫ મીટર (૨૫') અથવા વધુ હોય પણ ૧૦.૫ મીટર (૩૫'--૦")થી ઓછી હોય તો ૧૨ મીટર (૪૦'), પરંતુ મકાનને આગળથી તથા પાછળની બાજુએ વધારાના માળની ઊંચાઇના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે તો ઊંચાઇ ૧૫.૦ મીટર (૫૦'–૦") સુધી વધારી શકાશે.

(ગ) જો રસ્તાની પહોળાઇ ૧૦.૫ મીટર (૩૫'--૦") અથવા વધુ હોય પણ ૧૩.૫ મીટર ૪૫'-૦")થી ઓછી હોય તો ૧૫ મીટર (૫૦'-૦") પરંતુ મકાનના આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઊંચાઇના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે તો ઊંચાઇ ૧૮.૦ મીટર (૬૦'--૦") સુધી વધારી શકાશે.

(ઘ) જો રસ્તાની પહોળાઇ ૧૩.૫ મીટર (૪૫'--૨") અથવા વધુ હોય, પણ ૧૮.૦ મીટર (૬૦'--૦")થી ઓછી હોય, તો ૧૮ મીટર (૬૦'--૦") પરંતુ મકાનને આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઊંચાઇના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે તો ઊંચાઇ ૨૧--૦ મીટર (૭૦'--૦") સુધી વધારી શકાશે.

(ચ) (૧) જો રસ્તાની પહોળાઇ ૧૮.૦ મીટર અથવા વધુ હોય, પણ ૨૪-૦૦ મીટરથી ઓછી હોય તો ૨૧.૦ મીટર;

(૨) જો રસ્તાની પહોળાઇ ૨૧--૦૦ મીટર અથવા વધુ હોય, પણ ૨૪--૦ મીટરથી ઓછી હોય, તો ૨૪--૦ મીટર;

INDEX

(૩) જો રસ્તાની પહોળાઇ ૨૪-૦ મીટર અથવા વધુ હોય, પણ ૩૦-૦ મીટરથી ઓછી હોય, તો ૨૭.૦ મીટર;

(૪) જો રસ્તાની પહોળાઇ ૩૦.૦ મીટરથી વધુ હોય તો ૩૦.૦૦ મીટર.

(છ) જો રસ્તાની, એટલે કે જાહેર માર્ગની હદ ઉપર મકાન બહાર નીકળતું ન હોય, પણ અંદરના ભાગે ખાનગી માર્ગની અથવા ખુલ્લી જગાની હદ પર તે બહાર નીકળતું હોય તો જે ખાનગી માર્ગ અથવા ખુલ્લી જગામાં તે બહાર નીકળતું હોય તે ખાનગી માર્ગ અથવા ખુલ્લી જગાની ચોખ્ખી પહોળાઇ (એટલે કે ખુલ્લામાં હોય તે પહોળાઇ) ગણતરીમાં લઇને ઉપર પ્રમાણે ઊંચાઇ અંગે નિયમન કરવું જોઇશે.

નોંધ :— (૧) મકાનની કુલ ઊંચાઇ નક્કી કરતી વખતે, જેનું ક્ષેત્રફળ ૯.૫ ચોરસ મીટર (૧૦૦ ચોરસ ફૂટ)થી વધુ ન હોય તેવી દરેક દાદરવાળી કેબીન અથવા પાણીની ટાંકીની ઊંચાઇ ગણતરીમાં લેવી નહિ, પરંતુ તે દરેકની ઊંચાઇ ૨-૪ મીટર (૮'-૦")થી વધુ હોવી જોઇશે નહિ.

(૨) મકાનની ઊંચાઇ નક્કી કરતી વખતે, જેનું ક્ષેત્રફળ ૧૫.૦ ચોરસ મીટર (૧૫૦ ચોરસ ફૂટ)થી વધુ ન હોય તેવી માળિયાની કેબીનની ઊંચાઇ, ગણતરીમાં લેવી નહિ. પરંતુ મકાનના સૌથી ઉપલા માળ ઉપરનું બાંધકામ આગળની તથા પાછળની બાજુઓ પૈકીની દરેક બાજુએથી ૨.૪ મીટર (૮'-૦") પાછળ હઠાવ્યા પછી તેનું બાંધકામ કરેલું હોવું જોઇશે.

(૩) બે રસ્તાની હદ ઉપર મકાન બહાર નીકળતું હોય, તો મકાનની ઊંચાઇ નક્કી કરવાના હેતુ માટે, બે રસ્તા પૈકીનો જે રસ્તો પહોળો હોય તે ગણતરીમાં લેવામાં આવશે.

(૪) આ પેટા-નિયમોના હેતુ માટેની ઊંચાઇ, ત્રિકોણ આકારના માળિયાવાળા છાપરાની બાબતમાં, નજીકમાં નજીકના માર્ગની સપાટીથી રસ્તાની હદ પર આવેલ ભીંતના ઊંચામાં ઊંચા ભાગ સુધી અને અગાસીવાળા માળના સૌથી ઊંચા ભાગ સુધી, એટલે કે છાપરાની કોર પરની નીચી ભીંત-વંડીની ઊંચાઇ બાકાત રાખીને માપવી જોઇશે.

૨૧. ઝોન અંગેના વિનિયમોના અનુક્રમાંક ૪ સામે કોલમ ક્રમાંક ૪ હેઠળ "શૈક્ષણિક અને સંસ્થાકીય ઉપયોગો" એ શબ્દો પછી, નીચેનો મજકૂર ઉમેરવો :—

"જેમાં પ્લોટ, વિસ્તારના ૨ ટકા વિસ્તાર માટે મકાનોના બાંધકામની છૂટ આપવામાં આવશે."

૨૨. પાના ક્રમાંક ૫૩ અને ૫૪ ઉપર વિનિયમ ક્રમાંક ૨૮ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

છૂટછાટ :—

૧. (૧) સ્થાનિક સત્તામંડળ (૨) સરકાર (૩) ગૃહનિર્માણ બોર્ડ અને (૪) સ્ટેચ્યુટ હેઠળ રચાયેલ કોઇ સંસ્થાપિત મંડળના માલિકીના પ્લોટોની બાબતમાં, યોગ્ય સત્તાધિકારી લેખિતમાં કારણોની નોંધ કરીને જાહેર હિતમાં વિનિયમો પૈકીના કોઇપણ વિનિયમમાં, યથાપ્રસંગ, છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે :

INDEX

પરંતુ બાંધકામ વિસ્તાર, એકત્રિત ખુલ્લી જગા, માર્જિનની ખુલ્લી જગા, વધુ ઊંચાઇવાળાં મકાનોની જોગવાઇઓ અને ફ્લોર સ્પેઇસ ઇન્ડેક્ષ સંબંધીના વિકાસ વિનિયમો પૈકીના કોઇ વિનિયમમાં છૂટછાટ આપવી જોઇશે નહિ અથવા તેનો અમલ જતો કરવો જોઇશે નહિ.

૨. વિકાસ યોજનાના પૂર્વવર્તી વિનિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ વિનિયમો અમલમાં આવ્યા પહેલાં ઊભાં કરવામાં આવેલાં ચાલુ બાંધકામમાં વધારો કરતા ન હોય તેવા ફેરફારોને તે લાગુ પડવાના કારણે માલિકોને આ વિનિયમોથી હાડમારી થતી હોય તે કિસ્સાઓમાં, યોગ્ય સત્તાધિકારી, દરેક વ્યકિતગત કેસના ગુણદોષ ધ્યાનમાં લઇને અને કારણોની લેખિત નોંધ કરીને, વિકાસ યોજનાના કોઇ વિનિયમમાં, યથાપ્રસંગ છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે :

પરંતુ વધુ ઊંચાઇવાળા મકાન માટેના કોઇપણ વિનિયમમાં આ છૂટછાટ મૂકી શકાશે નહિ.

૩. યોગ્ય સત્તાધિકારીએ જેના સંબંધમાં લે-આઉટ અને પેટા-વિભાજન મંજૂર કર્યા હોય તે વિદ્યમાન મકાન એકમોની બાબતમાં અથવા રસ્તા પહોળા કરવાથી અને વિકાસ યોજના માટે વિકાસ યોજનામાં કરેલી દરખાસ્તોથી જેને અસર થઇ હોય તેવા મકાન એકમોની બાબતમાં, યોગ્ય સત્તાધિકારીનો એવો અભિપ્રાય હોય કે વિનિયમો ક્રમાંક ૧૧ અને ૧૨ની તમામ જરૂરિયાતોમાં અથવા તે પૈકીની કોઇ જરૂરિયાતમાં યોગ્ય રીતે છૂટછાટ મૂકવામાં આવી હોય અથવા તે જતી કરવામાં આવી હોય તે સિવાય આવા મકાન એકમોનો, યથાપ્રસંગ, વાજબી વિકાસ થઇ શકે એમ નથી અથવા કરવાનું શકય બન્યું નથી, તો તે કારણોની લેખિત નોંધ કરીને, ઉપર જણાવેલા વિનિયમોની જરૂરિયાતોમાં છૂટછાટ મૂકી શકશે :

પરંતુ આવા મકાન એકમોમાં વધુ ઊંચાઇવાળા મકાનો માટેના વિનિયમો પૈકીના કોઇપણ વિનિયમમાં છૂટછાટ મૂકી શકાશે નહિ.

૨૩. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ક્રમાંક ૫૪ ઉપર, વિનિયમ ક્રમાંક ૨૯માં "૧૦૦૦" અને "૫૦" એ આંકડાને બદલે, અનુક્રમે "૫૦૦૦" અને "૧૦૦" એ આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમનાં નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૦ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૦નો ૨૪૭/ટીપીએસ/૧૪૯૦/૩૮૭૦-એસ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૦.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૨૪૭/ટીપીએસ/૧૪૯૦/૩૯૭૦-એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને, નગરરચના યોજના સુરત નંબર-૧૨ (અડાજણ) (પ્રથમ ફેરફાર) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને, સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને (જેનો આમાં હવે પછી, "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) નગરરચના યોજના, સુરત નંબર-૧૨ (અડાજણ) (પ્રથમ ફેરફાર) માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફાર કરેલી યોજના" કહી છે તે)નો મુસદ્દો ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને, પોતાને મળેલાં વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશને, સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) મ્યુનિસિપલ કમિશનરને, સદરહુ ફેરફાર કરેલ યોજનાનો મુસદ્દો તૈયાર કરવા અને કાર્યવાહી કરવાની સત્તા સોંપવા, નગરરચના યોજના સમિતિના તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૦નાં ઠરાવ ક્રમાંક ૨૩ને, મ્યુનિસિપલ કોર્પોરેશનનાં જનરલ બોર્ડની પાછળથી મંજૂરી મેળવવાની શરતે, સદરહુ સુધારેલી યોજના મંજૂર કરે છે; અને

(ખ) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલાં ફેરફારોને અધીન રહીને, સદરહુ ફેરફાર કરેલી યોજના મંજૂર કરે છે; અને

(ગ) જાહેર કરે છે કે, સદરહુ યોજના, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

INDEX

અનુસૂચિ

(૧) નગરરચના અધિકારી, જાહેર હેતુ માટેનાં પ્લોટ નંબર ૮૭ અને ૮૮, એટલે કે "ગેસ વિતરણ કેન્દ્ર" યોજના વિસ્તારને, અને જાહેર જનતાને કેટલે અંશે લાભદાયી છે, તેનો નિર્ણય કરશે.

(૨) યોગ્ય સત્તામંડળે, (એસ. એમ. સી.)ને છેવટનાં પ્લોટ નંબર ૮૭ અને ૮૮ના સંબંધમાં, આ ફેરફાર કરેલી યોજનાનો મુસદ્દો તૈયાર કરવાના ઈરાદાની જાહેરાતની તારીખે, પ્રવર્તમાન બજાર કિંમત ઉપર આધારીત, નમૂના " F " અને " G " મુજબ જ કિંમત અને નાણાંકીય ગણતરીઓ, આ હેતુ માટે, ધ્યાનમાં લીધેલ વેચાણના પ્રસંગો અને વેચાણ-પ્લાનો સહિત, નગર-રચના અધિકારીને આપવાં.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૩/ટીપીએસ/૨૦૯૦/૩૬૮૪(૯૦)એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જાન્યુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૩/ટીપીએસ/૨૦૯૦/૩૬૮૪(૯૦)-એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ જામનગર--વિસ્તાર વિકાસ સત્તામંડળે, નગરરચના યોજના નંબર ૩ (જામનગર--ધૂનવાવ) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

INDEX

અને, સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ જામનગર વિસ્તાર વિકાસ સત્તા-મંડળ (જેને આમાં હવે પછી, "વિસ્તાર વિકાસ સત્તામંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના નંબર--૩ (જામનગર--ધૂનવાવ)માં સમાવિષ્ટ વિસ્તારના સંબંધમાં યોજના (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે)નો મુસદ્દો, ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળે, સદરહુ યોજના, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ, તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂરી માટે રાજય સરકારને રજૂ કરી હતી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારને અધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

૧. નગર રચના યોજનાના મુસદ્દામાં, "સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગનાં લોકોમાટે ગૃહ નિર્માણ" માટે "જાહા"ને ફાળવેલ, જાહેર હેતુ માટેના પ્લોટને, "ઔદ્યોગિક કામદારો માટે સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે ગૃહનિર્માણ" તરીકે વાંચવું જોઈશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમનાં નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ
વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૪૮/ડીવીપી-૧૨૯૦-૫૮૮-(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો/૪૮/ડીવીપી/૧૨૯૦/૫૮૮/(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૪૩૮૪/(૮૩)-એલ હેઠળ મંજૂર કરેલી, વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિના અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી સૂચનો અથવા વાંધા હોય તો,તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી, બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને, લેખિતમાં રજુ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩નાં સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૩નો/૨૭૮/ડીવીપી-૧૨૮૦/૪૩૮૪/(૮૩)-એલથી મંજૂર કરેલ વડોદરા વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. "વુડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "ત્રાસદાયક ઔદ્યોગિક ઉપયોગ" માટે મુકરર કરેલા નંદેસરીના મહેસૂલી સરવે નંબર ૧૨૭/ભાગ, ૧૨૬/ભાગ, ૧૨૫/ભાગ, ૧૨૪/ભાગ, ૬૪૪/ભાગ, ૬૪૫/ભાગ, ૬૪૬, ૬૪૭/ભાગ, ૬૪૯/ભાગ, ૬૫૦, ૬૩૮/ભાગ, ૬૫૧/૧, ૬૫૧/૨, ૬૫૨/ભાગ, ૬૫૩, ૬૫૪, ૬૫૬, ૬૬૨, ૬૬૧/૨, ૬૬૧/૧, ૬૫૫/ભાગ, ૬૫૭/ભાગ, ૬૫૮/ભાગ, ૬૩૫/ભાગ, ૬૩૪/ભાગ, ૬૬૦/૧, ૬૬૦/૨/ભાગ, ૬૬૦/૩, ૬૫૯/ભાગ, ૬૬૩/ભાગવાળી જમીન તેવા ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના પ્લાનમાં અનુક્રમાંક ૧માં દર્શાવ્યા મુજબ, સદરહુ અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

૨. "વુડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ત્રાસદાયક ઔદ્યોગિક ઉપયોગ" માટે મુકરર કરેલી નંદસરીના મહેસુલી સરવે નંબર ૧૨૭/ભાગ, ૧૨૮/ભાગ, ૧૨૯/ભાગ, ૧૩૦/ભાગ, ૧૩૨ ૧૩૧-ભાગ, ૧૩૩, ૧૩૪/ભાગ, ૧૩૫/ભાગ, ૧૩૭/ભાગ, ૧૫૧/ભાગ, વાળી જમીન તેવા ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન આ સાથેના પ્લાનમાં, અનુક્રમાંક-૨માં, દર્શાવ્યા મુજબ, સદરહુ અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજપરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ડીસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૯૦/ડીવીપી--૨૪૮૯-- ૯૫૦-- (૯૧)--એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી એપ્રિલ, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી--૧૯૯૧નો ૯૦-- ડીવીપી--૨૪૮૯- ૯૫૦ (૯૧) એલ. ઉપલેટા વિસ્તાર વિકાસ સત્તામંડળે (ઉપલેટા નગરપાલિકાએ) (જેનો આમાં હવે પછી "સદરહુ નગરપાલિકા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની નગરપાલિકાની હદોની અંદર સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની જોગવાઈઓ હેઠળ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો છે અને સદરહુ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલા વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરાત તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૮૭ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ ૨ના, પાના નંબર ૪૪૫ ઉપર પ્રસિધ્ધ કરી હતી;

અને સદરહુ નગરપાલિકાએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ મંજૂરી માટે રાજ્ય સરકારને, નગરપાલિકાએ રજૂ કરેલ સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો (જેનો આમાં હવે પછી "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું ;

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૬ની પેટા કલમ (૧) ના ખંડ (ક) ના પેટા ખંડ (૨) ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૦ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી--૧૯૯૦નો ૧૬૩/ડીવીપી--૨૪૮૯--૨૧૪૧--(૯૦)--એલ હેઠળ સદરહુ ફેરફારો,

INDEX

તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૦ ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ--૪--બી માં પ્રસિદ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફારો સંબંધી સૂચનો અથવા વાંધા હોય, તો તે, તારીખ ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૦ ના સદરહુ સરકારી જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવ્યું હતું;

અને ગુજરાત સરકારે સદરહુ ફેરફારો સંબંધી પોતાને મળેલાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ ની પેટા કલમ (૧) ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એ રીતે આખરી સ્વરૂપ આપેલ અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને અધીન રહીને, સદરહુ સુધારેલી વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

(ગ) છેવટની વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે ૭મી મે, ૧૯૯૧ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેના ઉપલેટાની સુધારેલા વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો

(૧) ઉપલેટાની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં આ સાથે જોડેલા પ્લાન ઉપર ABC થી નિશાની કર્યા મુજબ, મહેસૂલી સરવે ૩૦૭/૧ પૈકી, ૩૧૬/પૈકી વગેરેમાંથી પસાર થતો ૧૨ મીટર પહોળો ઉત્તર દક્ષિણ વિકાસ યોજનાનો માર્ગ, પહોળો કરવો અને ગુજરાત નગરરચના અને શહેર વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ઘ) હેઠળ, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા મુજબ ૧૮ મીટર સૂચવવો.

(૨) ઉપલેટાની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં દર્શાવેલી મ્યુનિસિપલની હદની બહાર ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ માટે અનામત રાખેલ જમીનોની પશ્ચિમની હદ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ, મ્યુનિસિપલ હદ સાથે એકી સાથે ફેરવવી.

(૩) ઉપલેટાની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં વિનિયમ અને વાણિજ્યિક કોલેજ આસપાસની ખુલ્લી જમીન તરીકે સૂચિત રાજચોકના અગ્નિ ખૂણે આવેલી જમીનોનો ભાગ, સદરહુ ઉપયોગમાંથી કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની અનુક્રમે કલમ ૧૨(૨)(ઇ) અને ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, વિદ્યમાન "સાર્વજનિક ઉપયોગ" અને "વાણિજ્યિક ઉપયોગ" તરીકે મુકરર કરવી.

(૪) ઉપલેટાની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંની ખુલ્લી જમીન તરીકે સૂચિત કન્યા શાળાના આસપાસના રાજચોકના ઈશાન ખૂણામાં આવેલી જમીનોનો ભાગ સદરહુ ઉપયોગમાંથી કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની અનુક્રમે કલમ ૧૨(૨)(ઇ) અને ૧૨(૨)(ક) હેઠળ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે વિદ્યમાન "સાર્વજનિક ઉપયોગ" અને "વાણિજ્યિક ઉપયોગ" તરીકે મુકરર કરવી.

INDEX

(૫) ઉપલેટાની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, બગીચો અને રતગમતના મેદાનના ઉપયોગ માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાનમાં LNJKM ની નિશાની કરેલી રેલવે સ્ટેશનની નજીકના પાવરહાઉસની પૂર્વમાં આવેલી જમીનો સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

(૬) ઉપલેટાની વિકાસ યોજનાના સુધારેલા મુસદ્દામાં રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે A B C D E F A થી નિશાની કરેલી ઉપલેટા મ્યુનિસિપલ હદમાં, લીલકા તરફ જતા વિદ્યમાન માર્ગની જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઘ) હેઠળ વિદ્યમાનમાર્ગ તરીકે મુકરર કરવી.

(૭) સુધારેલી વિકાસ યોજના વિનિયમોના મુસદ્દાના પાના ક્રમાંક ૨૦ ઉપરના વિનિયમ ક્રમાંક ૧૩.૨ નીચે પ્રમાણે મૂકવો.

INDEX

(ખ) મકાનના પ્લોટનું ક્ષેત્રફળ અને ભોંયતળિયા ઉપરનો વધુમાં વધુ પરવાનગી પાત્ર બાંધકામ વિસ્તાર નીચે પ્રમાણે રહેશે.

અનુક્રમાંક	મકાનના પ્લોટનું ક્ષેત્રફળ	ભોંયતળિયા પરવાનગીપાત્ર બાંધકામનું વિસ્તારનાં વધુમાં વધુ ટકા	મકાનના પ્લોટની ઓછામાં ઓછી પહોળાઈ	ખુલ્લી જગા (માર્જિન)			વિશેષ નોંધ
				આગળ	પાછળ	બાજુની	
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	૫૦ ચોરસ મીટરથી ૯૦ ચોરસ મીટર સુધી	૬૦ ટકા	૫ મીટર	૨.૫ મીટર	૧.૫ મીટર	...	મકાનનાં પ્લોટનું ઓછામાં ઓછું માપ ૫૦ ચોરસમીટરથી ઓછું હોવું જોઈએ નહી. તેમ છતાં કેન્દ્ર સરકારે રાજ્ય સરકારે, સ્થાનિક સત્તામંડળે, અને સહકારી ગૃહ નિર્માણ મંડળીએ અથવા ઓછી આવકવાળા જુથ અથવા આર્થિક રીતે નબળા વર્ગના ગૃહનિર્માણ માટે જે તે સમયે અમલમાં હોય તેવા કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલ અન્ય મંડળે હાથ ધરેલ ગૃહનિર્માણ યોજનાની બાબતમાં (ઓછામાં ઓછા) ૪૦ ચોરસ મીટરના મકાન-પ્લોટની પરવાનગી આપવામાં આવશે.
૨.	૯૦ ચોરસ મીટરથી ૨૦૦ ચોરસ મીટર સુધી	૫૦ ટકા	૮ મીટર	૩.૦ મીટર	૨.૫ મીટર	૨.૫ મીટર કોઈપણ એકબાજુએ	
૩.	૨૦૦ ચોરસ મીટરથી ૫૦૦ ચોરસ મીટર સુધી	૪૦ ટકા	૧૦ મીટર	૪.૫ મીટર	૩.૦ મીટર	૩.૦ મીટર	
૪.	૫૦૦ ચોરસ મીટરથી ૧૦૦૦ ચોરસ મીટર સુધી	૪૦ ટકા	૧૨ મીટર	૪.૫ મીટર	૩.૦ મીટર	૩.૦ મીટર	
૫.	૧૦૦૦ ચોરસ મીટરથી વધુ	૪૦ ટકા	૧૫ મીટર	૪.૫ મીટર	૩.૦ મીટર	૩.૦ મીટર	

INDEX

(૮) પરવાનગી પાત્ર વધુમાં વધુ બાંધકામ વિસ્તાર અને પરવાનગી પાત્ર વધુમાં વધુ ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ સંબંધી, નવો વિનિયમ ૧૩.૩(૧)(૧) નીચે પ્રમાણે ઉમેરવો.

પરવાનગીપાત્ર વધુમાં વધુ બાંધકામ વિસ્તાર	પરવાનગીપાત્ર વધુ ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ.
મકાન એકમના ૪૦ ટકા	૧.૨
મકાન એકમના ૩૦ ટકા	૧.૩
મકાન એકમના ૨૫ ટકા	૧.૭
મકાન એકમના ૨૦ ટકા	૧.૯

૧.૨ અને ૧.૯ ના ફ્લોર સ્પેસ ઇન્ડેક્ષ વચ્ચે કોઈ પ્રક્ષેપ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ અને કોઈપણ સંજોગોમાં કોઈપણ મકાનની કુલ ઉંચાઈ ૩૦.૦ મિટરથી વધવી જોઈશે નહિ.

(૯) વિકાસ નિયંત્રણ વિનિયમમાં જાહેર રસ્તા/માર્ગની પહોળાઈ સંબંધી પરવાનગી પાત્ર વધુમાં વધુ ઉંચાઈ અંગેનો નવો વિનિયમ, નીચે પ્રમાણે ઉમેરવો:—

(ક) જો રસ્તાની પહોળાઈ ૭.૫ મિટર, ૨૫'.૦" થી ઓછી હોય, તો વધુમાં વધુ ૧૦.૦૦ મિટર (૩૩'.૩" ને આધીન જે રસ્તા પર તે આવેલ હોય તે રસ્તાની પહોળાઈથી બમણો પરંતુ મકાનને, આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઉંચાઈ ૧૩.૦ મિટર૪૩'.૩" સુધી વધારી શકાશે.

(ખ) જો રસ્તાની પહોળાઈ ૭.૫ મિટર (૨૫'.૦')અથવા વધુ હોય પણ ૧૦.૫ મિટર(૩૫'.૦") થી ઓછી હોય, તો ૨૧.૦ મિટર (૪૦'.૦) પરંતુ મકાનને, આગળની તથા પાછળની બાજુએ, વધારાના માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઉંચાઈ ૧૫.૦ મિટર (૫૦'.૦) સુધી વધારી શકાશે.

(ગ) જો રસ્તાની પહોળાઈ ૧૦.૫ મિટર (૩૫'.૦) અથવા વધુ હોય, પણ ૧૩.૫ મિટર (૪૫'.૦") થી ઓછી હોય તો, ૧૫ મિટર (૫૦'.૦)'પરંતુ મકાનને, આગળની તથા પાછળની બાજુએ, વધારાની માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે તો ૧૮.૦ મિટર (૬૦'.૦૦') સુધી વધારી શકાશે.

(ઘ) જો રસ્તાની પહોળાઈ ૧૩.૫ મિટર (૪૫-૦) અથવા વધુ હોય, પણ ૧૮.૦ મિટર (૬૦'.૦")થી ઓછી હોય, તો ૧૮ મિટર(૬૦'.૦) પરંતુ મકાનને, આગળની તથા પાછળની બાજુએ, વધારાના માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઉંચાઈ ૨૧.૦ મિટર (૭૦'.૦") સુધી વધારી શકાશે.

(ચ) (૧) જો રસ્તાની પહોળાઈ ૧૮.૦ મિટર અથવા વધુ હોય, પણ ૨૧.૦ મિટર ઓછી હોય તો ૨૧.૦ મિટર.

(૨) જો રસ્તાની પહોળાઈ ૨૧.૦ મિટર અથવા વધુ હોય, પણ ૨૪.૦ મિટરથી ઓછી હોય, તો ૨૪.૦ મિટર.

(૩) જો રસ્તાની પહોળાઈ ૨૪.૦ મિટર અથવા વધુ હોય, તો પણ ૩૦.૦ મિટરથી ઓછી હોય, તો ૨૭.૦ મિટર

(૪) જો રસ્તાંની પહોળાંઈ ૩૦ મિટરથી વધુ હોય, તો ૩૦ મિટર.

INDEX

(છ) જો રસ્તાની એટલે કે જાહેર માર્ગની હદ ઉપર મકાન આવેલ ન હોય, પણ અંદરના ભાગે, ખાનગી માર્ગની અથવા ખુલ્લી જગામાં હોય, તો જે ખાનગી માર્ગની અથવા ખુલ્લી જગાની હદ પર તે આવેલ હોય તે ખાનગી માર્ગ અથવા ખુલ્લી જગાની ચોખ્ખી પહોળાઈ (એટલે કે ખુલ્લામાં હોય તે પહોળાઈ) ગણતરમાં લઈને, ઉપર પ્રમાણે ઉંચાઈ અંગે નિયમન કરવું જોઈશે.

નોંધ :—(૧) મકાનની કુલ ઉંચાઈ ની કરતી વખતે જેનું ક્ષેત્રફળ ૯.૫ ચોરસ મિટર (૧૦૦ચો.ફૂટ થી વધુ ન હોય, તેવા દરેક દાદરવાળા, કેબાન, અથવા પાણીની ટાંકીની ઉંચાઈ ગણતરીમાં લેવી નહિ.

પરંતુ તે દરેકની ઉંચાઈ ૨.૪ મિટર (૮.૦૦) થી વધુ હોવી જોઈશે નહિ

નોંધ (૨) મકાનની ઉંચાઈ નક્કી કરતી વખતે, જેનું ક્ષેત્રફળ ૧૫.૦ ચો. મી. (૧૫૦ ચો. ફૂટ થી વધુ ન હોય તેવા માળિયાના કેબાનની ઉંચાઈ ગણતરીમાં લેવા નહિ. પરંતુ મકાનના સૌથી ઉપલા માળ ઉપરનું બાંધકામ આગળની તેના પાછળની બાજુઓ પૈકી દરેક બાજુએ (૨.૪ મિટર (૧૮'૦) પાછળ હઠાવ્યા પછી, તેનું બાંધકામ કરેલું હોવું જોઈશે.

નોંધ :—(૩) બે રસ્તાના હદ ઉપર મકાન આવેલ હોય, તો મકાનની ઉંચાઈ નક્કી કરવાના હેતુ માટે બે રસ્તા પૈકી નો જે રસ્તો પહોળો હોય તે ગણતરીમાં લેવામાં આવશે.

નોંધ.—(૪) આ ઉપ-નિયમોમાં હેતુ માટે ઉંચાઈ, ત્રિકોણ, આકારના માળિયાના છાપરાની બાબતમાં, નજીકમાં નજીકના માર્ગના સપાટાથા રસ્તાના હદ પર આવેલ ભીંતના ઉંચામાં ઉંચા ભાગ સુધી અને અગાસાવાળા માળના, સૌથા ઉંચા ભાગ સુધી એટલે કે, છાપરાના કોર પરની નીચી ભીંત-વંડાના ઉંચાઈ ઉમેરાને માપવા જોઈશે.

(૧૦) ઝોન અંગેના વિનિયમોમાં ઉપલેટાના વિકાસ યોજનાના મુસદ્દાના રિપોર્ટના પાના નં. ૬૧ પૂરવણા—૧ માં, અનુક્રમાંક (૧) (ખ) આગળ ઝોન અંગેના વિનિયમોના કોલમ ક્રમાંક ૨, ૩ અને ૪ ના જગ્યાએ નીચેનો મજકૂર મુકવો.

કોલમ ક્રમાંક ૨	કોલમ ક્રમાંક ૩	કોલમ ક્રમાંક ૪
ગોઠાણ	કોલમ ક્રમાંક જમાં જણાવેલ ઉપયોગ સિવાયના રહેણાંક ઝોન અને વાણિજ્યિક ઝોનમાં પરવાનગીપાત્ર તમામ ઉપયોગો	હળવો ઉદ્યોગ, લાઈટ હોમ વર્કશોપ જથ્થાબંધ વખારો, ગોદામો, સોમીલ્સ, ઢોર બજાર સિનેમા.

(૧૧) ઉપલેટાના વિકાસ યોજનાના રિપોર્ટના પાના નંબર ૬૧ પૂરવણા—૧ ઉપરના ઉપયોગ ઝોન કોષ્ટકમાં, અનુક્રમાંક ૩ એટલે કે ઔદ્યોગિક ઝોન નીચે અને અનુક્રમાંક ૪ એટલે કે કૃષિ પહેલાં નાચેની નોંધ ઉમેરવા:—

નોંધ:—

૧. ઔદ્યોગિક કામદારો માટે ઔદ્યોગિક ઝોનમાં જેને માટે પરવાનગી આપવાની હોય તેવા રહેઠાણના ક્વાટર્સ માટે ઉદ્યોગોની આજુબાજુનો વિસ્તાર સ્વાસ્થ્યને નુકશાનકારક અને જોખમકારક ન હોય તેવો હોવો જોઈએ.

૨. ઔદ્યોગિક કામદારો માટે ઔદ્યોગિક ઝોનમાં રહેઠાણના ક્વાટર્સના વિકાસ માટે, ગુજરાત પાણી અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડ જેવા યોગ્ય સત્તામંડળ પાસેથી "ના-વાંધા પ્રમાણપત્ર' અને વગેરે મેળવવું.

INDEX

૧૨.. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ક્રમાંક ૪૨ અને ૪૩ ઉપર વિનિયમ ક્રમાંક ૩૧(અ) નીચે પ્રમાણે મૂકવો:-

છૂટછાટ :-

૧. (૧) સ્થાનિક સત્તામંડળ (૨) સરકાર (૩) ગૃહનિર્માણ બોર્ડ અને સ્ટેચ્યુટ હેઠળ રચાયેલ કોઈ સંસ્થાપિત મંડળની માલિકીના પ્લોટોની બાબતમાં, યોગ્ય સત્તાધિકારી કારણોની લેખિત નોંધ કરીને, જાહેર હિતમાં વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં, યથાપ્રસંગ છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે;

પરંતુ બાંધકામ વિસ્તાર એકત્રિત ખુલ્લી જગા, માર્જિનની ખુલ્લી જગા, વધુ ઉંચાઈવાળા મકાનોની જોગવાઈઓ અને ફ્લોર સ્પેઈસ ઈન્ડેક્સ સંબંધીના વિકાસ વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં છૂટછાટ આપવી જોઈશે નહિ. અથવા તેનો અમલ જતો કરવો જોઈશે નહિ.

૨. વિકાસ યોજનાના પૂર્વવર્તી વિનિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ નિયમો અમલમાં આવ્યા તે પહેલાં ઉભાં કરવામાં આવેલ ચાલુ બાંધકામમાં વધારો કરતાં ન હોય તેવા ફેરફારોને તે લાગુ પાડવાને કારણે માલિકોને, આ વિનિયમોથી હાડમારી થતી હોય તે કિસ્સાઓમાં યોગ્ય સત્તાધિકારી દરેક વ્યકિતગત કેસના ગુણદોષ ધ્યાનમાં લઈને અને કારણોની લેખિત નોંધ કરીને વિકાસ યોજનાના કોઈ વિનિયમમાં યથાપ્રસંગ છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે. પરંતુ વધુ ઉંચાઈવાળા મકાન માટેના કોઈપણ વિનિયમમાં આ છૂટછાટ આપી શકાશે નહિ.

૩. યોગ્ય સત્તાધિકારીએ, જેના સંબંધમાં લે-આઉટ અને પેટા વિભાજન મંજૂર કર્યા હોય તે વિદ્યમાન મકાનની બાબતમાં અથવા રસ્તા પહોળા કરવાથી અને વિકાસ યોજના માટે વિકાસ યોજનામાં કરેલી દરખાસ્તોથી જેને અસર થઈ હોય તેવા મકાન એકમોની બાબતમાં, યોગ્ય સત્તાધિકારીનો એવો અભિપ્રાય હોય કે વિનિયમો ક્રમાંક ૧૧ અને ૧૨ની તમામ જરૂરિયાતોમાં અથવા તે પૈકીની કોઈપણ જરૂરિયાતમાં યોગ્ય રીતે છૂટછાટ મૂકવામાં આવી હોય અથવા તે જતી કરવામાં આવી હોય તે સિવાય, આવા મકાન એકમોનો, યથાપ્રસંગ વાજબી વિકાસ થઈ શકે એમ છે અથવા કરવાનું શકય બન્યું છે, તો કારણોની લેખિત નોંધ કરીને ઉપર જણાવેલા વિનિયમોની જરૂરિયાતોમાં તે છૂટછાટ મૂકી શકશે. પરંતુ આવા મકાન એકમોના વધુ ઉંચાઈવાળા મકાનો માટેના વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં, છૂટછાટ મૂકી શકાશે નહિ.

(૧૩) વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ક્રમાંક ૪૨ ઉપર, વિનિયમ ક્રમાંક ૩૧(ક)નીચે પ્રમાણે મૂકવો.

"ઉપર્યુકત વિનિયમો પૈકીના કોઈ વિનિયમનું અથવા વિકાસ યોજનાની કોઈ જોગવાઈઓનું ઉલ્લંઘન કરતી કોઈ વ્યકિત, આવા ઉલ્લંઘન બદલ દોષિત ઠર્યે રૂા. ૫૦૦૦/-સુધીના અને ઓછામાં ઓછા રૂા. ૧૦૦ના દંડને પાત્ર થશે અને ઉપર્યુકત જોગવાઈઓનું ઉલ્લંઘન ચાલુ રહે તે કિસ્સામાં, પ્રથમ ગુના માટે દોષિત ઠર્યા પછી, આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાન દરેક દિવસ માટે રૂા. ૧૦૦ સુધીના વધારાના દંડને પાત્ર થશે."

(૧૪) અનુક્રમાંક ૧માં વિનિયમ ક્રમાંક ૧૨.૧ નીચેના કોષ્ટકમાં કોલમ ક્રમાંક ૩માં "૮૦ ચોરસ મિટર (૧૦૦.૦૦ ચોરસ વાર)એ આંકડાને બદલે "૫/૦ ચોરસ મિટર (૬૦ ચોરસ વાર)એ આંકડો મૂકવો.

(૧૫) પાના ક્રમાંક ૪૩ ઉપર વિકાસ નિયંત્રણ વિનિયમ ક્રમાંક ૩૧(ગ) કમી કરવો.

INDEX

(૧૬) વિનિયમ ક્રમાંક ૧૨ (વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના ક્રમાંક ૧૩ થી ૧૫)માં "ગામતલ વિકાસ તરીકે ગણાશે" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં ત્યાં તે કમી કરેલા ગણાશે. આ કમી કરવા અંગેની બાબતનો વિકાસ નિયંત્રણ વિનિયમ ક્રમાંક ૧૨.૩(ખ)માં સમાવેશ થાય છે.

(૧૭) ઉપલેટા વિસ્તાર વિકાસ સત્તામંડળની મર્યાદા બહારની દરખાસ્તો, સુધારેલી વિકાસ યોજનાની દરખાસ્તો તરીકે ગણાશે નહિ.

(૧૮) કલમ ૧૬ હેઠળ સાદર કરેલ સૂચિત જમીન ઉપયોગનો નકશો દર્શાવતા લેખમાં "અનામત" દર્શાવતું પ્રતિક આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે, નારંગી રંગથી દર્શાવવું.

(૧૯) ઝોન અંગેના વિનિયમો દર્શાવતા પરિશિષ્ટ--૧ના અનુક્રમાંક ૧ સામેના કોલમ ક્રમાંક ૨ હેઠળ "મહેસૂલી વિસ્તારમાં" એ શબ્દો કમી કરવા.

(૨૦) પાના ક્રમાંક ૧૩ ઉપર વિનિયમ ક્રમાંક ૧૨.૧ની ત્રીજી લીટીમાં "દર્શાવ્યા પ્રમાણે" અને "અને ગામતલ તરીકે ગણાશે"એ શબ્દો કમી કરવા.

(૨૧) વિનિયમ ક્રમાંક ૧૨.૧ના કોષ્ટક હેઠળ અનુક્રમાંક ૧માં કોલમ ક્રમાંક ૨માં, નીચેના શબ્દો કમી કરવા.

"અને ગામતલ વિસ્તાર તરીકે ગણાશે.".
(વિકાસ યોજનામાં દર્શાવ્યા પ્રમાણે)

(૨૨) પાના ક્રમાંક ૧૪ ઉપર વિનિયમ ક્રમાંક ૧૨-૩(ક) કમી કરવો.

(૨૩) વિનિયમ ક્રમાંક ૧૨-૩(ક)માં "દર્શાવ્યા પ્રમાણે"એ શબ્દો કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૧નો ૧૦૯/ ડીવીપી--૨૦૮૯/૧૫૧૮--(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી મે, ૧૯૯૧.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:-જીએચ(વી)/૧૯૯૧નો ૧૦૯/ડીવીપી--૨૦૮૯/૧૫૧૮/(૯૧)--એલ :—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૮૫નો ૧૦૫/ડીવીપી--૨૦૮૩--૨૪૮૭--(૮૫)--એલ હેઠળ મંજૂર કરેલી, જામનગર નગરની વિસ્તાર વિકાસ સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ—અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિના અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૮મી જૂન, ૧૯૯૦ના, સરકારી જાહેરનામાં ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૦નો ૧૨૯/ડીવીપી--૨૦૮૯--૧૮૦૪(૯૦)--એલ હેઠળ, તારીખ ૨૯મી જૂન, ૧૯૯૦નાં ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીનાં પાનાં નંબર ૧૧૬--૧૧૬--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફારનાં સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને, ગુજરાત સરકારે, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક-૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી-,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનાં ફેરફારો તારીખ ૪થી જૂન, ૧૯૯૧થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૫નો ૧૦૫/ડીવીપી--૨૦૮૩--૨૮૭(૮૫)--એલથી, મંજૂર કર્યા પ્રમાણેની જામનગર નગરની વિસ્તાર વિકાસ સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. "જાડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં હળવા ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરેલી સીટી સરવે નંબર ૩૯/જી-૫ પૈકીનાં પ્લોટ ક્રમાંક:-૯-એ-બી, ૧૦-એ-બી, ૧૧-એ-બી, ૧૨-એ-બી, ૧૩-એ-બી, ૧૪-એ-બી, ૧૮-એ-બી અને ૧૯-એ-બી વાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨(૨) (ક) હેઠળ, આ સાથેનાં પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

૨. "જાડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં રહેણાંક ઝોન માટે મુકરર કરેલી જામનગરના મહેસુલી સરવે નંબર ૧૫/પૈકીની જમીન સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ, આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે "સ્થાનિક વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

૩. "જાડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં પોલીસ ચોકી, પોલીસ સ્ટાફ કવાટર્સ અને પરેડ ગ્રાઉન્ડ તરીકે અનામત રાખેલી જામનગરની મહેસુલી સરવે નંબર ૧૪૯૧ વાળી જમીન, સદરહું અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ, આ સાથેનાં પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી મે, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૧૩૨/ડીવીપી/૧૫૮૮-૧૫૭૫(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી મે, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૧નો ૧૩૨/ડીવીપી--૧૫૮૮--૧૫૭૫(૯૧)--એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક-જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી–૧૫૮૩–૪૪૨૦(૮૭)/એલ હેઠળ મંજુર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ માટેની, છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનુ જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નાં રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી, બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૭-૪૪૨૦(૮૭)--એલ થી મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. "ઔડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "ઔડા ટાઉનશીપ" માટે અનામત રાખેલ, આ સાથેનાં પ્લાન નંબર ૧માં દર્શાવેલી મહેમદાવાદ નગરના મહેસૂલ સરવે નંબર ૨૫૨/૧, ૩૦૨, ૩૦૩, ૩૩૭/૧, ૩૩૮/ભાગ, ૯૪૪/૧+૨+૩, ૪૯૨, ૨૫૪, ૨૭૫, ૨૮૪/ભાગ, ૨૮૫, ૨૮૬, ૨૯૦/એ+૩. ૨૯૮, ૯૩૯ ૬૯૯ અને ૭૦૦/ભાગવાળી જમીન, સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

INDEX

૨. "ઔડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "ઔડા ટાઉનશીપ" માટે, અનામત રાખેલ, આ સાથેના પ્લાન નંબર ૨માં દર્શાવેલી, કલોલ તાલુકાના સૈજ ગામના મહેસૂલી સરવે નંબર ૧૦૪/૧ (બી)એ (એકત્રિત નંબર) વાળી જમીન, સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

૩. "ઔડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "ઔડા ટાઉનશીપ" માટે, અનામત રાખેલી આ સાથેનાં પ્લાન નંબર ૩માં, દર્શાવેલી, કલોલ ગામ/નગરના મહેસૂલી સરવે નંબર ૧૧૩૭/ભાગ, ૧૧૫૫/૧/૫/૧વાળી જમીન સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨)(ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

૪. "ઔડા ટાઉનશીપ" માટે, અનામત રાખેલી, આ સાથેના પ્લાન નંબર ૪માં દર્શાવેલી, દહેગામ નગરના મહેસૂલી સરવે નંબર ૪૭૪વાળી જમીન, સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ
વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા જીએચ/વી/૧૯૯૧નો ૧૪૧/ડીવીપી/૧૪૯૦-૧૮૦૬ (૯૧) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુન, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૧.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૪૧/ડીવીપી/૧૪૯૦/૧૮૦૬ (૯૧) એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી,

INDEX

૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧-૩૮૪(૮૬) એલ હેઠળ મંજૂર કરેલી, સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, સદરહુ વિકાસ યોજના તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૨૩/ડીવીપી/ ૧૪૯૦/૨૮૦(૯૧)એલ હેઠળ તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજ્યપત્ર, અસાધારણ ભાગ-૪બી નાં પાના નંબર ૨૬ થી ૨૬-૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફારના સાંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવતી નોટીસ તેની સાથે પ્રસિદ્ધ કરી હતી,

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધાં છે; અને, ગુજરાત સરકારે, સુરત શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ વિકાસ યોજનામાં કરવાનો ફેરફાર મંજુર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૧થી અમલમાં **આવશે.**

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧-૩૮૪(૮૬)એલ થી મંજૂર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"સુડા" ની મંજુરી થયેલી વિકાસ યોજનામાં "સુડા દ્વારા ગૃહનિર્માણ" માટે અનામત રાખેલી, આ સાથેના પ્લાનમાં ABCDA તરીકે નિશાની કરેલી, મગદલ્લા ગામની મહેસૂલી સરવે નંબર ૧૯/પૈકી (૩૩૫૬ ચો. મીટર) વાળી જમીન, સદરહૂ અનામતમાંથી કમી કરી અને એવી રીતે મુકત કરેલી જમીન આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા મુજબ, અધિનિયમની કલમ ૧૨(૨)(દ) હેઠળ "પેટ્રોલ પંપ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ
વિભાગ

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડીસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જુન, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૬૦/ડીવીપી-૨૧૯૦-૧૮૪૩ (૯૧) એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

 હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું
ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુન, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૬૦/ડીવીપી-૨૧૯૦-૧૮૪૩-(૯૧)એલ.— અંબાજી ગ્રામ પંચાયતે (જિલ્લો બનાસકાંઠા)તેની ગ્રામ પંચાયતોની હદની અંદર સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે અને વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૨ના પાના નંબર ૧૪-૧૫ ઉપર પ્રસિધ્ધ કરી હતી;

અને અંબાજી વિસ્તાર વિકાસ સત્તામંડળે (અંબાજી ગ્રામ પંચાયતે) રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરેલા સદરહુ વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવાનું સરકારને જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,

(૧) આ સાથે જોડેલી અનુસૂચિ પ્રમાણે ઉપર્યુક્ત વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફારો સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે. નીચે જણાવેલા ફેરફારો દર્શાવતો પ્લાન અંબાજી ગ્રામ પંચાયતની કચેરીએ, ઉપર્યુક્ત બે મહિનાની મુદત દરમિયાન કામકાજના તમામ દિવસોએ કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

અંબાજી (જિલ્લો બનાસકાંઠા)ની વિકાસ યોજનાના મુસદ્દામાંના સૂચિત ફેરફારો.

૧. વિકાસ યોજનાના મુસદ્દામાં "ધર્મશાળા અને શોપીંગ સેન્ટર" માટે અનામત રાખેલી મહેસૂલી સરવે નંબર ૬૮વાળી જમીન, સદરહુ અનામતમાંથી મુક્ત કરવી અને એ રીતે મુક્ત થયેલી જમીન, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

૨. વિકાસ યોજનાના મુસદ્દામાં હોસ્પિટલ (દવાખાના) માટે અનામત રાખેલા મહેસૂલી સરવે નંબર ૫૩ વાળી જમીન, સદરહુ અનામતમાંથી મુક્ત કરવી અને એ રીતે મુક્ત થયેલી જમીન, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૩. ઝોન અંગેના વિનિયમોમાં, ખેતી વિષયક ઝોન માટેનો વિનિયમ રદ થયેલો છે એમ ગણવું.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી/૧૯૯૧નો-૧૬૭-ડીવીપી-૨૬૯૦-૨૧૫૯-(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

ગુજરાત સરકાર

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો-૧૬૭/ડીવીપી-૨૬૯૦-૨૧૫૯-(૯૧)-એલ.—નો કોડીનાર વિસ્તાર વિકાસ સત્તામંડળે (કોડીનાર નગર પંચાયતે) તેની નગર પંચાયતની હદમાં સમાવિષ્ટ જમીનોના સંબંધમાં,

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે અને વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત વિકાસ યોજનામાં મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર, તારીખ ૨૫મી મે, ૧૯૮૯ના ગુજરાત સરકારી, રાજપત્ર ભાગ-૨ના પાના નંબર ૨૨૧--૨૨૨ ઉપર પ્રસિધ્ધ કરી હતી;

અને, કોડીનાર વિસ્તાર વિકાસ સત્તામંડળે (કોડીનાર નગર પંચાયતે) રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરેલી કોડીનારના સદરહુ વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવાનું સરકારને જરૂરી જણાયું છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિ પ્રમાણે, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફારો સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો, તે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે. નીચે જણાવેલા ફેરફારો દર્શાવતો પ્લાન, કોડીનાર નગર પંચાયતની કચેરીમાં, ઉપર્યુકત બે મહિનાની મુદત દરમિયાન કામકાજના તમામ દિવસોએ કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની જોગવાઈઓ હેઠળ કોડીનાર વિકાસ યોજનાના મુસદ્દામાંના સૂચિત ફેરફારો.

૧. કોડીનારના વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઉપયોગ માટેના સૂચિત મહેસૂલી સરવે નંબરો ૩૪૭, ૩૪૫ અને ૩૪૬વાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ, ઔદ્યોગિક ઉપયોગ માટે સૂચિત કરવી.

૨. કોડીનારના વિકાસ નિયંત્રણ વિનિયમો દર્શાવતા પાના નંબર ૭ પરના વિનિયમ ક્રમાંક ૭ (ઘ) ની પહેલી લીટીમાં "એક" એ શબ્દ કમી કરવો.

૩. કોડીનારની વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરેલી કોડીનારના મહેસૂલી સરવે નંબર ૩૬૪વાળી જમીન, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ ઔદ્યોગિક ઉપયોગ માટે સૂચિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૮૧/ડીવીપી-૨૮૮૬-૭૪૩ (૯૧) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

 હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી માર્ચ, ૧૯૮૮.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચવી/૧૯૯૧નો ૮૧/ડીવીપી-૨૮૮૬-૭૪૩-(૯૧)-એલ.—વઢવાણ વિસ્તાર વિકાસ સત્તા મંડળે (વઢવાણ નગરપાલિકાએ (જેનો આમાં હવે પછી, "સદરહુ નગરપાલિકા" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે), ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ તેમની નગરપાલિકાની હદોની અંદર સમાવિષ્ટ કરેલી જમીનોના સંબંધમાં વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો છે અને સદરહુ વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિદ્ધ કરવા સંબંધી અને સૂચિત વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર, તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૮૪ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૨માં, પાના નં. ૫૬૭-૫૬૮ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવી હતી;

અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ સદરહુ નગરપાલિકાએ રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરેલી સદરહુ વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફાર, તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું;

INDEX

અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ૧૭ની પેટા કલમ (૧)ના ખંડ (ક)ના પેટા ખંડ-(૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ ફેરફારો, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૯૦નો ૧૯૪/ડીવીપી ૨૮૮૬-૨૪૭૨(૯૦) એલ, હેઠળ તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૦ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૪-બીમાં પ્રસિદ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારોના સંબંધમાં કોઈ વ્યકિતને વાંધા અથવા સૂચનો કોઈ હોય, તો તે, તારીખથી ૮મી ઓકટોબર, ૧૯૯૦નું સદરહુ સરકારી જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને રજૂ કરવા ફરમાવ્યું હતું.

અને, ગુજરાત સરકારે, સદરહુ ફેરફારોના સંબંધમાં મળેલાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધાં છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એવી રીતે, આખરી સ્વરૂપ આપેલા અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેના ફેરફારોને અધીન રહીને, સદરહુ વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

(ગ) આખરી વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૧ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપેલી વઢવાણ વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો.

૧. આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેના વઢવાણની વિકાસ યોજનાના મુસદ્દામાં ખેતીવિષયક ઉપયોગ માટે સૂચિત કરેલ મહેસૂલી સરવે નંબર ૧૫૬૯ વાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે સૂચિત કરવી.

૨. આ સાથેના પ્લાનમાં A B C D E F G H I J A'તરીકેની નિશાની કરેલ અને વઢવાણના વિકાસ યોજનાના મુસદ્દામાં જળસ્રોત તરીકે દર્શાવેલી ગુંદાવડુ તળાવ (સરવે નંબર ૫૭૭)ની પશ્ચિમે આવેલી જમીન સદરહુ ઉપયોગમાંથી કમી કરવી, અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આનંદપ્રમોદના ઉપયોગ માટે મુકરર કરવી.

૩. વઢવાણની વિકાસ યોજનાના મુસદ્દામાં નગરપાલિકા માટે અનામત રાખેલ મહેસૂલી સરવે નંબર ૧૮૨૫, ૧૮૨૮, ૧૮૨૯, ૧૮૩૦, ૧૮૩૧, ૧૮૩૨ અને ૧૮૩૩ વાળી જમીન સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા મુજબ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૪. વઢવાણ વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઉપયોગ માટે સૂચિત કરેલ મહેસૂલી સરવે નંબરો ૨૦૫૮, ૨૦૫૯/૧, ૨૦૫૯/૨, ૨૦૬૦, ૨૦૬૧, ૨૦૬૨, ૨૦૬૩, ૨૦૬૫/૧, ૨૦૬૫/૨, ૨૦૬૫/૩, ૨૦૬૬, ૨૦૬૭, ૨૦૬૮ વગેરેવાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,

૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ઔદ્યોગિક ઉપયોગ માટે સૂચિત કરવી.

૫. વઢવાણ વિકાસ યોજનાના મુસદ્દામાં ઔદ્યોગિક ઉપયોગ માટે સૂચિત કરેલ મહેસૂલી સરવે નંબર ૧૬૫૫/૧/ભાગ, ૧૬૫૬/ભાગવાળી જમીનો સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે રહેણાંકના ઉપયોગ માટે સૂચિત કરવી.

૬. વઢવાણ વિકાસ યોજનાના મુસદ્દામાં, 'MN' તરીકેની નિશાની કરેલ સૂચિત ૧૮.૦૦ મીટરનો રસ્તો કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ઔદ્યોગિક ઉપયોગ માટે સૂચિત કરવી.

૭. વઢવાણ વિકાસ યોજનાના મુસદ્દામાં 'LMO' તરીકેની નિશાની કરેલ વઢવાણની ઉત્તર હદ પર સૂચિત ૨૪.૦૦ મિટર પહોળા રસ્તાની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ધ) હેઠળ આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ફરીથી લાઈનદોરી કરવી.

૮. વઢવાણ વિકાસ યોજનાના મુસદ્દામાં, "સૂચિત જીઆઈડીસી વિસ્તાર" એ શબ્દોને બદલે, આ સાથેના પ્લાનમાં નિશાની કર્યા પ્રમાણેના અને દર્શાવ્યા પ્રમાણેના વિદ્યમાન "જીઆઈડીસી વિસ્તાર" એમ વાંચવું.

૯. ઝોન અંગેના વિનિયમોમાં, અનુક્રમાંક ૬માંની નવી જોગવાઈ નીચે પ્રમાણે ઉમેરવી :—

અનુક્રમાંક	ઝોનનો પ્રકાર	જે વિકાસ માટે પરવાનગી આપવાની હોય તે વિકાસનો પ્રકાર	જે વિકાસ માટે યોગ્ય સત્તાધિકારીની ખાસ સંમતિથી પરવાનગી આપવાની હોય તે પરવાનગીનો પ્રકાર
૧	૨	૩	૪
૬	આનંદ પ્રમોદ	મનોરંજનના પ્રકારો જેવા કે ગોલ્ફ કલબ, બગીચો, રમતગમતના મેદાનો, ઉનાળુ શિબિર, રેસ ટ્રેક, શુટીંગ રેન્જ, પ્રાણીઘર, સ્ટેડીયમ અને વન સંવર્ધન ઉપયોગો.	સ્વીમીંગ પૂલ, ઓપન એર થીયેટર કોફી હાઉસ.

૧૦.૧ વિકાસ યોજનાના મુસદ્દામાં સૂચિત ઝોન અંગેના વિનિયમોના (પરિશિષ્ટ--૨)અનુક્રમાંક, ૫માં ગામતળ ના"ગામતળ" ના ઝોન અંગેના વિનિયમો માટે કલમો કોલમ ક્રમાંક ૩ અને ૪ની જોગવાઈઓને બદલે, નીચેનો મજકૂર મૂકવો.—

કોલમ ક્રમાંક—૩	કોલમ ક્રમાંક—૪
કોલમ ક્રમાંક ૪માં જણાવેલા ઉપયોગો સિવાયના, રહેઠાણના ઝોનમાં પરવાનગીપાત્ર તમામ ઉપયોગો અને વાણિજિયક ઝોનમાં પરવાનગીપાત્ર તમામ ઉપયોગો.	લાઈટ હોમ વર્કશોપ, સિનેમા થિયેટર, જથ્થાબંધ વેચાણ બજારો.

૧૦.૨ વઢવાણની વિકાસ યોજનાના મુસદ્દાના (પરિશિષ્ટ--૨)માં, અનુક્રમાંક ૩ એટલે કે ઔદ્યોગિક ઝોન નીચે અને અનુક્રમાંક ૪ એટલે કે ખેતી ઝોનમાં પહેલાં નીચેની નોંધ ઉમેરવી;

નોંધ ૧.—ઔદ્યોગિક કામદારો માટે ઔદ્યોગિક ઝોનમાં જેને માટે પરવાનગી આપવાની હોય તેવા રહેઠાણના ક્વાર્ટર્સ માટે આસપાસનો ઉદ્યોગોનો વિસ્તાર સ્વાસ્થ્યને નુકશાનકારક અને જોખમકારક ન હોય તેવો હોવો જોઈએ.

નોંધ નં. ૨.—ઔદ્યોગિક કામદારો માટે ઔદ્યોગિક ઝોનમાં રહેઠાણના ક્વાટર્સના વિકાસ માટે, ગુજરાત પાણી અને હવા પ્રદુષણ નિયંત્રણ બોર્ડ જેવા યોગ્ય સત્તામંડળનું "ના વાંધા પ્રમાણપત્ર" અને વગેરે મેળવવું.

૧૧. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નં. ૨૭ પરના વિનિયમ ક્રમાંક ૮.૧ (ઘ)માંથી "સિનેમા થિયેટર" એ શબ્દો કમી કરવા.

૧૨. વિકાસ નિયંત્રણ વિનિયમોમાં નવો વિનિયમ નીચે પ્રમાણે ઉમેરવો.—

"સિનેમા થિયેટરના બાંધકામ અંગેની પરવાનગી, મુંબઈ સિનેમા અધિનિયમ અને મુંબઈ સિનેમા નિયમો અનુસારની હોવી જોઈશે."

૧૩. જાહેર રસ્તા/માર્ગોની પહોળાઈ સંબંધી વધુમાં વધુ પરવાનગીપાત્ર ઉંચાઈ અંગેનો નવો વિનિયમ, વિકાસ નિયંત્રણ વિનિયમોમાં નીચે પ્રમાણે ઉમેરવો :—

(ક) જો રસ્તાની પહોળાઈ ૭.૫ મિટર (૨૫'-૦") થી ઓછી હોય, તો વધુમાં વધુ ૧૦.૦ મિટર (૩૩'.૩") ને અધીન જે રસ્તા પર તે આવેલ હોય તે રસ્તાની પહોળાઈથી બમણી; પરંતુ મકાનને, આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઉંચાઈ ૧૩.૦ મિટર (૪૩'.-૩") સુધી વધારી શકાશે.

(ખ) જો રસ્તાની પહોળાઈ ૭.૫ મિટર (૨૫'.૦") અથવા વધુ હોય પણ ૧૦.૫ મિટર (૩૫'-૦") થી ઓછી હોય તો ૧૨.૦ મિટર (૪૦'.૦"); પરંતુ મકાનને આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઉંચાઈ ૧૫.૦ મિટર (૫૦'-૦") સુધી વધારી શકાશે.

(ગ) જો રસ્તાની પહોળાઈ ૧૦.૫ મિટર (૩૫'-૦") અથવા વધુ હોય, પણ ૧૩.૫ મિટર (૪૫'.૦") થી ઓછી હોય, તો ૧૫ મિટર (૫૦'.૦"): પરંતુ મકાનને, આગળની તથા પાછળની બાજુએ વધારાના માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઉંચાઈ ૧૮.૦ મિટર (૬૦'-૦") સુધી વધારી શકાશે.

(ઘ) જો રસ્તાની પહોળાઈ ૧૩.૫ મીટર (૪૫'-૨") અથવા વધુ હોય, પણ ૧૮.૦ મિટર (૬૦'-૦") થી ઓછી હોય, તો ૧૮ મિટર (૬૦-'૦"): પરંતુ મકાનને, આગળની અને પાછળની બાજુએ વધારાના માળની ઉંચાઈના અડધા જેટલું પાછળ હઠાવવામાં આવે, તો ઉંચાઈ ૨૧.૦ મિટર (૭૦'-૦") સુધી વધારી શકાશે.

(ચ) (૧) જો રસ્તાની પહોળાઈ ૧૮.૦ મિટર અથવા વધુ હોય, પણ ૨૪-૦ મિટરથી ઓછી હોય, તો ૨૧-૦ મિટર;

(૨) જો રસ્તાની પહોળાઈ ૨૧.૦ મિટર અથવા વધુ હોય, પણ ૨૪.૦ મિટરથી ઓછી હોય, તો ૨૪-૦ મિટર;

INDEX

(૩) જો રસ્તાની પહોળાઈ ૨૪-૦ મિટર અથવા વધુ હોય, પણ ૩૦-૦ મિટરથી ઓછી હોય, તો ૨૭-૦ મિટર.

(૪) જો રસ્તાની પહોળાઈ ૩૦-૦ મિટરથી વધુ હોય તો ૩૦ મિટર.

(છ) જો રસ્તાની એટલે કે જાહેર માર્ગની હદ ઉપર મકાન આવેલ ન હોય, પણ અંદરના ભાગે ખાનગી માર્ગની અથવા ખુલ્લી જગાની હદ પર આવેલ હોય, તો જે ખાનગી માર્ગની અથવા ખુલ્લી જગાની હદપર તે આવેલ હોય તે ખાનગી માર્ગ અથવા ખુલ્લી જગાની ચોખ્ખી પહોળાઈ (એટલે કે ખુલ્લામાં હોય તે પહોળાઈ) ગણતરીમાં લઈને, ઉપર પ્રમાણે ઉંચાઈ અંગે નિયમન કરવું જોઈશે.

નોંધ (૧).—મકાનની કુલ ઉંચાઈ નક્કી કરતી વખતે જેનું ક્ષેત્રફળ ૯.૫ ચોરસ મિટર (૧૦૦ ચોરસ ફુટ)થી વધુ ન હોય તેવી દરેક દાદરવાળી કેબીન અથવા પાણીની ટાંકીની ઉંચાઈ ગણતરીમાં લેવી નહી : પરંતુ તે દરેકની ઉંચાઈ ૨.૪ મિટર (૮'.૦૦") થી વધુ હોવી જોઈએ નહિ.

(૨).—મકાનની ઉંચાઈ નક્કી કરતી વખતે જેનું ક્ષેત્રફળ ૧૫-૦ ચોરસ મિટર (૧૫૦ ચોરસ ફુટથી) વધુ ન હોય તેવી માળિયાની કેબીનની ઉંચાઈ ગણતરીમાં લેવી નહિ: પરંતુ મકાનના સૌથી ઉપરના માળ ઉપરનું બાંધકામ આગળની તથા પાછળની બાજુઓ પૈકીની દરેક બાજુએ ૨.૪ મિટર (૮'-૦") પાછળ હઠાવ્યા પછી, તેનું બાંધકામ કરેલું હોવું જોઈએ.

(૩).—બે રસ્તાની હદ ઉપર મકાન આવેલ હોય, તો મકાનની ઉંચાઈ નક્કી કરવાના હેતુ માટે બે રસ્તા પૈકીનો જે રસ્તો પહોળો હોય તે ગણતરીમાં લેવામાં આવશે.

(૪).—આ ઉપનિયમોના હેતુ માટેની ઉંચાઈ, ત્રિકોણ/આકારના માળિયાવાળા છાપરાની બાબતમાં, નજીકમાં નજીક માર્ગની સપાટીથી રસ્તાની હદ પર આવેલ ભીંતના ઉંચામાં ઉંચા ભાગ સુધી અને અગાશીવાળા માળના સૌથી ઊંચા ભાગ સુધી, એટલે કે છાપરાની કોર પરની નીચી ભીંતવંડીની ઊંચાઈ બાકાત રાખીને માપવી જોઈશે.

૧૪. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નંબર ૨૭ પર વિનિયમ ક્રમાંક ૯(ખ) નીચે મુજબ મૂકવો :—

(ખ) ભોંયતળિયા પરના બીલ્ડીંગ પ્લોટ વિસ્તાર અને વધુમાં વધુ પરવાનગીપાત્ર બાંધકામ વિસ્તાર નીચે મુજબ રહેશે :—

INDEX

અનુક્રમાંક	બીલ્ડીંગ પ્લોટના વિસ્તાર.	ભોંયતળિયા પરના વધુમાં વધુ પરવાનગીપાત્ર બાંધકામ.	પ્લોટની ઓછામાં ઓછી બાજુ.	ખુલ્લા માર્જિનો આગળ	ખુલ્લા માર્જિનો પાછળ	ખુલ્લા માર્જિનો બાજુઓએ	વિશેષ નોંધ.
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	૫૦ ચો. મિટરથી ૯૦ ચો. મિટર સુધી	૬૦ ટકા	૫.૦ મી.	૨.૫ મી.	૧.૫ મી.	...	પ્લોટનું ઓછામાં ઓછું માપ ૫૦ ચોરસ મિટર કરતાં ઓછું હોવું ન જોઈએ. તેમ છતાં, સ્થાનિક સત્તા મંડળે અને સહકારી ગૃહનિર્માણ મંડળીએ અથવા ઓછી આવક-વાળા જૂથે અને આર્થિક રીતે નબળા વર્ગો માટે જે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ સ્થપાયેલા અન્ય કોઈ મંડળે ધરેલ ગૃહનિર્માણ યોજનાની બાબતમાં (ઓછામાં ઓછા) ૪૦ ચો. મી. ના મકાનના પ્લોટની પરવાનગી આપવામાં આવશે.
૨.	૯૧ ચો. મિટરથી ૨૦૦ ચો. મિટર સુધી	૫૦ ટકા	૮.૦ મી.	૩.૦ મી.	૨.૦ મી.	૨.૫ મી. (કોઈપણ એક બાજુ)	
૩.	૨૦૧ ચો. મિટરથી ૫૦૦ ચો. મિટર સુધી	૪૦ ટકા	૧૦.૦ મી.	૪.૫ મી.	૩.૦ મી.	૩.૦ મી.	
૪.	૫૦૧ ચો. મિટરથી ૧૦૦૦ સુધી	૪૦ ટકા	૧૨.૦ મી.	૪.૫ મી.	૩.૦ મી.	૩.૦ મી.	
૫.	૧૦૦૧ ચો. મિ. અને તેથી વધુ	૪૦ ટકા	૧૫.૦ મી.	૪.૫ મી.	૩.૦ મી.	૩.૦ મી.	

INDEX

૧૫. વિકાસ નિયંત્રણ વિનિયમના પાના નંબર ૩૮ પર વિનિયમ ક્રમાંક ૧૪ "છૂટછાટ" નીચે પ્રમાણે મૂકવો:—

છૂટછાટે :

૧(૧)સ્થાનિક સત્તામંડળ (૨) સરકાર (૩) ગૃહનિર્માણ બોર્ડ અને (૪) સ્ટેચ્યુટ હેઠળ રચાયેલ કોઈ સંસ્થાપિત મંડળની માલિકીના પ્લોટોની બાબતમાં યોગ્ય સત્તાધિકારી કારણોની લેખિત નોંધ કરીને જાહેર હિતમાં વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં યથાપ્રસંગ છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે :

પરંતુ બાંધકામ વિસ્તાર, એકત્રિત ખુલ્લી જગા માર્જિનની ખુલ્લી જગા, વધુ ઉંચાઈવાળા મકાનોની જોગવાઈઓ અને ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ સંબંધીના વિકાસ વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં છૂટછાટ આપવી જોઈશે નહિ અથવા તેનો અમલ જતો કરવો જોઈશે નહિ.

૨. વિકાસ યોજનાના પૂર્વવર્તી વિનિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં આ વિનિયમો અમલમાં આવ્યા પહેલાં ઊભા કરવામાં આવેલા ચાલુ બાંધકામોમાં વધારો કરતા ન હોય તેવા ફેરફારોને તે લાગુ પડવાના કારણે માલિકોને આ વિનિયમોથી હાડમારી થતી હોય તે કિસ્સાઓમાં યોગ્ય સત્તાધિકારી દરેક વ્યકિતગત કેસના ગુણદોષ ધ્યાનમાં લઈને અને કારણોની લેખિત નોંધ કરીને, વિકાસ યોજનાના કોઈ વિનિયમમાં યથાપ્રસંગ છૂટછાટ મૂકી શકશે અથવા તેના અમલ જતો કરી શકશે :

પરંતુ વધુ ઊંચાઈવાળા મકાન માટેના કોઈપણ વિનિયમમાં આ છૂટછાટ મૂકી શકાશે નહિ.

૩. યોગ્ય સત્તાધિકારીએ જેના સંબંધમાં લે-આઉટ અને પેટા-વિભાજન મંજુર કર્યા હોય તે વિદ્યમાન મકાન એકમોની બાબતમાં અથવા રસ્તા પહોળા કરવાથી અને વિકાસ યોજના માટે વિકાસ યોજનામાં કરેલી દરખાસ્તોથી જેને અસર થઈ હોય તેવા મકાન એકમોની બાબતમાં યોગ્ય સત્તા ધિકારીનો એવો અભિપ્રાય હોય કે, વિનિયમો ક્રમાંક ૧૧ અને ૧૨ની તમામ જરૂરિયાતોમાં અથવા તે પૈકીની કોઈપણ જરૂરિયાતોમાં યોગ્ય રીતે છૂટછાટ મૂકવામાં આવી હોય અથવા તે જતી કરવામાં આવી હોય તે સિવાય આવા મકાન એકમોનો યથાપ્રસંગ વાજબી વિકાસ થઈ શકે એમ છે અથવા કરવાનું શકય બન્યુ છે તો તે લેખિતમાં નોંધવાનાં કારણો માટે ઉપર જણાવેલા વિનિયમોની જરૂરિયાતોમાં છૂટછાટ મૂકી શકશે :

પરંતુ આવા મકાન એકમોમાં વધુ ઊંચાઈવાળા મકાનો માટેના કોઈપણ વિનિયમમાં કોઈ છૂટછાટ મૂકી શકાશે નહિ.

૧૬. (ક) વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નં. ૬ ઉપરના અનુક્રમાંક ૨૬ સામે ઓછી ઊંચાઈવાળા મકાનની વ્યાખ્યા ભોંયતળિયા સહિત મકાન વત્તા ત્રણ માળ તરીકે સુધારવી.

(ખ) વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નંબર-૭ ઉપર અનુક્રમાંક ૨૭ સામે "વધુ ઊંચાઈ વાળા મકાન" ની વ્યાખ્યા ભોંયતળિયા સહિત મકાન વત્તા ત્રણ કરતાં વધુ માળ તરીકે સુધારવી.

૧૭. વિનિયમોના પાના નંબર ૨૬ ઉપરના વિકાસ નિયંત્રણ વિનિયમ ૭ (બી)માં પરવાનગી પાત્ર વધુમાં વધુ બાંધકામ વિસ્તાર અને પરવાનગીપાત્ર વધુમાં વધુ ફ્લોર સ્પેસ ઈન્ડેક્સ સંબંધી કોષ્ટક તથા તેની નીચેના લખાણને બદલે નીચેનો મજકુર મૂકવો.

પરવાનગીપાત્ર વધુમાં વધુ બાંધકામ વિસ્તાર	પરવાનગીપાત્ર વધુમાં વધુ ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ
મકાન એકમના ૪૦ ટકા	૧.૨
મકાન એકમના ૩૦ ટકા	૧.૩
મકાન એકમના ૨૫ ટકા	૧.૭
મકાન એકમના ૨૦ ટકા	૧.૯

INDEX

૧.૨ અને ૧.૯ના ફ્લોર સ્પેશ ઈન્ડેક્ષ વચ્ચે કોઈ પ્રક્ષેપ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ અને કોઈપણ સંજોગોમાં કોઈપણ મકાનની કુલ ઊંચાઈ ૩૦.૦ મીટરથી વધવી જોઈશે નહિ.

૧૮. પાના નંબર ૩૮ ઉપરનો વિનિયમ ક્રમાંક ૧૧ કમી કરવો અને તેના બદલે નવા વિનિયમનો નીચે પ્રમાણે સમાવેશ કરવો:—

"ઉપર્યુકત વિનિયમો પૈકીના કોઈ વિનિયમનું અથવા યોજનાની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરતી કોઈ વ્યકિત, આવા ઉલ્લંઘન બદલ દોષિત ઠર્યે રૂા. ૫૦૦૦/- સુધીના દંડને પાત્ર થશે, અને ઉપર્યુકત જોગવાઈનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રહે તો તે કિસ્સામાં પ્રથમ ગુના બદલ દોષિત ઠર્યાપછી તે ગુનો કરવાનું ચાલુ રહે તે દરમિયાન દરેક દિવસ માટે રૂા. ૧૦૦/- સુધીના વધારાના દંડને પાત્ર થશે."

૧૯. સંબંધિત અનુક્રમાંકો અને કોલમ ક્રમાંકો સામે વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નંબર ૩૩ થી ૩૬ ઉપરના વિનિયમ ક્રમાંક ૧૨માં ઓછામાં ઓછી ઓફસ્ટ્રીટ પાર્કીંગ જગ્યા દર્શાવતા કે ક્રમાં નીચેના આંકડા મૂકવા:—

કોલમ ક્રમાંક	કોલમ ક્રમાંક-૨	કોલમ ક્રમાંક-૩	કોલમક્રમાંક-૪
૧	૨	૩	૪
૧.	૧૦૦	૨૦	૧૦
૨.	૫	૨	૫
૩.	૧૦૦	૨૦	૧૦
૪.	૨૫૦	૧૦૦	૧૦
૫. [ખ] ૪૦,૦૦૦ ચો. મી. અથવા તેથી વધુ ચો. મિ. ના મકાન એકમો	૨૫	૧૫૦	૬૦૦

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચવી/૧૯૯૧નો ૧૭૭/ ડીવીપી/૨૮૯૦-૨૧૫૬-(૯૧)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો-૧૭૭/ડીવીપી-૨૮૯૦-૨૧૫૬-(૯૧)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૨/ડીવીપી/૨૮૮૬/૩૯૨૭/(૯૮)-એલ, હેઠળ મંજૂર કરેલ, સુરેન્દ્રનગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું,

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સંન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૮મી એપ્રિલ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૯૫/ડીવીપી/૨૮૯૦/૮૫૧-(૯૧)-એલ હેઠળ તારીખ ૧૦મી એપ્રિલ, ૧૯૯૧ના સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૯૯-૧૬ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે; અને સરકારે, સુરેન્દ્રનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૧થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૨/ડીવીપી-૨૮૮૬-૩૯૨૭-(૮૯)-એલ થી મંજૂર કરેલા સુરેન્દ્રનગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

INDEX

આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અને A B C D A તરીકે નિશાની કરેલ, સુરેન્દ્રનગરની મંજૂર કરેલા વિકાસ યોજનામાં ખેતીના ઉપયોગ માટે સૂચિત કરેલ રતનપુરનાં સ. નં. ૨૮ વાળી જમીન, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે સૂચિત કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૧નો ૧૯૧/ડીવીપી--૨૪૯૦--૨૧૫૮(૯૧)--એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જુલાઈ, ૧૯૯૧.

ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૧નો ૧૯૧/ડીવીપી--૨૪૯૦--૨૧૫૮(૯૧)--એલ.- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી મે, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૮૮નો ૧૧૭/ડીવીપી--૨૪૮૬/૧૮૪૭ (૮૮) એલ હેઠળ મંજૂર કરેલી ગોંડલ નગર માટેની છેવટની વિકાસ યોજના (જેઓ આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ(૧)થી ઠરાવ્યા પ્રમાણે,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૧ નો ૯૮/ડીવીપી/૨૪૯૦--૯૪૮--(૯૧)એલ હેઠળ, તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૧ના ગુજરા રાજપત્ર ભાગ-૪-બીના પાનાં નંબર ૧૦૫--૧૦૫/૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા. અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થયાની તારીખથી, બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને, સરકારે, ગોંડલ વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચારવિનિમય કર્યો છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી-

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહું વિકાસ યોજનામાં કરવાનો ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફારો, તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૧થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી મે, ૧૯૮૮ના સરકારી જાહેરનામ ક્રમાંક:-જીએચ/વી/૧૯૮૮નો ૧૧૭/ડીવીપી/(૮૮) -૨૪૮૬--૧૮૪૭(૮૮)-એલથી મંજૂર કરેલી ગોંડલની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર ગોંડલની મંજૂર કરેલ વિકાસ યોજનામાં ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ માટે અનામ રાખેલ ગોંડલના મ. સ. નં. ૪૧૬/૧, ૪૧૬/૨, અને ૪૧૮ વાળી જમીન સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨(૨) (ક) હેઠળ ABCDEFGA તરીકે નિશાની કરેલ આ સાથેન પ્લાન APP.–'B' માં દર્શાવ્યા પ્રમાણે, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. શાહ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી.,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૧

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/જી/૯૧/૧૬૬/એમટીએ/૧૦૯૦/૨૮૯૨/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES (TAXATION OF PASSENGERS) ACT, 1958

મુંબઈ મોટર (ઉતારૂવેરા) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૧.

મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચ/જી/૯૧/૧૬૬/એમટીએ/૧૦૯૦/૨૮૯૨/ખ.— મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮નો મુંબઈનો ૬૭મો) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૨ના ખંડ (૯) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમના હેતુ માટે આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧માં જણાવેલ અધિકારીઓને કોલમ ૨માં તેમની સામે નિર્દિષ્ટ કરેલા વિસ્તાર માટે, કરવેરા અધિકારીઓ તરીકે નીમે છે અને તે હેતુ માટે ગૃહ વિભાગનું તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૮૨નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચ/જી/ /૮૨/૫૬/એમટીઓ/ ૩૩૮૧/૬૫૦૭/૧/ઈ/૨ નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, નોંધ ૪ પછી, નીચેની નોંધ મૂકવી.

અધિકારીઓ ૧	વિસ્તાર ૨
"૪-ક વાહનવ્યવહાર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ સાથે જોડાયેલ મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીઓ અને મોટર વાહન ઈન્સ્પેકટરો	સમગ્ર ગુજરાત રાજ્ય. ".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાસ્કર પંડયા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX